Vol. 41, No.4
August 2020
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

BHAVAN'S BOOK UNIVERSITY

Just Released

MOHANDAS KARAMCHAND GANDHI

150th Birth Anniversary Edition

MRINALINI SARABHAI



an inspiring book for children!!!

any child who picks up this marvellous book to read will be impelled to work for peace

₹ 150/-
Postage Extra

ISBN 978-81-7276-403-6

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
*Postage Extra

સોનાની ખાણ

□ સુભાષ ભટ્ટ

વિશ્વના બધા જ ધર્મો અને સંપ્રદાયોમાં, તેમની મૌખિક અને લિખિત ધારાઓમાં, અંતહીન ઇચ્છાઓની, અંતહીન કથાઓ છે. માનવ મન અને ઇચ્છાઓની ભાગીદારી શાશ્વત છે. આમ તો તે પર્યાયવાચી છે. જાણે પાતાળકૂવામાંથી વહ્યા કરતું જળ... મન-ઇચ્છા પતંગિયું અને મર્કટ જેવાં છે ક્યારેક અકારણ ઊડે તો ક્યારેક કૂદે. માનવ સભ્યતાનાં હજારો વરસ પછી આ બન્ને સાવ અજાણ્યાં નથી, પણ હા, સાવ ઓળખાયાં પણ નથી.

ચીનની ઝેન બૌદ્ધધારામાં એક ગરીબ પણ મોજીલા ખેડૂતની કથા છે. તે નાનકડા ભૂમિના ટૂકડા પર ખેતી કરી ખાય. આનંદથી જીવી જાણે. એકવાર ખેડતાં-ખેડતાં જ ભૂમિમાં દટાયેલી અર્હતની સોનાની મૂર્તિ જડી આવી. પછી તો ખેતી પડી રહી. આસપાસના અનેક વિસ્તારોમાંથી અસંખ્ય લોકો દર્શન કરવા, સોનાની ખરાઈ કરવા કે અભિનંદન દેવા આવવા લાગ્યા. તેમાં વળી કોઈએ કહ્યું કે ચીનની બૌદ્ધધારામાં આવા અઢાર અર્હત છે. અને ખલાસ! તેની સાત્ત્વિક નિર્દોષતા અને જીવનની હળવાશ ચાલ્યા ગયા. દિવસનો વિશ્રામ ગયો સુવર્ણમૂર્તિ દેખાડવામાં અને રાત્રિની નિદ્રા ગઈ કોઈ મૂર્તિ ચોરી તો નહીં જાય તેની ચિંતામાં. અને જીવનમાંથી જીવન જ ચાલ્યું ગયું, એક જ વાસનામાં કે બાકીની સત્તર મૂર્તિ ક્યાં દટાયેલી હશે? આખું જીવન એક દોડ, એક હાંફ, એક થાક બની રહ્યું. અસંતુષ્ટ મનનો ઘાટ સાપની હાથી ગળવાની મથામણ જેવો હોય છે. આત્મીય મરમી કબીરદાસજી કહે છેઃ

કબીરા ઔંધી ખોપરી કબહું ધાપૈ નાહિં
તીન લોક કી સંપદા કબ આવૈ ઘર માહિં.

અર્થાત્, લોભીની ઊંધી ખોપરી કદીયે સંતોષાતી નથી. તેની એક જ વાસના છે કે આ ત્રણે લોકની સંપત્તિ મારા ઘરે ક્યારે આવી જાય?

❑❑❑

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંક: ૪, ઓગસ્ટ ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદક:
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

૬
મુનશીવાણી

૭
શબ્દમૂળની શોધ
તળાઈ
હેમન્ત દવે

૮
પ્રમુખના પત્રો
સુરેન્દ્રલાલ ગિ. મહેતા

૧૦
કાવ્યો :
વિનોદ જોશી, મણિલાલ હ. પટેલ, ઉદયન ઠક્કર, મહેન્દ્ર જોશી, ભરત મહેતા, ભાવેશ ભટ્ટ, ભરત વિંઝુડા

૧૭
નિ:સ્તબ્ધ
વીનેશ અંતાણી

૨૫
એક વાર...
નગીનદાસ સંઘવી સાથેના કેટલાક પ્રસંગો
દીપક સોલિયા

૩૨
નાક બંધ છે
અધીર અમદાવાદી

૩૬
'નયા માર્ગ'ની મહત્ત્વની આનંદદાયક યાત્રા
ડંકેશ ઓઝા

૪૯
ડાબા પગનો મોક્ષ
અમૃત બારોટ

૫૭
સ્મરણપોથીમાંથી સત્યજિત રાય
સુનીલ કોઠારી

૬૫
કોરોના અને હું
નીલેશ રાણા

૬૯
કવિ કાન્તની ખુરશી
મારાં ભાવનગરનાં સંસ્મરણો-૧૮
પ્રવીણસિંહ ચાવડા

૭૩
પડછાયાના ટુકડા
અજય સોની

૮૧
સ્વાસ્થ્ય અને અધ્યાત્મ - ૮
ડો. સેજલ સંઘવી

૮૬
બીરબલ સાહની
હેમંત સોલંકી

૯૩
લંકાની લાડી અને ઘોઘાનો વર
જોરાવરસિંહ જાદવ

૯૭
સૂક્ષ્મજીવોના જીવંત સંગ્રહો
દીપક જોશી

૧૦૫
કેમ સખી ચીંધવો પવનને-૪૧
અનિલ રમાનાથ જોશી

૧૦૯
આયુર્વેદ ચિકિત્સાનું વિદ્યાધામ
ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય
નરેશ અંતાણી

૧૧૩
ચલો એક બાર ફિરસે
નયના પટેલ

૧૨૫
શકુનિનું એન્કાઉન્ટર
અરુણા જાડેજા

૧૨૮
ગમી ગયેલી વાર્તા
સ્ટેફાન ત્સ્વાઈક
શરીફા વીજળીવાળા

૧૩૫
શ્રી દીપક દવેને શ્રદ્ધાંજલિ
હોમી દસ્તુર

૧૩૭
વોટ્સએપ : સં. શરીફા વીજળીવાળા

૧૩૮ : હાસ્યેન સમાપયેત્

આવરણ : કેદારનાથ
કૌશિક ઘેલાણી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ

મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

સામાન્ય સંજોગોમાં, (બંધારણની) 78મી કલમ પ્રધાનમંડળ ઉપર વર્ચસ સ્થાપવાની પૂરતી તક રાષ્ટ્રપતિને આપી રહે છે. કોઈ પણ વડા પ્રધાન સામાન્ય રીતે રાજ્યના વડાના વાજબી વિચારો જોડે સહમત ન થવાનું અથવા તો (એમ કરીને) પોતાની સરકારની પ્રતિષ્ઠા એક અણછાજતી તકરારથી હલકી પાડવાનું પસંદ ન જ કરે.

સંસદની ઇચ્છા પ્રધાનમંડળની સલાહમાં વ્યક્ત થાય. આ સલાહને સ્વીકૃતિ આપવાનું રાષ્ટ્રપતિનું જે કાર્ય છે તે માટે કોઈ કાયદો કે પ્રણાલિકા નથી. બંધારણમાં જ રાજકારણી જરૂરિયાતના રૂપે એક ખરેખરી પ્રતિબંધનાત્મક હકીકત છે. જો રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના કોઈ એક મહત્ત્વના નિર્ણય સાથે સહમત ના થાય અને છેવટે એ નિર્ણયને કાઢી નાખે તો પછી તેમની સામે બે જ વિકલ્પો છેઃ પહેલો વિકલ્પ એ કે પ્રધાનમંડળને દૂર કરી પાર્લામેન્ટને સ્વીકાર્ય એવો બીજો વડો પ્રધાન નીમે. બીજો વિકલ્પ એ કે પ્રધાનમંડળને દૂર કરી સંસદને વિખેરી નાખે. જો સંસદ મતદારોનું પ્રતિનિધિત્વ ધરાવતી હોય તો તેનો મત રાષ્ટ્રપતિના પગલા પર નિયંત્રણ મૂકી શકે.

ખાસ સંજોગોમાં રાષ્ટ્રપતિ સંસદ સમક્ષ જઈને બોલવાનો વિશેષાધિકાર ધરાવે છે.

દરેક બાબતમાં રાષ્ટ્રપતિ પ્રધાનમંડળને ન ગણકારે તો તે એક પ્રકારની આપખુદી કહેવાય. આ સામે બંધારણમાં કેટલીક જોગવાઈઓ નીચે મુજબ છેઃ

(1) પ્રધાનમંડળનો સંયુક્ત મોરચો. (2) સ્થિર પ્રધાનમંડળ રચી શકે એવા અન્ય વડા પ્રધાનને મેળવવામાં મુશ્કેલી. (3) શક્ય મનાતા સંસદના વિરોધી ચુકાદાનો ભય.

એક બીજું નિયંત્રણ પણ ગણાવી શકાયઃ તે છે જનમત. લોકો તેમને ટીકાઓ દ્વારા રાજીનામું આપવાની ફરજ પાડે અથવા તો પુનઃ ચૂંટણી કરવાની ના કહે.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥

તળાઈ

☐ હેમન્ત દવે

'સો મણ રૂની તળાઈમાં સૂવું' એવો પ્રયોગ ગુજરાતી બાળવાર્તાઓ અથવા લોકકથાઓમાં ખાસ આવતો એમ યાદ આવે છે. 'તળાઈ' એ શું ત્યારે ન સમજતા પણ કોઈ મોટી વસ્તુ હશે એમ, સો મણ જેટલા વજન ઉપરથી, ખ્યાલ આવતો. 'તળાઈ'ની વ્યુત્પત્તિ *સાર્થ જોડણીકોશ* દેશ્ય तल, तल्ल 'ગોદડું, બિછાનું' એમ આપે છે. *દેશ્યશબ્દસંગ્રહ*માં तल्लड અને तल्ल શબ્દ 'શય્યા' અથવા 'પથારી'ના અર્થમાં પ્રયોજાયા છે (5.2 અને 5.19); तल નથી. બેચરદાસ દોશી અને રામાનુજસ્વામી પોતાનાં સંપાદનોમાં એના સંસ્કૃત મૂળ तल्प(क)નો નિર્દેશ કરે છે. કે. કા. શાસ્ત્રી પણ એમના *બૃ. ગુ. કોશ*માં દેશ્ય પ્રાકૃત तल्ल સાથે ગુજરાતી 'આઈ' પ્રત્યય જોડી શબ્દવ્યુત્પત્તિ સાધે છે. આમાં મુશ્કેલી એ છે કે સામાન્ય રીતે સ્વર અને વ્યંજન વચ્ચે આવતા 'લ'નો લોપ થાય છે (યથા: फाल्गुन > फग्गुण > ફાગણ; ('લગામ'ના અર્થના) वल्गा > वग्गा > બાગ (> હિં. बागडोर); ('બબડવું'ના અર્થના) जल्प > જપ્પ > જાપ, [1]વગેરે. એમાં બીજી સમસ્યા ગુજરાતીના 'ળ'કારની છે. મૂળમાં બેવડો ल હોય, જેમ કે तल्ल, તો જ એ ગુજરાતીમાં 'લ'કાર રૂપે આવે; અન્યથા બેસ્વરો વચ્ચેનો સંસ્કૃત 'ल' ગુજરાતીમાં 'ળ'કાર તરીકે આવે. 'તળાઈ'નો 'ળ'કાર સ્પષ્ટ બતાવે છે કે મૂળમાં એકવડો જ 'લ'કાર છે. અસ્તુ.

तूल એટલે કપાસ. तूलपटी રજાઈ. तूलिकાનો એક અર્થ 'રૂ ભરેલું ગાદલું, કપાસનું કે નરમ પીંછાંથી ભરેલું ગાદલું' (આપટે કોશ) છે. મારો તર્ક એવો છે કે तूलिका > 'તૂળિઆ', વર્ણવ્યત્યયથી 'તૂળાઈ' અને ત્યાર બાદ વર્ણલોપથી 'તળાઈ' એ ક્રમે આ શબ્દ આવ્યો હોઈ શકે.

❑❑❑

---

[1] जाप શબ્દ સંસ્કૃતમાં છે, બેશક, પણ એ जल्प ઉપરથી આવ્યો હોવાનું મને લાગે છે. માયર્હોફર લખે છે કે जापનું મૂળ સ્પષ્ટ નથી અને એ કદાચ जल्पतिની જેમ રવાનુકારી હોય: 'nicht klar. Möglicherweise wie *Jálpati* onomatopoetich' (1.417).

પ્રમુખના પત્રો

આત્મશુદ્ધિ

આપણે નિયમિતપણે આપણી આસપાસની જગ્યા, કપડાં અને શરીરને સ્વચ્છ કરતાં હોઈએ છીએ. આપણે જે રીતે બહાર સ્વચ્છતા કેળવીએ છીએ તે જ રીતે આપણો અંતરઆત્મા પણ સ્વચ્છતા માગે છે. શરીર ઉપરની ધૂળ અને મલિનતા આપણે ધોઈ નાખીએ છીએ, તેમ હૃદય અને મનમાં જાળાંની જેમ બાઝી ગયેલાં વિચાર અને મનોવલણોને પણ સાફસૂફીની જરૂર હોય છે. નકારાત્મક ઘટના, ક્રોધાવેશમાં થયેલી પ્રતિક્રિયા કે નિંદાત્મક ટિપ્પણીની આપણા અંતરમન ઉપર ગજબનાક અસર થઈ શકે છે. આપણને તેનો અંદાજ પણ નથી હોતો. ચિંતા, તણાવ, ગુસ્સો, મૂંઝવણ, શોક, નિરાશા જેવા અનેક ભાવ આપણે સતત આત્મસાત કરતાં હોઈએ છીએ. કાળક્રમે આ ભાવ મનમાં ઘર કરી જાય છે.

વિચારો પર નિયંત્રણ જરૂરી છે. સકારાત્મક વિચારો દ્વારા નકારાત્મક વિચારોને જીતો. શુભ અને સહાયક વિચારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો અને અશુભ તેમજ ધિક્કારાત્મક વિચારો મનમાંથી ભૂંસી નાખો.

તમારાં મન અને શરીરને કોઈ સર્જનાત્મક અને સુંદર કાર્યમાં ગોઠવી દો. એને લીધે તમારી આંતરશુદ્ધિનો વિકાસ તો થશે જ, પણ તમારી આસપાસના સમાજને સુધ્ધાં ઉપયોગી થશે.

આંતરશુદ્ધિનો બીજો સચોટ ઉપાય છે, વર્તમાનમાં જીવો. ભૂતકાળને ભૂલી જાઓ, એમાં રચ્યાંપચ્યાં ન રહો.

મનમાં જ્યારે કડવાશનાં બીજ રોપાય છે ત્યારે એમાંથી વિષવૃક્ષ ઊભું થાય છે. એને નામશેષ કરવા ક્ષમાપનાને શરણે જાઓ. હૃદયપૂર્વક બધાને માફ કરો. એનાથી મનમાં રહેલી કડવાશ હરહંમેશ માટે નાશ પામશે.

સેમ્યુઅલ જોહ્ન્સને કહ્યું છે, ''શોક એ તો માત્ર આત્માને લાગેલો કાટ છે; પ્રવૃત્તિ દ્વારા એ ઘસાઈને ઊજળો બનશે.'' સકારાત્મક રહી તમારાં કાર્યને નિષ્ઠાપૂર્વક અને કાળજીપૂર્વક વળગી રહો. આના લીધે તમારો અંતરાત્મા શાંત અને અક્ષુબ્ધ રહેશે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

વિષાદમાંથી ક્રાંતિ થાય છે. વિષાદ સર્જનના મૂળમાં છે. સૂનમૂન હોવાની સ્થિતિ અને જગતને ઉદાસીન થઈને જોવાની સ્થિતિને મનોચિકિત્સકો બીમારી કહે છે પરંતુ આ બીમારીની સ્થિતિ ઊંડા મનન અને ઊર્ધ્વ ચિંતન માટેનો રાજમાર્ગ બની જાય છે. આ સ્થિતિ વિશે સભાનતા હોવી જરૂરી છે બહુ જ ગુલાબી પ્રકૃતિના ડોક્ટર વિલિયમ જેમ્સ પાગલખાનાની મુલાકાતે ગયા પછી ઉદાસ થઈ ગયા. તેમની પત્નીને નવાઈ લાગી. હંમેશાં સૌને હસતો, હસાવતો માણસ એકાએક ગંભીર થઈ ગયો. પત્નીએ કારણ પૂછ્યું. વિલિયમે જવાબ આપ્યો, "મેં આ પાગલોને જોયા અને એમનામાં અને મારામાં એક સમાનતા લાગી. એ લોકો જે સ્થિતિમાં છે ત્યાં હું જઈ આવ્યો છું. ફરક એટલો છે, તેઓ ત્યાંથી પાછા નથી ફર્યા, હું પાછો ફર્યો છું."

- હરીન્દ્ર દવે

ચાર રચનાઓ

☐ વિનોદ જોશી

હું...

ચપટીમાં પકડીને એક પછી એક ફેંકી દીધા પર્વતો સમુદ્રમાં.
પછી એક જ ઘૂંટડે પી ગયો સૃષ્ટિ પરનું બધું ખારું જળ.
આકાશને બેવડચોવડ સંકેલી મૂકી દીધું આંખોમાં.
પછી પોપચાં કરી દીધાં સજ્જડ બંધ.
પવનને ઉતારી દીધો ઘ્રાણમાં.
કરી દીધો નાભિમાં સ્થિર.
સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો...
બધું લઈ લીધું મુઠ્ઠીમાં.
હવે તો બહાર કશું રહ્યું જ નહીં.
તો હું... હવે ક્યાં?
પૃથ્વી તો હવે છે નહીં.
હું શોધવા લાગુ છું મારો આધાર.
થોડીવારમાં અચાનક જ
હું બની જાઉં છું અચલ.
બીજી જ પળે લાગું છું ઘૂઘવવા.
હદ બહાર વિસ્તરી જાઉં છું ચોતરફ.
સૂસવું છું અમર્યાદ.
ચક્કર ચક્કર ફરવા લાગું છું.
પછી આંખો ઉઘાડું છું તો બહાર એનું એ વિશ્વ.
હું આંખો બંધ કરી દઉં છું.
તો, હવે મારી અંદર પણ મને દેખાય છે,
એ જ બધું,
હાજરાહજૂર.
તો હવે... હું ક્યાં?

ભણતર ભુલાવો, મારા સાયબા...

હે જી મારું ભણતર ભુલાવો, મારા સાયબા!
કાઢો મુંને ઉછીની બારાખડીની બ્હાર... રે!

પ્હેલ્લેરો અખશર ક્યાંથી આવિયો,
રાખી મુંને તંતોતંત અણજાણ,
વચનું વદીને જીવતર જોગવ્યાં,
મળ્યાં નહીં અરથનાં એંધાણ,

હે જી હૈયેથી વેરી દઉં થડકા ઠાવકા!
વીણો તમે હરખે હોંકારા હારોહાર... રે!

પાડું ને ઉપાડું લીટા લેખમાં,
આડી આવે આળ ને પંપાળ,
આજ તો ભૂંસી દો મારી આપદા
આઘી મેલો જાડી રે જંજાળ,

હે જી બાવનમાં બાંધી રે મુંને ઠેઠથી!
લાગે હવે માંહ્યલા ઉછાળાના માર... રે!

કવિ શ્રી ધ્રુવ ભટ્ટને અર્પણ

અમે જાણતલ જોશીડા...

અમે જાણતલ જોશીડા મોંઘાં મૂલના,
હે જી! અમે જીરવીએ અંદરના ઉકળાટ...

કેટલા ડૂમાને અમે સાચવ્યા
આંસુડાંને દીધી રે લગામ,
ધ્રુસકે ચડીને હેઠા ઊતર્યા,
લીધા અમે ડૂસકાંના ડામ,

અમે ઉઝરડા સાંધીને ઊભા એકલા,
હે જી! હવે બખિયાંને લાગ્યો લેલુંબ કાટ...

ગજવે ઘાલી રે લેખણ લાડકી
બાંધ્યા અમે પડીકામાં પ્રાણ,
તાળવે ચોંટેલી અમને ક્યારની
માંહ્યલી અબળખા અણજાણ,

અમે પીડાના પરખંદા કવિના કુળના
હે જી! અમે વિંધાતા પંખીના સહીએ ઉચાટ...

ઉંબરેથી...

અડધાંપડધાં જ અમે ઓળખાયાં!
ઊભાં'તાં અધવચ ઉંબરિયાના આશરે...

આણીકોર વીજળીના ભારા પડ્યા
ને કાંઈ ઓલીકોર કાળું ડિબાંગ,
પરગટનું કર્યું અમે સહિયારું સાટું
ને બાકીનું રાખ્યું સુવાંગ,

હળવામળવાનાં અમે હેવાયાં!
ઊભાં'તાં ઝાલી હઠીલી નમણાશ રે...

આમ હતી ટેરવાંની ટેવ અને
તેમ હતું આંખોથી અડવાનું સુખ,
વાણીમાં આમ જઈ લીધો વિસામો
અને તેમ કોરી કક્કાની કૂખ,

આંટીઘૂંટીમાં અમે અટવાયાં!
બાંધીને જીભેથી ઝરતી બોલાશ રે...

બે ગીત

☐ મણિલાલ હ. પટેલ

ઓરતા (ગાન)

સૈ! હું તો અમથું કમાડ જરી વાખું
વરણાગી વાયરાને એમ કરી કાબૂમાં રાખું

દૂરનો મલક અને પ્હાડોમાં ગામ
મને મેડીથી જોવાના ઓરતા
ધારીધારીને ઝીણું જોતાં'તાં ઝાડવાં
યાદ આવે એ આસોનાં નોરતાં

શેરીમાં નીકળું તો ગામ સાવ ઝાંખું
સૈ! હું તો અમથું કમાડ જરી વાખું

સૂમસામ પડસાળો આંગણાં ને શેરી
વાગે મને કૂંપળ ફૂટ્યાની વેળ વેરી
સોરાતી જાઉં હું તો વ્હેરાતી જાઉં
મને ધૂળિયા વંટોળિયાએ ઘેરી

કેમ સચવાશે પાલવમાં આયખું આખું
વરણાગી વાયરાને કેમ કરી કાબૂમાં રાખું!

મેઘવેળા

વાદળ આવ્યાં ને વેળા ઊઘડી
ભીંજાવા ચાહતી ઇચ્છાઓ ક્યારની બેઠી અધૂકડી

આંબાની ડાળી પર તડકો બેસે ને -
અને મારામાં ચોમાસું બેસશે
મન મારું માટીશું મ્હેકશે ને -
સુગંધો આરપાર મારામાં પેસશે...
હુંય મૂઈ! થૈ જૈશ હરખપદૂડી...

ભીંજાતી સાંજમાં વાડ ઉપર બેસીને
એકાકી ટૈયડ દર્દીલું ગીત કોઈ ગાશે
ઊંટે ચઢીને કોક પરદેશી આવશે
ને સૂના મુજ ઓરડામાં દીવાઓ થાશે...
ઊડું ઊડું થાય મારી માલીપા ઝૂંપડી
ભીંજાવા ચાહતી ઇચ્છાઓ ક્યારની બેઠી અધૂકડી

બે કાવ્યો

☐ ઉદયન ઠક્કર

ગોળમેજી પરિષદ

જઈને ગાંધીએ ગોળમેજીમાં,
પૂર્વ લંડન ઉતારો રાખ્યો
નરી ગરીબીનો સ્વાદ ચાખ્યો

જોઈને ગાંધીજીનો રસાલો
સિગાર ને ફૂલ વેચનારા
હસીને ફરકાવતા રૂમાલો

જઈ પહોંચ્યા એ લેંકેશાયર
મજૂર પૂછે, 'તમે અમારી
કાં છીનવી લીધી રોજગારી?'

'અમારો પ્યારા, ન વાંક કાઢો
તમારે પેટે હશે તસુભર
અમારે પેટે તો વેંત ખાડો!'

મજૂર ગાંધીની પાસે આવ્યા
ઉપાડી લઈ એમને ખભા પર
હિપીપ હુર્રે કહી વધાવ્યા

સવારે રમતા શિશુઓ સાથે:
નિયોમિ, બર્નાડ, જ્હોન, એલિસ
વિલી, કસાન્ડ્રા, મિશેલ, મોરિસ

વિચારે ભુલકાં કે ગાંધીજીનો
જનમદિવસ છે, તો શું કરીશું?
ઉજાણી રાખીશું, નોતરીશું!

'ચલોને ગાઈએ રામધૂન...
ને ફંડફાળા કરીકરીને
અપાવીએ એને પાટલૂન!'

'હું એમને ગાંધીકાકા કહું છું'
'હું એમના ઘરની સામે રહું છું'
'બજાવીએ ચાલો બેંડવાજાં'

ખુશી ખુશી ભેટ મોકલાઈ-
તૂટેલા કેયોન, મીણબત્તી,
બે ઊની કૂતરાં અને મીઠાઈ

બધું જ તો લઈ ગયેલા સાથે
...તમે કહો છો કે ગોળમેજીથી
ગાંધી આવેલા ખાલી હાથે?

શ્રીનિવાસ શાસ્ત્રી

બધાં ય જાણે છે કે શ્રીનિવાસ શાસ્ત્રીએ
પ્રવેશવા ન દીધા ગોખલેની સંસ્થામાં
કદીય ગાંધીને.
વધ્યા તે એવા વધ્યા ગાંધી સાથે મતભેદો
કે શ્રીનિવાસે તો કોંગ્રેસમાંથી છૂટા થઈ
નવો જ પક્ષ કર્યો ઓગણીસો બાવીસમાં

ચતુર્દિશામાં અસહકારની ચલી ચળવળ
અને છ વર્ષનો ગાંધીને કારાવાસ થયો
પુણેની જેલમાં ગાંધીને પેટ ઊપડ્યું શૂળ
સસૂન હોસ્પિટલે રાતોરાત લઈ આવ્યા
તપાસી-જોઈ કહે ગોરો દાકતર મેડક
કે વાઢકાપ કરાવો તરત, છે એપેન્ડિક્સ!
ગણાતી માંદગી ગંભીર, એ જમાનામાં
ને પાછાં બા તો હતાં દૂર, છેક અમદાવાદ!
પુછાવ્યું જેલરે, 'ગાંધી, છે કોઈ એવો મિત્ર,
કે જે સ્વીકારે તમારી જવાબદારીને?'

તમે શું માનો છો, ગાંધીએ કોનું નામ કહ્યું?

બે ગઝલ

☐ મહેન્દ્ર જોશી

પાણી

પાણીની કેદ તોડીને ભાગી શકાય નહિ,
ખાબોચિયાના જીવથી દરિયો તરાય નહિ.

પાણીમાં હો ને પાણીને જો પારકું ગણો,
તો માછલીના વંશજો તમને ગણાય નહિ.

તમને બીજું તો શું કહું , પડદાનશીન કહું
પાણીનો વેશ લૈને કૈં રણમાં અવાય નહિ.

આવીને સ્વપ્નમાં તમે એ શું મૂકી ગયા,
પાણી કહ્યાં જે આંખનાં કાં હજુ સુકાય નહિ!

પાણીનું વ્યાકરણ ભલા સમજી શક્યા નથી,
લીટા કર્યા કરો અને કૈં પણ લખાય નહિ.

ગુરુજ્ઞાન

બીજું કશું ન માન તો બસ આટલું જ માન,
લીલાં હતાં તે આખરે પીળાં પડે છે પાન.

ગુરુ! ગુરુ! કહી હવે ઊંચે ચડાવ ના,
સાતે ય ચક્ર પારથી ઊડી ગયાં વિમાન.

ગોખી લીધી બે ચોપડી એની કરે શું વાહ!
ખાબોચિયાથી હોય છે ઓછું જ મારું જ્ઞાન.

વરસાદ વા ઝડી થશે ને વીજળી પડે,
રોગાન રંગ છોડ ભૈ કાચું પડે મકાન.

તું ત્રાજવું ન તોળજે મારી ઉંમર વડે,
પલ્લું નીચું નમી જશે, છે પ્હાડશુ ગુમાન!

કવિતા

☐ ભરત મહેતા

મન તો ખૂબ થાય છે કે
ચાલો ને, કવિતા લખીએ!
પણ શેની લખું?
કવિઓએ કશું બાકી જ ક્યાં રાખ્યું છે!
પ્રિયાની કેશરાશિ, નયન નમણાં, કાતિલ કટિ!
ગીત-ગઝલ તો મળે છે આના પર કોટિ કોટિ!
તો ન લખું?
ક્યારનુંય થતું હતું કે ઈરોમ શર્મિલા વિશે
એક ચીસ પાડતી કવિતા લખું?
પણ છાપે કોણ?
કવિતા તો છપાય છે આજે સવાર સવારમાં આવેલા
ધીંગામસ્તી કરતાં છ-સાત કાગડા વિશે!
વરસાદના ટ
પ
ટ
પ
પડતાં ટીપાં વિશે!
કવિતા આમ સનાતન ભાવની હોય?
સંકલ્પ જ લઈ લીધો નથી લખવી કવિતા!
ત્યાં જ સંભળાઈ આદિકવિતા...
મા નિષાદ.

ગઝલ

☐ ભાવેશ ભટ્ટ

રોજ આવે છે પૂર છાતીમાં
સ્હેજ પણ દમ નથી સુકાનીમાં

થઈ સફાળી જવાબદારીઓ
જોઈને તારો ફોટો સાડીમાં

બિંબ જોવાથી ધ્યાન ભંગ થશે
હોય ક્યારેક જળ સમાધિમાં

થાય છે ફાડી નાખું ત્રણ એક્કા
કૈં નથી મૂકવાને બાજીમાં

કોઈ હોતું નથી એ જોવાને
ઊંઘમાં હોઉં છું ખુમારીમાં

કેટલી મોટી મ્હેરબાની છે
મ્હેરબાની છે મ્હેરબાનીમાં

આજ બળતણનો અગ્નિ રાતો છે
ડાળખીઓ હતી તુમાખીમાં

બે ગઝલ

☐ ભરત વિંઝુડા

ખમતખામણાં

નગરમાં વસતાં નર-નારીને ખમતખામણાં,
નજરે ચડતી સૌ બારીને ખમતખામણાં!

હું કંઈ આપું એમ નથી, એ માફ કરી દે,
તું માગે એ લાચારીને ખમતખામણાં!

સવળું ચાલે એવું થોડું અવળું ચાલે,
સંન્યાસીના સંસારીને ખમણખામણાં!

ડોલ સીંચીને પાણી ભરતાં કષ્ટ પડે છે,
કુવાના છે પનિહારીને ખમતખામણાં!

રાજસિંહાસન પર બેસી રાજા શું કરશે,
પહેલાં એના દરબારીને ખમતખામણાં!

નભમાંથી દેવોએ વરસાવેલાં પુષ્પો,
અવધૂતોને, અલગારીને ખમતખામણાં!

તમે જોઈ રહ્યાં છો

આખું ય નહીં અરધું તમે જોઈ રહ્યાં છો,
સારું જ નહીં નરસું તમે જોઈ રહ્યાં છો!

સીધું જ અગર જુઓ તો સામે છે અરીસો,
પણ આડું અને અવળું તમે જોઈ રહ્યાં છો!

પડખે જ ઊભો હોઉં તમારી ને તમે તો,
એ બાજુ બીજું પડખું તમે જોઈ રહ્યાં છો!

એકે ય મને વાત સમજવામાં ન આવે,
મારાથી ઘણું અઘરું તમે જોઈ રહ્યાં છો!

ભીતરની બધી વાત કરી દીધી છે એણે,
મુખ એનું હજી નમણું તમે જોઈ રહ્યા છો!

હા, એવું કશું થાય તો એ કેવું મજાનું,
પણ હાલ કોઈ સપનું તમે જોઈ રહ્યાં છો!



નિ:સ્તબ્ધ

□ વીનેશ અંતાણી

શ્યામ ટ્રોલી સાથે બહાર નીકળ્યો. વોટ્સએપ પર રાકેશને મેસેજ મોકલ્યો: બરાબર પહોંચી ગયો છું. ટેક્સી બુક કરી. રાકેશનો ફોન આવ્યો: ઘેર પહોંચો પછી જણાવજો, ફોન કરીશ. ટેક્સી આવી. ડ્રાઈવરે સૂટકેસ અને થેલો મૂક્યાં. શ્યામે લેપટોપની બેગ પોતાની સાથે સીટ પર રાખી. ઘરની ચાવી એમાં હતી.

ટેક્સી એરપોર્ટનો વિસ્તાર પસાર

કરી શહેર તરફ આગળ વધી. શ્યામ બંધ બારીના કાચમાંથી બંને બાજુ જોતો હતો. એનું જ શહેર, છતાં અજાણ્યું લાગતું હતું. કશુંક ફાવતું ન હતું. આંખો બંધ કરી. થાક લાગ્યો હતો. સાન ફ્રાન્સિસ્કોથી નીકળ્યે ઘણા કલાક થઈ ગયા હતા. સમય ઊલટસૂલટ થઈ ગયો હતો. જેટલેગમાંથી બહાર આવતાં બે-ત્રણ દિવસ લાગશે. મનમાં વજન ભરાઈ ગયું. આ રીતે એકલા આવવું... માથાને ઝાટકો મારી તે વિચાર દૂર કરવાનો પ્રયત્ન કર્યો. એ એના પુત્ર રાકેશ, પુત્રવધૂ રિદ્ધિ અને પૌત્ર સૌમ્ય સાથે સાન ફ્રાન્સિસ્કોમાં રહેતો હતો. ત્રણ વર્ષથી. ત્રણ વર્ષ થઈ ગયાં? એવું લાગે છે કે એ હમણાં જ સ્મશાનમાંથી પાછો આવ્યો છે. અહીં પહોંચતાંની સાથે જ જાણે વચ્ચેનો સમય બાદ થઈ ગયો છે.

સુષમાને હોસ્પિટલમાં દાખલ કરી ત્યારે રાકેશને ફોન કર્યો હતો. એ ત્રણેય આવી ગયાં હતાં. એમની જ રાહ જોતી હોય તેમ સુષમાએ બીજે દિવસે બપોરે છેલ્લો શ્વાસ લીધો. આઈ.સી.યુ.માં હતી. કોઈને અંદર જવા દેતા ન હતા. શ્યામ પણ બહાર બેસી રહેતો. રાકેશ અને રિદ્ધિ એને માત્ર જોઈ શક્યાં. સૌમ્યને કાચમાંથી બતાવ્યો હતો. સુષમાની વિદાય વખતે સૌમ્ય ત્રણ વર્ષનો હતો.

સૌમ્ય એક વાર સુષમાનો ફોટો લઈ આવ્યો હતો, 'મોમ કહે છે, આ ગ્રાન્ડમા છે. ગ્રાન્ડમા એટલે શું?' શ્યામે જવાબ આપ્યો: 'દાદી.' સૌમ્યને અજાણ્યો શબ્દ ફાવ્યો નહીં. 'દ્... દઆદી... એ તમારાં શું થાય?' 'વાઈફ. તારી મમ્મી તારા ડેડીની થાયને એ.' 'ઓહ... મોમે કહ્યું કે ગ્રાન્ડમા આકાશમાં રહેવા ગયાં છે. એવું કેમ કર્યું? મારી મોમ તો ડેડ સાથે રહે છે, તો દઆદી તમારી સાથે કેમ નથી?' શ્યામ ખચકાયો હતો. સુષમા નથી એટલે શું તે જાણે પહેલી વાર સ્પષ્ટ થયું. 'ગ્રાન્ડપા, આર યુ ક્રાયિન્ગ?' 'ના, બેટા... તારી દાદી યાદ આવી ગઈ.' સૌમ્ય થોડી વાર એને જોતો રહ્યો. 'ગ્રાન્ડપા, યાદ આવે એટલે શું?' વિચાર કરવો પડ્યો. ગળું સાફ કરી જવાબ આપ્યો: 'યાદ આવે એટલે... ભૂલી શકાય નહીં.' સૌમ્ય હસી પડ્યો. 'ઇટ્સ નોટ ધેટ ડિફિકલ્ટ, રાઈટ? મારો ફૂટબોલનો બોલ ખોવાઈ ગયો, પણ હું ભૂલી ગયો છું.'

એટલું આસાન નથી હોતું, મારા દીકરા. જવાબ શ્યામના ગળામાં ફસાઈ ગયો હતો.

ટેક્સી પુલ પરથી જતી હતી. પુલ પસાર કરવો... વિચિત્ર લાગ્યું. પોતાના જ ઘરમાં જવા માટે પુલ પરથી પસાર થવું પડે? એ છેલ્લાં ત્રણ વર્ષમાં એટલો બધો બહારનો થઈ ગયો?

થોડા સમયથી શ્યામને થતું હતું કે એક વાર અહીં આવી જાય. કોઈ રાહ

જોતું હોય એવો ભાવ થતો હતો. રાહ કોણ જુએ? સુષમા તો રાહ જોવાની સ્થિતિમાંથી બહાર નીકળી ગઈ હતી. આમ પણ એણે અને સુષમાએ એકબીજાની રાહ જોવી પડે એવું બનતું નહીં. એ એકલી ક્યાંય જતી નહીં અને શ્યામ એને છોડીને એક દિવસ માટે પણ બહારગામ જતો નહીં. સાથે જ રહ્યાં, સાથે જ આવ્યાં-ગયાં. એટલાં બધાં સાથે જીવ્યાં કે બે વ્યક્તિ હોવા જેવું ભૂંસાઈ ગયું હતું. શ્યામ થોડી વાર માટે બહાર ગયો હોય તોય સુષમા મૂંઝાઈ જતી. એ દર રવિવારે વહેલી સવારે મિત્રો સાથે સાઈક્લિન્ગ કરવા જતો. દસ કિલોમીટર સાઈકલ ચલાવે. પાછો આવે ત્યારે સુષમા રસ્તા પર જોતી બાલ્કનીમાં ઊભી હોય. બારણું ઉઘાડે તે સાથે જ લગભગ વળગી પડતી. આટલી બધી વાર? કેટલી ચિંતા થતી હતી.

ને એ પોતે? પાછા આવવાના બધા રસ્તા બંધ કરીને ચાલી ગઈ... બધા પુલ તોડી નાખ્યા.

રાકેશ અને રિદ્ધિ તેરમાની વિધિ પછી થોડા દિવસે પાછાં જવાનાં હતાં. એ બંને શ્યામને અહીં એકલો રહેવા દેવા માગતાં ન હતાં. 'તમે અમારી સાથે જ ચાલો, પપ્પા. મમ્મી હતી ત્યારની વાત અલગ હતી, હવે -'

પણ -

'તમે અહીં અને અમે ત્યાં... આ ઉંમરે તમારાથી એકલા રહેવાય નહીં.'

શ્યામ જવાબ આપી શક્યો ન હતો. એણે હવે પછીની જિંદગી વિશે વિચાર્યું પણ ન હતું. ગ્રીન કાર્ડ હતું. રાકેશે એની પણ ટિકિટ બુક કરી હતી. ચાલ્યો ગયો હતો. ક્યારેક અપરાધભાવ જાગતો. એ સુષમાની ગેરહાજરીનો પ્રત્યક્ષ અનુભવ કર્યા વિના નાસી છૂટ્યો હતો. દૂર રહીને થતું કે એ સુષમાને ઘરમાં પૂરી આવ્યો છે.

હવે એ ઘર પણ એમનું રહેશે નહીં. અહીંનો ફ્લેટ વેચવાનો નિર્ણય લીધો હતો. તે સૂચન રાકેશનું હતું. કોઈ રહેતું ન હોય તો ઘર બગડે. શ્યામ શરૂઆતમાં તૈયાર ન હતો. એ માનતો હતો કે વતનમાં ઘર હોવું જોઈએ. રાકેશે કહ્યું હતું: 'સાચી વાત છે, પણ ત્રણ બેડરૂમના ફ્લેટની જરૂર નથી. એક બેડરૂમનો ફ્લેટ ખરીદી શકાય.'

વાત ખોટી ન હતી. લાંબો વિચાર કર્યા પછી શ્યામ સંમત થયો હતો. ત્યાર પછી એ શક્ય તેટલો જલદી અહીં આવવા માગતો હતો. દૂર રહીને ફ્લેટ વેચાય નહીં. બીજાં ઘણાં કામ કરવાનાં હતાં. ઉતાવળમાં નીકળવાનું થયું એથી ઘર એમ ને એમ છોડી આવ્યો હતો. સુષમા ગઈ પછી ઘરની મોટા ભાગની ચીજવસ્તુઓ બિનજરૂરી બની ગઈ હતી. એ દીકરા સાથે વિદેશમાં જ રહેવાનો હોય તો એ વસ્તુઓ રાખવાની જરૂર ન હતી,

એનો નિકાલ કરવો જોઈએ. સુષમાની ચીજોની પણ વ્યવસ્થા કરવાની હતી. રાકેશ કે રિદ્ધિ તરત સાથે આવી શકે તેમ ન હતાં. સૌમ્યને સ્કૂલમાં વેકેશન પડે પછી જ એ લોકો નીકળી શકે. શ્યામે કહ્યું હતું: 'હું બધું કરી લઈશ.'

શ્યામનો પિતરાઈ ભાઈ બકુલ આ શહેરમાં જ રહે છે. એની સાથે ફોનથી વાત કરી. ફ્લેટ વેચવાના નિર્ણયની માહિતી પણ આપી. બકુલે એક એજન્ટને કહી રાખ્યું છે, જેથી શ્યામ આવે તે સાથે ફ્લેટ વેચવાની પ્રક્રિયા શરૂ કરી શકાય. બકુલે શ્યામને એને ઘેર રોકાવાનો આગ્રહ કર્યો હતો. શ્યામે ના પાડી. એકાદ અઠવાડિયું રોકાવું હોય તો જુદી વાત છે. કામ એટલાં હતાં કે ઘણો સમય રોકાવું પડશે. લોકો ફ્લેટ જોવા આવે, મિત્રો મળવા આવે, ઘરની ચીજોની વ્યવસ્થા કરવી - પોતાના ઘરમાં જ ફાવે.

ટેક્સીના ડ્રાઈવરે કશુંક પૂછ્યું. શ્યામ જવાબ આપે તે પહેલાં બકુલનો ફોન આવ્યો. તેં મને એરપોર્ટ પર આવવાની પણ ના પાડી. શ્યામે કહ્યું: 'મારા માટે ક્યાં અજાણ્યું છે કે તને એરપોર્ટ સુધી ધક્કો ખવરાવું? બહાર નીકળ્યો ને ટેક્સી મળી ગઈ. પહોંચું જ છું.'

'તું ચાવી આપી ગયો હોત તો ઘર સાફ કરાવી રાખત. કોઈ રહેતું ન હોય, સાફસૂફી ન થાય, બહુ ગંદું હશે. એ તો ઠીક છે. હું મારા કામવાળાને લઈને આવું છું. ફટાફટ સાફ કરી નાખશે. ને સાંભળ, નાસ્તો લેતો આવીશ અને લન્ચ -'

'તું મને આવવા તો દે!'

ટેક્સી ચાર રસ્તા વટાવી આગળ નીકળી. દુકાનો ઊઘડી રહી હતી. દૂધની ડેરી સામે ઊભેલી એક સ્ત્રી અલપઝલપ દેખાઈ. એ સ્ત્રીએ અચાનક પાછળ વળીને રસ્તા પર જતી ટેક્સી તરફ જોયું. ઘર આવતાં પહેલાં છેલ્લા વળાંક પાસે નાનકડું મંદિર હતું. એક સ્ત્રી લોટાથી પાણી રેડતી પીપળાની પ્રદક્ષિણા કરતી હતી. એની ચક્રાકાર ગતિ વધતી ગઈ અને ધૂંધળા આકારમાં ફેરવાતી ગઈ.

•

લિફ્ટ સાતમા માળે પહોંચી. શ્યામે સૂટકેસ બહાર મૂકી. થેલો ઉપાડ્યો. લિફ્ટ બંધ કરી તે સાથે જ નીચે ઊતરી ગઈ. પછી ત્યાં પોલાણ જ રહ્યું. શ્યામ ચાર ફ્લેટ વચ્ચેની ખાલી જગ્યામાં ઊભો હતો. એક સિવાય બધા ફ્લેટની બહાર પગલૂછણિયાં હતાં. એના ફ્લેટની બહાર પડેલા કૂંડાની માટી સુકાઈને બરડ થઈ ગઈ હતી. અગાઉ એમાં તુલસીનો લીલોછમ છોડ વાવ્યો હતો અને માટી ભીની રહેતી. નેમપ્લેટમાં બે નામ વંચાયાં. સુષમાનું અને એનું. ટીસ ઊઠી. થોડા સમય પછી ત્યાં બીજાં નામ આવી જશે. ફ્લેટ કોના નામે હતો? દસ્તાવેજમાં

સુષમાનું જ નામ હશે તો કાયદેસર વિધિ કરવામાં સમય જશે. સુષમાનું વસિયતનામું ક્યાં મૂક્યું હશે? કદાચ બેન્કના લોકરમાં. અને એના દાગીના?

કંટાળો આવી ગયો. અધવચ્ચે તોફાનમાં ફસાયો હોય તેવી લાગણી જન્મી. સાંજની ફ્લાઈટમાં જ પાછો ચાલ્યો જાય. થવાનું હોય તે થાય. કામ અધૂરાં રહી જાય તોય શું? સુષમા ચાલી ગઈ - બધું અધૂરું છોડીને. શ્યામ પણ એક દિવસ એની જેમ જ...

ખભા પરથી લેપટોપની બેગ ઉતારી. એમાં ઘણું ભર્યું હતું. ચાવી શોધવા હાથ નાખ્યો. મળતી નથી. ઉભડક બેઠો. ઠાઠડી ફ્લેટની બહાર લાવીને આ જગ્યાએ મૂકી હતી. ઘર હંમેશને માટે છોડતાં પહેલાંનો નાનકડો વિરામ. સુષમાના શરીર પરથી એક ફૂલ નીચે પડ્યું હતું. તે વખતે ઉપાડી શકાયું ન હતું. હવે ઉપાડી શકાય? શ્યામે ચાવી શોધવાનું છોડી ફૂલ શોધતો હોય તેમ જમીન પર હાથ ફેરવ્યો. માટલીમાં ધૂંધવાતા છાણાના ધુમાડાની ગંધ ઊઠી. પછી પગથિયાં ઊતરતા લોકોના અવાજ, શબવાહિનીમાંથી શૂન્ય નજરે બહાર જોવું અને ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં જતી ઠાઠડી...

એ જમીન પર બેસી ગયો. આજુબાજુ જોયું. કોઈ એને એના જ ફ્લેટની સામે આ રીતે બેઠેલો જુએ તો કેવું લાગે? બધા ફ્લેટનાં બારણાં બંધ હતાં. કોઈને ખબર ન હતી કે એ આવ્યો છે. એ લોકો ચા પીતા હશે, છાપું વાંચતા હશે, નાસ્તો કરતા હશે... બધા પોતપોતાના ઘરની અંદર હતા, કોઈ બહાર ન હતું. અહીં એ બહાર હતો અને ઘરમાં કોઈ ન હતું.

શ્યામની પીઠ પાછળના બે ફ્લેટમાં બપોર પછી તડકો આવે છે. શ્યામના ફ્લેટના બધા બેડરૂમ પૂર્વ બાજુ પડે છે. સવારે ત્રણેય બેડરૂમમાં તડકો આવે. શિયાળામાં થોડો આડત્રાંસ થઈ જાય. સુષમા જાગતાંની સાથે બારીમાંથી ઊગતા સૂર્યનાં દર્શન કરતી. ત્યાર પછી જ એનો દિવસ શરૂ થતો. એ ગઈ તે દિવસે શ્યામ વહેલી સવારે થોડી વાર માટે હોસ્પિટલથી ઘેર આવ્યો હતો. એણે સૂર્યમાંથી જ નીકળતાં હોય તેવાં કાળાં પક્ષીઓની લાંબી હાર પશ્ચિમ તરફ ઊડી જતી જોઈ હતી.

ગળામાં શોષ પડ્યો. રસ્તામાં ટેક્સી ઊભી રાખીને મિનરલ વોટરની બે બોટલ ખરીદી હતી. થેલામાં મૂકી હતી. કાઢવાની ઇચ્છા ન થઈ. થૂંક ઉતાર્યું.

ચાવી મળી. ઊભો થયો. ડોરબેલની સ્વિચ પર અભાનપણે આંગળી દબાઈ. અંદરથી ડોરબેલ સંભળાયો. કરન્ટ વાગ્યો હોય એમ હાથ ખેંચી લીધો. છાતી ધડકતી હતી. અંદરથી બારણું ખોલવાનો અવાજ સંભળાય તો? જરૂર ન હતી, છતાં વાટ જોતો ઊભો રહ્યો. જાળિયાને તાળું હતું. જુદી જુદી ચાવી

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક,
ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક
અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ
ડાઉનલોડ - રૂ. 220
રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓ:
ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે
પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

લગાવી પછી ખૂલ્યું. જાળિયા અને બારણા વચ્ચે બે-ત્રણ છાપાં પડ્યાં હતાં. એના પર જાળાં બાઝ્યાં હતાં. પાનાં પીળાં પડી ગયાં હતાં. તારીખ જોઈ. ત્રણ વર્ષ પહેલાંનાં છાપાં હતાં. જતાં પહેલાં છાપાવાળાને કહેવાનું યાદ આવ્યું નહીં હોય. સાહેબ આજુબાજુ ગયા હશે એમ ધારી એણે છાપાં નાખ્યાં હશે. પછી બાજુવાળામાંથી કોઈએ કહ્યું હશે: એ લોકો તો ગયા.

દરવાજાનું તાળું ખોલ્યું. ધક્કો માર્યો. ઊઘડ્યો નહીં. એ દરવાજામાં સાત ધક્કાવાળું તાળું પણ હતું. ઘણા દિવસ માટે બહાર જતા ત્યારે એ તાળું પણ મારતા. એની કઈ ચાવી હશે? જતાં-આવતાં સુષમા જ ઘર બંધ કરતી અને ખોલતી. ક્ષુબ્ધ થઈ ગયો. પોતાના જ ઘરમાં પ્રવેશ કરવા જેવી સામાન્ય ઘટના એ પાર કરી શકતો નથી. એક ચાવી પસંદ કરી. ફેરવવા લાગ્યો. સાત વાર ટક.. ટક... થયું. શ્વાસ હેઠો બેઠો. કપાળ પરથી પસીનો લૂછ્યો. કંઈક પૂછવા પાછળ જોયું. સામાન દેખાયો. આ કોણ આવ્યું છે કલાકોની લાંબી મુસાફરી કરીને? એક જ સૂટકેસ છે. બીજી ક્યાં? બીજી સૂટકેસ... એ તો માળિયામાં પડી હશે.

આંખમાં ઝાંખપ ઊતરી.

બારણું ધીરેધીરે ઊઘડી રહ્યું હતું. એણે ધક્કો માર્યો હતો કે આપમેળે ઊઘડે છે? બંધ ઘરની હવા અથડાઈ.

ફર્શ પર ધૂળ હતી. ડ્રોઈંગરૂમના ફર્નિચર પર જૂની ચાદરો અને બેડશીટ ઢાંકી હતી. કોણે કર્યું હશે? રિદ્ધિએ જ કર્યું હોય. જવાની રાતે. એ વિચાર જચ્યો નહીં. ફર્નિચર ઢાંકી જવાની સુષમાની આદતની એને કેમ ખબર પડી? સુષમાએ વાતવાતમાં કહ્યું હશે. સામાન અંદર લીધો. બારણું બંધ કર્યું. બંધ બારણાને અઢેલીને ઊભો રહ્યો. બારીના પરદા બંધ હતા. આછા અંધારામાં આંખો ટેવાતાં વાર લાગી. આખા ઘરમાં ભેંકાર શાંતિ હતી. ન ફ્રેનમાં ફફડતું છાપું, ન કૂકરની સીટી, ન તો કોઈનો પગરવ. આખું ઘર જાણે શ્વાસ રોકીને ઊભું હતું.

અંદર આવી તો ગયો. હવે?

સભાન થઈ ઊઠ્યો. બધું બહાર છોડીને એ ઘરમાં બંધ થઈ ગયો હતો. એની સાથે કોઈ ન હતું. એકલો અને અધૂરો. ખાલી. લિફ્ટ ચાલી ગઈ પછી દેખાયેલા પોલાણ જેવો... એની મુસાફરી પૂરી થઈ હતી કે હવે જ શરૂ થતી હતી? બધું અંત પામ્યા પછીની નવી શરૂઆત... કદાચ નવા અંતની શોધ...

બારીના પરદા ખોલ્યા. બાલ્કનીનો દરવાજો ઉઘાડ્યો. ખૂણામાં બેઠેલું કબૂતર ફડફડ કરતું ઊડી ગયું. એ ચોંકી ગયો. બાલ્કનીમાં ચારે બાજુ સૂકી હગાર અને પીછાં હતાં. બટાયેલી વાસ આવી. સુષમાએ કેટલીય વાર કબૂતરની જાળી નખાવવા કહ્યું, પણ એ કામ છેવટ સુધી થઈ શક્યું નહીં. છેવટ સુધી એટલે શેના છેવટ સુધી? હવે તો કશું કરવું પડશે નહીં. જાળી વિના જ ઘર વેચાઈ જશે.

બાલ્કનીની પાળી પાસે ઊભો રહ્યો. અગાઉ સામે મેદાન હતું. લોકો સવાર-સાંજ મેદાનમાં ચાલવા આવતા. બાંકડા પણ હતા. એ અને સુષમા રોજ સાંજે ત્યાં ચાલતાં. અંધારું વધે ત્યાં સુધી બાંકડા પર બેસતાં. એ મેદાનમાં ઊંચી ઇમારત ક્યાંથી આવી ગઈ? સાંભળ્યું હતું કે મેદાનમાં મોટો મોલ બનવાનો છે. આજુબાજુની સોસાયટીના લોકોએ વિરોધ કર્યો હતો. ઘરેઘર જઈ અરજી પર સહી લીધી હતી. સુષમાએ સહી કરી હતી. આવું વિશાળ ખુલ્લું મેદાન ઝૂંટવાઈ જાય તે કેમ ચાલે.

ક્યારે શું ઝૂંટવાઈ જાય એની ક્યાં ખબર પડે છે.

ડ્રોઈંગરૂમમાં પાછો આવ્યો. ચાર વર્ષ પહેલાં ઘર પેઈન્ટ કરાવ્યું હતું. કેટલીક જગ્યાએ ભેજ ઊતર્યો છે ત્યાં પોપડાં ઊપસી આવ્યાં છે. બંધ ઘર પર વરસેલા વરસાદનું પાણી જલદી સુકાતું નથી. ફ્લેટ ખરીદવા માગતા લોકો તે બધું જોશે. ચકાસશે બધું જ. ખૂણેખૂણો. નળ બરાબર છે? કબાટ? બારીબારણાં? આ ફર્નિચરનું શું કરવાના છો? ગેસ કનેક્શન છે? વેરો ભરાઈ ગયો છે? પેપર ઊથલાવી

ઊથલાવીને વાંચશે. એજન્ટ સામે જોઈ ભાવની રકઝક કરશે. અજાણ્યા લોકો એના ઘરનું મૂલ્ય નક્કી કરતા હશે અને એ બહારની વ્યક્તિ બની જશે. એ લોકો બધું જોશે, છતાં એમને કશુંય દેખાશે નહીં. આ ઘરમાં વીતેલા દિવસો અને સાંજની રસોઈની સુગંધ અને સુષમાનું દરેક જગ્યાએ હોવું અને હવે ક્યાંય ન હોવું...

ટીવી પર કપડું ઢાંક્યું હતું. કદાચ સુષમાનો જૂનો દુપટ્ટો. ભીંત પર ફોટા હતા. એનો અને સુષમાનો ફોટો. સુષમા હસે છે, એ થોડો ગંભીર છે. બીજો ફોટો રાકેશ અને રિદ્ધિનાં લગ્ન વખતનો છે. સુષમા ઘરના ઉંબરે બંનેને પોંખે છે. ત્રીજા ફોટામાં સુષમાએ સૌમ્યને તેડ્યો છે. પાછળ ટેકરીઓ છે. એ આંગળી ચીંધીને સૌમ્યને કશુંક બતાવે છે – બહુ દૂરનું, જે તે સમયે સુષમાએ પોતે પણ જોયું ન હતું.

માસ્ટર બેડરૂમનું બારણું ખુલ્લું હતું. એમાં ગયો. બારી ખોલી. તડકો આવ્યો. ડબલ બેડ પલંગ. એના પર એક જ ઓશીકું આડું પડ્યું હતું. ચાદરનો ડૂચો. થોડી વાર પહેલાં કોઈ ઊઠ્યું હોય. શ્યામ અહીંથી ગયો ત્યારે ફ્લાઈટ મધરાતની હતી. એ થોડી વાર આરામ કરવા પલંગ પર સૂતો હશે. નીચે ટેક્સી આવી હશે. એ ઉતાવળે ઉતાવળે બહાર નીકળી ગયો હશે. ઓશીકું અને ચાદર બંધ ઘરમાં પલંગ પર પડ્યાં રહ્યાં. નીચે વળીને જોયું. ઓશીકા પર એકાદ લાંબો વાળ દેખાય. ચાદર નાક પર દાબી. કોઈ જૂની સાબિતી મળે... ચાદર ઝાટકી. તડકામાં રજકણ ઊડી.

અંદરની ભીંસ વધી ગઈ. બંને હાથ મોઢા પર દાબી ઊંડા શ્વાસ ખેંચ્યા. ખાળવું અશક્ય થઈ ગયું હતું. ચક્કર ચક્કર ફરતું હતું બધું. આખું ઘર એના પર ધસતું હતું. એ ઘરના મલબા નીચે દટાઈ રહ્યો હતો. ધરતીકંપ આવ્યો તે સવારે એ બેડરૂમમાં હતો, સુષમા બહાર છાપું વાંચતી હતી. એણે બૂમ પાડી હતી: એય, જુઓ તો શું થાય છે? બધું આમથી તેમ ડોલતું હતું. એકબીજાનો હાથ પકડી ઘરની વચ્ચે ઊભાં રહી ગયાં હતાં. તે સવારે બચી જવાયું, આજે બચી શકાતું ન હતું.

તીવ્ર તરસ ઊઠી. પાણી પીવું પડશે. ચા પણ પીવાની બાકી હતી. ચા-ખાંડ હશે? એના ડબા ક્યાં મૂક્યા હશે? ગેસ? દૂધ પણ ન હતું.

બહાર આવ્યો. બૂમ પાડી ઊઠ્યો: સુષમા... ઓ.. સુ...ષમા!

એ રસોડામાં હતી. ફ્રિજમાંથી દૂધનું તપેલું કાઢતી હતી.

થડકી ગયો. નિ:સ્તબ્ધ ઊભો રહ્યો. ઘરમાં એના સિવાય કોઈ ન હતું, છતાં એ એકલો ન હતો.

❑❑❑

એક વાર...

નગીનદાસ સંઘવી સાથેના કેટલાક પ્રસંગો

☐ દીપક સોલિયા

નગીનદાસ સંઘવીના લાંબા સમયના પડોશી તરીકે તથા કેટલીક લાંબી-ટૂંકી મુસાફરીના સહયાત્રી તરીકે તેમના વિશે મેં જે જોયું-જાણ્યું છે તેમાંની કેટલીક વાતો અહીં ટપકાવી છે. આ કિસ્સાઓ આમ તો છૂટાછવાયા લસરકા જ છે, પરંતુ તેમાંથી એક વ્યક્તિનું રેખાચિત્ર દોરવામાં તમને કદાચ મદદ મળી શકે.



એક વાર અમે લોકલ ટ્રેનમાં બાંદ્રા જઈ રહ્યા હતા. બાંદ્રાસ્ટેશને ટ્રેન ધીમી પડી અને હજુ પૂરેપૂરી ઊભી નહોતી રહી ત્યારે સંઘવીસાહેબ મારાથી પહેલાં ઊતર્યા. પછી હું ઊતરું ત્યાં સુધીમાં ટ્રેન ઊભી રહી ચૂકી હોવા છતાં તેમણે મને ચેતવ્યો, 'દીપક, સંભાળીને...' તમે વિચાર કરો, પોતે લગભગ ૯૪ વર્ષના એવા સંઘવીસાહેબ ચાલુ ટ્રેનમાંથી ઊતરીને તેમના ૪૮ વર્ષના સહયાત્રીને ઊભી રહી ગયેલી ટ્રેનમાંથી સંભાળીને ઊતરવા કહી રહ્યા હતા.

એક વાર સંઘવીસાહેબ સાથેની મારી ઓળખાણ નવી-સવી હતી ત્યારે, ૮૪ની ઉંમરે તે આટલા ચુસ્ત હોવાના 'રહસ્ય' વિશે વાત નીકળતાં સંઘવીસાહેબે આટલું જ કહ્યું, 'આમાં મારી કશી કમાલ નથી. મારો બાંધો જ એવો છે. મને મા-બાપના રંગસૂત્રોમાંથી મળેલા વારસાનો આ પ્રતાપ છે.' પછી બેએક વર્ષ બાદ ઓળખાણ જરા ગાઢ બની ત્યારે આ મુદ્દે ફરી એક વાર વાત નીકળતાં તેમણે વાતને સહેજ ખોલીઃ 'હું નિયમિત યોગાસન કરું છું. તેનાથી કદાચ ફેર પડતો હશે.' બીજાં બે-ત્રણ વર્ષે આ મુદ્દે એમણે વધુ પ્રકાશ પાડ્યો, 'હું મારા જમવાના અને સૂવાના સમયમાં શક્ય હોય ત્યાં સુધી ફેરફાર નથી થવા દેતો. તબિયત સાચવવી હોય તો ખાવા-સૂવાનો સમય સાચવવો.' અને પછી કેટલાંક વર્ષો બાદ, પરિચય ખાસ્સો ગાઢ બન્યા બાદ, મોટી ઉંમરે સ્વસ્થ રહેવા વિશેનું અંતિમ રહસ્ય તેમણે ખોલ્યું, 'મૂળ ચીજ તો પડકાર છે. મારા દીકરાના અવસાન બાદ મારા પર આર્થિક જવાબદારીઓ એટલી બધી આવી પડી કે ૬૭ની ઉંમરે હું જાણે ૨૭નો હોઉં એ રીતે મારે સક્રિય બનવું પડ્યું. આજે પણ (૯૭ની ઉંમરે) મારું કામ અટકી પડે તો મારું ગાડું અટકી પડે. વૃદ્ધ થઈને આરામ કરવાનું મને પોસાય તેમ નથી. કદાચ એટલે મારા પર ઉંમરની અસર ઓછી થઈ હશે.'

એક વાર અમે એક 'બુક ક્લબ' બનાવેલી. એનું એક ભૌગોલિક કારણ પણ ખરું. અંધેરી-જોગેશ્વરી વિસ્તારમાં અમે રહીએ. મારું રેલવેના પાટાની એક તરફ અને સંઘવીસાહેબનું ઘર પાટાની બીજી તરફ. વચ્ચે ફાટક. ચાલીને જઈ શકાય એટલું જ અંતર. એટલે ૨૦૦૪માં અંધેરી આવ્યા બાદ એક વાર હું બસ એમ જ સંઘવીસાહેબને મળવા ગયો, પરંતુ તેમના જ્ઞાન-સમજના ખજાનામાંથી મને ઘણું શીખવા મળી શકે એવા આશયથી પછી હું તેમને નિયમિત મળવા લાગ્યો. ટૂંક સમયમાં મારી સાથે જોડાયાં પત્ની હેતલ તથા અમારા જ વિસ્તારમાં રહેતા અભિજિત દોશી. અભિજિતભાઈનો તો સંઘવીસાહેબ સાથે ઘણો જૂનો અને ગાઢ નાતો. મીઠીબાઈ કોલેજમાં

અભિજિતભાઈ સંઘવીસાહેબના વિદ્યાર્થી રહી ચૂકેલા એ તો ખરું જ, એ ઉપરાંત, અભિજિતભાઈના પિતા યશવંત દોશી ('ગ્રંથ' અને 'પરિચય પુસ્તિકા'ના ભેખધારી વિદ્વાન સંપાદક) સાથે સંઘવીસાહેબને ગાઢ દોસ્તી હતી. યશવંત દોશી પ્રત્યે સંઘવીસાહેબની લાગણી એટલી પ્રબળ હતી કે જેમને ભાગ્યે જ કોઈએ ગુસ્સે થતા જોયા હશે એવા સંઘવીસાહેબ જ્યારે યશવંત દોશી સાથે થયેલા અન્યાયની વાત માંડે ત્યારે એમના ચહેરા પર ગુસ્સો સ્પષ્ટપણે તરવરતો જોઈ શકાય. તો, સંઘવીસાહેબના આટલા ગાઢ મિત્રના પુત્ર અભિજિતભાઈ, તેમનાં પત્ની તથા બહેન (ચંદ્રાબહેન અને ચિત્રાબહેન), હેતલ અને હું તથા સંઘવીસાહેબ તથા તેમનાં પત્ની પ્રભાબહેન... અમે આટલાં લોકો અવારનવાર મળતાં થયાં. અમારી આ મુલાકાતો દરમિયાન એક વાર (મોટે ભાગે ૨૦૦૭માં) હેતલે વાત કાઢી કે ફ્લિપકાર્ટ નામની એક વેબસાઈટ પર પુસ્તકોની ખરીદી પર ભારે વળતર મળે છે. સંઘવીસાહેબને આ વાતમાં બહુ રસ પડ્યો. એમાંથી શરૂ થઈ અમારી બુક-ક્લબ. ત્રણેય પાર્ટી મળીને પુસ્તકો સૂચવે, તેના પર ચર્ચા થાય, કોઈ પુસ્તકની કિંમત વધુ હોય તો સંઘવીસાહેબ ધીમેથી કહે, 'આ રહેવા દઈએ... મોંઘું છે.' પણ છેવટના નિર્ણયમાં સંઘવીસાહેબની સિનિયોરિટી ન ચાલે. બહુમતી કહે

તે ફાઈનલ. પુસ્તકની કિંમતને ત્રણ વડે ભાગીને ખર્ચ વહેંચી લેવાનો. સંઘવીસાહેબ દર મહિને હિસાબની વાત કાઢે, જ્યારે અમે લોકો ચાર-છ મહિને એકાદવાર હિસાબ કરી લેવાના મતનાં. આ મામલે મતભેદ થાય ત્યારે અમને સંઘવીસાહેબ 'વૃદ્ધ અને જુનવાણી' લાગે. આટલો જનરેશન ગેપ અમારી વચ્ચે હતો ખરો. એમ તો ક્યારેક કોઈ કાર્યક્રમમાં કે પ્રવાસે જવાનું હોય ત્યારે સંઘવીસાહેબ આયોજનના મામલે અતિ ચીવટ દાખવે ત્યારે અમે મજાકમાં એમને કહેતાં પણ ખરા કે 'આ મામલે તમારા પર ઉંમરની અસર વર્તાય છે.'

સાવ શરૂઆતથી નહીં ભલે, પણ ધીમે ધીમે અમારી વચ્ચે એવી 'દોસ્તી' રચાઈ હતી કે એકમેકની મજાકો પણ થઈ શકે. અમારી આ મંડળીમાં પછી પત્રકાર વર્ષા પાઠક પણ નિયમિતરૂપે અને પત્રકાર પિન્કી દલાલ ક્યારેક ક્યારેક આવતાં થયાં. મંડળીમાં ક્યારેક જોરદાર ચર્ચા ચાલે અને અવાજો સહેજ ઊંચા થાય ત્યારે કોઈ કહે પણ ખરું, 'બાજુના ફ્લેટવાળાને સંભળાતું હશે.' જવાબમાં કોઈ કહેઃ 'આપણી વાતો એમને સંભળાય કે ન સંભળાય, આપણો હસવાનો અવાજ જરૂર સંભળાતો હશે.' એ મહેફિલોની મોકળાશનો બધો યશ સંઘવીસાહેબને જાય. એમનો સ્વભાવ જ એવો હતો કે માત્ર અમને જ નહીં, કોઈને પણ તે 'સમવયસ્ક' લાગી શકે.

અમારી મંડળીમાં એક કપલ તો સાત સમંદર પારથી જોડાયું. એ હતાં પમેલા અને જ્હોન, સંઘવીસાહેબના અમેરિકાસ્થિત મિત્રો. એ ક્યારેક ભારત આવે, સંઘવીસાહેબને મળવા. એ વખતે સંઘવીસાહેબ અમને સૌને ખાસ બોલાવે. સંઘવીસાહેબના અવસાનના સમાચાર આપતો ઈમેઈલ હેતલે પમેલા અને જ્હોનને મોકલ્યો ત્યાર બાદ ચાલેલી ઈમેઈલની હૃદયસ્પર્શી આપલેમાંનો એક મેઈલ. જ્હોને મેઈલમાં લખ્યું : 'હેતલ, દીપક, વર્ષા અને અભિજિત, આપણને સૌને જોડનાર તંતૂ હતા નગીનદાસ... એ તાંતણો તૂટી ગયો... મોટા ભાગના મનુષ્યો કરતાં નગીનદાસને વધુ સમય મળ્યો અને એ સમયનો તેમણે કેવો ભરપૂર ઉપયોગ કર્યો, અનેક લોકોને લાભ થાય એ રીતે... કેવી ચર્ચાઓ કરતાં આપણે સૌ... આપણે સૌએ એકમેકને ભરપૂર પ્રેમ આપ્યો છે અને નગીનદાસને આપણે હંમેશાં યાદ રાખીશું.'

છોડો, ઉદાસ થવાય એવી વાતો કરવાને બદલે આગળ વધીએ, અન્ય કિસ્સા પર.

એક વાર અમારી મંડળીની ચર્ચા દરમિયાન લાંબા લેખો લખતા એક વિખ્યાત કટારલેખક વિશે વાત નીકળી.

આ મામલે કોઈએ સંઘવીસાહેબને પૂછ્યું ત્યારે એક પળ થોભીને તેમણે સપાટ ચહેરે કહ્યું, 'એ ભાઈના લેખો વાંચવાની શરૂઆત તો હું હંમેશાં કરું છું...' આટલી જ વાત. એ પછી પેલા લેખક વિશે સંઘવીસાહેબ કશું જ ન બોલ્યા.

વધારાનો એક પણ શબ્દ તેમની કલમમાંથી કે મુખમાંથી ભાગ્યે જ ટપકે. ભારેખમ વિશેષણો પણ તેમની અભિવ્યક્તિમાં ન જોવા મળે. અદ્‌ભુત, બેમિસાલ કે અફલાતૂન જેવા શબ્દો એ ભાગ્યે જ બોલે. અંગત વાતચીતમાં પણ એ કોઈ વિષય પર બોલે ત્યારે એવું બોલે કે તેમનું આખું બયાન લેખ રૂપે પ્રકાશિત કરવું હોય તો એમાં કાપકૂપ-ફેરફાર-એડિટિંગની જરૂર ન પડે. બુઢાપામાં મગજની, ખાસ તો મેન્ટલ એડિટિંગની (કાપીકૂપીને માપસરનું બોલવાની) ક્ષમતા ઘટતી હોય છે, પરંતુ સંઘવીસાહેબની આ ક્ષમતા ભલભલા જુવાનિયા કરતાં પણ ચુસ્ત હતી અને એ ચુસ્તી છેવટ સુધી જળવાઈ રહેલી.

એક વાર મોરારિ બાપુની એમણે ટીકા કરેલી. એમણે કહ્યું, 'બાપુની એક વાત મને નથી ગમતી કે તે કેટલાક નકામા લોકોને પણ પોતાની નજીક આવવા દે છે, લાભ ઉઠાવવા દે છે.' પછી સહેજ થોભીને તરત તેમણે ઉમેરો કર્યો, 'બાપુ ખૂબ ઉદાર છે એટલે આવું કરી શકે છે. મારામાં એટલી ઉદારતા નથી.' ટૂંકમાં, મોરારિ બાપુની ટીકા કર્યા બાદ બીજી જ પળે તેમણે એ ટીકાને વખાણનો પાયો બનાવી દીધી. બાપુ વિશે તેમણે કહેલી અનેક વાતોમાં એક ભાવ અવિરત વહેતો. એ ભાવ હતો, આદરભાવ.

એક વાર વાસના પરના સંયમ બાબતે ગાંધીજીએ હાથ ધરેલા સહશયનના પ્રયોગોની વાત નીકળતાં સંઘવીસાહેબે ભળતો જ વાંધો ઉઠાવ્યો, 'એમાં પેલી સ્ત્રીનું શું? ગાંધીજીના સંયમનું ભલે પરીક્ષણ થતું, પરંતુ પેલી સ્ત્રીની પરીક્ષા શા માટે? એ સ્ત્રીને ઇચ્છા જાગે તો પણ તેણે ઇચ્છા દબાવી રાખવી પડે એ તો અન્યાય ગણાય. એક વાર કાશ્મીરના અત્યંત પેચીદા કોકડાની ચર્ચા દરમિયાન એવો મુદ્દો ઊઠ્યો કે કાશ્મીર પર કબજો જમાવીને ભારત ભૂલ તો નથી કરી રહ્યું ને, ત્યારે સંઘવીસાહેબ બોલ્યા, 'આપણે સેના મોકલીને કાશ્મીર મેળવ્યું હતું. એ જીતેલો પ્રદેશ ગણાય. દુશ્મન પાસેથી જીતેલો પ્રદેશ કોઈ પાછો ન આપે.' પોલિટિક્સને સંઘવીસાહેબ ફક્ત સાયન્સ રૂપે અને સત્તાના નિષ્ઠુર ખેલ તરીકે નિહાળતા. તેમનું ફોકસ રાજકારણના ટેક્નિકલ પાસા પર જ રહેતું. ચાણક્ય અને માકિયાવેલીની જે વાતો સામાન્ય માણસને પ્રપંચી લાગી શકે તે સંઘવીસાહેબને સહજ

જણાતી. રાજવટમાં સેવા, આદર્શો, લાગણી, ન્યાય, મૂલ્યો વગેરેના સ્થાન વિશેની વાતો નીકળતી ત્યારે સંઘવીસાહેબનો અભિપ્રાય એવો રહેતો કે આ બધી (વેવલી?) બાબતોનું સત્તાના રાજકારણમાં ઝાઝું સ્થાન નથી હોતું. માત્ર રાજકારણમાં જ નહીં, રોજિંદા જીવનમાં પણ કોઈ કૂણી, વેવલી, કાવ્યાત્મક વાતો કરે ત્યારે સંઘવીસાહેબ તાત્કાલિક તો કોઈ પ્રતિક્રિયા ન આપતા, પણ પછી ક્યારેક એમનો ફોન આવે, 'દીપક, આજે એક જણ મને નબળી કવિતા સંભળાવી ગયો. આ તો સજા જ ગણાય. મને લાગે છે કે નિરાળી સજા રૂપે નબળી કવિતાઓ સંભળાવવાની જોગવાઈ કાયદામાં હોવી જોઈએ. એમ તો લગ્નનું આલબમ દેખાડીને એમાંની તસવીરોમાંનું કોણ કોનું કઈ રીતે સગું થાય તે વિશે લાંબી લાંબી વાતો કહેવી એ પણ આવી જ એક નિરાળી સજા ગણી શકાય.' પછી સંઘવીસાહેબ મને ઉકસાવે, 'તને આવી કોઈ સજાઓ સૂઝે છે?' એકાદ-બે સજાઓ હું પણ વિચારું. એ સાંભળીને તેઓ ખડખડાટ હસે, 'આવી અળવીતરી સજાઓનું આપણે એક લેખરૂપે સંકલન કરવું જોઈએ. શું કહેવું છે?' અને ફરી મુક્ત હાસ્ય...

એક વાર એમની તડ ને ફડ શૈલી વિશે મેં એમને ભેરવવાની કોશિશ કરેલી. મેં કહ્યું, 'કોઈ પણ મુદ્દે બધેબધું જાણવાનો દાવો હું તો ઠીક, તમે પણ ન જ કરી શકો.'

'ન જ કરી શકું.'

'તો પછી તમે તડ ને ફડ શૈલીમાં કઈ રીતે લખી શકો? તમારા લખાણમાં એવી છાપ ઊપસે કે જે તે વિષયમાં તમે બધેબધું જાણો છો અને તેમાં હવે પછી ચર્ચાનો કોઈ અવકાશ રહેતો નથી. તમે સત્યને ફંફોસતા નથી, સત્યનું એલાન કરો છો.'

'દીપક, આમાં એવું છે કે જે વિષય પર લખવું હોય તેનો શક્ય તેટલો અભ્યાસ કરવો. મહેનત કરવામાં જરાય કચાશ નહીં છોડવાની. પછી આપણને જેટલું અને જેવું સમજાયું હોય તે સ્પષ્ટપણે લખી નાખવું. જેમ આપણે સર્વજ્ઞ હોવાનો ભ્રમ રાખવાની જરૂર નથી તેમ આપણે અજ્ઞાની છીએ એવું માનવાની પણ જરૂર નથી. વાચક વાતને સમજવા માટે તમને વાંચતો હોય ત્યારે તમે પોતે અસમંજસમાં હોવ તેવું લાગે તો વાચનાર વધુ ગૂંચવાય.'

છેલ્લે, એક વાર સંઘવીસાહેબ, ૯૯ની ઉંમરે, રાજીવ ગાંધી વિશે પુસ્તક લખી રહ્યા હોવા વિશે અને ખાસ તો સંસદની લાઈબ્રેરી ફેંદવા માટે દિલ્હી જવાની માથાકૂટ કરતા હોવા વિશે જાણ્યું ત્યારે આ મામલે અમારી વચ્ચે ચર્ચા થઈ. મારું માનવું હતું કે રાજીવ ગાંધી વિશે પુસ્તક લખવામાં સમય અને ક્ષમતા ખર્ચવા કરતાં યોગ વિશે

એક ગુજરાતી પુસ્તક તૈયાર કરવા જેવું ખરું. સંઘવીસાહેબને આમ પણ યોગવિદ્યામાં ઘણો રસ પડે. યોગ વિશેની અધકચરી જાણકારીને લીધે અને ખોટી રીતે યોગાસનો કરવાને લીધે લોકોએ વેઠવાં પડતાં નુકસાનો વિશે સંઘવીસાહેબ પાસેથી ઘણી વાતો સાંભળેલી.

તો, થોડા સમય પછી સંઘવીસાહેબનો ફોન આવ્યો, 'રાજીવ ગાંધીના પુસ્તકનું કામ બાજુ પર રાખ્યું છે (તેમના આ નિર્ણય પાછળ મારા કહેવા કરતાં તેમને પોતાને કોઈ કારણસર કામ અટકાવવા જેવું લાગ્યું હશે એવું હું માનું છું). રાજીવ ગાંધીને બદલે યોગવાળું પુસ્તક તૈયાર કરીએ.' પછી અમારી મુલાકાત થઈ. માર્ચમાં કોરોનાનો કેર શરૂ થયો તેના બે મહિના પહેલાં તેઓ સુરતથી મુંબઈ આવેલા. એ વખતે બપોરના ત્રણથી રાતના નવ સુધીની એક લાંબી મુલાકાતનો મોકો મળ્યો. અમારી મંડળીનાં અભિજિતભાઈ તથા તેમનાં પત્ની ચંદ્રાબહેન પણ એમાં જોડાયાં. યોગવાળા પુસ્તકને પોતે કઈ રીતે આકાર આપવા માગે છે તે વિશે સંઘવીસાહેબે ચર્ચા કરી. પુસ્તક લખતાં પહેલાં યોગ વિશેનાં શિવસંહિતા, ઘેરંડસંહિતા વગેરે પુસ્તકો તેમને વાંચવાં હતાં. એ પુસ્તકો મેળવી આપવા બાબતે તેમણે હેતલની મદદ લીધી.

પછી ચાર જ મહિનામાં એમણે યોગ વિશેના પુસ્તકનો પહેલો ડ્રાફ્ટ લખી કાઢ્યો અને ગઈ ૩૧ મેના રોજ તેમણે એ ડ્રાફ્ટ મને મેઈલ કર્યો. એ વાંચી લીધા બાદ જૂનના પહેલા અઠવાડિયામાં મેં એમને ફોન કર્યો ત્યારે પુસ્તકમાં કરવા જેવા સુધારા-વધારા વિશે તો વાતો થઈ જ, સાથોસાથ તેમણે શરૂ કરેલી પોતાની યુટ્યુબ વિડિયો ચેનલ વિશે પણ વાત થઈ. ઝડપભેર તે વિડિયોકળા શીખી ગયેલા. બાળકને વિડિયો ગેમ્સમાં રસ પડે એવો રસ સંઘવીસાહેબને વિડિયોચેનલમાં પડી રહ્યો હોવાનું મેં અનુભવ્યું. વિડિયોનો એક ફાયદો ગણાવતાં તેમણે કહ્યું, 'લખવા કરતાં બોલવું સહેલું પડે.'

'અચ્છા, લખવા-વાંચવામાં તકલીફ પડે છે એવું તો નથીને!'

'ના, ના. મને લાગે છે હજુ હું બીજાં બે-ચાર વર્ષ સુધી તો લખી શકીશ.'

અમારા આ સંવાદના એકાદ મહિના બાદ તેમના અવસાનના સમાચાર મળ્યા ત્યારે એક વિચાર એવો આવ્યો કે આપણને સૌને તેમની વિદાય અણધારી લાગી શકે એ તો ઠીક, સો વર્ષના સંઘવીસાહેબને પોતાને પણ છેલ્લી સભાન અવસ્થામાં મોતની શક્યતા નજર સામે દેખાઈ હશે ત્યારે એવું લાગ્યું હોઈ શકે કે '(મોત) આટલું જલદી? હજુ તો હું બે-ચાર વર્ષ વાંચી-લખી શકું તેમ છું. આ તો જરા વહેલું આવી પડ્યું.'

❑❑❑

નાક બંધ છે

☐ અધીર અમદાવાદી

ઇબોલા, ઝીકા, સ્વાઈન ફ્લુ અને કોરોના જેવા નવા નવા રોગો માર્કેટમાં આવતા રહે છે. આ નવા રોગોની ખાસિયત એ છે કે માણસો કરતાં વધારે મોબાઈલમાં એ ફેલાય છે. જોકે આ નવા રોગોના કારણે જૂના રોગોનું મહત્ત્વ ઘટી રહ્યું છે, એમાંય નાક બંધ થવા જેવી લોકોને માટે મામૂલી જણાતી સિઝનલ બિમારી તો સાવ વિસરાઈ ગઈ છે. ભારત બંધ, ગુજરાત બંધ,

અમદાવાદ બંધ, આ બધા બંધમાં સૌને તકલીફ પડે છે. પરંતુ નાક નામની દુકાન બંધ થાય ત્યારે જે મુશ્કેલી સર્જાય છે તે અસરગ્રસ્ત જ જાણે છે. અમારું નાક પાનખરને સૂંઘી લે છે અને જેવો શિયાળો જવા લાગે અને પંખા ચાલુ થાય કે નાક બંધ થવા લાગે છે.

કારમાં જો ઇગ્નિશનનો પ્રોબ્લેમ હોય તો વાયરો શોર્ટ કરીને ડાયરેક્ટ ચાલુ કરી શકાય છે. એવું નાક બંધ હોય ત્યારે થઈ શકતું નથી. હા, મોઢાથી શ્વાસ લેવાની સુવિધા ભગવાને આપી છે, પરંતુ આ ડાયવર્ઝનને હાઈવે પ્રોજેક્ટના કાયમી વિકલ્પ તરીકે વાપરી નથી શકાતો. પાંચેક વરસ સુરત અને બાકીનાં વર્ષો અમદાવાદના વસવાટ થકી સુરત અને અમદાવાદની શેરીઓમાં એક પાયાનો ફરક અમે જોયો છે. અમદાવાદની ગમે તે શેરીમાં ઘૂસો મોટે ભાગે તમને આગળથી ક્યાંક બહાર નીકળવાનો રસ્તો મળી જ આવે. જ્યારે સુરતમાં તમને ડેડ-એન્ડ મળે તેવી સંભાવનાઓ ઘણી. નાકને જો શેરી ગણો તો પાનખરમાં અમારા જેવાનાં નાક સુરતની શેરીઓ જેવાં બની જાય છે.

નાક બંધ થાય ત્યારે જેમનું નાક બંધ ના થતું હોય એવા લોકો તમને સૌથી વધુ ઉપાયો બતાવે છે, જે કારગત નીવડતા નથી. સૌથી પહેલો ઉપાય વરાળનો નાસ લેવાનો છે. આમ તો નિર્દોષ ઉપાય છે. પરંતુ નાસ લેવા માટે તમે અડધો કલાક મહેનત કરો એ પછી પંદરમી મિનિટે નાક ફરી બંધ થઈ જાય છે. એકંદરે તમારો પોણો કલાક પસાર થઈ જાય છે. એ પણ રાત્રે બે વાગ્યે.

જો દિવસે ઓફિસમાં નાક બંધ થાય તો કોક તમને છીંક ખાવાનો અન્ય નિર્દોષ ઉપાય બતાવશે. હાથરૂમાલના ખૂણાને આમળીને ભૂંગળી બનાવી એનાથી નાકમાં સળી કરવાથી છીંક આવે છે. પહાડોમાં બોગદું બનાવતી વખતે બ્લાસ્ટ કરવાથી ગાબડું પડે છે અને બોગદું તૈયાર થાય છે એવું કંઈક છીંક ખાવાથી થશે એવી આશા છીંક ખાધા પહેલાં છીંક ખાનારને હોય છે, જે ઠગારી નીવડે છે.

નાક ખોલવાનો અન્ય ઉપાય તમને દિવેલનાં ટીપાં નાખવાનો બતાવવામાં આવશે. હવે ઘઉં મોયેલા આવતા હોવાથી આ ઉપાય બીજી રાત પર મુલતવી રાખવો પડે છે. ઘરમાં દિવેલના અભાવે. કોઈનું ડાચું દિવેલ જેવું હોઈ શકે પણ એ નાકમાં નાખી શકાતું નથી. જ્યારે દિવેલની વ્યવસ્થા થાય ત્યાર પછી નાકમાં નાખવા માટેની ટોટી શોધવામાં ત્રીજી રાત આવી જાય છે. જૂના જમાનામાં ઇન્કપેન વપરાતી ત્યારે અહીં એક દિવસ બચતો. દિવસ ભલે બચતો પરંતુ રાત ટોટીમાંથી શાહી ધોવામાં ટૂંકી થતી. જોકે હવે બોલપેનના જમાનામાં ઘરમાં ટોટી ક્યાંથી હોય?

દિવેલની સ્નિગ્ધતા વધારે હોય છે એવું તમે વિજ્ઞાન ભણેલું ભૂલી ગયા હો તો દિવેલ નાકમાં ઊંજવાનો પ્રયાસ કરો ત્યારે તમને એ પ્રેક્ટિકલ સમજાય. એકંદરે ત્રીજી રાત્રે દિવેલ નવશેકું કરીને કોઈ નાકમાં ઓરી આપે ત્યારે આશા બંધાય કે બંધાયેલું નાક ખૂલશે. પરંતુ દિવેલની તીવ્ર વાસ નાકમાં નવા વિરોધ પેદા કરે છે અને છીંક દ્વારા દિવેલનો નાકનિકાલ થાય છે. આ મુજબની માહિતી દિવેલ વાપરવાની સલાહ આપતા અજ્ઞાનેશ્વર સલાહખોરો પાસે નથી હોતી, જે ફક્ત અને ફક્ત અમારા વાચકો સાથે અમે અહીં વહેંચીએ છીએ.

પરંતુ બીજા દિવસે ઓફિસમાં જો તમે ભૂલથી દિવેલના પ્રયોગની વાત કરો તો તમને દિવેલને બદલે બીજા કયાં છ તેલ નાખી શકાય એની જાણકારી મળે છે. આમાંથી બજારમાં સહેલાઈથી મળી શકે એવાં ચારનો તમે વારાફરતી પ્રયોગ કરો તો એ તમારી ચાર રાતની ઊંઘનું નિકંદન કાઢી નાખશે અને અંદર ઉધમાત મચાવશે એ જુદો. ઉપરાંત અઠવાડિયા સુધી સિંગતેલમાં બનેલાં શાક સરસિયામાં બનાવેલાં લાગશે એ જુદું. હવે તમને થશે કે જો આટલી તકલીફ થતી હોય તો આવા અખતરા શું કામ કરવા? કરવા પડે છે. ડૂબતો તણખલું ઝાલે એ કહેવત સાંભળી છે?

એમાં સૌથી વધારે દાઝ તો અનુલોમ-વિલોમ કરવાની સલાહ આપે એના પર ચઢે.

'ભઈ, તમઅ અનુલોમ-વિલોમ કરોઓ, જો મુ સીખડાવું, ઓમ નાક પર એક આંગળી મેલીને ...'

'અલા, જો નાક ખુલ્લું હોત તો બધું કરત, તું કે'ત તો પૂર્વસુત્સુન્ગાકાર્માસન શીર્ષાસનમાં કરી બતાવત. પણ બકા, સો વાતની એક વાત નાક બંધ છે, માટે છાનો મર'.

નાકબંધ કે શરદી થાય એ કેન્સર કે બાયપાસ જેવી ગંભીર સમસ્યા નથી જેના માટે તમારી લોકો ખબર જોવા આવે. 'અરે અધીરભાઈ, તમારી શરદીનું સાંભળ્યું. ઈશ્વરકૃપા હશે તો સારી પણ થઈ જશે બાકી આપણા હાથમાં રૂમાલ સિવાય શું છે?' તો રિવાજ મુજબ બાકીનાં વોટ્સએપથી દિલસોજીના સંદેશા મોકલે એવું પણ નથી બનતું કે 'મહાપુરુષોને મહાન કાર્યો કરતા શરદી રોકી શકતી નથી, ગેટ વેલ સૂન'. જોકે મહાપુરુષો શરદીને રોકી નથી શકતા એ પણ હકીકત છે. નેલ્સન મંડેલાથી લઈને સચિન તેંદુલકર સુધીનાને શરદી થાય છે. સચિન ડોક્ટર અંજલિને પહેલીવાર શરદીને કારણે મળ્યા હતા એવું કોઈ ઇન્ટરવ્યુમાં જાણવા મળે તો નવાઈ ના લાગે. જોકે ઇન્ટરવ્યુમાં શરદી જેવો વિષય ચર્ચાય એવા શરદીના ભાગ્ય નથી.

શરદીના દર્દીની હાલત કાળું ધન સંગ્રહ કરનાર જેવી હોય છે. એણે સતત

પોતાની 'કેશ' છુપાવીને રાખવી પડે છે. જોકે પ્રેમ, ફાંદ અને લેંટ છુપાવી શકાતાં નથી. હા, થોડીવાર માટે તમે એના અસ્તિત્વનો ઇનકાર કરી શકો છો.

દર વર્ષે એકાદ મહિનો શરદીનો ભોગ બનનાર સારી રીતે જાણે છે કે ઘેન ચઢે એવી શરદીની દવા લઈને કામ કરવામાં કેટલા છબરડા વળે છે. અગત્યના દસ્તાવેજ ઉપર છીંક્યા પછી અવશેષ ના રહે તે રીતે સાફસૂફી કરવા માટે પોતાનો હાથરૂમાલ કામમાં આવતો નથી. આ ઉપરાંત તરત જ બૉસ બોલાવે તો એ કાગળ પરનો ભેજ દૂર કરવાનો પણ હોય છે. આવામાં કાળું કે ઘેરા રંગનું શર્ટ એકાદ મહિનો પહેરી શકાતું નથી. બે હાથે રૂમાલને અંગ્રેજી વી આકારમાં વાળી નાકની આસપાસના સમગ્ર પ્રદેશને સાફસૂફ કરતા હો ત્યાં કોઈ પાર્ટી તમને મળવા આવે ત્યારે રૂમાલ મૂકી એની સાથે હાથ મિલાવવો કે કેમ જેવી અનેક દ્વિધાઓ અનુભવાય છે.

હાથરૂમાલના બદલે ટીસ્યુ પણ વાપરી શકાય છે. જોકે દિવસના અંતે તમારી કચરાપેટી પર કોઈની નજર પડે તો તમે પર્યાવરણના દુશ્મન છો એવી છાપ ઊભી થઈ શકે છે.

નાક બંધ થવાને કારણે, અને બંધને કારણે પડતી દુનિયા સમજી ના શકે એવી અગવડોને કારણે નાનપણથી અમને બંધ શબ્દ માટે નફરત થઈ ગઈ છે. સ્કૂલમાં હતા ત્યારે પણ અમે નિબંધ કોરો છોડી દેતા. કપડાંમાં અમે બંધ ગળાનું કંઈપણ પહેરતા નથી. ફ્રીજ કે ઘરનો દરવાજો અમે બંધ નથી કરતા, વાસીએ છીએ. અમે ખાસ વ્યક્તિ સાથે છાનીછપની મુલાકાત કરીએ, પણ બંધબારણે તો નહીં જ. અમારે ક્યાંય જવાનું હોય અને કોઈ અમને કહે કે 'બધો પ્રબંધ થઈ જશે' તો અમને સંશય રહે છે, પરંતુ એમ કહે કે 'વ્યવસ્થા થઈ જશે' તો ઝટ રાજી થઈ જઈએ છીએ. ભાઈ અમે બંધના દાઝેલા છીએ એટલે સંબંધ પણ ફૂંકી ફૂંકીનેય રાખતા નથી!

ટ્વેન્ટી-ટ્વેન્ટી

પકોઃ હો શુકાબુ તાકાસકી તોકી મોકી

અમથોઃ આ જાપાનીઝમાં બોલે છે?

બકોઃ ના, મોંમાં માવો ભરીને બોલે છે !

મા એટલે જન્મદાતા મા તો ખરી જ. પણ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. મા પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઊઠે છે. મા કદી મરતી નથીઃ માનો દેહ ન હોય ત્યારે એનું વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખમાં લખવા ધારેલા પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે મા.

- હરીન્દ્ર દવે



'નયા માર્ગ'ની મહત્ત્વની આનંદદાયક યાત્રા

☐ ડંકેશ ઓઝા

[ચાર દાયકા સુધી 'નયા માર્ગ' પાક્ષિક દ્વારા ગુજરાતના ગરીબોની વાત રજૂ કરનાર ઇન્દુકુમાર જાની (જન્મ : 19.12.1943) ઝીણાભાઈ દરજીના ભલે માનસપુત્ર ગણાયા હોય, પણ પોતે કદી કોંગ્રેસના સભ્ય બન્યા નથી. ત્યારે ગુણવંત શાહે તેમને 'ગરીબમિત્ર' તરીકે ઓળખાવેલા. ગુજરાતમાં ભૂતકાળમાં ઘણાં સામયિકો કાળક્રમે બંધ થયાં છે. તેમાં 'નયા માર્ગ' કદાચ અત્યારે છેલ્લું છે. જે તા. 16.3.2020ના છેલ્લા અંક સાથે આટોપી લેવાયું. છેલ્લા પાંચ અંકમાં તેમણે ભારે હૈયે 'વિદાય પર્વ'ના લેખો લખ્યા છે. જેમાં

'નયા માર્ગ'નો અને ખેતવિકાસ પરિષદની પ્રવૃત્તિઓનો અને એ દ્વારા કંઈક અંશે ગુજરાતના જાહેરજીવનનો પણ અછડતો આલેખ મળે છે. તેમાં ખલીલ જિબ્રાનથી લઈને સ્વામી આનંદ સુધીના તેમના ઘણા પ્રિય લેખકોને તેમણે ટાંક્યા છે. ભારતના બંધારણના આમુખમાં સમાજવાદ શબ્દ આજે પણ છે. પરંતુ દેશ કંઈક વિપરીત દિશામાં ગતિ કરી રહ્યો છે ત્યારે તદ્દન ટૂંકમાં કહીએ તો, 'નયા માર્ગ' બંધારણીય મૂલ્યોના જતનથી અને આઝાદીનાં ફળ છેવાડાના ગરીબ સુધી પહોંચાડવાની વાત કરનારું એક માત્ર સામયિક હતું. સ્વસ્થ સમાજે પાછલા વર્ગની પહેલી ચિંતા કરવી જોઈએ, પણ તે થતી નથી. તેથી જ હિમાંશી શેલત અને નરોત્તમ પલાણ જેવાં અનેકે 'નયા માર્ગ' બંધ થવાનું જાણી દુઃખ વ્યક્ત કર્યું છે. આવા આગવા સામયિક વિશે વ્યાપક સમાજ જાણે તે અત્યંત જરૂરી છે, એ ખ્યાલથી કોરોના કાળ દરમિયાન ઇન્દુભાઈની આ મુલાકાત લેવામાં આવી છે. ઘણી અવઢવ પછી તેઓ મારા પ્રેમને વશ થયા એનો આનંદ પ્રગટ કરતાં થોડું ગૌરવ અનુભવાય છે. - લે.]

પ્રશ્ન: સમજુ માણસો આજકાલ દૈનિકો કરતાં સામયિકોને વધુ વિશ્વસનીય ગણે છે, ત્યારે તમે અફરપણે 'નયા માર્ગ' બંધ કરવાનો નિર્ણય જાહેર કર્યો અને તે પ્રમાણે 16.3.2020ના છેલ્લા અંક સાથે 'નયા માર્ગ' બંધ કર્યું. જાહેર જીવનના અગ્રણી તરીકે (તંત્રી તરીકે નહીં) આવું થાય તે વિશેનો તમારો પ્રતિભાવ શો હોત?

ઉ.: આ અગાઉ 2004માં 'નયા માર્ગ' બંધ કરવું પડે એવી સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે રજનીકુમાર પંડ્યા, તુષાર ભટ્ટ જેવા લેખકો - પત્રકારોએ અખબારોમાં લેખો લખીને ઝુંબેશ ચલાવેલી. તેથી થોડો આર્થિક ટેકો મળી શક્યો. વળી, એ જ વર્ષે ઓગસ્ટમાં ઝીણાભાઈ દરજીનું અવસાન થયેલું. તેઓનું કહેવું હતું કે, 'મારું કોઈ સ્મારક સ્થાપવું નહીં, 'નયા માર્ગ' એ જ મારું સ્મારક!' એમની એ ઝંખનાને કેન્દ્રમાં રાખીને વધુ 15 વર્ષ 'નયા માર્ગ' ચલાવ્યું. ધીરે ધીરે લવાજમો મળતાં બંધ થયાં. બે-ત્રણ આંકડાના ફેલાવા સાથે સામયિક ચલાવવાનો કશો અર્થ નથી, એણે અસ્ત થવું જ રહ્યું.

'ગોદી મીડિયા'ની વ્યાપક બદીને કારણે 'સમજુ માણસો' દૈનિકો કરતાં સામયિકોને વધુ વિશ્વસનીય ગણતા હોય તોપણ એક પછી એક સામયિકો બંધ થતાં જાય છે, એનો ફેલાવો પણ ઘટતો જાય છે તે એક હકીકત છે. આમ તો, વિચારનું તત્ત્વ જ માનવજાતને

અન્ય પ્રાણીસૃષ્ટિ કરતાં અલગ પાડે છે. ફ્રાન્સના ફિલસૂફ દેકાર્તનું જાણીતું વાક્ય છેઃ ''I think therefore I am.''

વિશાળ વાંચનથી જ સારાસારનો વિવેક અને સમાજોપયોગી વિચાર જન્મે છે. યુવાવસ્થામાં પ્રવેશતાં અગાઉ મેં જાણીતા લેખકો - કવિઓની રચનાઓ વાંચી લીધેલી. જ્યારે શક્ય હોય ત્યારે પુસ્તકાલય પણ જતો. વળી, મારા પિતાજી (અમૃત જાની) અભિનેતા હોવાને કારણે નાટકો ઘણાં જોયેલાં. જાહેરજીવનમાં રસ ધરાવનાર તરીકે એવું લાગે છે ખરું કે 'નયા માર્ગ' ચાલુ રહેવું જોઈએ પણ બીજી બાજુ મારી એવી પ્રામાણિક માન્યતા બંધાવા લાગેલી કે, ગુજરાતી ભાષામાં પ્રિન્ટ મીડિયા, તેમાંય ખાસ કરીને ગંભીર વિચારપત્રોનો સમય પૂરો થયો છે. મને એક વાતનો અફસોસ પણ રહેશે કે 'નયા માર્ગ'ને માનવતાવાદી - બિનસાંપ્રદાયિક પરિબળોએ ક્યારેય આર્થિક ટેકો પૂરો પાડ્યો નહીં. જોકે જાતિવાદી અને કોમવાદી માહોલમાં આશરે ચાર દાયકા સુધી વૈચારિક પ્રતિબદ્ધતા સાથે ટકી શકાયું તેય ઓછું ન ગણાય.

પ્રશ્નઃ 'નયા માર્ગ' શરૂ કરનાર તમે નહીં છતાં એને ગુજરાતમાં જાણીતું કરી દીધું. એક તંત્રી તરીકે તમે એવું શું કર્યું તેના વિશે અને તમે શું ન કરી શક્યા એના વિશે થોડા માઈલસ્ટોન અને મૂંઝવણો વિશેની વાત કરો.

ઉ.: સિત્તેરના દાયકાની શરૂઆતમાં ઝીણાભાઈ દરજી ચૂંટણી લડીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ચૂંટાયા. તે સમયે ભીખુ વ્યાસના તંત્રીપદે સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના મુખપત્ર તરીકે 'નયા માર્ગ'નો આરંભ થયો. ભીખુભાઈને હું મારા આદર્શ ગણું છું. ઝીણાભાઈ વ્યારા અને ભીખુભાઈ વાલોડ રહે. સ્વરાજ આશ્રમ, વેડછી સ્થિત ગાંધીવાદી અગ્રણી જુગતરામભાઈ દવેએ કંડારેલા ગાંધીમાર્ગના અનેક યાત્રીઓની જેમ ઝીણાભાઈ, ભીખુભાઈ જેવા અનેક યાત્રીઓ. નઈ તાલીમ, ખાદી-ગ્રામોદ્યોગ, ગણોતધારાનું અમલીકરણ જેવા અનેક કાર્યક્રમો દ્વારા સામાજિક - આર્થિક - શૈક્ષણિક પ્રવૃત્તિઓ આ વિસ્તારમાં ધમધમતી હતી. 'નયા માર્ગ'માં ભીખુભાઈની રોચક કલમે એનું આલેખન થતું. સુરત જિલ્લાના ખેતમાલિકો 'ધણિયાતા' તરીકે અને ખેતમજૂરો 'હળપતિ' તરીકે ઓળખાતા. મને પછીથી જાણવા મળ્યું કે 'નયા માર્ગ'નું તે સમયનું વાર્ષિક ત્રણ રૂપિયા લવાજમ હળપતિઓ દસ-દસ પૈસા ઉઘરાવીને ભરતા! આવું કેટલા સમય ચાલ્યું એનો રેકોર્ડ નથી.

ત્યારબાદ સનતભાઈ મહેતાએ 'નયા માર્ગ' વડોદરાથી કાઢવાનું શરૂ કર્યું. મેં બેંકની નોકરી છોડી દીધી

હતી એટલે ગુજરાત ખેત વિકાસ પરિષદ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં જે પ્રવૃત્તિ ચાલતી હતી તેના વિશે લખવાનું થયું. 1980ના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બની. સનતભાઈ નાણાં, આયોજન અને શ્રમ મંત્રી તરીકે નિયુક્ત થયા. વડોદરાથી નીકળતું 'નયા માર્ગ' બંધ કરવાની વિચારણા ચાલતી હતી. એમાં એક સાંજે સનત મહેતા અને અરુણાબહેન ખેતભવનના અમારા કાર્યાલય પર આવ્યાં. એમણે મને એમના સ્વભાવ મુજબ આદેશ જ કર્યોઃ ''હવે નયા માર્ગ ખેતભવનથી જ કાઢવાનું છે. તમારે જવાબદારી સ્વીકારવાની છે. અરુણા ગાંધીનગર રહે છે અહીં આવશે. તમે બંને તંત્રી.''

26મી જાન્યુઆરી, 1981થી ખેતભવનથી 'નયા માર્ગ' નીકળવા લાગ્યું. જોકે અરુણાબહેન ટૂંક સમયમાં વડોદરા શીફ્ટ થઈ ગયાં... એટલે કુદરતી રીતે મારી જ જવાબદારી બની ગઈ!

એ અરસામાં અમદાવાદ નજીક આવેલા જેતલપુરમાં દલિત ખેતમજૂર શકરાભાઈની નિર્મમ હત્યા થઈ. એનો 'ગુનો' એટલો જ હતો કે એણે લઘુતમ વેતન માગેલું. બીજી ઘટના એવી બની કે દલિતો અને આદિવાસીઓને શિક્ષણ અને નોકરીઓમાં અપાતી અનામતોનો હિંસક વિરોધ થયો. આ બંને મુદ્દે બંધારણીય તથા કાનૂની જોગવાઈઓ, અદાલતોના ચુકાદાને સામાજિક-આર્થિક ન્યાય આધારિત સમાજરચનાનું નિર્માણ થાય એ દૃષ્ટિએ લેખો લખાયા... ઘણું ઘણું લખાયું અને છપાયું જે અન્ય સામયિકો કરતાં જૂદું હતું. વાચાહીનોની વાચા બનવાની એ શરૂઆત હતી.

એન. જી. ગોરે, પ્રબોધ ચોક્સી, ડો. અનિલ પટેલ, ગિરીશ પટેલ, ભાનુભાઈ અધ્વર્યુ વગેરેના તર્કબદ્ધ અને અભ્યાસપૂર્ણ લેખો છપાયા. અનાયાસે 'નયા માર્ગ'ની ગરીબલક્ષી અને વંચિત તરફી પહેચાન બનવા લાગી. આ ઉપરાંત ગુજરાતમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિઓનું આલેખન થવા લાગ્યું, જે અન્યત્ર છપાતું નહોતું. ગ્રામીણ સમસ્યાઓ તેમ જ અસંગઠિત વર્ગોના પ્રશ્નોને વિશેષ મહત્ત્વ અપાયું. પ્રારંભિક વર્ષોમાં જ જોસેફ મેકવાનનો પરિચય થયો, કહેવાતી મુખ્યધારાના તંત્રીઓનો એમને માઠો અનુભવ થયેલો, કારણ કે, એમનાં રેખાચિત્રોનું 'થીમ' દલિતો હતા. જોસેફભાઈને આગ્રહપૂર્વક પુનઃ લખતા કર્યા. 'અસ્મિતા' કાવ્ય વિભાગમાં શોષિતોની વ્યથાઓને વાચા મળતી થઈ. ભાઈ દલપત ચૌહાણની લઘુનવલ 'મલક' છપાઈ. નર્મદા બંધના વિસ્થાપિતો, મોટાભાગના આદિવાસીઓની સમસ્યાને પ્રા. વિદ્યુત જોશીએ 'આ પણ ગુજરાત છે,

'શૈશવ'ની એક સભામાં ડાબેથી ફાલ્ગુન શેઠ, મનસુખ સલ્લા અને ઇન્દુકુમાર જાની

દોસ્તો!' લેખમાળા દ્વારા ઉજાગર કરી. 'નયા માર્ગ'માં ગ્રાસ-રૂટના કાર્યકરો, સંવેદનશીલ લેખકો - કવિઓ તેમ જ બુદ્ધિજીવીઓનો સમન્વય સધાતો ગયો જે અન્ય સામયિકો કરતાં ભિન્ન બીના હતી.

પ્રશ્ન: કોઈ પણ સામયિકમાં કેટલાક લેખકો કાયમી બની જતા હોય છે એવું 'નયા માર્ગ'માં પણ બન્યું. આ સંદર્ભે તમારો ખુલાસો કે બચાવ શો છે? કેટલા વિશેષાંકો કરેલા? એના પ્રતિભાવો કેવા રહેલા?

ઉ.: કેટલાક લેખકો કાયમી બની જતા હોવાની હકીકત સાચી છે. 'નયા માર્ગ'માં જ્યોતિષ, ચીલાચાલુ ફિલ્મો, ક્રિકેટ, કુરિવાજ - અંધશ્રદ્ધા ફેલાવે તેવું સાહિત્ય ન છાપવું એટલું નક્કી હતું. તે પછી પણ અનેક વિષયો એવા ખરા કે જે ન્યાયી સમાજરચનાની દિશામાં આપણને દોરી જાય. એ પ્રકારની કૃતિઓ રચવી દરેક લેખક માટે શક્ય નથી, જરૂરી પણ નથી. એટલે અમુક લેખકો કાયમી બની જાય એવું બને!

રહી વાત વિશેષાંકોની. બે પ્રકારના વિશેષાંકો પ્રગટ થયા. શરૂઆતનાં વર્ષોમાં ભંડોળ એકત્ર કરવાના હેતુસર ત્રણેક વિશેષાંકો થયા. ખેતભવનની ઇમારતનું વિસ્તરણ કરવા માટે જાહેરાતો મેળવવામાં આવી. તેમાં પા પેઈજની રૂ. 300ની જાહેરખબરોનું પ્રમાણ વિપુલ હતું. ખાસ્સો 424 પેઈજનો અંક, તે દ્વારા આશરે છ

લાખ રૂપિયા ભેગા થઈ શક્યા. 200-300 પૃષ્ઠોના ત્રણેક અંકો થઈ શક્યા. વિશેષાંકોનો બીજો પ્રકાર તે મહાપુરુષોની જન્મજયંતી નિમિત્તે થયેલાં વિશેષાંકો. હું સાથીઓને અવારનવાર કહેતો હોઉં છું કે કોઈ એક અંક માટે મારી આંખ મીંચાય પછી મને યાદ કરાય તો ગમે, એ 1991માં ડો. બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી નિમિત્તે થયેલો વિશેષાંક... મારી એવી પ્રામાણિક માન્યતા રહી છે કે ડો. આંબેડકર માત્ર દલિતોના નેતા નહોતા, તેઓ એક મહાન રાષ્ટ્રીય નેતા હતા. એ અંક માટે કેટલાક જાણીતા લેખકોએ 'અમે ખાસ વાંચ્યું નથી...' 'હમણાં વાંચવાનો સમય નથી' એવા જવાબો આપેલા. તેમ છતાં અડધા ઉપરાંત લેખો જન્મે દલિત ન હોય એવા લેખકોના મળી શક્યા અને છપાયા. આ ઉપરાંત પંડિત નેહરુ જન્મશતાબ્દી, આચાર્ય નરેન્દ્ર દેવ જન્મ શતાબ્દી, ગાંધીઃ સવાસોમી જયંતી, સાને ગુરુજી શતાબ્દી, દલિતવાર્તા વિશેષાંક, 'હિંદ છોડો' સુવર્ણજયંતી વગેરે નિમિત્તે જે અંકો પ્રગટ થયા તેમાં લેખકોએ ખૂબ અભ્યાસપૂર્ણ સામગ્રી પીરસી. ડિસેમ્બર, 2019 સુધીમાં કુલ 28000 ઉપરાંત પાનાં પ્રગટ થયાં.

માત્ર એક ઉદાહરણ લેખે વાત કરું: મે-જૂન 1984માં ગુજરાત રાજ્યની રજત જયંતી નિમિત્તે 208 પૃષ્ઠોનો વિશેષાંક પ્રગટ થયો હતો. એ અંકમાં 'ગરીબી નાબૂદીના કાર્યક્રમો' વિષયને કેન્દ્રમાં રાખીને જાણીતા અર્થશાસ્ત્રી ડો. ઇન્દિરા હીરવેએ અભ્યાસપૂર્ણ લેખ લખ્યો હતો. ગરીબી નાબૂદીના કાર્યક્રમોમાં ગરીબોની સામેલગીરી વધારવાનું ખાસ સૂચન કરવાની સાથે ચાર પગલાં ભરવાનું તેઓએ ભારપૂર્વક જણાવેલું.

(1) ગરીબો માટે ઉપભોગની લોન, અનાજ-બેંક, સસ્તાં અનાજની દુકાનો વગેરેનો પ્રબંધ કરી શકાય. એના દ્વારા તેમની મહત્ત્વની આવશ્યકતાઓ સંતાષાશે અને તેમનું અગ્રવર્ગો પરનું અવલંબન ઓછું થશે.

(2) આ કાર્યક્રમોના આયોજનને સુધારવાની જરૂર છે. આમાં બધું તદર્થ (ad hoc) ધોરણે થતું હોય એવું લાગે છે.

(3) ગરીબોના બે પ્રકારને જુદા પાડવા જોઈએ. બંને માટે જુદી નીતિ અખત્યાર કરવી જોઈએ... વધુ ગરીબોને વેતનવાળી રોજગારી આપવા પર વધુ ધ્યાન આપવું જોઈએ.

(4) ગરીબોની યોજના વધુ કાળજીથી ઘડવી જોઈએ. તેનો ખર્ચ ગણવામાં વાસ્તવિકતા રાખવી જોઈએ અને તેમાં છૂપા ખર્ચાઓનો સમાવેશ કરવો જોઈએ. તેમાં સ્થિતિસ્થાપકતા દાખલ કરવી જોઈએ જેથી ગરીબો તેને સરળતાથી ચલાવી શકે.

'નયા માર્ગ'ના વિશેષાંકોના પ્રતિભાવો છાપવા બેસીએ તો એક પુસ્તક થઈ જાય!

પ્રશ્ન : વંચિતલક્ષી વિકાસપ્રવૃત્તિ તેમ જ વૈજ્ઞાનિક અભિગમ અને શોષણવિહીન સમાજરચના 'નયા માર્ગ'ની પ્રતિબદ્ધતા હતી. આ દિશામાં તમને સંતોષ થાય અને ગુજરાતમાં નોંધ લેવાય એવું તમે શું અને કેટલું કરી શક્યા?

ઉ.: શરૂઆતના અંકોમાં મુદ્રાલેખ નહોતો છપાતો. જેમ જેમ પિંડ બંધાતો ગયો તેમ તેમ વૈચારિક સ્પષ્ટીકરણ થતું ગયું અને પહેલા પાને છપાયો મુદ્રાલેખઃ 'વંચિતલક્ષી વિકાસપ્રવૃત્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને શોષણવિહીન સમાજરચના માટે પ્રતિબદ્ધ પાક્ષિક.' સ્વૈચ્છિક સંગઠનો દ્વારા હાથ ધરાતાં ગરીબીનિવારણના કાર્યક્રમો, અંધશ્રદ્ધા-કુરિવાજોનો વિરોધ તેમ જ સમાનતા આધારિત ન્યાયી સમાજનું નિર્માણ સારુ માત્ર લેખો જ લખીને નહીં, જ્યાં જ્યાં અહિંસક પ્રતિકાર થતો હોય ત્યાં પ્રત્યક્ષ ભાગ લઈને નક્કર કોશિશ કરી છે. જ્યારે જરૂર પડી ત્યારે સાથીઓ સાથે ભેગા મળીને સભા, સરઘસ, ધરણાં, દેખાવોથી લઈને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી પણ કરી છે. એક દાખલો લઈએ. ખાનદેશ, ડાંગ જેવા પછાત ગણાતા આદિવાસી વિસ્તારમાંથી દક્ષિણ ગુજરાતમાં શેરડી કામદાર તરીકે સેંકડો આદિવાસી આવતા. માઈગ્રન્ટ વર્કમેન્સ એક્ટનું પાલન નહોતું થતું. આ શ્રમજીવીઓ ખુલ્લામાં પડ્યા રહેતા. ખાંડ ફેક્ટરી દ્વારા વાંસ, પાલા અને ચટ્ટાઈ અપાતાં. એમની પહેચાન જ અમાનવીય હતી. શેરડી વાઢવાનું ઓજાર કોયતો છે, શ્રમજીવી પતિ-પત્ની અને સાથેનું સંતાન મળીને એક 'કોયતો!' 'નયા માર્ગ'માં 'મીઠી ખાંડની કડવી વાતો' લેખમાળા લખી હતી. ગુજરાત હાઈકોર્ટમાં લોકઅધિકાર સંઘ વતી ગિરીશભાઈ પટેલે 1986માં ખાસ દિવાની અરજી કરી. હાઈકોર્ટે તા. 15-3-1987 સુધીમાં કાર્યકરોની હાજરીમાં લઘુત્તમ વેતન ચૂકવવાનો હુકમ કર્યો. નવ ખાંડ સહકારી મંડળી દ્વારા 50,802 'કોયતા'ને વેતન તફાવત પેટે અગાઉના વર્ષની તુલનામાં 7.83 કરોડ રૂપિયા ચૂકવાયા!

જ્યારે નબળા વર્ગો પર અત્યાચાર ગુજારાયાના સમાચાર આવે, માસૂમ બાળકો બાળમજૂરીનો ભોગ બનતાં હોય કે મહિલાઓ નિર્ઘૃણ બળાત્કારનો ભોગ બની હોય ત્યારે શક્ય હોય ત્યાં સુધી રૂબરૂ મુલાકાત લઈને તથ્યો આધારિત હેવાલ લખ્યો છે. અત્યંત વિકસિત ગણાતા ગુજરાતમાં આજે પણ માથે મેલું ઉપાડવાની કલંકરૂપ પ્રથા ચાલુ છે. ભાઈ માર્ટિન મેકવાને તો પુસ્તકો, કેસ-સ્ટડી સહિત લખ્યાં

છે. માર્ટિનભાઈ સાથે રાણપુર જવાનું થયેલું. એ દિવસોમાં મારી માતાની ઉંમરની બહેનોની ફરિયાદઃ ''બીજું બધું તો ઠીક, માથે ટોપલામાં મેલું ભર્યું હોય... ચોમાસામાં વરસાદ વરસતો હોય અને ત્યારે મોંઢા પર રેગાડા ઊતરે ઈ નથી વેઠાતું!'' કાયદાથી તો માથે મેલું ઉપાડવાનું પણ પ્રતિબંધિત છે પણ 'પોથીમાંનાં રીંગણાં!'

ગુજરાતમાં સ્વૈચ્છિક સંગઠનોની અસરકારકતા હજી હમણાં સુધી જોવા મળતી હતી. હવે તો સામાજિક ન્યાય અંગે કંઈ નક્કર કામ કરવા જાવ તો 'દેશદ્રોહ'ની કલમ લાગી જાય એવી સ્થિતિ છે. 'રાઈટ ટુ ઇન્ફર્મેશન' માત્ર કાગળ પર રહી જવા પામ્યો છે... વીતેલા દાયકામાં ગુજરાતમાં નોંધ લેવાય એવું એક આંદોલન વીસરી શકાય નહીં. ભાઈ મધુસૂદન મિસ્ત્રી પક્ષીય રાજકારણમાં પડ્યા તે અગાઉ આદિવાસી વિસ્તારમાં એમણે પરિવર્તનની ધૂણી ધખાવેલી. શરૂઆત થઈ 1986થી. ગુજરાતની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓને સંગઠિત કરવા તેઓએ 'દિશા' સંસ્થા સ્થાપી. પછી વનમજૂર મંડળ અને એકલવ્ય સંગઠન પણ શરૂ કર્યાં. સભા, શિબિર, સંમેલનો, રેલીનો દોર સતત ચાલ્યો. એમના એક સાથી તરીકે ચળવળમાં મને પણ હિસ્સેદાર થવાની તક મળી. 13મી લોકસભામાં શ્રી મિસ્ત્રી સાંસદ તરીકે ચૂંટાયા. દેશભરના આદિવાસીઓ એક મંચ પર આવ્યા, વનઅધિકાર કાનૂન અન્વયે વનવાસીઓના નામે જંગલની જે જમીનો તેઓ ખેડતા હોય તેનો માલિકીહક્ક પતિ-પત્નીને સંયુક્ત મળ્યો. આ અંગે - બે દાયકાનો સફળ સંઘર્ષઃ 'જંગલ-જમીન નામે કરો...' પુસ્તક મેં લખ્યું. જોકે વનઅધિકાર કાનૂનનું અમલીકરણ કરવામાં રાજ્ય સરકારની ઉદાસીનતા જોવા મળે છે.

આદિવાસીઓને જંગલની જમીનનો એકાદ ટુકડો આપી દેવાથી એમનું દળદર ફીટવાનું નથી. એમના વિકાસ માટેનાં સાધનો પૂરાં પાડવાં પડશે. સૈકાઓથી આ સમુદાયનું શોષણ થતું આવ્યું છે. એમની પાસેથી કુદરતી સંસાધનો ઝૂંટવાઈ રહ્યાં છે. આદિવાસીઓ સ્વમાનભેર જીવી શકે, તેમને રોજી માટે સ્થળાંતર કરવું ન પડે, પૂર્વપટ્ટીમાં વસતા આ સમાજને શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા અને વીજળીની સુવિધાઓ સાંપડે તે માટે ટોચની અગ્રતા આપવાની જરૂર છે.

પ્રશ્નઃ ગુજરાતમાં સાહિત્યના સામયિકોની ભરમાર છે. સામાજિક સુધારા, પ્રગતિશીલતા અને વિચારપ્રસારને લગતાં સામયિકો આંગળીનાં વેઢે ગણાય તેટલાં છે. એ બધાં શું કરે છે અને તેની સરખામણીએ 'નયા માર્ગ'એ શું કરવા પ્રયત્ન કર્યો, કેવીક સફળતા હાંસલ કરી, એની વાત નોંધવી પડે તેવી છે એટલે એની વિગતે વાત કરો.

ઉ.: મહારાષ્ટ્રનાં વિદુષી દુર્ગા ભાગવતે જેને મુખ્યધારાનું સાહિત્ય કહેવાય છે તે સાડાત્રણ ટકા વસ્તીનું હોવાનું જણાવેલું. અન્ય લોકો શું કરે છે તે મારા રસનો વિષય નથી. 'નયા માર્ગ'એ અલગ શું કરવું જોઈએ તે આચરી બતાવ્યું છે.

ગુજરાતમાં મુદ્દા આધારિત (issue-based) સંગઠનો સક્રિય છે. મહિલાઓના કલ્યાણ માટે આદરણીય ઇલાબહેન ભટ્ટ દ્વારા સ્થાપિત 'સેવા' (સેલ્ફ એમ્પલોયડ વીમેન એસોસીએશન) તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા છે, જેની પ્રવૃત્તિ વિશે ભાગ્યે જ, કોઈ અજાણ હશે. ઇલાબહેન પાઠક સ્થાપિત 'અવાજ' (અમદાવાદ વીમેન એક્શન ગ્રુપ) દ્વારા મહિલાઓના અધિકારોનાં જતન-સંવર્ધનનું સારું કામ થયું છે. પ્રા. મહેરુન્નિસા દેસાઈએ સ્થાપિત 'અમવા' (અમદાવાદ મુસ્લિમ વીમેન એસોસીએશન) દ્વારા મુસ્લિમ સમાજના મહિલાઓનું કલ્યાણ સાધવાની દિશામાં કામ કર્યું છે. પંચમહાલ, માળીયા-મીંયાણા વિસ્તારમાં 'આનંદી' સંસ્થાએ 'રાઈટ ટુ ફૂડ' મુદ્દે ઉદાહરણરૂપ કામગીરી કરી છે. ધરમપુરના આદિવાસી વિસ્તારમાં સર્વોદય પરિવાર ટ્રસ્ટ, વેડછી પ્રદેશ સેવા સમિતિ (બિલપુડી), નંદીગ્રામ... માત્ર નામો લખીએ તો પણ પાનાંઓ ભરાય! 'નયા માર્ગ' ઉપરાંત 13 વર્ષ સુધી 'જનસત્તા-લોકસત્તા'માં 'રચના અને સંઘર્ષ' કોલમ તેમ જ પાંચ વર્ષ 'સમકાલીન'માં 'જિંદગી એક સફર' શીર્ષકથી કોલમ લખી. ગુજરાતથી હજાર-બારસો સંસ્થાઓની પ્રવૃત્તિઓ વિશે લખ્યું હશે.

'જય જય ગરવી ગુજરાત' ગીતમાં નર્મદે ગુજરાતનું સુંદર આલેખન કર્યું છે. પરંતુ મને જુદું જ ગુજરાત જોવા મળ્યું છે:

• સિંહ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાત અને આફ્રિકા સિવાય ક્યાંય સિંહ જોવા મળતા નથી. તાલાળા તાલુકાના જાંબુર ગામે અને આસપાસમાં સીદી લોકો વસે છે. અદ્દલ આફ્રિકન જ લાગે. પર્યટકોને એમનું ઝૂલુ નૃત્ય આકર્ષે. મેં જ્યારે એમના વિશે લખ્યું ત્યારે કાચાં ઝૂંપડાંઓમાં એમનો વસવાટ હતો. ગરીબી પારાવાર. એમને આદિવાસીઓમાં પણ આદિમ જૂથમાં (પ્રીમિટિવ ગ્રુપ) ગણ્યા છે.

• કચ્છમાં જત લોકો વસે. તેઓ ઇસ્લામધર્મી પરંતુ ખુદ ભૂખ્યા રહીનેય ગાયો પાળે. ખરેખર તો ઉત્તમ ઓલાદના બળદ તેઓ ખેતી માટે ઉછેરે. દુકાળમાં ગુજરાત રાહત સમિતિના ઉપક્રમે કેટલા કેમ્પ ચલાવેલા ત્યારે નિકટનો પરિચય થયો. જોકે હવે કચ્છના એ બન્ની વિસ્તારમાં ઘાસ થતું નથી અને ટ્રેક્ટર્સ આવી જતાં ખેડૂતો બળદ રાખતા નથી. જત લોકોનો

'નયામાર્ગ'ના વિશેષાંકો

વંશપરંપરાગત ધંધો પડી ભાંગ્યો છે.

• અમદાવાદ જિલ્લાનું નળ સરોવર. દુકાળ વેળા પાણી સુકાઈ જાય. તળાવની અંદર એક જાતનો કંદ - બીડ - મળે તે આજુબાજુના લોકો વીણે. પાણીથી ખૂબ સાફ કરીને એ કંદ ખાઈને પેટની ભૂખ ભાંગે. શ્રી અરવિન્દ આચાર્યે એમના વિશે માહિતીસભર લેખો લખ્યા છે.

• નળ સરોવરના રાણાગઢ, ધરજી વગેરે ગામોમાં પઢારની વસ્તી. વર્ષોથી ખોદકામની મજૂરી કરે. પઢારને પણ આદિવાસીમાં અતિ પછાત આદિમ જૂથમાં ગણ્યા છે. પઢાર ગામે ગુજરાત ખેત વિકાસ પરિષદ દ્વારા આ લખાય છે ત્યારે નિશાળનું મકાન બંધાઈ રહ્યું છે.

• ખંભાત બંદરનો એક જમાનો હતો! અહીં અકીક કામદારો વચ્ચે વડોદરાના ભાઈ જગદીશ પટેલ સારું કાર્ય કરે છે. જગદીશભાઈ સાથે શકરપુર જવાનું થયેલું. આ બાજુનાં ગામોમાં વિધવાબહેનોની અને અનાથ બાળકોની સંખ્યા વધારે. એનું કારણ એટલું કે રંગીન પથ્થરો ઘસીને આભૂષણો બનાવવામાં આવે. પથ્થર ઘસતી વખતે તેની રજ શ્વાસમાં જાય અને સિલિકોસિસ નામનો રોગ થાય. આ રોગ અસાધ્ય છે. જગદીશભાઈ કોશિશ કરે છે કે નાક પર માસ્ક લગાડાય તો રજકણ શ્વાસમાં ન જાય. પણ કારીગરોને ફાવતું નથી. પરિણામે શરૂઆતમાં કુટુંબનો પુરુષ અકીક ઘસવાનું કામ કરે. થોડાં વર્ષ પછી તેનું અવસાન થાય એટલે કારીગરની પત્ની એ કામે લાગે. પછી

એ પણ મૃત્યુ પામે... આ લખું છું ત્યારે વિચાર આવે છે કે 'કોરોના'ને કારણે માસ્ક ફરજિયાત થવાથી કદાચ આ વ્યવસાયના કારીગરો બચી જશે.

• જંબુસર વિસ્તારમાં ભાઈ રાજેશ શાહ સાથે જવાનું થતું. અહીં મહિલાઓ 'પનિહારી પ્રથા' અને પુરુષો 'ચાકરપ્રથા' તળે વેઠિયા જેવું જીવન ગાળતા. નાની રકમ ઉછીની લીધી હોય તેના બદલામાં શાહુકારના ખેતરમાં વર્ષો સુધી કામ કરવું પડતું. વેઠપ્રથાનો ભોગ બનેલા આ મજબૂર લોકોની સહકારી મંડળી રાજેશભાઈએ 'વિકાસ' સંસ્થા દ્વારા સ્થાપી. સરકારી પડતર જમીન મેળવી, દરિયાકાંઠે ખારાશવાળી જમીનમાં મોટા પાયે 'મેન્ગ્રુવ્સનું પ્લાન્ટેશન' કર્યું. ગરીબોને રોજગારી મળી અને ધીરે ધીરે વેઠપ્રથામાંથી મુક્ત થયા.

• સૌથી પહેલો લખવો જોઈએ એવો મુદ્દોઃ ગુજરાતમાં શહેરીકરણ ઘણું થયું છે. પરિણામે શહેરોમાં ગટર વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગટરો સાફ કરવા માટે દલિતોમાં પણ છેવાડે રહેલા વાલ્મીકિ સમાજના ભાઈઓ ગટરમાં ઊતરે છે. ગટરમાં અત્યંત ઝેરી ગેસ હોય છે તેનાથી ગૂંગળાઈને એક પછી એક કામદારો મરણ પામે છે. આ કામ કાયદાથી પ્રતિબંધિત છે પરંતુ ગરીબી - ભૂખમરાથી પીડિત કામદાર જોખમ ઉઠાવે છે અને અંતે મૃત્યુ પામે છે.

અહીં અટકું. દુષ્યંત કુમારનો શે'રઃ

કૌન કહેતા હૈ કિ આસમા મેં સુરાખ
નહીં હો સકતા,
એક પત્થર તો તબિયત સે ઉછાલો યારો!

ક્યારેક 'નયા માર્ગ' દ્વારા પીડિતની પીડાને વાચા આપી છે, ક્યારેક બેસહારાઓની આંખનાં આંસુ રૂબરૂ જઈને લૂછ્યાં છે, અલંગ શીપબ્રેકિંગના મહેનતકશોને ન્યાય મળે તે માટે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે અને ક્યારેક ઘોર નિરાશા પણ સાંપડી છે... છતાં આશા સદંતર ગુમાવી નથી.

પ્રશ્નઃ એક અગ્રગણ્ય વ્યક્તિ અને 'નયા માર્ગ'ના તંત્રી તરીકે ગુજરાતના જાહેરજીવન અને સમાજજીવનના પ્રશ્નો વિશે તમને કેવોક - કેટલોક અસંતોષ છે, એ દૃષ્ટિએ કોઈ નવા સામયિકની ભૂમિકા ઊભી થાય છે કે કેમ તેના વિશે કહેશો?

ઉ.: ગુજરાતનું જાહેરજીવન અને સમાજજીવન વિશે ટૂંકમાં કહું તો માનવમાં સંવેદનાનું ટાંચું પડ્યું છે. મને શરૂઆતમાં કેટલાક મિત્રો ટપારતા કે તમે ઇમોશનલ થઈને લખો છો. હું જવાબ આપતો કે ઇમોશન્સ છે તે જ ઇન્દુકુમાર છે, હું પ્રાણાન્તે જાડી ચામડીનો ન થઈ શકું... બાકી, હું 'નયા માર્ગ' બંધ કરું છું પછી નવા સામયિકની જરૂર વિશે કેમ કહી શકું? 'પારકાં છોકરાંને જતિ' થોડાં કરાય?

પ્રશ્નઃ છેલ્લાં વર્ષોમાં વાચકોનું બે

ઇન્દુકુમાર જાની, પત્ની રંજનબહેન અને દીકરો અનુજ

બાબતે ખાસ ધ્યાન ખેંચાયું: 'માધુકરી' વિભાગ દ્વારા તમે અન્યત્ર છપાયેલું રજૂ કર્યું અને નિયમિતપણે 'નવું વાચન' રજૂ કરતા રહ્યા. આવી પસંદગી વખતે તમારાં ધોરણો કે વિચારણા કયા પ્રકારની રહી?

ઉ.: 'નયા માર્ગ'ના મુદ્રાલેખને અનુરૂપ સામગ્રી વાંચવામાં આવી હોય તો તે છાપવી ગમતી. અલબત્ત, વિશાળ ફેલાવો ધરાવતાં અખબારોમાંથી નહીં, પણ લઘુ સામયિકો, કોઈ સંસ્થાના મુખપત્રો, અંગત ખર્ચે થયેલ પ્રકાશનને પ્રાધાન્ય અપાતું. અંગત રીતે હું પુસ્તકપ્રેમી છું અને 'ફીડ-બેક' મળ્યા કે ભલે 'નયા માર્ગ'માં સમીક્ષારૂપે નહીં પરંતુ નાની નોંધ છપાઈ હોય તો તે વાંચીને પણ ક્યાંક ક્યાંક પુસ્તકો ખરીદાયાં છે. વડોદરાની યુવાટીમ 'ઓએસિસ'નાં તમામ પ્રકાશનો વાંચવાં-વસાવવાં જેવાં હોવાનું હું માનું છું.

પ્રશ્ન: 'નયા માર્ગ' ઊંઝા જોડણીમાં છાપવાનું તમે શરૂ કર્યું. દલિતોને અને દલિત કવિતાને તમે નિયમિત સ્થાન આપ્યું. સવર્ણ સમાજ તરફથી કોઈ વિક્કારપત્રો મળેલા કે? જાણ્યું છે કે કેટલાક સાહિત્યકારોએ ઊંઝા જોડણીને કારણે 'નયા માર્ગ' વાંચવાનું ના કબૂલ્યું. આ બન્ને બાબતે હકીકત લક્ષી ઉદાહરણો હવે પ્રગટ થાય તે જરૂરી નથી લાગતું?

ઉ.: ઊંઝા જોડણીનો વિષય લાંબો

છે અને તે અંગે અનેક પુસ્તક-પુસ્તિકા પ્રગટ થયાં છે. 'નયા માર્ગ'નો પ્રારંભ ઝીણાભાઈ દરજીને કારણે થયો. તેઓ કહેતા કે સાથ જોડણીકોશ મુજબની જોડણી કરવી તે એક ગાંધીકાર્ય હતું. ગાંધીજીએ 'સ્વેચ્છાએ જોડણી કરવી નહીં' એવું કહેલું એનો અર્થ એવો નહીં કે જોડણીસુધારાને અવકાશ નથી. ખુદ ઝીણાભાઈ તેમ જ જયંત કોઠારી, દયાશંકર જોશી, યોગેન્દ્ર વ્યાસ, કનુભાઈ જાની વગેરે વગેરે ભાષાશાસ્ત્રીઓએ એક જ ઇ અને ઉની હિમાયત કરેલી. આજે ભલે વિપુલ કલ્યાણીના વિચારો ભિન્ન હોય, બાકી ઊંઝાની એક બેઠકનું પ્રમુખસ્થાન તેઓએ હોંશે હોંશે શોભાવેલું. દસમા ધોરણની ગુજરાતીની પરીક્ષામાં કેટલી મોટી સંખ્યામાં પરીક્ષાર્થીઓ ફેઈલ થાય છે તેની કોઈને ચિંતા થતી નથી અને ગુજરાતી ભાષાને બચાવવા નીકળી પડ્યા છે. દલિત સાહિત્ય વિશે કોઈ ધિક્કારપત્રો મળ્યા નથી, બલ્કે તેનાં ઓવારણાં લેવાયાં છે. ઊંઝા જોડણી અમલમાં આવી ત્યારે શરૂઆતમાં એકલદોકલ કિસ્સામાં 'નયા માર્ગ' બંધ કરવાનું જણાવનારાઓ પછીથી એમાં લખતા થઈ ગયેલા એ એક હકીકત છે. એ એક કામચલાઉ તબક્કો હતો એટલે હવે નામો લખવાની જરૂર નથી.

પ્રશ્ન: દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની શ્રી રામદેવ આશ્રમશાળા, પાટિયાનાં આચાર્યા જશોદાબેને છેલ્લા અંકમાં ઘટસ્ફોટ કર્યો છે તે મુજબ તમે સમાજે આપેલાં 'મેડલો' વેચીને તેમના લૂંટાયેલા મંગલ સૂત્રના નાણાં આપ્યાં. આ મેડલો અને એ વેચતાં અનુભવેલી ગડમથલ કેવી રહી?

ઉ.: પાટિયા આશ્રમશાળાની મુલાકાત લેવા જેવી છે. પરિષદની 19 જેટલી સંસ્થાઓમાં કાર્યરત ભાઈ-બહેનો મારે મન પરિવારના સદસ્ય સમાન છે. જશોદાબેન તો પુત્રીતુલ્ય છે. અમારા વતી અનેક જોખમો વચ્ચે રાતદિવસ પાટિયા રહે છે, ધોરણ 1થી 8ના છાત્રોને પ્રેમથી રાખે છે. મારા જીવનસાથી (રંજનબહેન) બેન્ક અધિકારી તરીકે કામ કરતાં, એની તુલનામાં મેં તો 'આંટાફેરા ને આશીર્વાદવાળી' જિંદગી વિતાવી છે! અલબત્ત, સુવર્ણચંદ્રક મળ્યા ત્યારે અનહદ આનંદ થયેલો પણ જશોદાબહેન માટે મંગલસૂત્ર બને તેનાથી અદકેરો આનંદ અનુભવું. આ મુદ્દો ન લખ્યો હોત તો ચાલત.

પત્રકાર થવાનું મારું કોઈ ધ્યેય નહોતું. સનતભાઈના આદેશથી પત્રકાર થઈ ગયો. આશરે ચાર દાયકા વિતાવ્યા. વિચાર અને પરિવર્તન સતત ચાલતી પ્રક્રિયા છે. વિચારપત્ર શરૂ થયું ત્યારે ગંતવ્યસ્થાન નિર્ધાર્યું નહોતું. મારે મન એ માટે કરેલી યાત્રા મહત્ત્વની છે, કારણ કે, સાચો અને નિર્ભેળ આનંદ તો પ્રવાસમાં જ મળે છે... ❑❑❑



ડાબા પગનો મોક્ષ

☐ અમૃત બારોટ

એ પગ હતો. ડાબો હતો. એને વિચારો કરવા ગમતા. એક સ્થળે બેસી અથવા પડ્યાં પડ્યાં કલાકો સુધી વિચારવાનું એને કહેવામાં આવે તો પણ એ થાકે નહીં. પણ એને એટલો સમય મળતો નહીં કેમ કે જમણાને કશું કહી શકતો નહીં. વિચારક હતો એટલે કહીશ તો જમણાને ખોટું લાગશે એમ વિચારી કહેવાનું માંડી વાળતો, અથવા કેવી રીતે કહેવું જેથી જમણાને ખોટું ના લાગે એવા વિચારો કર્યા કરતો.

ડાબાને ઘણીવાર થતું કે આ બધી દોડધામમાં મળે શું? અંતે શું - એ પ્રશ્ન વારંવાર એને સતાવતો પણ એ વિશે એ જમણાને કશું કહેતો નહીં. એને ડર હતો કે જમણો કાં તો એની મશ્કરી કરશે અથવા કાંઈ સમજ્યા વિના બાઘાની જેમ એની

સામે તાકી રહેશે. આમેય જમણા સાથે એ વિશે વાત કરવાનો કોઈ અર્થ નહોતો. જમણો પોતાનામાં જ મશગૂલ રહેતો. આખો દિવસ ઊઠ્યા એવા દોડવા જવું, પછી તરવા જવું ને આવીને થોડીવાર આડે પડખે થયા ન થયા ત્યાં તો ફૂટબોલ રમવા નીકળી જવું તે છેક રાત પડ્યે પાછા ફરવું ને પછી તો થાકીને એટલા લોથપોથ થઈ જવાતું કે પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘી જવાય. વળી ઊંઘમાય જમણો ઘણીવાર પડખું ફરીને એનો બધો ભાર આપણી પર નાખી દે. ડાબો હેરાન હતો.

ડાબાને થાય પોતે સવારે દોડવાને બદલે બાગમાં જાય, ફૂલોના ખબરઅંતર પૂછે, વહેતી હવા સાથે ગેલ કરે ને પછી ગાતાં ગાતાં કે સીટી વગાડતાં પાછો ફરે. હા, એને તરવાનું ગમતું. પાણીમાં પછી છબછબિયાં કરવાની એને મઝા આવતી. પણ એમાંય જમણો એની મઝા બગાડી મૂકતો. એ શાંતિથી તરવાને બદલે ધમપછાડા મારી આખો પુલ ડહોળી નાખે. ઘેર આવ્યા પછી થોડો આરામ મળતો પણ માંડ તમે આરામ કરીને બેઠા થાવ એટલામાં તો ફૂટબોલનું ભૂત સવાર! ડાબાને ઘણીવાર ફૂટબોલને સંતાડી દેવાનો કે એમાં કાણું પાડી દેવાનો વિચાર આવ્યા કરે. રમતાં રમતાં એ આવા વિચારો કર્યા કરે.

ડાબાને એટલો કંટાળો આવતો કે એનું ચાલે તો એ કદી જમણા સાથે ના જાય પણ એનું ક્યાં ચાલતું હતું? જમણો બધે એને ઘસડી જતો. જમણાને એને માટે જરાય લાગણી નહોતી. ડાબો વિચારતાં વધારે શીખ્યો એનું કારણ પણ કદાચ એ જ હતું કેમ કે એને હંમેશાં થયા કરતું કે પોતાને સમજે એવું કોઈ જ નથી. છેલ્લા કેટલાક સમયથી એ વધુ તંગ આવી ગયો હતો. એને થતું, પોતે ખોટો જમણાથી દબાય છે. શા માટે એકી ઝાટકે એની સાથેનો સંબંધ કાપી ના નાખવો? પણ એ એવું કશું કરી શક્યો નહોતો અને એટલે એને પોતાની જાત પર ગુસ્સો આવતો. જમણાની પ્રત્યેક વાત પર એને હવે ચીડ ચડવા માંડી હતી. હમણાંનો ડાબો ગુલામી ને મુક્તિ - એવી બધી વાતોના ચકરાવે ચડ્યો હતો.

એને લાગતું પોતે જમણાનો ગુલામ છે ને એનાથી છૂટવાનો કોઈ માર્ગ નથી. એને સમજાતું નહોતું કે એવી કઈ વાત કે વસ્તુ છે જે એને જમણાથી અલગ થતાં અટકાવે છે? ક્યારેક એને થતું કે ઉપર કશુંક છે જે આ બધું કરે છે પણ એ શું છે એની ખબર પડતી નહોતી. એક બીજી વાત પણ હતી. અહીં લગભગ બધા બે બેની જોડીમાં જ ફરતા. આ નવાઈ પમાડે એવું હતું! શું એકલા રહેવાની સ્થિતિ

એટલી અસહ્ય છે? એનું મન એ વાતની ના પાડતું. જમણાના ત્રાસ કરતાં તો કોઈ પણ સ્થિતિ આવકાર્ય હતી.

હવે તો એની ઊંઘ પણ ઓછી થઈ ગઈ હતી. એ જ એક સમય હતો જ્યારે જમણાની ખાસ કશી કનડગત વગર વિચારી શકાય એમ હતું. જમણો નિરાંતે ઘોરતો હોય ત્યારે ડાબાના મનમાં રહીરહીને ઊઠતા પ્રશ્નો પર એ મનન કર્યા કરતો. પણ ઊંઘ ઓછી મળે ને જમણા સાથેનો નિત્યક્રમ બધો જાળવવાનો હોય ત્યારે એની અસર શરીર પર થયા વિના ના રહે. એને હવે વધુ થાક લાગતો ને વિચારવા જાય કે તરત જ ઊંઘ આવી જતી. પછી રાત્રે પોતે જાણે પંખી છે ને ઊડવા મથે છે પણ ઉડાતું નથી, કશુંક જબરદસ્ત એને ખેંચી રહ્યું છે અથવા તો શરીર ભારે થતું જાય છે ને ઊડી શકાતું નથી એવાં સપનાં એને આવવા લાગ્યાં. પછીના અનેક દિવસે સપનાંની હકીકત સાચી પડતી હોય એમ એ બીમારીમાં પટકાઈ પડ્યો.

* * *

એ બીમાર રહ્યો એટલો વખત જમણો ઘેર રહ્યો. દોડવા, તરવા કે ફૂટબોલ રમવા ન ગયો. આખો વખત એની બાજુમાં પડી રહ્યો. ડાબાને નવાઈ લાગી પણ એને સ્પષ્ટ દેખાઈ આવ્યું કે જમણો અનિચ્છાએ ઘેર રહ્યો છે. એનું ચાલતું નથી એટલે ઘેર રહ્યો છે. આ વિચારે ડાબાને ખુશી થઈ. જમણાનું ચાલતું નથી, એ પણ પરવશ છે એ વાત કેટલો આનંદ આપનારી હતી! જમણો સ્વતંત્ર નથી એ વાત જાણે પોતાની સ્વતંત્રતા ના હોય - એવી લાગણી ડાબાને થઈ આવી. જેમ જેમ આ વાત એને વધારે સ્પષ્ટતાથી સમજાતી ગઈ તેમ એનામાં તાકાતનો સંચાર થવા માંડ્યો.

ધીમે ધીમે મક્કમતાથી ડાબાએ બીમારીને હડસેલી મૂકી ને એ બેઠો થઈ ગયો. જાણે એની રાહ જોતો હોય એમ જમણો પગ બેઠો થઈ ગયો ને બન્ને બહાર નીકળી પડ્યા. જમણાની દોડવાની ઇચ્છા હોય એવું લાગ્યું પણ ડાબો બાગની દિશામાં વળ્યો ને જમણાને એ તરફ વળવું જ પડ્યું. ડાબાનો આ વિજય હતો. એને નવાઈ લાગી. આજ સુધી જે જમણો અજેય હતો એને જીતવો કેટલો સહેલો છે! પોતાના સંકલ્પબળ પર એને ગૌરવ ઊપજ્યું.

એ દિવસ પછી સૃષ્ટિ આખી બદલાઈ ગઈ. ડાબો હવે રોજ સવારે ઊઠી બાગમાં ફરવા જાય છે, ફૂલો સાથે ગોઠડી કરે છે, પવનનો સંગ માણે છે. તરવા જાય ત્યાં પણ પાણીમાં શાંતિથી છબછબિયાં કરી ઠંડકનો અનુભવ કરે છે. ઘેર આવી એ આરામ કરે છે, વિચારો કરે છે, ફરી સહેલગાહે ઊપડી જાય છે પણ ફૂટબોલ રમવા નથી જતો.

જમણો આ બધો વખત એની સાથે જ હતો ને તોય એણે કશો ઉધમાત કર્યો નહોતો કે ન તો ફૂટબોલનું નામ પણ લીધું હતું.

ઘણા દિવસો પસાર થઈ ગયા. છેલ્લા કેટલાક વખતથી એક વાત એના ધ્યાનમાં આવી હતી. ડાબો જ્યારે વિચારે ચડ્યો હોય ત્યારે જમણો ઉદાસ બની પડ્યો રહેતો ને ડાબાનું ધ્યાન એની તરફ જતું ત્યારે એની લાચાર હાલત જોઈ ડાબો વિહ્વળ બની જતો. ડાબો સંવેદનશીલ હતો અને એથી જમણાની આ સ્થિતિ માટે પોતે જ જવાબદાર છે એવો એક ભાવ એનામાં પ્રવેશવા માંડ્યો હતો. જેમ જેમ ડાબો આ વિશે વિચારતો ગયો એમ એ ગૂંચવાતો ગયો. પરિસ્થિતિ હવે પહેલાંના કરતાંય વિષમ બની હતી. એ પોતાની સ્વતંત્રતા તો માણી શકતો નહોતો પણ એને માટે જમણાને પણ પરવશ બનાવી બેઠો હતો. જમણાની આ સ્થિતિ માટે એને હવે અપરાધનો ભાવ ડંખ્યા કરતો.

થોડા સમયથી એક વિચાર એને સતાવતો હતો. સ્વતંત્રતા ન હોવાનું કારણ પરવશતા હતી અને પરવશતા બંધનમાંથી આવતી હતી. એને અને જમણાને જોડતી કોઈ કડી હતી - કોઈ બંધન હતું જે કારણભૂત હતું અને એણે એ કાપી નાખવાનું હતું. તો જ કદાચ મુક્તિ મેળવી શકાય પણ આ કેવી રીતે કરવું એ એને સમજાતું નહોતું. બંધન શેનું છે એ જાણ્યા વિના શી રીતે એને હટાવી શકાય - આ એક પ્રશ્ન હતો અને એની પાસે કોઈ ઉત્તર નહોતો. એક વિચાર એને એવો પણ આવેલો કે મુક્તિ અથવા સ્વતંત્રતા એ પણ એક વૃત્તિ નથી તો શું છે? અને જો એમ હોય તો પોતે સ્વતંત્ર થવાની વૃત્તિનો ગુલામ જ છે કે બીજું કંઈ? વિચારો ગૂંચવતા હતા. ગાંઠ પર ગાંઠ પડતી હતી. બધું ઉપરતળે થઈ રહ્યું હતું. કશું ગમતું નહોતું, સમજાતું નહોતું, કશાનો કશો જ અર્થ નહોતો અને છતાં અર્થની અપેક્ષા હતી.

ડાબાને પોતે વિચારોનો ગુલામ હોય એમ લાગતું હતું. વિચારોથી છટકાતું નહોતું અને છૂટવું જરૂરી હતું. બધું અસહ્ય બનતું જતું હતું. કશુંક કરવાની ખૂબ જરૂર હતી. એવું કશુંક જે ભલે પૂર્ણપણે છુટકારો ના આપે પણ થોડોક વખતેય શાંતિ આપી શકે... શાંતિ! એને લાગ્યું સ્વતંત્રતાનો અર્થ છે શાંતિ. જ્યાં કશું જ ના બનતું હોય, કશું જ ના થતું હોય... માત્ર શાંતિ! પણ એ કેવી રીતે સંભવી શકે? હોવું એટલે કશુંક કરવું અને શાંતિ એનાથી વિપરીત છે! પણ શાંતિ શું છે? લાગણી? તો હોવા સિવાય લાગણી થાય શી રીતે? થાય તો એની જાણ શી રીતે થાય? અને જાણ ના થાય તો એનો અર્થ શો? પણ અર્થ શા માટે? દરેક વસ્તુને અર્થ હોવો

જરૂરી છે? ડાબો અટક્યો.

એને સમજાયું, અર્થની અપેક્ષા જ અશાંતિના મૂળમાં છે અને અર્થ, અપેક્ષા, વૃત્તિ, વિચાર, ક્રિયા બધાંયનું મૂળ હોવામાં છે. એટલે હોવું અને શાંતિ બન્ને સંભવી શકે નહીં. અને છતાં આ બધું જીરવાય એવું નથી, શાંતિ જોઈએ તો છે. તો પછી? વિકલ્પ શો? એક વિચાર આવતાં ડાબો ધ્રૂજી ઊઠ્યો. વિચારોને કારણે અશાંતિ થતી હતી અને વિચારોનું કારણ જમણો હતો. 'હોવું' અને શાંતિ - બન્ને જોઈતાં હોય તો જમણાને હટાવ્યા વિના છૂટકો નહોતો. એ એક જ વિકલ્પ હતો - જમણાનું 'હોવું' જો 'ન હોવું' થઈ શકે!

* * *

જમણો શાંતિથી ઘોરતો હતો. અજબ હતું! એકના જગતમાં આટલી ઊથલપાથલ ચાલતી હતી જ્યારે બીજાનું જગત એકદમ શાંત! ડાબાને ઈર્ષ્યા થઈ આવી. એની નસો ઉત્તેજિત થઈ ગઈ. વિચારો એક જ દિશામાં કેન્દ્રિત થઈ ગયા- જમણાનું હોવું શી રીતે ન હોવામાં ફેરવી શકાય? એ વિચારક હતો. રસ્તા અનેક હતા. ઊંઘતા જમણાને પતાવી દેવાય! પતાવી દેવાય - શબ્દપ્રયોગ ગરિમાપૂર્ણ નહોતો પણ એ વાત અત્યારે અસંબંધિત હતી. એક તકલીફ હતી, જમણાને પતાવવા જતાં એની પર આળ આવે, બેઆબરૂ થઈ જવાય ને પછી બદનામીભર્યા જીવનનો અર્થ ના રહે એવો પણ સંભવ હતો. જોકે તરવા ગયા હોઈએ ને કોઈ ના જોતું હોય ત્યારે પાણીના ઊંડાણમાં જ...! પણ એમાં એક ભય હતો, જમણો સામનો કરે ને પોતાને જ પતાવી નાખે તો...! વાત એમ કંઈ સરળ નથી. સ્વબચાવનો વિચાર કરવાનો છે, દુનિયાનો ખ્યાલ રાખવાનો છે. પોતાને નુકસાન ના પહોંચે, બેઆબરૂ ના થવાય અને જમણાને ખ્યાલ પણ ના આવે એવી રીતે કરવાનું છે. જમણાને ખ્યાલ આવી જાય તો બધાં પાસાં ઊલટાં થઈ જાય. એને અણસાર સુધ્ધાં ના આવવો જોઈએ. કોઈ એવી યોજના જેનો કોઈનેય ખ્યાલ ના આવે... કોઈ એવો વ્યૂહ!

યોજનાઓ હતી પણ કોઈ સંપૂર્ણ નહોતી. ક્યાંક કશેક તૂટ હતી. કોઈને કોઈ કડી અધૂરી રહી જતી. પણ સંપૂર્ણ યોજના સંભવી શકે ખરી?! થોડુંક તો જોખમ ઉઠાવવું પડે. એલિમેન્ટ ઓફ ચાન્સ ઇન એવરીથિંગ - જીવન, મૃત્યુ બધાંયમાં. પણ યોજના તો ઘડવી પડશે, ભલે અપૂર્ણ હોય. પણ કઈ યોજના? જે આકસ્મિક આવી પડે તે યોજના. મળી ગઈ! - યોજના મળી ગઈ! બધી મૂંઝવણ એક જ શબ્દમાં સંકેલાઈ ગઈ, આકસ્મિક! હા, આકસ્મિક રીતે જમણાનું મૃત્યુ થાય. કોઈનેય ખ્યાલ ના આવે, આળ ના આવે, બેઆબરૂ થવાનો સવાલ જ પેદા ના થાય. બધું શાંતિથી પતી

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છે:

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.

બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W
જા.ખ. માટે 4 કલરની
(રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામ: કાગળની જાત ઉપર

જાય. પણ પછી એનામાં અપરાધનો ભાવ પ્રગટશે એનું શું? પણ એમ તો વિચાર આવ્યો ત્યારથી એ ભાવ તો પ્રવેશી ચૂક્યો જ છે ને!

તો યોજના છે, અકસ્માતની યોજના! બીજાને અકસ્માત લાગે તે આપણી યોજના! પણ એ કેવી રીતે થઈ શકે? માનો કે એ અને જમણો ફરવા ગયા છે, રોજની જેમ જ. હવે ફેરફાર એટલો કે રોજની જેમ ચાલવાને બદલે આજે રોડ પર દોડવાનું. જમણો ખુશ થશે. હવે સામેથી વાહન આવતું હોય. વાહન આવે જ એવું નથી પણ એ ચાન્સ લેવો પડે. રોડ છે તો વાહન દોડશે તો ખરું જ ને? જેમ વાહન નજીક આવતું જાય એમ દોડવાની સ્પીડ વધારી દેવાની, અલબત્ત, શંકા ના થાય એ રીતે વધારવાની. ને પછી નજીક, એકદમ નજીક વાહન હોય ત્યારે ઓચિંતું અટકીને જમણાને હડસેલી દેવો. ટાઈમિંગ જળવાવો જોઈએ. જરાક ચૂક્યા તો! ના, હવે બીજી યોજનાનો વિચાર નહીં, આ જ ઠીક છે, સરળ છે. સરળ એ સંપૂર્ણની વધુ નજીક હોય છે. તો નક્કી? ના, એમ રાખીએ, જમણો પડખું ફરે તો બીજી યોજનાનો વિચાર કરવાનો નહીં તો આ પાક્કી.

જમણો પડખું ના ફર્યો. ડાબાને હસવું આવ્યું. જમણાના પડખા ફેરવવા જેવી ક્ષુલ્લક બાબત પર કેટલી મોટી

વાતનો આધાર હતો! આધાર કે પછી માત્ર નિમિત્ત? હોઈ શકે, પોતે પણ આ આખી વાતમાં નિમિત્ત હોઈ શકે. અને એમ હોય તો વાત એકદમ સરળ બની જાય, અપરાધનો ભાર ના રહે. કર્તાપણાના ભાર વિના કર્મ કરવાનું રહે. બીજી રીતે વિચારીએ તો આ શાંતિ માટેનો યજ્ઞ છે ને જમણાને ભાગે એનો બલિ બનવાનું આવ્યું છે. જમણાને આ બધા વિચારો આવ્યા હોત તો બલિ બનવું પડ્યું હોત. એટલે ખરેખર સઘળા ભાર ત્યજીને કર્મમાં મન પરોવવાનું છે.

* * *

ૐ શાંતિ શાંતિ...

યોજના પાર પડી. સંપૂર્ણપણે ના કહી શકાય પણ મુખ્ય કાર્ય પતી ગયું. આખી યોજનામાં એક ખામી રહી ગઈ હતી. એકમેકનાં બંધન તૂટ્યાં નહોતાં ત્યાં સુધી તો એકની સાથે બીજાને ગયા વિના છૂટકો નહોતો. ડાબાએ આ વિચાર્યું નહોતું. જમણાને હડસેલવા જ્યારે એ વળ્યો ત્યારે જમણો આપોઆપ એ દિશામાં વળ્યો હતો અને ધક્કો મારવાની જરૂર જ નહોતી રહી. ડાબાને આ સમજાયું ત્યારે એક બીજી વાત પણ એને સમજાઈ હતી કે જો હવે જમણો ટ્રક નીચે જશે તો પોતાને પણ સાથે જવાનું જ છે. પણ આ સમજાયું ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું ને જમણાની સાથે સાથે ડાબો પણ...

ડાબો સહેજમાં બચી ગયો હતો. અલબત્ત સારી એવી ઈજા થઈ હતી. અત્યારે ડાબો મૂર્ચ્છામાં હતો. ટ્રક નીચે ગયા પછી શું થયું, કેટલો સમય વીતી ગયો એ બધાનો એને જરા સરખો પણ ખ્યાલ નહોતો. એ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે જમણો ત્યાં નહોતો. હાશ, યોજના સફળ થઈ – એને આવેલ આ પ્રથમ વિચાર હતો. એને શરમ આવી કે જમણાના જવાથી દુઃખી થવાને બદલે પોતો આનંદઘેલો બની ગયો! પણ વિચાર આવ્યો હતો એ નક્કર હકીકત હતી.

અચાનક વેદનાનો એક જોરદાર સબાકો આવ્યો! એને અસહ્ય પીડા થઈ આવી. એ આગળ વિચારી શક્યો નહીં. ચારેકોર વેદના જ વેદના હતી. વેદનાથી દૂર ભાગી શકાય એમ નહોતું. હોવાનો અર્થ પણ જાણે વેદના હતી. એનાથી વિચારી શકાતું નહોતું. હવે તો મૂર્ચ્છા જ એકમાત્ર ઉપાય હતો, એ જલદીથી ઘેનમાં સરકી જાય એ જરૂરી હતું. ધીરે ધીરે એને લાગ્યું જાણે વેદનાનો દરિયો એનાથી દૂર જાય છે... દૂર... દૂર ને પછી ઓચિંતો જ એ ઘૂઘવાટ બંધ થઈ ગયો. એ ફરીવાર ભાનમાં આવ્યો ત્યારે કેટલો સમય પસાર થઈ ગયો હતો એનું એને ભાન નહોતું. વેદનાનો સાગર તો હજીય ઘૂઘવતો હતો પણ પ્રમાણમાં વેદના હવે ઓછી થવા માંડી હતી. એને થયું હયાતિનો અર્થ જો આ જ

હોય તો 'ન હોવું' એ જ એક મુક્તિ છે. જોકે એટલો ફરક હતો કે હવે એ વિચારી શકતો હતો.

એ રાતે એને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક થડ દેખાયું. ધીમે ધીમે થડમાંથી વૃક્ષ વિસ્તર્યું. પછી વૃક્ષો થયાં, પર્વત, વન્યસૃષ્ટિ વિકસી. એ પર્વતની આંખમાંથી ઝરણ વહેતું હતું. અચાનક ડાબાને ભાસ થયો કે આ બધાની વચ્ચે ક્યાંકથી જમણો એને જોઈ રહ્યો છે!

થોડા દિવસો એમ જ વીત્યા પણ હવે પીડા ઓછી થતી જતી હતી. એનાથી સ્પષ્ટપણે વિચારી શકાતું હતું ને એ કંઈ જેવી તેવી વાત નહોતી. વિચારવાથી બળ મળતું હતું. પીડા એ હોવાની સ્થિતિનો આત્યંતિક ભાગ હતો, એક તપશ્ચર્યા હતી અને હવે એ ભાગ એ લગભગ વટાવી ચૂક્યો હતો, જાણે વૈતરણા તરી ચૂક્યો હતો. પીડા હવે નામશેષ થતી જતી હતી. ઘણા વખત પછી, ઘણી યાતના પછી એને શાંતિ મળતી હતી. એ અર્થની સમીપ હતો. જગત સુંદર હતું. હોવું એ આનંદ હતો. શાંતિ એ અર્થની ઓળખ હતી.

ફરી અચાનક સહેજ પીડા થઈ આવી. એને સમજાયું, પીડાનો પણ અર્થ હતો. એ વિના આનંદની પરખ શી રીતે થાય? હોવાના આનંદનું એ અવિભાજ્ય અંગ હતું. ખરેખર, આનંદનું જ એક રૂપ હતું! હવે પ્રશ્નો લય પામ્યા હતા. વૃત્તિઓ આનંદમાં પરિવર્તિત થઈ ચૂકી હતી. અર્થ-અપેક્ષા-વૃત્તિ-વિચાર બધું જ શાંતિમાં સમાઈ ગયું હતું. ડાબો જોઈ રહ્યો હતો. ડાબો ડાબાને જોઈ રહ્યો હતો. પોતે ડાબો નથી પણ કોઈ વિશિષ્ટ રચનાનો ભાગ છે, કોઈ ચેતના છે અને ડાબા તરીકે ઓળખાતા દેહમાં વસે છે એમ એને લાગી રહ્યું હતું. પણ હવે એ દેહ એનો નથી. ડાબો ડાબામાંથી ખસી ગયો છે. એ હવે ડાબો નથી અને છતાંય ડાબો છે. 'ડાબો મોક્ષ પામ્યો છે!' કોઈક બોલ્યું. કોણ? પોતે જ વળી. પણ પોતે તો ડાબો છે. ના પોતે ડાબો નથી. ડાબો તો એણે પહેરેલી કાંચળી-આવરણ માત્ર છે. એનો અર્થ કે એ છે પણ એ જે ધારે છે એ નથી. અને છતાં બધું જેમનું તેમ છે, કશું બદલાયું નથી. જગત એ જ છે, એ પણ એ જ છે. માત્ર એની ચેતના જે ડાબામાં કુંઠિત થઈ ગઈ હતી એ હવે ઊર્ધ્વગતિ પામી છે. અને એ જ તો મોક્ષ છે!

પથારીમાં રહ્યો ત્યાં સુધી ડાબો મોક્ષના ઘેનમાં રહ્યો. પણ જ્યારે એ ઠીક થઈ ગયો ને બહાર જવાની વાત આવી ત્યારે એક અણગમતું વાસ્તવ મોં ફાડીને એને તાકી રહ્યું હતું. પથારીમાંથી ઊતરવા જતાં જ જમણાનું ના હોવું એટલે શું એનું ભાન એની ઊર્ધ્વીકરણ પામેલી ચેતનાને થવા લાગ્યું હતું. એને સમજાવા લાગ્યું હતું કે મોક્ષ એ અંતિમ પડાવ નહોતો. પ્રવાસ તો હવે શરૂ થશે - શું હોમાયું છે એના અભિજ્ઞાનથી.

❑❑❑



સ્મરણપોથીમાંથી સત્યજિત રાય

☐ સુનીલ કોઠારી

મુંબઈમાં જેમ હું સનિદર્શન વ્યાખ્યાન (lecture demonstration) ગોઠવી શાસ્ત્રીય નૃત્યપ્રકારોની સમજ આપતો, તે પ્રથા મેં રવીન્દ્રભારતીમાં ચાલુ રાખી હતી. આવા કાર્યક્રમોને યુનિવર્સિટીમાં સારો આવકાર મળ્યો હતો. સૌથી પ્રથમ મેં કથકના વિદ્વાન પ્રતિભાશાળી બીરજુ મહારાજને રવીન્દ્રભારતીમાં નૃત્ય માટે નિમંત્ર્યા. તેમની પટ્ટશિષ્યા શાશ્વતી સેને ઘણી મદદ કરેલી. ૧૯૮૦/૧૯૮૧માં બીરજુ મહારાજની કોલકતામાં ભારે બોલબાલા. મુંબઈમાં બ્રિજનારાયણજી સૂરસિંગાર સંસદમાં તેમને નિમંત્રતા, ત્યારે હું તેમને સ્ટેશને લેવા જતો. તેમના કાર્યક્રમ પૂર્વે અંગ્રેજીમાં તેમની ઓળખ આપતો, સમજૂતી આપતો અને ૧૯૭૧થી ૧૯૮૦ લગી કલ-કે-કલાકાર મહોત્સવમાં તેમની શિષ્યાઓને રજૂ કરતો, તેમનું અભિવાદન કરતો, તે કારણે તેમનો સ્નેહ સંપાદિત કરી ચૂકેલો.

તેમણે આ પૂર્વે રવીન્દ્રભારતી યુનિવર્સિટીમાં ક્યારેય કાર્યક્રમ આપેલા નહિ કે ગુરુદેવના ખંડમાં પુષ્પો મૂકેલાં નહિ. તેમની પણ ઘણી ઇચ્છા કે તેઓ

ગુરુદેવના કોલકતાના જોરાસાંકો ઘરની મુલાકાત લે અને ગુરુદેવના ખંડમાં પુષ્પો અર્પિત કરે.

મેં રવીન્દ્ર સંગીત, પેઇન્ટિંગ, ડ્રામા, વાદ્યસંગીત વિભાગ વગેરેના પ્રાધ્યાપકોને ખાસ નિમંત્રેલા. મણિપુરી નામે ઓળખાતા મોટા હોલમાં કાર્યક્રમ યોજેલો. વાઇસ ચાન્સેલર વગેરે હાજર. હોલ ચિક્કાર અને બીરજુ મહારાજ 'મૂડ'માં, એટલે તેમણે મન મૂકીને નૃત્ય કરેલું. તેઓ અચ્છા ગાયક છે. એટલે બિંદાદીન મહારાજની ઠૂમરી ગાઈને વિદ્યાર્થી તથા પ્રાધ્યાપકોને પ્રસન્ન કરી મૂક્યા.

ઉપકુલપતિ દેવીપ્રસાદ ભટ્ટાચાર્યે તેમને એક બંધ કવરમાં ભેટરૂપે પાંચસો રૂપિયા આપેલા, તે તેમણે ગુરુદેવ રવીન્દ્રનાથને ચરણે મૂક્યા અને સ્વીકાર્યા નહિ. આ આખોય પ્રસંગ બહુ સુંદર રીતે ઉજવાયો. મારા આવા પ્રયત્નોથી યુનિવર્સિટીમાં મારું સન્માન થવા લાગ્યું. આ પ્રવૃત્તિ મને ઘણી પ્રિય હતી. તે વર્ષોમાં કિરણ શેઠે પણ SPIC MACAYની પ્રવૃત્તિ શરૂ કરેલી. તે શાસ્ત્રીય સંગીત અને નૃત્ય બન્નેનાં સનિદર્શન વ્યાખ્યાન ગોઠવતા. અમે બન્ને એકમેકના ચાહક હતા. અમારા બન્નેનું ધ્યેય શાસ્ત્રીય કળાઓ લોકો માણે અને તેની સાચી સમજ કેળવે, કદર કરે તેવું હતું. મુંબઈમાં ૧૯૭૧થી ૧૯૮૦ લગી યોજેલાં કલ-કે-કલાકાર અને નૃત્ય અંતર્ગત સનિદર્શન વ્યાખ્યાનોથી લોકોમાં શાસ્ત્રીય નૃત્ય પરત્વેની સમજ વધી હતી.

પછી તો ઓડિસાના મહાન ગુરુ કેલુચરણ મહાપાત્ર, તેમના ગુરુ પંકજ ચરણદાસ, કુચીપુડીના વેમ્પટ્ટી ચીન્ન સત્યમ્, પ્રોતિમા બેદી, શાંતિ બર્ધન શૈલીનાં નૃત્યો રજૂ કરનાર ગુલ બર્ધન, સંસ્કૃત વિદ્વાન શ્રીમતી મંદાકિની, કથકલી ગુરુ કલામણ્ડલમ કૃષ્ણન નાયર, રામનકુટ્ટી નાયર, *કલાક્ષેત્ર*ની નૃત્ય મંડળી, યામિની કૃષ્ણમૂર્તિ, સોનલ માનસિંઘ, ઉત્તરા આશા કુર્લાવાલા, આસ્તાદ દેબુ, પેરિસની મારી એક નર્તકીમિત્ર પોરસેઇન, ઉમા શર્મા, એમ અનેક કળાકારો ઉપરાંત મણિપુરના મારા પરમ મિત્ર થિયેટર ડાયરેક્ટર રતન થિયમ વગેરેના કાર્યક્રમોથી યુનિવર્સિટીમાં નૃત્યવિભાગનું નામ થવા લાગ્યું હતું.

*ધ સ્ટેટ્સમેન*માં ત્યારે થોડાંક વર્ષો મારી પરમ મિત્ર પારસી બચી કરકરીઆ કામ કરતી હતી. અમે મુંબઈમાં *ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા*માં મારા લેખોને કારણે મિત્ર થયેલાં. તેનાં માબાપ *નવરોઝ* નામનું ગુજરાતી સામયિક પ્રગટ કરતાં. બચી કરકરીઆએ *ધ સ્ટેટ્સમેન*ના તંત્રી ઈરાનીને કહીને મને *સ્ટેટ્સમેન*માં ડાન્સ ક્રિટિક તરીકે નિમણૂક કરાવી આપી હતી, એટલે રવીન્દ્રભારતીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો

સત્યજિત રાય દ્વારા બાલાસરસ્વતીનું ફિલ્માંકન

અહેવાલ *સ્ટેટ્સમેન*માં નિયમિત પ્રગટ થતો. તે ઉપરાંત રવિવારના *સ્ટેટ્સમેન*માં મારા વિદેશપ્રવાસોના લેખો પણ પ્રગટ થતા. કોલકતામાં આ પૂર્વે ચિત્રકાર અશોક ચેટરજી અને તેમનાં પત્ની મૈત્રેયી ચેટરજી નૃત્યોનાં અવલોકનો લખતાં. બ્રિટિશ પદ્ધતિ અનુસરતું *ધ સ્ટેટ્સમેન* લેખક તરીકે માત્ર Our dance critic અથવા A dance critic આપતું, તે મારા આગ્રહથી બદલાયું અને અમારાં નામ નૃત્ય-સમીક્ષક તરીકે છપાતાં વિશાળ વાચકવર્ગને અમારી ઓળખાણ થઈ. ત્યારે કોલકતામાં પત્રકારત્વ ક્ષેત્રે *ધ સ્ટેટ્સમેન*ની પ્રતિષ્ઠા ઘણી ઊંચી ગણાતી. મારી સમીક્ષાઓ સત્યજિત રાય પણ વાંચતા. ઉપરાંત મૃણાલ સેન, ઉત્પલ દત્ત, અપર્ણા સેન વગેરે કળાકારો પણ વાંચતાં. કમલાદેવી ચટ્ટોપાધ્યાયનાં મિત્ર રૂબી પાલચૌધરી ઘણું માન આપતાં. મારા રિવ્યૂ લાક્ષણિક બંગાળી સમીક્ષકોથી ઘણા ભિન્ન હતા અને નૃત્યની પરિભાષાને કારણે જુદા તરી આવતા. નવનૃત્યના પુરસ્કર્તા ડૉ. મંજુશ્રી ચાકી સરકાર તેમનાં નૃત્ય સંકલનો (choreographic works)ના રિવ્યૂ હું કરું એમ ઇચ્છતાં અને મારા પ્રતિભાવ જાણવા આતુર રહેતાં.

શરૂમાં જ્યારે હું કોલકતા આવ્યો ત્યારે *સ્ટેટ્સમેન*માં મારા *ભરતનાટ્યમ્* પુસ્તકનો દિલ્હીના વિખ્યાત ક્રિટિક સુબ્બુડુએ કડક રિવ્યૂ લખ્યો હતો. મુંબઈમાં National Centre for the

Performing Arts (NCPA)માં સત્યજિત રાયની બાલાસરસ્વતી દસ્તાવેજી ફિલ્મનો મેં રિવ્યૂ કરેલો અને સત્યજિત રાયે સમુદ્રકિનારે બાલાસરસ્વતીનું વિખ્યાત પદ કૃષ્ણની બેગને બારોનું ફિલ્માંકન કરેલું તેની કડક ટીકા કરેલી. ખૂબ ફૂંકાતા પવનને કારણે બાલાની સાડી ઊડતી અને તે તેને સાચવીને અભિનય કરવા મથતાં હતાં. જ્યારે ચહેરા પર પદના ભાવ તે રજૂ કરતાં ત્યારે કેમેરા સમુદ્રનાં મોજાં અને આકાશને અંકિત કરતો. બાલાસરસ્વતી અભિનયસામ્રાજ્ઞી. તેમના ચહેરા પરના ભાવોને ઝીલવાને બદલે સત્યજિતે પ્રકૃતિને આવરવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત બાલા તમિળમાં બોલ્યાં હોત અને સબટાઈટલ અંગ્રેજીમાં મૂક્યાં હોત તો તે વધુ શોભત. એ ઉપરાંત બાલા વિશે ડૉ. નારાયણ મેનન અને અમેરિકાના વિવેચકોના મતો જે રીતે રજૂ થયા હતા તે ઘણા શબ્દાળુ હતા. સત્યજિત રાયને ડૉ. નારાયણ મેનન અને NCPAએ આ ફિલ્મ માટે નાણાકીય સહાય કરી હતી અને ફિલ્મના પ્રાયોજક હતા. તે સૌ *ટાઇમ્સ ઓફ ઇન્ડિયા*માં છપાયેલ મારા રિવ્યૂથી ઘણા નારાજ થયા હતા. બાલા પરની ફિલ્મ ઘણી સુંદર બની શકી હોત. મારા રિવ્યૂથી સત્યજિત પણ નારાજ થયા હતા.

સુબ્બુડુનો રિવ્યૂ તેમણે વાંચ્યો હતો અને *સ્ટેટ્સમેન*માં ડૉ. મુલ્કરાજ આનંદે આપેલો જવાબ પણ તેમણે વાંચેલો. ડૉ. મુલ્કરાજ આનંદે મારો પક્ષ લીધો હતો અને સુબ્બુડુએ પુસ્તકની ટીકા કરતાં લખેલું કે ફિલ્મસ્ટાર હેમા માલિની અને વૈજયંતીમાલાનો અન્ય સમકાલીનોના વિભાગ (contemporaries section)માં મેં સમાવેશ કર્યો છે તે યોગ્ય નથી. ઉપરાંત નવરસ વિશે કશો ઉલ્લેખ નથી. મેં ઉત્તરમાં સણસણતો જવાબ આપેલો કે સુબ્બુડુએ ન તો પુસ્તક વાંચ્યું છે કે ન તો ફોટા બરાબર જોયા છે. અભિનય પ્રકરણમાં રસસિદ્ધાંતની ચર્ચા મેં કરી છે અને નવરસમાં ચંદ્રલેખાના ધીરજ ચાવડાએ પાડેલા ફોટા મૂક્યા છે. જો સુબ્બુડુએ પુસ્તક વાંચ્યું હોત તો તે આવી બિનપાયાદાર ટીકા કરી શકત નહિ.

હું ધારું છું કે તે વાંચી સત્યજિત રાય મારા પ્રત્યુત્તરથી પ્રભાવિત થયા હતા. અમે પછી જ્યારે નિરાંતે મળ્યા હતા ત્યારે તેમણે કહેલું કે તેમની બાલાની ફિલ્મ અભિલેખાત્મક (archival) ફિલ્મ છે. મારી ટીકા ઉપરાંત અન્ય વિવેચકોએ પણ બાલાની ફિલ્મ અંગે મારી ટીકાના સમર્થનમાં ટીકા કરી હતી, તે તેઓ જાણતા હતા. મેં એમ પણ કહેલું કે બંગાળીમાં પુસ્તકને બોઈ કહે છે અને ફિલ્મને પણ બોઈ કહે છે. એટલે મારા પુસ્તકની બીજી આવૃત્તિમાં જે ઊણપો હોય તે દૂર કરી શકાય, પરંતુ સત્યજિત રાયની ફિલ્મ-બોઈમાંની ક્ષતિઓ દૂર

ન થઈ શકે.

હું ફ્રાંસ પેરિસ Festival of Indiaની મુલાકાતે ગયો હતો. વિખ્યાત બ્રિટિશ ડાયરેક્ટર પીટર બ્રુકના *મહાભારત*ના મેં પ્રયોગો જોયા હતા. અને તેનો વિગતવાર લેખ *સ્ટેટ્સમેન*માં પ્રગટ થયો હતો. તે વાંચી સત્યજિત રાયે મને ફોન કરી અભિનંદન આપેલા અને કહેલું કે તે પોતે *મહાભારત* પર ફિલ્મ બનાવવાના હતા અને યુધિષ્ઠિરનું પાત્ર ભજવનાર પોલિશ કળાકારને તે ભૂમિકા આપવાના હતા. મેં તેમને વિનંતિ કરી કે રવીન્દ્રભારતીના વાઇસ ચાન્સેલર અને હું તેમને મળવા આવી શકીએ કે કેમ? તો તેમણે હા પાડી એટલે ડૉ. રમારંજન મુખરજી ત્યારે દેવીપ્રસાદ ભટ્ટાચાર્ય પછી વાઇસ ચાન્સેલર થયા હતા તેમની સાથે અમે ૪, લેફ્ટોય રોડ ૫૨ જ્યાં સત્યજિત રહેતા હતા, ત્યાં મળવા ગયા હતા.

ત્યારે તેમણે *મહાભારત* વિશે પોતે કઈ રીતે તે રજૂ કરવા માગતા હતા તેની વિગતે વાતો કરી હતી. ડૉ. રમારંજન મુખરજી સત્યજિત રાયને રવીન્દ્રભારતી યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપવાનું કહેવા આવેલા પણ સત્યજિત રાયે કોઈ કારણસર એ ટાળ્યું. તેઓ રવીન્દ્રનાથ ટાગોર પર દસ્તાવેજી ફિલ્મ



બનાવવા માગતા હતા ત્યારે કેટલીક સગવડો રવીન્દ્રભારતી યુનિવર્સિટીના કર્મચારીઓએ નહિ આપેલી તેથી નારાજ થયા હતા. એટલે તેઓ કામમાં ઘણા વ્યસ્ત છે તેવું કહી વ્યાખ્યાન આપવા માટે કબૂલ થયા નહોતા.

અમારા વાર્તાલાપમાં બાલાની ફિલ્મનો પણ ઉલ્લેખ થયો હતો. સત્યજિત રાય ઘણા મહાન કળાકાર અને ડાયરેક્ટર હતા, છતાં આમ ફોન કરી બોલાવે તેથી માત્ર હું જ નહિ પણ ઘણા લોકો પ્રભાવિત થયા હતા. ડૉ. રમારંજન મુખરજી ઘણા ખુશ થયા હતા કે તેમની યુનિવર્સિટીના પ્રાધ્યાપકે કરેલી સત્યજિત રાયની ફિલ્મ બાલાની ટીકાની નોંધ તેઓ લેતા હતા. એટલું જ નહિ, પણ પીટર બ્રુકના નાટક *મહાભારત* પરનો મારો લેખ વાંચી વધુ વાત કરવા ઘરે ચા માટે તેમણે મને નિમંત્ર્યો હતો. અમારા બીજા મિત્ર વીરચંદ ધરમસી સત્યજિતના પરમ પ્રશંસક અને પત્રવ્યવહાર પણ કરતા. મેં *ક્ષિતિજ* સામયિકમાં સત્યજિત રાયની ફિલ્મ દેવીનો રિવ્યૂ લખેલો. તેમાં સૌમિત્ર ચેટરજી તેના પિતા સાથે અંધશ્રદ્ધાથી પત્નીને દેવી ગણે છે અને તે વિશે ચર્ચા કરતાં જાણે લેક્ચર આપતા હોય તેવું લાગે છે તેવી મારી ટીકાનો અંગ્રેજી અનુવાદ સત્યજિત રાયે વાંચેલો અને તેની નોંધ લીધેલી. વીરચંદભાઈ કહેતા કે સત્યજિત રાય તેમના બધા રિવ્યૂઝ અંગ્રેજીમાં ભાષાંતર કરાવીને વાંચતા. પણ હું ધારું છું કે નૃત્ય-સમીક્ષક તરીકેની મારી નામના થયેલી એથી કોલકતામાં મારા નૃત્ય પરના રિવ્યૂ નિયમિત પ્રગટ થતા તે તેઓ વાંચતા હતા. વળી, મારી વિદેશયાત્રાના લેખો પણ વાંચતા એથી મને આનંદ થતો.

સ્મિતા નામે એક ગુજરાતી ફિલ્મકાર સત્યજિત રાયનો ઇન્ટરવ્યુ કરવા માગતી હતી. તે અમેરિકાની ન્યુ યોર્ક યુનિવર્સિટીમાંથી ફિલ્મનો અભ્યાસ કરીને આવી હતી. કમલાદેવી, ચટ્ટોપાધ્યાય પર તેણે દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી અથવા બનાવવા માગતી હતી. એ વર્ષોમાં મેં પ્રકાશ ઝાને ભારતનાં શાસ્ત્રીય

નૃત્યો પરની ફિલ્મો માટે સ્ક્રીપ્ટ લખવા માટે મદદ કરેલી અને નૃત્યાંગનાઓ, ગુરુઓ, નૃત્યના પ્રકારો વગેરે માટે મદદ કરી હતી. સ્મિતાએ પ્રકાશ ઝા પાસેથી મારો સંપર્ક સાધેલો. એણે કમલાદેવીના ઈન્ટરવ્યુ માટે મદદ માગી હતી.

કમલાદેવીને મેં વિનંતિ કરી હતી અને તેમણે સંમતિ આપી હતી. તે કારણે સ્મિતાને ખબર પડી કે હું સત્યજિત રાયને ઓળખું છું તો તેમનો ઈન્ટરવ્યુ કરવા મદદ કરી શકું કે કેમ. મે સત્યજિત રાયને ફોન કરી પૂછ્યું અને જણાવ્યું કે અમે બન્ને તેમને મળીને સ્મિતા શું કરવા માગે છે તે સમજાવીએ.

ત્યારે સત્યજિત રાય માંદા હતા. બધાને મળતા નહિ. બહુ સાચવીને સમય આપતા. મેં સ્મિતાને કહેલું કે પુષ્પો લઈને, સાડી પહેરીને આવે અને બંગાળી ઢબે ચરણસ્પર્શ ના કરતાં માત્ર નમસ્કાર કરે અને પુષ્પો આપે. એટલે બીજે દિવસે અમે નિર્ધારિત સમયે ગયાં.

તે મારી સલાહ મુજબ સાડી પહેરી ફૂલો લઈને આવી. સત્યજિત રાયનાં પત્નીએ અમારું સ્વાગત કર્યું. સત્યજિત રાય તેમના ધીર-ગંભીર અવાજમાં બોલ્યા કે તેઓ માત્ર ૧૫થી ૨૦ મિનિટનો સમય આપશે. પરંતુ તેઓ મૂડમાં હતા. મેં ના પાડ્યા છતાં સ્મિતાએ સત્યજિત રાયને બાલાની ફિલ્મ માટે પૂછ્યું. મેં તેને કહેલું કે એ મુદ્દો સંવેદનશીલ છે અને હું હાજર હોઈશ તો તેમને એ વિશે વાત કરવી ગમશે નહિ. પરંતુ સત્યજિત રાય હસ્યા અને બોલ્યા કે સુનીલનો મત એવો છે કે મારી ફિલ્મ તેની અને નૃત્યરસિકોની અપેક્ષાએ એટલા ઊંચા ધોરણની નથી એટલે એને હું આર્કાઇવલ ફિલ્મ ગણું છું.

હું ઘણો ક્ષોભમાં હતો અને એમને નારાજ કરવા નહોતો ઇચ્છતો, પણ મને લાગ્યું કે તે વર્ષોમાં તેમણે ઉદાર દિલે

ડિસેમ્બર 1989માં પીટર બ્રુકના પુસ્તક મહાભારતની ચર્ચા અને મહાભારત નાટકના ફિલ્મ સ્ક્રીનિંગ પ્રસંગે નંદન થિયેટર સંકુલ, કોલકોતામાં ડાબેથી સત્યજિત રાય, પીટર બ્રૂક, મલ્લિકા સારાભાઈ અને જિન ક્લાઉડ કેરીયેર. સુનીલ કોઠારીના નૃત્યસંગ્રહમાંથી ફોટોઃ અભિજિત ધાર.

મારી ટીકાનો સ્વીકાર કર્યો હતો.

પીટર બ્રુક જ્યારે ભારતમાં ગંગા નદીને કિનારે *મહાભારત* રજૂ કરી શક્યા નહોતા ત્યારે તે કોલકતામાં *મહાભારત* પર બનાવેલી ફિલ્મ લઈને આવ્યા હતા. ત્યારે નંદન થિયેટરમાં, રવીન્દ્રનાથ ટાગોરના થિયેટર કોમ્પ્લેક્સમાં, તેનું સ્ક્રીનિંગ યોજાયું હતું. એ ખાસ પ્રસંગ માટે મુંબઈથી વિજયા મહેતાને બોલાવવામાં આવ્યાં હતાં. પીટર બ્રુકની મંડળીના કેટલાક કળાકારો પણ આવ્યા હતા.

પીટર બ્રુક સાથે મેં મણિપુર, ઇમ્ફાલ પ્રવાસ કર્યો હતો અને જ્યારે *મહાભારત*ના સંશોધન માટે કોલકતા આવ્યા હતા ત્યારે મારો પરિચય થયો હતો. નંદનના ફિલ્મ સ્ક્રીનિંગનું મને નિમંત્રણ મળ્યું હતું. એટલે હું પણ હોંશભેર નંદન ગયો હતો. ત્યારે છેલ્લું સત્યજિત રાયને મળવાનું થયું હતું. લિફ્ટમાં ઉપર જવા માટે સત્યજિત રાય અને તેમનાં પત્ની ઊભાં હતાં. હું પાછળ ઊભો હતો. તે લિફ્ટમાં પ્રવેશ્યા અને મને જોયો એટલે કહ્યું 'યેશો, come Sunil.' મેં અપેક્ષા રાખી નહોતી કે તેઓ બોલાવશે. પછી ઉપર લિફ્ટમાં સાથે ગયા ત્યારે મારે ખભે હાથ મૂકેલો. અમારી સાથે કોઈ બીજા અજાણ્યા આમંત્રિત પણ હતા. તે મને બહાર મળ્યા અને કહે : 'વાહ ભાઈ! તમારો તો વટ પડે છે. તમને માણીકદા બોલાવે, ખભે હાથ મૂકી વાત કરે! કહેવું પડે!'

અલબત્ત આવી કમેન્ટ તો ગમે જ, ત્યાં સામેથી શ્યામાનંદ જાલાન અને પીટર બ્રુક સત્યજિત રાયને લેવા આવ્યા. હૃષિકેશ મુખરજી પણ હતા. હૃષિદા ચંદ્રલેખા સાથેની મારી મૈત્રીને કારણે ઓળખતા. તે પણ મળ્યા. નંદનના ડિરેક્ટર પણ મને ઓળખતા હતા. આ બધી સેલિબ્રિટીઝ જોડે બેસવા-ઊઠવાનો મોકો મળ્યો તેથી હું ફુલાઈને ફાળકો થયો. પીટરે ઘણી આત્મીયતાપૂર્વક વાત કરી. સત્યજિત રાય ઘણા ઊંચા હતા અને તે અમને સૌને શાંતિપૂર્વક જોઈ રહ્યા હતા.

ફિલ્મ સ્ક્રીનિંગ પૂર્વે પીટરના વાર્તાલાપ પછી તેમની ઇંપ્રોવાઇઝેશનની શૈલી મુજબ તેમણે તેમની મંડળીના એક કળાકારને અભિમન્યુની ભૂમિકા અદા કરવાનું કહ્યું અને વિજયા મહેતાને અભિમન્યુની માતા સુભદ્રાની ભૂમિકા ભજવવા સૂચવ્યું. કોઈ સંવાદ નહિ. અભિમન્યુ યુદ્ધમાં જતાં પૂર્વે સુભદ્રાના આશીર્વાદ લેવા આવે છે. ચહેરા પર વિષાદની છાયા સાથે મૂકાભિનય દ્વારા વિજયા કશું બોલતી નથી. આશીર્વાદ પણ આપતી નથી. તેના હૃદયની આંતરિક વ્યથાને તેણે હૃદયંગમ રીતે રજૂ કરી હતી. હજી એ દૃશ્ય મારી નજર સમક્ષ તાદૃશ્ય થાય છે. સત્યજિત રાય, ડાબી તરફ હૃષિકેશ મુખરજી અને બીજા નિમંત્રિતો સાથે બેઠેલા અને આ દૃશ્ય જોઈ રહ્યા હતા. મેં તેમને ત્યારે છેલ્લી વાર જોયા હતા.

❑❑❑

કોરોના અને હું

એક ડોક્ટરની ડાયરી

□ નીલેશ રાણા

વન્સ ઈન અ લાઈફ ટાઈમ જેવી જન્મ અને મરણ વચ્ચે ઘટતી ઘટનાઓથી આપણે સૌ વાકેફ છીએ. પણ મારા માટે કોરોનાના દર્દીઓની સારવાર કરતાં થયેલા વિશેષ અનુભવને શબ્દાતીત કરવો સહેલું નથી. આ લેખ માત્ર મારા જ અનુભવનો ચિતાર કે વર્ણન નથી. વિશ્વભરમાં કોરોનાના દર્દીઓની સારવારમાં વ્યસ્ત દરેક ડોક્ટર આવું જ અનુભવતા હશે (વત્તા ઓછા અંશે) એમાં શંકાને સ્થાન નથી.

મારાં પચાસ વર્ષની ડોક્ટર તરીકેની કારકિર્દીમાં સૌથી વધુ દુઃખદાયક અનુભવ છે. જેણે મારી હિંમત અને વિશ્વાસના પાયા હચમચાવી નાખ્યા છે. આટલા હદ સુધીની લાચારી, મજબૂરી, વિડંબના, માનિસક તનાવ, સ્વ પ્રત્યે શંકા ભોગવી નથી. જીવન

પ્રત્યેનો અભિગમ બદલાયો છે. જાણે મેં ફરીથી મેડિકલ સ્કૂલમાં દાખલ થઈ એકડો ઘૂંટવાની શરૂઆત કરી છે. મારી મર્યાદાનું જ્ઞાન મળ્યું છે. આખરે ડોક્ટરના લેબલ પાછળ હું પણ સૌની જેમ સામાન્ય ખામી ભરેલો માણસ છું. જીવન કેટલું નાજુક છે. તડ પડે અને તૂટી જતાં વાર નથી લાગતી.

ફેબ્રુઆરીના પહેલા વીકમાં મુંબઈમાં મિત્રોની વિદાય લઈ અમેરિકા પાછા ફરતા પહેલાં ચીનમાં ફેલાતી આ બીમારી વિશેની જાણકારી મળતાં જ મનમાં શંકા જાગી હતી કે આના આસાર સારા નથી. આ વાઈરસ અત્યંત ચેપી અને પ્રાણઘાતક છે સમજાતાં, જ્યારે મેં પ્રથમવાર કોરોના દર્દીની સારવારમાં ભાગ લીધો ત્યારે મનમાં ડર લાગ્યો કે હું જ આનો ભોગ ન બની જાઉં.

થોડાં મિત્રો અને સંતાનોએ સલાહ આપી કે આ ઉંમરે ચાન્સ લેવાની શું જરૂર છે, રિટાયર થઈ ઘરે બેસોને. પણ લીધેલા શપથે લાત મારી ઊભો કર્યો. સદ્‌ભાગ્યે પત્નીએ ના ન પાડી, તેથી થોડી હિંમત અને મનોબળ સાથે ડરને કાબૂમાં લાવતાં આજ સુધી દર્દીઓની સારવાર કરી રહ્યો છું. પ્રભુ કૃપાથી આજ સુધી હું માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ છું. અને મનમાં થયું હતું કે પડેલી જરૂરિયાતના સમયે સાથ આપવામાં ચૂકી જઈશ તો હું મને માફ નહીં કરી શકું. આ સત્ય હકીકત છે. અને મને સંતોષ છે કે હું આમ કરી શક્યો છું.

છેલ્લા પાંચ મહિનાની મારી સફર સહેલી નહોતી અને આગળની સફર પણ સહેલી નહીં હોય એ જાણકારી છે. 2019ની સાલમાં જેટલાં ડેથ-સર્ટિફેકિટ મેં નથી નથી લખ્યાં, એનાથી વધારે છેલ્લા પાંચ મહિનામાં લખ્યાં છે. અને જાણે મારા જમણા હાથને લકવો મારી ગયો છે. કામ બમણું થઈ ગયું છે. રોજિંદો વ્યવહાર બદલાયો. જમવાનો સમય સચવાતો નથી. રાત્રે ફોનકોલ્સ વધતાં ઊંઘનો અભાવ તો ખમી લેવાયો પણ માનસિક તણાવમાં વધારો જરૂર થયો.

માનસિક તણાવનો રચાયેલો ચતુષ્કોણ એટલે એની પહેલી બાજુ કોરોના દર્દીની માનસિક હાલત, બીજા નંબરે એમની ફેમિલીને થતું ટેન્શન, ગભરામણનો ખ્યાલ, ત્રીજો મારી પોતાની ફેમિલી મારા કારણે (ચીડિયો સ્વભાવ, બેદરકારી, ગુસ્સો) ટેન્શનમાં ન આવી જાય અને ચોથી મારી માનસિક અવસ્થાનું સમતોલન જાળવવાની આવશ્યકતા.

ત્યારે મેં જોયું તો ખાસ કરીને ઇમર્જન્સી રૂમમાં અને રોજ આઈસીયુમાં કામ કરતા ડોક્ટરોમાંથી જો એમને નાનાં બાળકો હોય તો પત્નીને પિયર મોકલી પોતે એકલા

ઘરમાં રહ્યા અથવા ફેમિલીને ઘરે રાખી એમણે હોટેલમાં રહેવાનું નક્કી કર્યું. કેટલાક ડોક્ટરો ને હેલ્થવર્કર પોતે માંદા પડ્યા. એક ડોક્ટરે અને પાદરીએ બીજાને બચાવવા ખાતર પોતાને મળનાર વેન્ટિલેટરનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો. આવો ઉમદા માહોલ જોતાં હિંમત વધી. અહીંની લોકલ વ્યક્તિએ હોસ્પિટલ પાસે આવી હેલ્થકેરવર્કરોની કદર કરવા માટે ગ્રુપમાં આવી તાળીઓથી વધાવીને એમને ટેકો આપ્યો. ઘણી રેસ્ટોરાંમાંથી એમને માટે ફૂડની વ્યવસ્થા કરી જાણે સમાજમાં એકતા પ્રગટી. ભાઈચારો જળવાયો. સાદા શબ્દમાં કહું તો માણસાઈના દીવા પ્રગટ્યા.

કદીક કદીક ટેન્શનને કારણે જાણે મગજ લોક-ડાઉનમાં પહોંચી ગયું છે એવું પણ થોડીવાર માટે લાગ્યું છે. આ રોગચાળાની શરૂઆતમાં જે મોટી સંખ્યામાં લોકો માંદા પડ્યા અને હોસ્પિટલોમાં ધસારો થયો એ ખાળવા મેડિકલ વ્યવસ્થાની તૈયારી નહોતી. અહીંની ગવર્નમેન્ટની લાપરવાહી, અપૂરતાં સાધનો, હોસ્પિટલમાં અપૂરતી વ્યવસ્થાઓ, આ રોગ અને એની ટ્રીટમેન્ટ વિશેની અપૂર્ણ માહિતી બમણો કે ત્રણગણો પેશન્ટનો બોજ. વધુ સંખ્યામાં મૃત્યુ પામતા દરદીઓ, પોતાને આનો ચેપ લાગવાનો ડર. આ અસંખ્ય પરિબળોએ શરૂઆતમાં મેડિકલ ફિલ્ડમાં કામ કરતી વ્યક્તિઓની કમર ભાંગી નાખી. પણ સમયના જતાં વાઈરસ વિશેની જાણકારી, ટ્રીટમેન્ટના અનુભવને કારણે થોડી રાહત અને હિંમત મળતાં વાત થાળે પડવા લાગી છે. કોરોના જાણે દશમાથાળો રાક્ષસ છે. એના એક મસ્તકનું વિચ્છેદન કરો ત્યાં નવું મસ્તક ફરી પ્રગટ થાય છે. એનો સંપૂર્ણ વિનાશ કરવા નવાં શસ્ત્રોની શોધખોળ તીવ્ર ગતિએ ચાલુ છે. આજે દુનિયાભરના ઘણા ડોક્ટરો, વૈજ્ઞાનિકો કમર કસીને આ રોગનો ઇલાજ અને વેક્સિનની શોધખોળ કરવામાં વ્યસ્ત છે. અનેક દેશો એકમેકને સહકાર આપી રહ્યા છે એ કાબિલેદાદ છે.

અહીં કોરોનાના પેશન્ટોની સારવાર કરતાં થયેલા અનેક અનુભવોની વાત કરું તો કદાચ નવલકથા લખાઈ જાય. પણ અણધાર્યા કદીય ન વિચારેલા અને ન જોયેલા કે ન જાણેલા અનુભવની મારે તમને વાત કરવી છે. અને એ માટે હું ઈશ્વરનો આભાર માનું છું.

મને આ તક મળી જેથી માનવસ્વભાવનું ઊંડાણ સમજવામાં મદદરૂપ થતાં મને નમ્ર અને આભારી બનાવ્યો છે. ભારતની જેમ અહીં પણ કોરોનાગ્રસ્ત દર્દીઓને હોસ્પિટલ અથવા નર્સિંગહોમમાં એમનાં સગાં-વહાલાં કે મિત્રોને મળવા આવવાની મનાઈ હતી. તો જે દર્દી વેન્ટિલેટર પર ન હોય, એમનો જન્મદિવસ હોય

અથવા એમની ફેમિલીમાં બાળકનો જન્મ થયો અથવા બીજા કોઈ કારણસર મળવાની તીવ્ર ઇચ્છા હોય તો, અમે એ પેશન્ટને વ્હીલચેરમાં કાચની બારી પાસે લઈ જઈએ. અહીં કાચની બારી સ્ટેજ બને અને બંને તરફ દૃશ્ય ભજવાય. લાગણીસભર સંવાદોની આપલે થાય. શોક અને હર્ષનાં આસુંઓથી ભીના ચહેરાઓ, એમનાં નયનોમાંનાં ઉત્સુકતા, તણાવ, બારીના કાચને અડતા તેમના હાથ ત્યારે કદાચ મારી જેમ બારીનો કાચ પણ ધન્ય થઈ જતો હશે. હું મૂક સાક્ષી બની પ્રેક્ષક બની આ દૃશ્યને પછી કલાકો વાગોળ્યા કરું અને મારી હિંમતમાં વધારો થાય.

તો બીજી તરફ વેન્ટિલેટર પર કદાચ છેલ્લા શ્વાસ લેતાં દરદીનો એમની ફેમિલી મેમ્બર સાથે ફેસબુક પર મેળાપ કરાવું ત્યારે કોઈ સંવાદો રચાતા નથી. માત્ર શૂન્ય, અરણ્યસમી આંખોનું ત્રાટક, વેદનાસભર ખામોશીનો માહોલ મારી શ્રદ્ધાને ડગમગાવી નાખે છે. મારી પાસે ઉચિત કહેવાના શબ્દો નથી હોતા. મને કોઈ સાંત્વના આપે એમ હું ઇચ્છી રહું છું. મારી મર્યાદાઓ મને સૂની કરી દે છે.

આ ભરતી ઓટ વચ્ચે ઝોલાં ખાતાં જીવવું કઠિન છે. પણ એ એક ઉમદા વ્યવસાય છે અને લીધેલા શપથને લાંછન ન લાગે એ માટે મારા પ્રયત્નો ચાલુ છે.

હું સલાહ નહીં પણ ખરા દિલથી વિનંતી કરું છું કે માત્ર તમારો જ નહીં પણ સામેની વ્યક્તિઓનો પણ ખ્યાલ રાખવા માટે પ્લીઝ માસ્ક જરૂર પહેરો, સોશ્યિલ ડિસ્ટન્ટ જાળવો, હાથ ધોવામાં બેદરકારી ન કરશો. આજકાલ ઇન્ટરનેટ, પ્રિન્ટ મિડિયા, ટી.વી. પર પ્રસારિત થતાં આ રોગનિવારણોની ખબર ડોક્ટરની ડિગ્રી વગરની વ્યક્તિઓ આપી રહી છે. તો પ્લીઝ તમારા ડોક્ટરની સલાહ લીધા વગર એમાં પડશો નહીં. આ લેખ લખાયો છે ત્યાં સુધી સો ટકા સફળતા પામેલી ટ્રીટમેન્ટ કે એને રોકવા માટેની વેક્સિન ઉપલબ્ધ નથી. ધ્યાનમાં રાખો કે વાઈરસની એન્ટ્રી-પોઈન્ટ (દાખલ થવા) તમારું નાક અને ગળું છે. અને આ બીમારી નાતજાત, ઉંમર, લિંગ, આર્થિક સ્થિતિના ભેદભાવથી પર છે. આ બીમારી હોક્સ-પોક્સ નથી. એનો ખોટો ભય ફેલાવવામાં નથી આવ્યો કે જેથી ડોક્ટરો, હોસ્પિટલો અને દવા બનાવતી કંપનીઓ પૈસા કમાઈ શકે. આ બીમારી વાસ્તવિકતામાં છે અને ભવિષ્યમાં લાંબો સમય આપણી સાથે રહેશે. માટે સાવધાન રહેજો.

Wishing everybody a good health!

Nilesh Rana: ncrana@hotmail.com

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)

☐ પ્રવીણસિંહ ચાવડા

૧૮. પવિત્ર ગાય

ઓફિસમાં ઘણી શાખાઓ હતી - હિસાબી, ગ્રાન્ટ, પેન્શન, પગાર વગેરે - જેમાંની એક 'સેકન્ડરી' તરીકે ઓળખાતી. નવી સ્કૂલોનું રજિસ્ટ્રેશન, વધારાના વર્ગોની મંજૂરી તથા કર્મચારીઓની ભરતી જેવી મહત્ત્વની અને જવાબદારીવાળી કામગીરી એ શાખા પાસે હતી. લગભગ છ વર્ષથી એ સંભાળનાર કલાર્ક સામે જિલ્લાના આચાર્યો - સંચાલકોમાં અસંતોષ હતો એવું આડકતરી રીતે મારા ધ્યાનમાં આવ્યું, કોઈએ મારી સમક્ષ સીધી ફરિયાદ નહોતી કરી.

ફરિયાદ કરવી એ કદાચ નિરર્થક લાગતું હશે, કારણ કે તેના ગોડફાધર ગાંધીનગરમાં બેઠા હતા. તેનું સ્થાન અચળ છે એમ માની લેવામાં આવ્યું હતું.

મેં વહીવટી શાખાના કલાર્કને બોલાવી, લાંબા સમયથી એક જ જગ્યાએ કામ કરતા કર્મચારીઓની વિગતો મગાવી અને એ બધાની અંદરોઅંદર બદલી માટે સૂચના આપી. સાથે સાથે, કોને બદલીને ક્યાં મૂકવો તે પણ લખાવી દીધું. એમાં, પેલા વિવાદાસ્પદ શખ્સને પગારશાખામાં મૂક્યો. બોટાદ, સોનાગઢ કે ત્રાપજ જેવા દૂરનાં સ્થળે નહીં, ભાવનગર શહેરની જ અન્ય કોઈ સરકારી સંસ્થામાં નહીં. સાચા અર્થમાં આને બદલી કહેવાય જ નહીં, માત્ર કામગીરીની વહેંચણીમાં ફેરફાર. ઓફિસ એની એ જ, બેસવાનો

રૂમ એ જ, બદલાય માત્ર ટેબલ.

સરકારી ઓફિસોના આંતરિક રાજકારણથી અજાણ એવા વાચકને કદાચ આ વિષય ક્ષુલ્લક લાગે, પરંતુ એ નાનકડા વિશ્વ માટે આ બનાવની ગંભીરતા ભયંકર સામુદ્રિક વાવાઝોડા કરતાં ઓછી નહોતી.

જોકે, સરકારી ઓફિસોમાં જ નહીં, સ્કૂલ-કોલેજોના કોમનરૂમમાં પણ લગભગ આવી જ સ્થિતિ હોય છે. અંગ્રેજીમાં તો, સ્કૂલ અને તેનો કોમનરૂમ - ખાબોચિયા જેવડા એ વિશ્વને લઈને ઘણી નવલકથાઓ લખાઈ છે. જેમાંની એક, હ્યુ વોલપોલ (Hugh Walpole)ની 'મિ. પેરિન એન્ડ મિ. ટ્રેઈલ' (Mr. Perinn and Mr. Traill) હું કોલેજમાં ભણ્યો હતો. કોમનરૂમમાં કોણ કઈ ખુરશી પર બેસે તે વર્ષોથી રૂઢ થઈ ગયું હોય, ભૌતિકશાસ્ત્રના નિયમની જેમ અફર. એમાં નાનકડા ફેરફારની કલ્પના માત્રથી દિશાઓ ધ્રૂજી ઊઠે. એવું જ છત્રી અને ખીંટીનું. - હું જે ખીંટી પર છત્રી લટકાવતો હોઉં તેની ઉપર માત્ર મારો જ અધિકાર! અન્ય કોઈ શિક્ષક મારાથી વહેલો પહોંચી, જાણી જોઈને કે ભૂલથી (જાણી જોઈને જ હોય, આવી ગંભીર અને સંવેદનશીલ બાબતમાં ભૂલ થાય જ નહીં) એ પવિત્ર ખીંટીને અભડાવે, તો-

શિશુપાલ દ્વારા ભરી સભામાં શ્રીકૃષ્ણને આપવામાં આવેલી સોમી ગાળને સમકક્ષ આ અપકૃત્ય છે, બધે ઉત્તેજના વ્યાપી જાય.

બે વૃદ્ધ અને પ્રાતઃસ્મરણીય ગુરુજીઓ વચ્ચે, શાળાના મેદાનમાં, શિષ્યગણની હાજરીમાં - ગદાની જગ્યાએ છત્રી - યુદ્ધ થાય, જેમાં અનિવાર્યપણે, વયમાં થોડા નાના અને ઓછું તપોબળ ધરાવતા ગુરુજીનો પરાજય થાય.

ઓફિસની એક ખુરશી પરથી ઉપાડીને દેહને બીજી સુધી લઈ જવાની શક્તિ કેટલાંક ચરણોમાં નથી હોતી.

સૂચના અપાઈ ગઈ. વહીવટી શાખાના કલાર્કે 'સાહેબશ્રીના મૌખિક આદેશ અનુસાર' એવું મથાળું બાંધી નોંધ તૈયાર કરી, સાથે બદલીના આદેશનો મુસદ્દો પણ મૂક્યો.

સામાન્ય રીતે ફાઈલ હેડક્લાર્ક તથા સુપ્રિન્ટેન્ડન્ટ પાસે જાય, એમની સહી થાય, પછી પ્યુન મારફતે અન્ય ફાઈલોની સાથે અધિકારીના ટેબલ પર આવે, પરંતુ આ તો વિશિષ્ટ કિસ્સો હતો. તેથી હેડક્લાર્ક રાવલ અને સુપ્રિન્ટેન્ડન્ટ પંડ્યા ફાઈલરૂપી સાપનો કરંડિયો ઉપાડીને મારી પાસે આવ્યા.

મેં પૂછ્યું, 'શું?'

'આ ફાઈલ.'

ફાઈલ મારી સામે મૂકી તે સાથે અંદરથી ફૂંફાડો સંભળાયો.

'બેસો, પછી વાત કરીએ.'

રાવલ ભાવનગરના સ્થાનિક નાગરિક હતા અને એક જ ઓફિસમાં

દસકાઓથી નોકરી કરેલી, અંદર બહારના બધા પ્રવાહોથી સુપરિચિત, તેથી વાટાઘાટોની જવાબદારી એમણે લીધી.

'આ જે આદેશ છે, સાહેબ, ટ્રાન્સફરનો, ઓફિસમાં રી-શફલિંગનો-'

'તમે જોયો?'

'હા, જી.'

'સહી કરી?'

'સહી તો કરી, પણ-'

'વેરી ગુડ. હવે લાવો, હું સહી કરું.'

બંનેએ એકબીજાની સામે જોયું. થોડો ક્ષોભ, થોડી રમૂજ.

આ બાળક મારગ ભૂલ્યો કે પછી એના વેરીઓએ વળાવિયો?

'આપણે ઓર્ડર કરીશું-'

'કરીશું જ ને!'

બીજો, વધારે ઉગ્ર ફુત્કાર.

'થોડું વિચારી લેવું સારું, સાહેબ.'

'વિચારવાનું શું છે તે તમે મને કહો. કામની ફાળવણીમાં કંઈ સૂચન હોય તો જણાવો.'

'એ તો બરાબર છે.'

'તો પછી?'

'પ્રોબ્લેમ એ છે કે ઓર્ડરનો અમલ નહીં થાય.'

આ વાત મારી સમજમાં ઊતરી નહીં. કારકુનોની બદલીનો હુકમ ઓફિસનો વડો કરે, છતાં એનો અમલ ન થાય?

મેં પૂછ્યું, 'એટલી સત્તા આપણી પાસે નથી? કોઈ નિયમો નડે છે?'

નિયમો નહીં, માણસ નડે.

'ત્રિવેદીસાહેબના કાને વાત નાખી હોય, ઓર્ડર ઇસ્યૂ કરતાં પહેલાં સહેજ એમની સેન્સ લીધી હોય, તો-'

ત્રિવેદીસાહેબ તે શિક્ષણ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી. આ પ્રકરણનો નાયક એમનો સગો ભત્રીજો હતો. આવડા મોટા સત્યથી હું અજાણ નહોતો. ભત્રીજાએ પોતે, પવિત્ર ગાય તરીકેના પોતાના વિશિષ્ટ દરજ્જાની જાણ મને, શરૂઆતમાં જ, નમ્રતાપૂર્વક કરી હતી.

આ જ કારણે, આટલાં વર્ષથી એની બદલી થઈ નહોતી. મારી અગાઉના અધિકારીઓ પીઢ હતા, અનુભવી અને ઘડાયેલા, જ્યારે હું તો સાવ કાચો. મારે બધું એકડેએકથી શીખવાનું. બિન-અનુભવી હોવાના ગેરલાભ અગણિત હશે, પણ આ એક ફાયદોઃ અન્યોના ડહાપણનો લાભ લીધા વગર, પોતાને ઠીક લાગે તે કરી શકાય.

'આપણી ઓફિસના આંતરિક વહીવટમાં બહારની વ્યક્તિને શા માટે પૂછવું જોઈએ?'

'આમાં થશે એવું, સાહેબ, કે આપણે ઓર્ડર ઇસ્યૂ કરીશું અને ભલું હશે તો આજે રાત્રે જ આપની ઉપર કાકાનો ફોન આવશે.'

કંઈ પણ, બોલ્યા વગર મેં ફાઈલ લીધી અને સહી કરી, જાઓ, આ ઇસ્યૂ કરો.'

* * *

અપેક્ષા પ્રમાણે જ થયું, રાત્રે મારે

ઘેર પૂજ્ય કાકાનો ફોન આવ્યો.

ક્ષેમકુશળના સમાચાર પુછાયા. ભાવનગરમાં ફાવી ગયું? રહેવાનું ક્યાં રાખ્યું- 'શિશુવિહાર?' લો, એ તો બહુ સારો એરિયા છે! ઓફિસથી તો વોકિંગ ડિસ્ટન્સ.

સદ્‌ભાવની સઘન હવા બંધાઈ.

હું વડીલનો આભાર માની, ગુડનાઈટ કરી, રિસીવર મૂકવા જતો હતો ત્યાં, અચાનક યાદ આવ્યું હોય એમ,

'અરે હા, તમને એક પૂછવાનું હતું.'

'હા, જી?'

'હમણાં કંઈ... બદલીઓ કરી?'

'હા, જી.'

'...મારો ભત્રીજો છે તે જાણો છો?'

'જાણું છું ને! ખૂબ ડાહ્યો અને વિવેકી છોકરો છે.'

'તો પછી... એને કેમ... ડિસ્ટર્બ કરવો પડ્યો?'

'એની એકલાની નહીં, લાંબા સમયથી એક શાખામાં કામ કરતા બધાની બદલી કરી છે. અને, પગારશાખામાં એનો જેવા જવાબદાર અને ચોકસાઈવાળા માણસની જરૂર હતી.'

મૌન.

'એની સામે... કંઈ ફરિયાદ જેવું નથી ને?'

'ના રે!'

'આ તો મને એમ કે-'

'ના ના.'

મૌન. ઊંડો શ્વાસ.

'સારું, તો, તમને સોંપ્યો છે. એને સાચવજો.'

કાકાના પક્ષમાં કહેવું જોઈએ કે જે બન્યું તે એમને ગમ્યું નહીં હોય, પરંતુ આ પ્રસંગ પછી પણ એમનો મારી સાથેનો વ્યવહાર સૌજન્યશીલ રહ્યો. આ બાબતનો ડંખ રાખ્યો હોય એવું મને ક્યારેય લાગ્યું નહીં.

* * *

આ લખનાર પોતાની બહાદુરીનું ગાણું ગાઈ રહ્યો છે, નાગદમનનો ઉલ્લેખ કરી આડકતરી રીતે પોતાના મસ્તકની આજુબાજુ તેજનું વર્તુળ ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યો છે એવું લાગતું હોય તો સુજ્ઞ વાચકને વિનંતી કે અભિપ્રાય બાંધવામાં ઉતાવળ ન કરે.

પુરાણકથાઓ આજના યુગમાં મારા-તમારા જેવા સામાન્ય મનુષ્યોના જીવનમાં પણ ભજવાઈ શકે છે તે સાચું, પરંતુ એમાં પુનરાવર્તન નથી હોતું, મૂળની બેઠી નકલ નથી હોતી. દરેક નવા અવતારે એ નવલું રૂપ ધારણ કરે છે.

એ નટખટ હોય છે, રમતિયાળ હોય છે. ભાવકની સાથે જ નહીં, પાત્રો સાથે પણ રમત કરે છે.

બાલકૃષ્ણનો વિજય થયો હતો, આધુનિક આવૃત્તિમાં અંતે શું બન્યું, જયજયકાર થયો તો કોનો થયો, તે જાણવા માટે થોડી ધીરજ રાખવી પડશે.

[ક્રમશઃ]

પડછાયાના ટુકડા

☐ અજય સોની



મધુકાંતની ચાલની ઢબ એજ હતી જે વરસોથી આ રસ્તે ચાલતા હોય છે. એજ રસ્તો, એજ ચાલનાર, એજ સાંજનો સમય, થાકેલું અજવાળું, આછો ઘોંઘાટ, ઘસાઈને દૂર સરી જતા લોકો, તળાવપાળીની સામાન્ય ભીડ અને મધુકાંતની ચશ્માંની અંદર પુરાઈ ગયેલી આંખોમાં ન સમાઈ શકતાં દશ્યો. નીચી નજરે ચાલ્યા જતા મધુકાંત અવાજો અને દશ્યોને નોંધી રહ્યા હતા. ઘોંઘાટમાંથી ચોક્કસ અવાજોને છૂટા પાડી એના પર મંથન કરવાની જૂની ટેવ એમને ખાસ્સી ફળી હતી. એ કારણે જ તો લાંબો રસ્તો એમને દરરોજ ટૂંકો લાગતો. ઝભ્ભા અને બગલથેલાની લંબાઈ સરખી જ હતી. ઝભ્ભાના રંગ બદલ્યા કરતા, જ્યારે બગલથેલો વરસોથી એ જ હતો. રંગ આછો થઈ ગયો હતો પણ દરેક રંગના ઝભ્ભા સાથે સરળતાથી મેચિંગ થઈ જતું. ખભે ભરાવેલા બગલથેલામાં ક્લાયન્ટના જીવનવીમાના કાગળો હતા. જેનો ભાર હવે મધુકાંતથી ઉઠાવી શકાતો નહોતો. તેમ છતાં ફરિયાદ કરતા ન હતા. કોનું પ્રિમિયમ આવ્યું, કોનું બાકી છે, કોની ડ્યુ ડેટ ગઈ, કોના પૈસા મેચ્યોરિટી પર પાકે છે અને કોના વારસદારો અધીરા થઈને આવે છે. એ બધું હોંશે હોંશે રજિસ્ટરમાં નોંધતા. એમાં વળી કોઈનું

ડેથ સર્ટિફિકેટ અટેચ કરવાનું થાય ત્યારે સર્ટિફિકેટમાંનું નામ મનોમન યાદ કરી જૂએ. એમને રોજ એવો વિચાર આવતો કે મારે બધાંને જીવાડવા છે. જાણે પોતે જ ભગવાન હોય એમ એકલા એકલા વિચાર્યા કરતા.

પગથિયાં ઊતરતાં મધુકાંતને થયું જાણે રેલિંગનો પડછાયો પાછળથી આવીને એમના પગ પાસે બેસી ગયો છે. ધીમે ધીમે પગથિયાં ઊતરતાં પગ અટકી ગયા. એકમેકમાં ભળી ગયા હોય એમ જોઈ રહ્યા. ચશ્માં સરખાં કર્યાં અને ઊભા રહી ગયા. પાછળથી આવતા લોકો ઝડપથી આગળ વધી ગયા. મધુકાંત રેલિંગને એક હાથે સજ્જડ પકડીને ત્યાં જ ઊભા રહ્યા. લોકોના ઝડપથી ચાલતા પગ એમને બેચેન કરતા હતા. જાણે હિંમત રહી ન હોય એમ પોતાના પગને તાકતા ઊભા રહ્યા. ભ્રમ હતો કે શું? મનોમન નક્કી કરવા લાગ્યા. પછી મનને મનાવ્યું અને આજુબાજુ નજર ફેરવી લીધી. હજુ સાંજનો તડકો હતો. કદાચ પડછાયામાં પગ આવી ગયો હશે. પણ સૂરજ તો છેક પાછળ ડૂબે છે ને સીડી તો નીચે ઊતરે છે. અહીં ચડતા પહોરનો પડછાયો આવે આ ટાણે ક્યાંથી આવે? આ જગ્યાએથી તો રોજ ચાલવાનું થાય છે. મધુકાંત મૂંઝાઈને ઊભા રહી ગયા. સરકીને ઢળી ગયેલો બગલથેલાનો પટ્ટો ફરી ખભે ચડાવ્યો અને આંખો મીંચી દીધી. ફિલ્મનું દૃશ્ય ચાલતું હોય એમ જોઈ રહ્યા. હવે એ દૃશ્યમાં પોતાને પ્રવેશવાનું હતું. થેલામાં હાથ નાખી પહેલો જ કાગળ કાઢ્યો. આજે મહેતાજી પાસે જવાનું હતું. એમનાં પત્નીના વીમાની રકમ પાકે છે અને નવો પ્લાન શરૂ કરવાનું કહેતા હતા.

એક આછેરું સ્મિત એમના ચહેરા પર આવ્યું. ઘડીક પગ પાસે આવી પડેલા પડછાયાને ભૂલીને વીમાની રકમ અને ક્લાયન્ટમાં જીવ પરોવ્યો. એમાંને એમાં પગ ક્યારે ઊપડ્યા અને ચાલવા લાગ્યા એ સમજાયું નહીં. સડસડાટ પગથિયાં ઊતરીને મુખ્ય રસ્તા પરની ફૂટપાથ પર આવી ગયા. ત્યાં ફરી પગ અટકી ગયા. આ વખતે તો જાણે પેલો પડછાયો રીતસરનો પગને જકડીને ઊભો રહી ગયો હોય એવું લાગ્યું. પગ અટકી ગયા એ સાથે જ મધુકાંત પણ ચોંકીને ઊભા રહી ગયા. આ શું? પડછાયાનો એક ટુકડો આ વખતે તો રીતસરનો જોયો. લાંબો અને કાળા રંગના કાચ જેવો ટુકડો બે પગ વચ્ચે આવીને પડ્યો હતો. જાણે હવામાંથી આવીને સીધો નીચે પડ્યો. પાસેના વૃક્ષની ટોચે જોયું પણ તડકો વિદાય લઈ ગયો હતો. નાઈટલેમ્પ હજુ ચાલુ નહોતા થયા. તો પછી આ પડછાયો ક્યાંથી આવ્યો? મધુકાંત જડ થઈને અટકી ગયા. બે-ત્રણવાર આંખો મીંચીને ફરી ખોલી

જોઈ. આમતેમ ડોક ફેરવીને ખાતરી કરી લીધી કે રોજનો પરિચિત રસ્તો જ છે ને? બધું રોજની ગતિમાં ચાલતું હતું. તોય આગળ વધી શકાતું ન હતું. સામેની દુકાનનું એડવર્ટાઈઝમેન્ટનું બોર્ડ લાઈટ થતાં ચાલુ થયું અને મધુકાંતની આંખમાં એકાએક પ્રકાશ પડતાં જાણે અંધારું છવાઈ ગયું.

ફૂટપાથના છેડે ઊભેલા મધુકાંત જાણે વર્તમાનથી કપાઈ ગયા છે અને એમની ફરતે કશુંક વીંટળાઈ વળ્યું છે. ના, એ કાંય રોજ મુજબની હવા નથી કે નથી ચિરપરિચિત દશ્યો. એ તો કાંઈક બીજું જ છે. એ શું છે એ જાણવા મધુકાંત આમતેમ હાથ વીંઝે છે પણ એ નથી હલતું કે નથી મધુકાંતને કશે હલવા દેતું. મધુકાંત જ્યાં છે ત્યાં જ ઊભા છે. એ બધાને જોઈ શકે છે પણ એમને કોઈ જોઈ શકતું ન હોય એમ બધા ઉતાવળા થતાં, એમને હડસેલીને ચાલ્યા જાય છે. મધુકાંત બીજું કરે પણ શું? આ પડછાયો જે હમણાં સુધી પગ પાસે પડ્યો હતો એ આખા શરીરમાં ફરી વળ્યો અને આસપાસ એક વર્તુળ બનાવી નાખ્યું છે. હવે એમાં બીજું કાંઈ દેખાતું જ નથી. આજે ઉતાવળ છે. મહેતાજીને ત્યાં જવું છે, એમને નવો પ્લાન સમજાવવો છે. એ તો વરસો જૂના ક્લાયન્ટ છે. જ્યારે એમનાં લગ્ન થયાં ત્યારે પણ મધુકાંત એમના જમણવારમાં ગયેલા. ત્યારથી લઈને આજે જ્યારે મહેતાજી પાંસઠે પહોંચવા આવ્યા ત્યાં સુધીમાં એમના પરિવારના કેટકેટલા વીમા ઉતરાવ્યા. મહેતાજીનો વિશ્વાસ એટલો બધો કે મધુકાંતને કોઈ દિવસ કાંઈ ન પૂછે. ધીકતી પેઢી, એટલે બચત થાય એમ સમજીને પણ એમણે વધુ વીમા કરાવેલા. મધુકાંત પણ હાથના ચોખ્ખા અને વ્યવહારુ એટલે જ્યારે પણ મહેતાજીના ઘરે જાય ત્યારે એમનાં પત્ની શરબત પિવડાવે. રાત થવા આવી હોય તો નાસ્તો પણ કરાવે. મધુકાંત ઊભા થતાં થતાં વિવેક કરે કે "મારે ઘરે જવા મોડું થશે. ફરી ક્યારેક." ત્યાં વળી મહેતાજીનાં પત્ની હસતાં હસતાં કહે, "તમારે વળી શાની ઉતાવળ? ઘરે ક્યાં કોઈ રાહ જુએ છે. બેસો નિરાંતે. નાસ્તો કરીને જ જજો" અને મધુકાંત અસમંજસમાં બેસી જતા. હાથ યંત્રવત કામ કરતા. નાસ્તો ભાવે એવો હોવા છતાં માંડ ગળેથી નીચે ઊતરતો.

"ઓ કાકા, જરા આઘા ઊભા રહો ને! ક્યાંક ધક્કો વાગશેને તો સીધા હોસ્પિટલ ભેગા થઈ જશો. આ કાંઈ ઊભા રહેવાની જગ્યા છે?"

મધુકાંત બે પગ સંકોરીને ઊભા હતા. આગળ વધવાનું મન થતું હતું પણ પગ ઊપડતાં ન હતા. ઊપડે પણ ક્યાંથી? કાંઈ સમજાતું ન હતું. સાંજ ટાણે પડછાયો હોય જ ક્યાંથી? ચશ્માં ઉતારી બરોબર સાફ કર્યાં. પહેલાં પણ એકવાર આવું જ થયેલું. જ્યાં જુઓ

ત્યાં કુંડાળાં કુંડાળાં દેખાતાં હતાં. ત્યારે પણ મધુકાંતને કાંઈ સમજાયું નહોતું. અઠવાડિયું આમને આમ ચાલ્યું ત્યારે કોઈએ આંખના ડોક્ટરને બતાવવાનું કહેલું. અઠવાડિયા સુધી જાતજાતના વિચારો કરીને મૂંઝાતા રહેલા મધુકાંતને અંતે જાણ થઈ કે આંખે મોતિયો આવ્યો છે. ત્યારે મધુકાંતને પોતાની જાત પર જ હસવું આવેલું.

મનોમન ગણતરી કરી જોઈ. અહીં પાસે તો કોઈ આંખની હોસ્પિટલ નથી. બીજી જગ્યાએ જતાં અડધા કલાકથી વધુ સમય થઈ જાય. પછી તો ઓપીડીનો સમય ચાલ્યો જાય. નકારમાં માથું ધુણાવતાં મધુકાંત ફરી બેધ્યાન બનીને આગળ વધ્યા. આજે ઉપરી અધિકારી સાથે વાત થઈ ત્યારે સહેજે મધુકાંતને થઈ આવ્યું હતું કે રિટાયર્ડમેન્ટ પહેલાં નવો પગાર ગ્રેડ લાગી જાય તો કેવું સારું. ને મધુકાંતે બોસને પૂછ્યું ત્યારે એમણે જ પ્રશ્ન કર્યો.

"તમને કેટલાં વરસ થયાં?"

મધુકાંત મનમાં જ ગણગણ્યા. તોય સામે બેઠેલી વ્યક્તિએ એ સ્પષ્ટ સાંભળી લીધું.

"તમને જે પી.એફ. મળશે એનું વ્યાજ ખાતાં પણ તમારે વધશે. શું કરવું છે આટલા પૈસા લઈને. અંતે કોને આપશો?"

મધુકાંત ગમ ખાઈ ગયા. આમ તો આ પ્રશ્ન વ્યક્તિગત હતો. તેને નોકરી કે પી.એફ. સાથે સીધો કોઈ સંબંધ ન હતો. મળવાપાત્ર રકમ અંગે કોઈ કાંઈ પણ ન કહી શકે. પણ મધુકાંત ગુસ્સે થવાના બદલે ગમગીન થઈ ગયા. કેમ કે એમના કાનમાં રેડાયેલા શબ્દો સાચા હતા. શું કરવું છે પૈસાનું? એક જણને કેટલું જોઈએ?

પોતાની મસ્તીમાં ચાલ્યા જતા મધુકાંત ચાર રસ્તા પાસે અટકે એ પહેલાં જ કોફીશોપ પાસે અટકી ગયા. કારને એકાએક બ્રેક વાગે અને ચારેય ટાયર એકીસાથે રસ્તા સાથે ચોંટી જાય એમ મધુકાંતના પગ ફૂટપાથ સાથે ચોંટી ગયા. જાણે કોઈએ એમને સ્ટેચ્યુ કહ્યું હોય એમ આંખો પણ સ્થિર થઈ ગઈ. નીચે જોવાની હિંમત ચાલતી ન હતી. જાણે ફરી પેલો પડછાયો એમના પગને રંજાડવા આવી ગયો હોય એવું લાગતું હતું. તેમ છતાં એમણે હિંમત કેળવીને નીચે જોયું. ઘસાઈ ગયેલાં સેન્ડલ અને રસ્તાની ધૂળથી ખરડાયેલી પગની આંગળીઓ પર વધી ગયેલા નખ દેખાતા હતા. આ રવિવારે નખ કાપવા પડશે, અને નવા સેન્ડલ પણ લેવાં પડશે. ક્લાયન્ટને પ્લાન સમજાવતી વખતે જે ઉત્સાહ એમને થતો એ ઉત્સાહ ફોર્મ ભરતી વખતે ક્લાયન્ટ માની ગયા હોવા છતાં ટકતો નહીં. ફોર્મમાં આવતું વારસદારનું ખાલી બોક્ષ મધુકાંતને ડરાવતું. એમાં પેનથી કાંઈ

પણ લખતાં એમનો હાથ ધ્રૂજતો.

સિગ્નલ ગ્રીન થયું અને એકીસાથે બધાં વાહનો છૂટ્યાં. બધાંને ઘર બોલાવતું હતું. પાછળથી આવતા લોકો પણ મધુકાંતને અડકીને પસાર થઈ જતા હતા. કોઈ વળી ઉતાવળમાં ધક્કો પણ મારતું હતું. પણ મધુકાંત ત્યાં જ સ્થિર હતા. આકાશ તરફ નજર કરતાં એમની અંદર જુદું જ ચક્કર શરૂ થવા લાગ્યું. હવે તો રાત પડવા આવી. હમણાં ચારેબાજુ લાઈટો શરૂ થશે. જાતજાતના પડછાયાઓ એકબીજાને ઘેરી વળશે. ફૂટપાથ પર અવનવા આકારો રચાશે અને બધા લોકો એ પડછાયાઓને કચડીને કે પછી પોતાની અંદર સમાવીને પોતાની મસ્તીમાં ચાલ્યા કરશે. રોજ પોતે પણ આમ જ કરતા આવ્યા છે. ઓફિસેથી ચાલતાં ઘરે પહોંચે ત્યાં સુધીમાં લગભગ અંધારું થઈ ગયું હોય. બિલ્ડિંગના વોચમેનને રોજ પૂછે કે કોઈ આવ્યું તો ન હતું ને ઘરે? ને રોજ હસીને ચાલીસે પહોંચેલો વોચમેન જવાબ આપે. ''સાલુ, અમારી પૂછા કરવા હજુ કોઈ નથી આવ્યું. તમારું તો કોણ પૂછે. હવે ભગવાનને ભજો કાકા.” વોચમેનનું હાસ્ય ગંદું થતું જાય અને ચહેરા પરના ભાવો પણ. મધુકાંત અવગણીને ચાલ્યા જાય. જતી વખતે નક્કી કરે કે આનાથી દૂર રહેવું, ફરી ક્યારેય ન પૂછવું. તેમ છતાં ફરી બીજા દિવસે સાંજે ઘરે આવતાં જ એ સવાલ એમની જીભે આવી જાય.

દુકાનનાં બોર્ડ, જાહેરાતનાં હોર્ડિંગ્સ, વાહનોની હેડ-બેક લાઈટો, સિગ્નલની લાઈટો. એકીસાથે કેટલી બધી લાઈટો શરૂ થઈ ગઈ હતી. મધુકાંતે ફરી ઉપર જોયું. અંધારું જાણે સીધું એમના માથા પર પડતું હોય એવું લાગતું હતું. ચારેબાજુ શરૂ થઈ ગયેલી લાઈટો પોતાને ઘેરી વળે એ પહેલાં જ મધુકાંતના પગ રોજ કરતાં જુદી દિશામાં વળી ગયા. ના, એ કોઈનું ઘર ન હતું કે ન તો રેસ્તોરાં હતી. એ તો બાગ હતો. ભરચક જગ્યાએ, ભીડ વચ્ચે પણ પોતાનું અસ્તિત્વ ટકાવીને બેઠેલો બાગ. બહારથી નાનકડી જગ્યા લાગે પણ અંદર જતાં નવું જ વિશ્વ ખૂલે. આવા ભરચક એરિયામાં બાગ હોય એજ નવાઈની વાત હતી. જો કે બાગમાં આવનારા માટેભાગે વૃદ્ધો જ હતા. મધુકાંત રોજ તો નહીં પણ મહિને દહાડે એકાદવાર આવતા. એટલે કે એ પોતે ન જતા પણ એમના પગ એ તરફ વળી જતા. એમની નક્કી કરેલી બેંચ પર જઈને બેસતા. ઊંચાં વૃક્ષો, લાઈટના થાંભલા, વોકિંગ ટ્રેક, થોડા હીંચકા, જે ખાલી જ રહેતા, એ બધું જોયા કરતા. આસપાસના થોડા વૃદ્ધો કદાચ રોજ આવતા હશે. મધુકાંત મોડી સાંજ સુધી બેસી રહેતા. પછી કોઈ ઉઠાડી રહ્યું હોય એવું લાગતાં ઘર તરફ પગ ઉપાડતા.

બાગનો ગેટ વટાવી અંદર આવ્યા એ સાથે જ માથે ઝળૂંબતી મરક્યુરી લાઈટનો પ્રકાશ એમના પર પડ્યો અને મધુકાંત નખશીખ ધ્રૂજી ગયા. પડછાયાના સેંકડો ટુકડા એકસામટા એમની ઉપર પડ્યા હોય એમ માથે જોઈને કપડાં ખંખેરવા લાગ્યા. તોય કશું નીચે ન પડ્યું એટલે ઉતાવળી ચાલે વોકિંગટ્રેક પર ચાલવા લાગ્યા. પાંચ-સાત લોકો છૂટાછવાયા બેઠા હતા. મધુકાંતે પોતાની નિશ્ચિત બેંચ તરફ નિરાંતે નજર કરી. એ જાણતા જ હતા કે ત્યાં આમેય કોઈ નથી બેસતું. કાગળો તો એજ હતા, તોય બગલથેલાનું વજન વધી ગયું હોય એવું કેમ લાગે છે? ખભો કળતો હતો. હાથ આગળ-પાછળ કરી જોયો પણ કશી રાહત જણાતી ન હતી. એમને સમજાયું નહીં કે એકાએક હાથ અને ખભો કેમ દુ:ખવા લાગ્યા. એ ઝડપથી બેંચ પર જઈને બેસી ગયા. બગલથેલાનો લગભગ ઘા કરતા હોય એમ પાસે મૂક્યો. પછી નિરાંતનો શ્વાસ લેવા ગયા અને આંખો બંધ થઈ ગઈ. શરીર ઢીલું પડી ગયું. બાકી પ્રિમિયમ, સેટ કરેલો ટાર્ગેટ અને મેચ્યોરિટીનું લિસ્ટ એમની આંખ સામે ફરતું હતું. બંધ આંખે જ પાસેના થેલાને અડકી લીધું. રાહત થઈ એ સાથે જ વિચાર આવ્યો કે હમણાં કળવા આવેલો ખભો કેમ એકાએક મટી ગયો? શાનો ભાર ખડકાયો હતો આ ખભા પર?

આંખો ખોલી તો પગના આગળના ભાગમાં એજ પડછાયાના ટુકડાને જોયો. જે સળવળતો પગ પર ચડવા જતો હતો. મધુકાંત ડર્યા વિના ધારીને જોઈ રહ્યા. કોઈ આકાર સ્પષ્ટ થતો ન હતો. ધારીને જોતાં એવું લાગ્યું કે ત્યાં કશું છે કે નહીં. બીજે નજર કરતાં એમ થતું હતું કે પડછાયો છે જ. પગ આઘાપાછા કરી જોયા. પડછાયો પણ એમની સાથે આગળ-પાછળ થતો હતો. ક્યારનો સતાવી રહેલો પડછાયો સાથે ને સાથે જ આવી રહ્યો હતો. મધુકાંતને હવે નક્કી થઈ ગયું કે આ એજ પડછાયો છે જે ઓફિસેથી નીકળ્યા ત્યારથી પાછળ પાછળ આવી રહ્યો છે. મધુકાંતે ડર્યા વિના વિચાર્યું કે હવે આનાથી પીછો કેમ છોડાવવો.

બંને હાથ હવામાં ફેલાવી ઊર્જા મેળવતા હોય એમ ઊંડો શ્વાસ લઈને છોડ્યો. પગ સંકોરીને ઉપર લઈ લીધા તો નીચે કાંઈ ન હતું. પડછાયો તો ક્યાંક ચાલ્યો ગયો હતો. મધુકાંતને ફરી નિરાંત થઈ. હમણાં જે સમયનો એક ટુકડો વીત્યો એ સાચે જ વીત્યો હતો કે પછી સ્વપ્ન હતું એ નક્કી કરવું મુશ્કેલ હતું. એક જ પ્રકારના દિવસો અને દૃશ્યોનાં કારણે મધુકાંત ક્યારેક મૂંઝાઈ જતા કે વીતી ગયો એ દિવસ હતો કે કોઈ સ્વપ્ન. સમયનું અસ્તિત્વ ક્યારેક અસમય જેવું લાગતું. મધુકાંતે સામે જોયું. હીંચકો સ્થિર હતો. ના,

હવામાં પણ એ લગીરે નહોતો ઝૂલતો અને લપસણી પર કોઈ ન હતું. નીચેની ધૂળ પર પવનના નખ નહોતા પડ્યા. આસોપાલવ અને ગુલમહોર ડોલવાનું ભૂલી ગયા હતા. વૉકિંગ ટ્રેક પરના પથ્થરો સ્પર્શ ભૂલી ગયા હતા અને ઘાસનો નાનકડો ટુકડો કોઈના સ્પર્શની રાહ જોઈ રહ્યો હતો. સમય એમ જ વહી રહ્યો હતો અને મધુકાંત ફક્ત જોઈ રહ્યા હતા. નજીકથી જોઈ હોય એવી કોઈ ઘટના નથી ઘટી. પોતાના જ વીમાનું પ્રિમિયમ ભરતાં મધુકાંત હવે નવા પ્લાનમાં ઇન્વેસ્ટ નથી કરી શકતા અને પાછલા વીમાની મેચ્યોરિટી રકમને વાપરતાં એમને અજુગતું લાગે છે. જાણે એ રકમ પર કોઈ ખાલી ખાનાવાળાનો હક હોય. લોનથી લીધેલા ફ્લેટના ઇન્સ્ટોલમેન્ટ પણ વરસો પહેલાં પૂરાં થઈ ગયાં. હવે તો ફ્લેટમાં પણ સડો લાગ્યો છે. લાકડાંમાં ઉધઈ થઈ છે અને ક્યાંક ક્યાંક દીવાલોમાં તિરાડ પડી ગઈ છે. મૂળ બિલ્ડિંગ જ નબળું પડી ગયું છે. નાનકડી બારીમાંથી દેખાતું શહેર અને લાઈટોને જોઈ જોઈને થાકેલા મધુકાંત પોતાના ફ્લેટમાં નજર નથી ફેરવી શકતા. અંદર સખત અંધારું છે અને એમને અંધારામાં કશું નથી દેખાતું. આમતેમ અથડાય છે. પોતાનું જ ઘર છે પણ ક્યાં જવું એ નથી સમજાતું. ઘડીક સોફા સાથે પગ અથડાય તો વળી ઘડીક ફ્લાવરવાઝ પગની ઠેસે ચડે. બહારથી અવાજો આવ્યા કરે છે અને મધુકાંત આમતેમ ભાગ્યા કરે છે.

એકાએક ફાળ પડી હોય એમ મધુકાંત ઊભા થઈ ગયા. એકસાથે નાઈટલેમ્પની પીળી લાઈટો શરૂ થઈ ગઈ હતી. બાગના સામા છેડે જોયું, પછી આજુબાજુ જોયું. ચારેબાજુ પીળાશ ફેંકતા અજવાળા સિવાય કાંઈ દેખાતું ન હતું. મધુકાંતને થયું કે પોતે પીળા અજવાળાની કેદમાં આવી ગયા છે. પરસેવાના રેલા કપાળ પરથી સરકીને ચશ્માંના કાચ પર આવ્યા અને નજર ભોંય પર ઢળી પડી. એકસાથે કેટલાય પડછાયાના ટુકડા એમના પગ પાસે આવીને પડ્યા. ના, એ સ્થિર ન હતા. એ તો એમની તરફ આવી રહ્યા હતા. એક ટુકડો એમના પગ ઉપર આવી ચડ્યો. પછી એ બીજા ટુકડાને ખેંચી રહ્યો હતો. સતત આકાર બદલતા એ ટુકડાઓ મધુકાંતના પગને ઘેરી વળ્યા હતા. મધુકાંત પગ હલાવી શકતા ન હતા. હાંફતા શ્વાસો એકમેકમાં ભળી ગયા હતા. ઝાંખા થતાં ચશ્માંના કાચ પાછળનાં દૃશ્યોના કારણે મધુકાંતને થયું જાણે ચારેબાજુ પડછાયાઓ ઊગી રહ્યા છે. લાઈટના થાંભલામાંથી પડછાયાના ટુકડા ફેંકાઈ રહ્યા છે અને એ બધા જ એમની તરફ આવી રહ્યા છે. હાથ-પગ નથી તેમ છતાં સરકતાં સરકતાં પડછાયાનાં ધાડેધાડાં એમની તરફ

આવી રહ્યાં છે. મધુકાંત ડરના માર્યા કાંઈ સમજી નથી શકતા કે આ શું થઈ રહ્યું છે. આવું પહેલાં તો ક્યારેય નથી થયું. પડછાયાએ બાંધી રાખેલા પગ છોડાવી મધુકાંત વૉકિંગટ્રેક પર દોડવા લાગ્યા. એક પછી એક લાઈટના થાંભલા વટાવતા ગયા. બધા થાંભલામાંથી પડછાયાના ટુકડા એમના શરીર પર ફેંકાતા જતા હતા અને કીડીઓ ચડી હોય એમ મધુકાંત હાંફળાફાંફળા થતાં દોડ્યે જતા હતા. નાના નાના પડછાયાના ટુકડાઓ મોટા થઈને મધુકાંતના શરીરને પોતાનામાં સમાવી લેવા મથતા હોય એવું લાગતું હતું. મધુકાંત પોતાની જ જાતને ઓગળતી, અંધારામાં ભળી જતી અનુભવી રહ્યા. બંધ થતા મગજમાં એક વિચાર ઝબક્યો કે પડછાયા શાના હોય? એ ક્યાંથી પેદા થાય? આ લાઈટનો થાંભલો કદાચ ખસી જાય તો પણ પડછાયા હશે?

મધુકાંતે વૉકિંગટ્રેક પર દોટ લગાવી. એમને પોતાનું ઘર સાંભરી આવ્યું. જ્યાં પુષ્કળ અંધારું છે. બાગના ગેટ પાસે પહોંચ્યા ત્યાં જ એમના પગ અટક્યા. એકાએક યાદ આવ્યું કે બગલથેલો તો બેંચ પર રહી ગયો છે અને એમાં બધાં ક્લાયન્ટના વીમાના કાગળો છે.

મધુકાંતે પાછાં ફરીને જોયું તો અવનવા આકારના પડછાયાના ટુકડાઓએ બગલથેલાને પોતાનામાં સમાવી લીધો હતો.

❑❑❑

સ્ત્રીઓ પોકારે છે : અમારે નોકરી જોઈએ, સમાનતા જોઈએ, કામના સરખા કલાક જોઈએ, સરખો પગાર જોઈએ, સરખું માન જોઈએ, સરખી સત્તા જોઈએ, બહાર ફરવાની છૂટ જોઈએ, પૅન્ટ પહેરવાની છૂટ જોઈએ, પુરુષ કરે તે બધું કરવાની છૂટ જોઈએ, પુરુષ પહોંચે ત્યાં પહોંચવાની છૂટ જોઈએ. પૂરી છૂટ જોઈએ. બધી માગે છે. પણ માગી માગીને એક અગત્યની છૂટ હંમેશાં ભૂલી જાય છે : જાડા થવાની છૂટ. જન્મસિદ્ધ હક છે. કુદરતની ગરજ છે. પાયાની જરૂરિયાત છે. તોય એ ભુલાઈ જાય. એની વાત ન થાય. એની બૂમો નહિ પડે. સ્ત્રીઓની જાડાઈની છૂટ માટે હજી કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઊભી કરવામાં આવી નથી, કોઈ વિશ્વસભા ભરાઈ નથી, કોઈ સાહિત્ય છપાયું નથી. નવાઈની વાત છે, કારણ કે એવું સાહિત્ય, એવી સભાઓ અને એવી સંસ્થાઓ તો સહેજ સહેજમાં ફાટી નીકળે અને ફૂલે અને વિકસે. આ એક અપવાદ છે. કોઈનું ધ્યાન ગયું નથી. કોઈનું એલાન આવ્યું નથી. કોઈનો ધ્વજ ફરક્યો નથી. પાકું કાવતરું છે.

- 'સ્ત્રીમુક્તિની એક વધુ હિલચાલ', ફાધર વાલેસ



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૮

□ ડો. સેજલ સંઘવી

મનુષ્ય જીવનનું સર્વોચ્ચ ધ્યેય છે સ્વ અસ્તિત્વને પામી, અસ્તિત્વના કેન્દ્રમાંથી જીવન પ્રગટ કરવાનું. જે શાશ્વત છે એને દર્શાવવાનું અને ધીમે ધીમે આ શાશ્વતને પામવાનું માર્ગદર્શન આ સમગ્ર લેખ-શૃંખલાનો ઉદ્દેશ્ય છે.

સતત યાદ રાખવાનું છે કે સ્વાસ્થ્ય પામવું એ માત્ર રોગ નિવારણની પ્રક્રિયા

નથી એ સ્વસ્થ થવાની પ્રક્રિયા છે. સ્વસ્થ એટલે કે સ્વમાં સ્થિર હોવું. સ્વસ્થ થવું એ અસ્તિત્વને પામવાનો અને માણવાનો એક માર્ગ છે. શરીર આત્માનું નિવાસસ્થાન છે, જે તે સમયે ચૈતન્યના તે સમયના ઉઘાડને પ્રગટ કરે છે. આ પ્રગટ ઉઘાડને સમજતા જઈ, એના પર જાગૃતિપૂર્વક કાર્ય કરતા જઈ, આ શરીરને પૂર્ણ વિકસિત સ્થિતિમાં લાવી ચૈતન્ય પ્રગટ કરાવવું એ ઉદ્દેશ્ય છે. આ ઉદ્દેશ્યને પામવા માટે આ મનુષ્ય શરીરમાં આપવામાં આવેલ કોષો, એની રચના, શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર વગેરે વિવિધ પ્રક્રિયાઓ, એક પ્રક્રિયાનું બીજી પ્રક્રિયાઓ સાથેનું જોડાણ, આ જોડાણની પાછળ કારણભૂત એવાં તત્ત્વોનાં મૂળભૂત સ્વરૂપ, તેમનાં હેતુ, કાર્ય... વગેરે જાણવાં, સમજવાં, એને પામવાની ક્રિયામાં નિરંતર વિકાસ કરતા જવો આવશ્યક છે. એ માટે અભિમાનનો સતત લય પમાડતાં સ્વ અસ્તિત્વને પ્રગટ થવા દેવું જોઈએ.

અત્યારે સામાન્ય સ્તર પર ચૈતન્ય (સ્વ અસ્તિત્વ) વિષે આપણા માનસપટ પર જે સ્વરૂપ ઘડાય છે તે જે તે વ્યક્તિની પોતાની અધૂરી રહેલી વાસનાના સ્વરૂપે અથવા તો ધારી લીધેલી સમજ-અણસમજના સ્વરૂપમાં હોવાથી મનુષ્ય અથાગ પ્રયત્ન પછી પણ પોતાના કેન્દ્રમાં રહેલા અસ્તિત્વ સુધી પહોંચીને કેન્દ્રમાં લય નથી પામી શકતો.

આ માટે જરૂર છે શાશ્વત સ્વરૂપને જાણવાની અને સમજવાની. મનુષ્ય શરીર પંચ મહાભૂત તત્ત્વોથી બનેલું છે: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આ પાંચેય તત્ત્વો શાશ્વત છે. આ પાંચેયના ગુણધર્મો પણ શાશ્વત છે. કાળની કોઈપણ ઘટના કે ધક્કાથી આ પાંચેય તત્ત્વોએ પોતાના મૂળભૂત ગુણધર્મ બદલ્યા હોય એવું બન્યું નથી. આ પાંચેય તત્ત્વો સમગ્ર સૃષ્ટિમાં સમાન સ્તરે, સમાન ગતિની જીવંતતા પ્રગટ કરી રહ્યાં છે. આ સમાન ગતિની જીવંતતા અને એ પાંચેય તત્ત્વોને જોડી રાખનારી જે અખંડ પરમ સત્તા છે તે ચૈતન્ય છે, એટલે કે અસ્તિત્વનું સ્વ-રૂપ છે.

સમગ્ર સૃષ્ટિમાં જે કાંઈ ઘટી રહ્યું છે તેને જેમ જેમ સમજતા, જાણતા જઈએ તેમ તેમ કારણ સ્વરૂપે, સૂક્ષ્મ સ્વરૂપે અને સ્થૂળ સ્વરૂપે જે કાંઈ ઘટી રહ્યું છે એને સમજી, જાણી શકાય છે. જેમ તેને વધુ ને વધુ જાણી, સમજી શકીએ તેમ તેમ જાગૃતિપૂર્વક સ્વ અસ્તિત્વને પામવા, માણવા પર કાર્ય કરી શકાય છે.

મનુષ્યના શરીરમાં અલગ અલગ પ્રક્રિયાઓ મળીને શરીરનું પૂર્ણ માળખું બને છે. હવે આ પ્રક્રિયાઓ શું કાર્ય કરે છે? કાંઈક ગ્રહણ કરવાની ને કાંઈક ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરે છે. ઉદાહરણ તરીકે રુધિરાભિસરણ (લોહીના પરિભ્રમણ)ની પ્રક્રિયામાં અશુદ્ધ લોહી ગ્રહણ કરવાની અને એમાંથી અશુદ્ધિઓનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ

સતત ચાલતી રહે છે. આ લેવાની અને છોડવાની એટલે કે ગ્રહણ અને ત્યાગની પ્રવૃત્તિ એકબીજા સાથે જોડાયેલી જ છે. કાંઈક ગ્રહણ થાય ત્યારે કાંઈક ત્યાગ થાય એ અનિવાર્ય છે. ખોરાક લેવામાં આનંદ સાથે મળત્યાગની પ્રવૃત્તિ અનિવાર્ય થઈ જાય છે. મળત્યાગ વિના ખોરાક ગ્રહણ કરવાની, એના આનંદને માણવાની અને એના દ્વારા શરીર પુષ્ટ થવાની પ્રક્રિયા સંભવતી નથી. આમ શરીરને પૂર્ણ સ્વસ્થ રાખવા આ બન્ને પ્રક્રિયાઓ એકબીજાની પૂરક સાબિત થાય છે. મળવિસર્જનની ક્રિયા એટલી જ સ્વાભાવિક છે જેટલી કે અન્નને ગ્રહણ કરવાની ક્રિયા. પણ આપણા માનસપટ પર એ અંકિત થઈ ગયું છે કે મળત્યાગની ક્રિયા એટલે અશુદ્ધિની ક્રિયા અને અન્ન ગ્રહણ કરવું એ આનંદની ક્રિયા. આમ વિવેકબુદ્ધિના અભાવે મળત્યાગની વૃત્તિને અલગ દૃષ્ટિકોણથી, નિમ્ન કક્ષાના કાર્ય તરીકે જોઈ રહ્યા છીએ. આવી જ રીતે મનુષ્યની અંદર વિભિન્ન પ્રકારનાં તત્ત્વોમાં વિવેક બુદ્ધિના અભાવે ભેદભાવ સર્જાઈ ગયા છે. જડતા સર્જાઈ ગઈ છે. તે સ્વ અસ્તિત્વને પામવા માટે બાધારૂપ છે. એમાંથી બહાર નીકળીને આ પ્રક્રિયાઓને એના મૂળ સ્વરૂપે આત્મસાત કરવી એ જ ઉદ્દેશ્ય છે.

જેમ અન્ન ગ્રહણ અને મળત્યાગના ભેદને જાણ્યો તેમ જ રાગ, દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધ, લોભ, મોહ આ વૃત્તિઓ પણ સમજવાની જરૂર છે. એને આપણે અનિષ્ટ વૃત્તિઓ તરીકે સમજીએ છીએ. પણ મૂળ સ્વરૂપમાં એ સત્ત્વનો જ ભાગ હોઈ પૂર્ણ પ્રક્રિયાનો અનિવાર્ય અંશ છે. એના પ્રત્યેનો વિપરીત દૃષ્ટિકોણ આ વૃત્તિઓનાં બળની પરિણામશીલતાથી આપણને વંચિત રાખે છે. વિવેકબુદ્ધિના અભાવને કારણે એનું સમ્યક દર્શન પામી શકાતું નથી.

આ આખી વાતનો મૂળભૂત હેતુ એ છે કે આ સર્વ ભેદભાવ વિનાની, અખંડ દૃષ્ટિએ સમગ્રતયા જોવામાં આવે. આગળ જણાવ્યું એ પ્રમાણે મળ એ મનુષ્યના દેહની પૂર્ણ પ્રક્રિયાનો જ ભાગ છે. તેમ જ અંતઃકરણમાં પ્રેમ, કરુણા સાથે અન્ય વૃત્તિઓ ક્રોધ, મોહ એ સહજ ભાવે પડેલી જ હોય છે. ક્રોધ, મોહ વગેરે અનિષ્ટ લાગતી આ વૃત્તિઓને એના મૂળ સ્વરૂપમાં એટલે કે સત્ત્વભાવમાં પરિણમાવતા જવી. એના નિષ્કર્ષ રૂપે જે રસ પ્રગટ થાય છે એ રસ જ્યોતિરૂપ અમૃત છે. અર્થાત જ્યારે આપણે ક્રોધ, લોભ, મોહ વગેરે વૃત્તિઓને જાણી, સમજી જાગૃતિપૂર્વક સત્ત્વભાવમાં પરિણમાવીએ ત્યારે જે અનુભૂતિ થાય, જે અનુભૂતિ રસ અંતઃસ્તરેથી પ્રગટ થાય એને પામવો એ જ્યોતિરૂપ અમૃત છે, સ્વનો પ્રકાશ છે.

આમ ભેદભાવ રહિત, પૂર્ણ પ્રક્રિયાના ભાગ સ્વરૂપે દરેક બાબત મનુષ્ય જોતો અને સ્વીકારતો થાય ત્યારે એને સમજાશે

કે પોતાના સ્થૂળ સ્વરૂપને પામવા, જાણવા અને ભોગવવાથી; સૂક્ષ્મ સ્વરૂપને પામી, જાણી અને ભોગવી શકાય છે. એટલે કે સ્થૂળને અવગણીને સૂક્ષ્મને પામી શકાતું નથી અને સૂક્ષ્મને અવગણીને સ્થૂળ પોતાનું અસ્તિત્વ સાધી શકતું નથી.

સ્થૂળને પામવા, જાણવા, ભોગવવા માટે જે પાંચ જ્ઞાનેન્દ્રિયોની સાથે પાંચ કર્મેન્દ્રિયોની રચના કરવામાં આવી છે. જ્ઞાનેન્દ્રિયો ગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે છે તો કર્મેન્દ્રિયો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરે છે. મનુષ્યે પળેપળ આ રચનાને સંપૂર્ણ સ્વીકારી એની પાછળના ઉદ્દેશ્ય માટે જાગૃત રહેવાની જરૂર છે. તે માટે સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરની અવસ્થાને સમજવી જરૂરી છે.

શારીરિક એટલે કે સ્થૂળ અવસ્થા એટલે શું એ આપણે ઉદાહરણથી સમજીએ. ભૂખ એક અવસ્થા છે. મૂત્રત્યાગ, મળત્યાગ એ પણ એક અવસ્થા છે. આ અવસ્થાઓ સંતોષવા પર આપણો સહજ કાબૂ છે. ભૂખ લાગે ત્યારે અન્ન ગ્રહણ કરવું, મળ કે મૂત્ર ત્યાગની અવસ્થામાં તેમનું યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે વિસર્જન કરવું એના પર આપણો સહજ કાબૂ છે. મળ, મૂત્ર ત્યાગની અવસ્થા થઈ ત્યારે ત્યાં જ વિસર્જન નથી કરી દેતા કારણકે સમય સંજોગ અનુસાર વ્યવસ્થિત જગ્યાએ એના ત્યાગની ક્રિયા કરાય એની સહજ જાગૃતિ આપણા બધામાં હોય છે. ભૂખની અવસ્થામાં આહાર ગ્રહણ કરતી વખતે પણ મનુષ્ય જાગૃતિપૂર્વકનો સહજ વ્યવહાર કરે છે.

આ થયું સ્થૂળ દેહની અવસ્થાઓ અને ક્રિયાઓનું અવલોકન. એનો બોધ. આવી જ રીતે છે સૂક્ષ્મ દેહની અવસ્થાઓનું અવલોકન, નિરીક્ષણ શક્ય છે. સૂક્ષ્મ શરીર હરેક પળે શું અવસ્થા અનુભવે છે, શું સંતોષ માગે છે તેનું સતત જાગૃતિપૂર્વકનું નિરીક્ષણ હોવું જરૂરી છે. જ્યારે આમ થાય ત્યારે સ્થૂળ શરીર અને કારણ શરીર વચ્ચેનો જે આધિદૈવિક (સૂક્ષ્મશરીર) સેતુ છે તેની સાથે સંવાદ રચી શકાય છે. આ સંવાદ દ્વારા જે રીતે સ્થૂળ શરીરના વ્યવહારને ઉચિત રીતે નિયોજિત કરી સ્વસ્થતા પામી શકાય એટલા જ સૂક્ષ્મ શરીરના વ્યવહારોને ઉચિત રીતે પ્રયોજી સ્વસ્થતા પામી શકાય છે. સ્વસ્થતાના સ્તરને પામવા માટે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને શરીરના સતત જાગૃતિપૂર્વકના ઉચિત વ્યવહારો અનિવાર્ય છે.

સૂક્ષ્મ શરીરનાં જાગૃતિપૂર્વકના ઉચિત વ્યવહારને સમજવા એક ઉદાહરણ લઈએ. એમાં આપણે ક્રોધનો દાખલો લઈએ. સ્થૂળ શરીર મળત્યાગ, મૂત્રત્યાગ એટલા માટે રોકી લે છે કેમ કે જે તે સમયે, જ્યાં ત્યાં તે કરી લેવું એ ઉચિત નથી ગણાતું એનો બોધ મનુષ્યને લાધેલો છે. એવી જ રીતે ક્રોધની અવસ્થાનો બોધ હોય તો એનું અવલોકન કરી

એના પર કાબૂ લાવી શકાય છે. સૂક્ષ્મ શરીરના ક્રોધ રૂપી બળને સ્વકલ્યાણ માટે ઉપયોગમાં લઈ શકાય છે. ક્રોધ સમયે ઉત્પન્ન થતા બળને યોગ્ય સમયે, યોગ્ય રીતે વાપરવામાં આવે તો આ બળના ઉપયોગના પરિણામને કલ્યાણ તરફ વાળી શકાય છે. અર્થાત તમે ક્રોધને પ્રદર્શિત કરી રહ્યા છો પણ એના અયોગ્ય ઉપયોગથી થતાં અનિચ્છનીય પરિણામો કલ્યાણમય પરિણામ માટે વાપરી શકાય છે.

આવી જ રીતે સૂક્ષ્મ શરીરમાં થતી ભયરૂપી અવસ્થાને આત્મકલ્યાણ તરફ કઈ રીતે વાપરી શકાય તે જોઈએ. સૌ પ્રથમ ભયનું હોવું સ્વત: જ એ સૂચવે છે કે અસ્તિત્વથી તમે ચલિત છો, ખંડિત છો, સ્વ કેન્દ્રથી દૂર ફંગોળાયેલા છો. આ પાયાનો નિયમ છે કે જો મારામાં ભય છે તો હું અસ્તિત્વથી ચલિત છું. ભયની અવસ્થામાં બળનું એકત્રીકરણ થઈ જાય છે. આ બળના એકત્રીકરણને તમે સૂક્ષ્મ શરીરની અવસ્થાના રૂપમાં જોતાં શીખી જાઓ તો આ ભયના બળને પણ સ્વકલ્યાણના માર્ગે વાળી શકાય છે. આમ આ સૂક્ષ્મ શરીરમાં ઉત્પન્ન થતા બળને અવલોકન દ્વારા, દ્રષ્ટાભાવ કેળવી જોવામાં આવે તો એને કલ્યાણ માર્ગે વાળી શકાય છે. સૂક્ષ્મ શરીરની ક્રોધ, કામ, લોભ, મોહ વગેરે અવસ્થાઓ જો કલ્યાણ માર્ગે ન વળે તો તે વૃત્તિઓ ગ્રંથિ તરીકે સ્થાયી અને જડ થતી જાય છે.

એમ કહેવાયું છે કે સુવર્ણપાત્રથી અમૃતકુંભ ઢંકાયેલો છે એટલે કે મનુષ્યની દૃષ્ટિ પર બાહ્ય વૃત્તિઓનું આવરણ ઢાંકી દેવામાં આવ્યું છે. આ આવરણ પ્રત્યેક સ્વ બળે જ, પોતાનાં સતત જાગૃતિ અને પ્રયત્નોથી જ હટાવી શકે છે. એટલા માટે આ દેહરૂપી અમૃતકુંભમાં વિવેકબુદ્ધિના અભાવથી વૃત્તિઓનું આવરણ જે ચઢાવવામાં આવ્યું છે તેને તેના મૂળભૂત સત્ત્વરૂપે પરિવર્તિત કરીને આ આવરણ હટાવવાનો પુરુષાર્થ કરવાનો છે. નિત્ય, શાશ્વત, અવિનાશી એવા એ અમૃતરસને પળે પળે, ક્ષણે ક્ષણે ભોગવીને મનુષ્ય અમર થઈ જાય છે. ❑❑❑

નૈયાયિક, સમર્થ વકીલની તર્કશક્તિ ધ્રુવસ્વામિની દેવી જેવી ઐતિહાસિક દીપશિખાનું સર્જન કરે છે. પુરાણ, ઇતિહાસ, સમકાલ મુનશીજીના સાંસ્કૃતિક કલ્પાયનમાં ત્રિકાલસંધ્યા જેટલાં નિકટ અને નિત્ય છે. ગાંધીજી અને મુનશીજી વચ્ચે અંતરાય નહોતો પણ ક્યાંક ક્યાંક અવકાશ હતો એ શ્રી અરવિંદ અને સ્વામી વિવેકાનંદ જેવા જ્યોતિર્ધરોનો ઉજાસ પામ્યો. અંતિમ તબક્કે એમાં અવતર્યા શ્રીકૃષ્ણ - પરમ સ્પૃહણીય એવા સકલ સ્થળકાળના ગુરુ શ્રીકૃષ્ણ.

- રઘુવીર ચૌધરી, 'ભારતીય સંસ્કૃતિ : આજના સંદર્ભમાં '

બીરબલ સાહની (ઈ.સ.૧૮૯૧-૧૯૪૯)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ ભારતમાં જીવાશ્મ વિજ્ઞાનના ભીષ્મ પિતામહ પ્રાધ્યાપક બીરબલ સાહનીની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. તેમણે પોતાનું આખુંયે જીવન વનસ્પતિજગતની શોધોમાં અર્પિત કરી દીધું. તેમના મનમાં 'પુરાતન વનસ્પતિ વિજ્ઞાન મંદિર'ની સ્થાપના કરવાની પ્રખર ઇચ્છા હતી. પંડિત જવાહરલાલ નેહરુની મદદથી તેમનું આ સ્વપ્ન પૂર્ણ થયું.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા. તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *'બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું.'* શ્રી. અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડો. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

- શ્રી. હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

ઘણીવાર કોઈ દુર્લભ જીવાશ્મની શોધ ઉત્ક્રાંતિના ઇતિહાસનું અર્થઘટન બદલી શકે છે. ભારતમાં જીવાશ્મ સંશોધનનો પાયો નાખનાર વ્યક્તિ હતા - પ્રાધ્યાપક બીરબલ સાહની. ઘણીવાર માતાપિતાનો પ્રભાવ શૈશવ જીવનમાં બાળકોનું વ્યક્તિત્વ અને વિચારપ્રણાલીને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. યુવા બીરબલ નસીબદાર હતા કે તેમને રુચિરામ સાહની જેવા પ્રેરક પિતા મળ્યા જેઓ પોતે આપબળે આગળ આવેલા વ્યક્તિ હતા. *નવનીત સમર્પણ*ના પાછલા અંકમાં આપણે રુચિરામ સાહની વિષે વાંચી ચૂક્યા છીએ કે તેમણે ભૌતિકવિજ્ઞાનમાં જેમનું મોટું નામ કહી શકાય તેવા રથરફોર્ડ, થોમ્પસન અને બોહર જેવા વૈજ્ઞાનિકો સાથે કામ કર્યું, તેમ જ તે પછી તેમણે Punjab Science Instutute (PSI)માં જોડાઈ વિજ્ઞાનને જનમાનસમાં લોકપ્રિય બનાવવા ઉપર કામ કર્યું. રુચિરામે સાબુના પરપોટા, વિદ્યુત, ચુંબકત્વ અને ટેલિગ્રાફની કાર્યપ્રણાલી ઉપર લોકપ્રિય વ્યાખ્યાનો આપ્યાં. ગ્રામીણ પ્રજા તેમજ જાહેર જનતા મોટી સંખ્યામાં તેમનાં વ્યાખ્યાનોમાં હાજર રહેતી અને ખુશીથી બે આનાની ટિકિટ ખરીદીને તેમનાં વ્યાખ્યાનો દરમિયાનની જાદુઈ રજૂઆતોને માણતી! રુચિરામે તેમના સમયની પ્રગતિવિરોધી રૂઢિઓ સામે અવાજ ઉઠાવ્યો. તેમને વિશ્વાસ હતો કે શિક્ષણ અને વિજ્ઞાનમાં જનસાધારણનો ઉત્કર્ષ કરવા માટેની અદ્‌ભુત ક્ષમતા છે. મોતીલાલ નહેરુ, ગોપાલકૃષ્ણ ગોખલે, સરોજિની નાયડુ અને મદન મોહન માલવીય તેમના લાહોરના ઘરે અવારનવાર મહેમાન બનતાં. બીરબલ સાહનીનો ઉછેર આવા સુશિક્ષિત અને પ્રબુદ્ધ વાતાવરણમાં થયો.

બીરબલ સાહનીનો જન્મ ૧૪ નવેમ્બર ઈ. સ. ૧૮૯૧ના દિવસે શાહપુર જિલ્લાના ભેડા નામના નાના

બીરબલ સાહની

શહેરમાં થયો જે હવે પાકિસ્તાનમાં સ્થિત છે. બાળપણથી જ તેમને સાહસિક કામો કરવાં ગમતાં. ૧૪ વર્ષની ઉંમરે એક દિવસ તેઓ પોતાના નાના ભાઈ અને બહેનને લઈને કરચલા એકઠા કરવાના અભિયાન પર નીકળી પડ્યા. હાથરૂમાલ અને ટીનના ખાલી ડબ્બાઓ જેવાં હથિયારોથી સજ્જ થઈ તેઓ ઊંડા ઢાળવાળી ખીણોમાં ઊતર્યાં, ઊંચી શિલાઓ અને ખડકો પર ચઢ્યાં અને રાત પડ્યા પછી જ ઘરે પાછાં ફર્યાં! પણ તેમના ઉદાર વલણી માતાપિતાએ આને સાહસિક ડગલું ગણી એમને લગીરે ન વઢ્યા. ઘણીવાર બીરબલ તેમના પિતાની સાથે હિમાલયના દૂરવર્તી પ્રદેશોમાં જવા લાંબા પર્વતારોહણ માટે જતા. આ પ્રવાસોમાં તે પોતાની સાથે જોસેફ ડાલ્ટન હુકર્સ દ્વારા લખેલ Flora Indica (ભારતની વનસ્પતિ) નામક પુસ્તક અચૂકપણે સાથે લઈ જતા. પોતાનો મોટાભાગનો સમય તેઓ વિવિધ વનસ્પતિ અને છોડવાઓને ઓળખવામાં ગાળતા. એકવાર લદ્દાખના દુર્ગમ એવા જોજી-લા ઘાટ પરથી પસાર થતી વખતે તેમણે લાલ રંગનો થોડો બરફ એકઠો કર્યો. પછીથી તે સાબિત થયું કે તે બરફમાં રહેતી શેવાળ/લીલની દુર્લભ કહી શકાય તેવી પ્રજાતિ હતી.

બીરબલે શાળાકીય શિક્ષણ લાહોરની મિશન એન્ડ સેન્ટ્રલ સ્કૂલમાંથી પૂરું કર્યું. ઈ. સ. ૧૯૧૧માં તેઓ લાહોરના શાસકીય મહાવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી જ્યાં તેમના પિતા રુચિરામ રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક હતા. તે જ વર્ષે તેઓ ઇંગ્લેન્ડ ગયા અને કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય અંતર્ગત આવતી ઈમૈન્યુએલ મહાવિદ્યાલય (College) માં પ્રવેશ મેળવ્યો. તેમની પાસે કોઈ ભલામણપત્ર ન હતો તેમજ ફક્ત પોતાની લાયકાતને આધારે તેઓ આ પ્રવેશ મેળવી શક્યા. પણ થોડા સમય પછી તેઓ ઘરની યાદમાં ઝૂરવા લાગ્યા અને ઘરે પરત ફરવા માટે તત્પર બન્યા. પણ લંડનમાં ડોક્ટરીનો અભ્યાસ કરતા તેમના મોટાભાઈએ તેમને સમજાવ્યા અને ભણવામાં ધ્યાન આપવા કહ્યું! તે દિવસ પછી બીરબલે કદી પાછું વળીને ન જોયું અને ઈ. સ. ૧૯૧૪માં કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી મેળવી. તે જ સમયમાં રુચિરામ માંચેસ્ટર ખાતે રથરફોર્ડની પ્રયોગશાળામાં કામ કરતા હતા. રજાઓ દરમિયાન

યુવા બીરબલ પોતાના પિતાને છબીઓ લેવામાં મદદ કરતા! જવાહરલાલ નહેરુ કેમ્બ્રિજમાં તેમના સહાધ્યાયી હતા. તે બંનેને જીવાશ્મવિજ્ઞાન માટે પ્રેમ હતો. બીરબલ અને નહેરુની મિત્રતા આજીવન ટકી રહી.

બીરબલનાં શોધકાર્યોની પરાકાષ્ઠા જે.સી.વિલિસ સાથે મળીને લખેલ પુસ્તક Lasvon's Textbook of Botonyના પ્રકાશન રૂપે આવી. જીવાશ્મ વનસ્પતિઓના અભ્યાસમાં તેમના યોગદાનને ધ્યાનમાં રાખી બીરબલને ઈ. સ. ૧૯૧૯માં લંડન વિશ્વવિદ્યાલય તરફથી Doctor of Science (D.Sc.)ની માનદ પદવી એનાયત કરવામાં આવી. તેમના આ વિષય ઉપરના શોધ-પ્રબંધો (Thesis) Philosophical Transaction નામક શોધપત્રિકામાં ઈ. સ. ૧૯૨૦માં છપાયા. ત્યાર સુધીમાં બીરબલ સાહનીનું નામ વનસ્પતિ વિજ્ઞાનના ક્ષેત્રે મૌલિક વિચારક તરીકે ઊભરી ચૂક્યું હતું.

કેમ્બ્રિજમાં ભણતી વખતે બીરબલની તેમના શિક્ષક પ્રાધ્યાપક સીવર્ડ સાથે ગાઢ મિત્રતા થઈ. પ્રાધ્યાપક સીવર્ડને તે પછી કેટલાક ભારતમાંથી મળી આવેલા જીવાશ્મો અભ્યાસ માટે મોકલવામાં આવતા ત્યારે તેને તેઓ એવું કહીને પરત કરી દેતા કે આ

લાખો વર્ષો પહેલાં હયાત વનસ્પતિની છાપ જે આ ખડક ઉપર સચવાઈ ગઈ

જીવાશ્મોના અભ્યાસ માટે ભારતમાં બીરબલ સાહની એક ઉપયુક્ત વ્યક્તિ છે! પ્રાધ્યાપક સીવર્ડ પાસેથી મળેલી આ પ્રશંસા બીરબલને ગંભીરતાપૂર્વક સંશોધન કાર્યો માટે અગ્રેસર કર્યા. ઈ. સ. ૧૯૨૦માં બીરબલે પ્રાધ્યાપક સીવર્ડ સાથે મળીને Revision of Indian Gondwana Plants (ભારતની ગોંડવાના વનસ્પતિઓની ફેરતપાસ) નામે પુસ્તક લખ્યું.

જીવાશ્મોના વિશ્લેષણ પરથી બીરબલ સાહની વિલુપ્ત વનસ્પતિ વિલિયમસોનિયા જેવી દેખાતી વનસ્પતિની પુનર્રચના કરી શક્યા તે ફૂલ ઉત્પન્ન કરનાર પ્રારંભિક છોડવાઓમાંથી એક હતો. (A) છોડ (B) નરપુષ્પ (C) પુંકેસર (D) બીજી પ્રજાતિનું એક નરપુષ્પ (E) માઈક્રો સ્પોરોફિલ

ઈ. સ. ૧૯૨૧માં બીરબલ લખનઉ વિશ્વવિદ્યાલયમાં નવી જ ખોલાયેલી વનસ્પતિવિજ્ઞાનની શાખાના પહેલા પ્રાધ્યાપક બન્યા. તેઓ વિજ્ઞાનમાં સ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભણાવતા તે જ સાથે તેમને વિવિધ વનસ્પતિઓના અધ્યયન માટે વિવિધ વિસ્તારોમાં ફરવા માટે પણ લઈ જતા. તેમના આવા સંચાલનથી તેઓ વનસ્પતિવિજ્ઞાન ક્ષેત્રે એક સક્રિય સંશોધન વિભાગને ઊભો કરી શક્યા. પોતાના વિષયમાં ઊંડા જ્ઞાન ઉપરાંત તેઓ ખૂબજ ઝડપથી પોતાના બંને હાથ વડે વર્ગના કાળા પાટિયા ઉપર ઉત્તમ રેખાચિત્રો (Sketches) બનાવામાં પણ નિપુણ હતા. તેઓ કામના વ્યસની હતા અને હંમેશાં કામમાં ખૂંપેલા રહેતા. તેમને દિવસરાત જીવાશ્મોના અંશોને પોતાના હાથો વડે કાપતા, ઘસતા કે ઓપ આપતા જોઈ શકાતા. ખૂબ જ જલદી તેઓ જીવાશ્મ તેમ જ ખડકોના નમૂનાઓ બનાવવામાં પારંગત થઈ ગયા. તેઓ સૌપ્રથમ ભારતીય વનસ્પતિવિજ્ઞાની હતા જેમને ઈ. સ. ૧૯૩૬માં રૉયલ સોસાયટીએ સભ્યપદ (Fellowship) પ્રદાન કર્યું. તેઓએ વિજ્ઞાનસંમેલનનાં ઘણાં ક્ષેત્રોમાં અધ્યક્ષપદનું સ્થાન શોભાવ્યું તેમ જ તેઓ American Academy of Arts & Science ના માનનીય સભાસદ તરીકે પણ નિયુક્તિ પામ્યા.



વિજ્ઞાનમાં ઊંડા રસની સાથે સાથે સાહની વિવિધ રુચિઓ પણ અનુસરતા. તેમને સંગીત પ્રત્યે અપાર ખેંચાણ હતું અને તેઓ સિતાર તેમ જ વાયોલિન સારું વગાડી જાણતા. પોતાના નવરાશની પળોમાં તેમને ચિત્રો અને ચિનાઈ માટીની બનાવટો તૈયાર કરવાનું પસંદ હતું. તેઓ શેતરંજ (Chess)ની રમતના શોખીન હતા. શાળા અને વિદ્યાલયના જીવન દરમિયાન તેઓ હોકી અને ટેનિસ હોંશેથી રમતા. તેઓ રાષ્ટ્રવાદી હતા તેથી તેમણે બ્રિટિશ પોશાકનો પરિત્યાગ કર્યો અને બહુધા ખાદીની શેરવાની પહેરવાનું પસંદ કરતા. બાળપણમાં જ તેમણે સંસ્કૃત ભાષાને આત્મસાત કરી અને સંસ્કૃત તરફ તેમને આજીવન પ્રેમ રહ્યો.

સાહનીનાં સંશોધનકાર્યોએ ભારતમાં જીવાશ્મ વનસ્પતિઓના અભ્યાસને લગતાં લગભગ બધાં જ પાંસાઓને આવરી લીધાં. તેમણે મોટી સંખ્યામાં વનસ્પતિઓના જીવાશ્મો તે સમયમાં બિહાર સ્થિત (હાલમાં ઝારખંડ સ્થિત) રાજમહાલની ટેકરીઓમાંથી એકત્રિત કર્યા. અહીં તેમણે Gymnosperm સમૂહના એક નવા જીવાશ્મને શોધ્યા જેમને તેમણે Pentoxylae નામ આપ્યું. તેઓ Indian Botanical Societyના સંસ્થાપકોમાંના એક હતા.

સાહની વિવિધ ક્ષેત્રોમાં રસ ધરાવતા. તેમણે પ્રાચીન ભારતીય સિક્કા ઢાળવાની શૈલી ઉપર સંશોધન કર્યું. જેના માટે તેમને ઈ. સ. ૧૯૪૫માં Numismatic Society of India એ નેલ્સન રાઈટ પદકથી સન્માનિત કર્યા. જીવાશ્મવિજ્ઞાનના પોતાના અભ્યાસ વખતે તેમણે ભૂસ્તરવિજ્ઞાન(Geology)નુ પણ ઊંડું જ્ઞાન મેળવ્યું. તેમનાં સંશોધનોએ દખ્ખણી શણના છોડની ઉંમર તેમ જ હિમાલયનાં ક્ષેત્રોમાં આવેલ ઉઠાવના સમય ઉપર પણ પ્રકાશ ફેંક્યો.

ઈ. સ. ૧૯૨૦માં બીરબલ સાહનીનાં લગ્ન સાવિત્રી સાથે થયાં જે આજીવન તેમનાં કામ અને પ્રવાસોમાં સહચારી તરીકે તેમની સાથે રહ્યાં. પછીથી તેમણે લખનઉમાં ગોમતી નદીને કિનારે પોતાનું ઘર બનાવ્યું. ઈ. સ. ૧૯૪૬માં તેમણે જીવાશ્મ વનસ્પતિઓના અભ્યાસ (Paleobotany)ના ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહિત કરવા એક ન્યાસ (Trust)-ની સ્થાપના કરી. સાહની અને તેમની પત્નીએ આ કામ માટે પ્રારંભિક નાણાભંડોળ, સ્થાવર મિલકત, પુસ્તકો

તેમજ જીવાશ્મના નમૂનાઓનો સંગ્રહ યોગદાન તરીકે આપ્યાં. Paleo-botanical Societyએ લખનઉ વિશ્વવિદ્યાલયના નાના ઓરડામાંથી પોતાના કાર્યની શરૂઆત કરી. ઈ. સ. ૧૯૪૮માં ત્યારની રાજ્યસરકારે નવી શિક્ષણસંસ્થા માટે જમીનનો એક ટુકડો અનુદાન તરીકે આપ્યો. આ શિક્ષણસંસ્થાનો પાયો ૩ એપ્રિલ ઈ. સ. ૧૯૪૯ના દિવસે સ્વતંત્ર ભારતના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ નાખ્યો. આ નવી શિક્ષણસંસ્થાના ઉદ્‌ઘાટન સમયે બીરબલ સાહનીએ લોકોને સંબોધ્યા જે દુર્ભાગ્યથી તેમનું અંતિમ ભાષણ નીવડ્યું. માત્ર એક અઠવાડિયા પછી ૯ એપ્રિલ ઈ. સ. ૧૯૪૯ની મધરાતે હૃદયરોગના તીવ્ર હુમલાથી તેમનું અવસાન થયું. બીરબલ સાહનીના આકસ્મિક મૃત્યુ પછી તેમનાં પત્ની સાવિત્રી સાહનીએ તેમના પતિના સ્વપ્નને પૂરું કરવા માટે સખત મહેનત કરી. તેમણે બધી જ વિષમ પરિસ્થિતિઓનો સામનો કરી શિક્ષણસંસ્થાનો પાયો મજબૂત કર્યો અને તેને આંતરરાષ્ટ્રીય માન્યતા મળે તે માટે કાર્યરત રહ્યાં. ભારત સરકારે તેમના આ પ્રયત્નો માટે તેમને ઈ. સ. ૧૯૬૯માં પદ્મશ્રી વડે સન્માનિત કર્યાં. નવેમ્બર ઈ. સ. ૧૯૬૯માં અગ્રણી વૈજ્ઞાનિક બીરબલ સાહનીની સ્મૃતિમાં આ શિક્ષણસંસ્થાનું નામ બદલીને Birbal Sahni Institute of Paleobotany (બીરબલ સાહની વનસ્પત્યવશેષ વિજ્ઞાન સંસ્થાન) રાખવામાં આવ્યું.

❑❑❑

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp

લંકાની લાડી અને ઘોઘાનો વર

☐ જોરાવરસિંહ જાદવ

ગુજરાત સૌરાષ્ટ્રના લોકોની જીભે રમતી એક મજાની કહેવત સાંભળવા મળે છેઃ 'લંકાની લાડી અને ઘોઘાનો વર' લોકવાણીમાં આ કહેવતનો જન્મ કેવી રીતે થયો એ અંગે બેત્રણ કિવદંતીઓ જાણીતી છે. એમાંની એક કિવદંતી પાછળ જ્યોતિષશાસ્ત્રનો મહાન ગ્રંથ જન્મેલો જોઈ શકાય છે.

વરસોને વરસોનાં વહાણાં વાઈ ગયાં આ વાતને માથે થઈને. એ

કાળે ઘોઘા કાઠિયાવાડનું ધીકતું બંદર હતું. ભાવનગર શહેર અને બંદરનો વિકાસ થયા પછી ઘોઘાબંદર ભાંગ્યું. ભાવનગરની સ્થાપના પૂર્વે ઘોઘા વ્યાપારી વહાણોના કાફલાની અવરજવરથી ધમધમતું બંદર હતું. દેશવિદેશથી માલ ભરીને ભરતીયાં વહાણો ઘોઘાના બંદરે લાંગરવામાં આવતાં. લંગર નાખેલાં વહાણો માથે ફરકતા દેશદેશવરના વાવટા બંદરની જાહોજલાલીની છડી પોકારતા.

આ બંદરને કાંઠે અડીખમ ઊભેલા ઘોઘાનગરમાં 'વરાહ' નામના સમર્થ જ્યોતિષી હતા. પચાસ સો ગાઉના પંથક માથે એમના નામનો ડંકો વાગતો. ખગોળશાસ્ત્રનું એમનું જ્ઞાન અગાધ હતું. જ્યોતિષ અને ગણિતના એમણે અનેક ગ્રંથો રચ્યા હતા. જ્યોતિષમાં ગણિત અને ફલિત એવા બે વિભાગો છે. એમાં ગણિતમાં વરાહે ભારે નિપુણતા મેળવી હતી. ફલિતનું એમનું જ્ઞાન પરિપૂર્ણ નહોતું, એમ એમના હાથે થયેલી એક ગંભીર ભૂલ પરથી અનુમાન કરી શકાય છે.

આ સમર્થ જ્યોતિષી મહાપંડિતની પત્નીને ઓધાન રહ્યું. કુદરતે એના પર દયા કરી. નવમા માસે એના ઘેર દેવના ચક્કર જેવા દીકરાનો જન્મ થયો. વરાહજીના આંગણે પુત્રવધાઈની થાળી વાગી. ફળિયામાં ગોળ વહેંચાયો. છઠ્ઠે દિવસે દીકરાની છઠ્ઠી કરી. વિધાત્રીદેવી રૂમઝૂમ પગલે આવીને એની હથેળીમાં આડીઅવળી રેખાયું આંકી ગઈ. ફઈબા ફોઈયારું લઈને આવ્યાં એ વખતે પિતાએ ગણિત મુજબ ગણતરી કરીને પુત્રરત્નની કુંડળી મૂકી, અને ફલાદેશ જોવા બેઠા. ફલાદેશ જોતાં જ એમના હૈયે ફાળ પડી. ચિંતાની શારડી એમના અંતરમાં અક્કર ભમ્મર ફરવા માંડી. ફરીવાર ફલાદેશ જોતાં એમને પુત્રનું આયુષ્ય ઓછું જણાયું. દયાળુ ઈશ્વરે દીકરો દીધો પણ એનું આયુષ્ય માત્ર આઠદસ વર્ષનું જ જણાયું. બાપે વિચાર્યું, આઠદસ વર્ષની માયા લગાડીને દીકરો દિવંગત થઈ જવાનો. વહેલો મોડો વિયોગ તો આવવાનો જ છે. માયા ને મમતાના બંધાયા પછી વિયોગનું દુઃખ સહેવું વસમું થઈ પડશે. લાખેણા લાલનપાલન પછી પુત્રવિયોગનું દુઃખ જીવનને નકારું કરી નાખશે. દસ વર્ષ પછીયે જેને છોડવાનો છે એનો ત્યાગ આજથી જ કેમ ન કરવો? આમ વિચારીને કાળજું કઠણ કરી વરાહે કુંભારના ઘેરથી માટીનું પાકું માટલું મંગાવી, એમાં સુવરાવી ભારે હૈયે દીકરાને દરિયાદેવના ખોળે રમતો મૂકી દીધો. વરાહ દંપતીએ દીકરાના વિરહનાં દુઃખને અંતરના એક ખૂણે ધરબી દીધું.

પણ 'રામ રાખે એને કોણ ચાખે?' ઘૂઘવતા મહેરામણ (સાગર)ના અગાધ

જળ માથે તરતું ઊછળતું કૂદતું માટલું લંકા લગી પહોંચ્યું. કુદરતની કરામત તો જુઓ, બાળકની જીવાદોરી લાંબી હતી એને સાગરેય શી રીતે ટૂંકાવી શકે? અહીં લંકામાં સુકર્મા નામના વિદ્વાન ફલ જ્યોતિષી રહેતા હતા. તે દિવસે વહેલી સવારે સાગરસ્નાન કરતાં માટલું એમના હાથમાં આવ્યું. અંદર જોયું તો બાળક હાથની ઘુઘલિયું વાળીને રમતું હતું. સુકર્મા બાળકને લઈને ઘરે આવ્યા. પછી બાળકની ગ્રહકુંડળી મૂકી. આ બાળક કોણ અને કેવી રીતે અહીં સુધી આવ્યું તે પળવારમાં જાણી લીધું. આ પંડિતજીને સંતાનમાં નાનકડી પુત્રી જ હતી. પંડિતજીએ બાળકનું નામ મિહિર રાખ્યું.

સુકર્મા જ્યોતિષશાસ્ત્રના ફળ-વિભાગના સમર્થ જ્ઞાતા હતા. તેઓ પોતાની પુત્રીને ઉંમરલાયક થતાં જ્યોતિષ વિદ્યાની જાણકારી આપતા હતા. મિહિર મોટો થતાં પંડિતજીએ એને પણ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરાવવા માંડ્યો. કહેવતમાં કીધું છે ને કે 'સોળે સાન અને વીસે વાન' આવે છે. સોળ વરસની ઉંમરે અલપઝલપ કરતો મિહિર જ્યોતિષશાસ્ત્રના ફળ વિભાગમાં પારંગત થયો. આથી પ્રભાવિત થયેલા સુકર્મા પંડિતજીએ મિહિર સાથે પોતાની પુત્રીને પરણાવવાનો સંકલ્પ કર્યો. મિહિરના કાને વાત નાખીને પંડિતજીએ દાણો દબાવી જોયો. પંડિતજીની વાત સાંભળીને મિહિર ઘડીભર તો અચંબામાં પડી ગયો. મિહિર સમજણો થયો ત્યારથી સુકર્મા પંડિતજીને પોતાના પિતા જ સમજતો હતો, એટલે પંડિતજીએ પહેલી જ વાર એના જન્મના રહસ્ય પરથી પડદો ઉપાડતાં કહ્યું.

'મિહિર તું મારો પુત્ર નથી. હું તો તારો પાલક પિતા છું. તારો જન્મ તો કાઠિયાવાડમાં આવેલા ઘોઘા શહેરમાં થયો હતો. 'વરાહ' નામના સમર્થ જ્યોતિષી તારા સાચા પિતા છે. તેઓ મહાવિદ્વાન હોવા છતાં તેમનું ફલાદેશનું જ્ઞાન પરિપૂર્ણ ન હોવાથી એમણે તારું આયુષ્ય ઓછું જાણી તને માટલામાં મૂકી દરિયાદેવના ખોળે રમતો મૂકી દીધો હતો. કર્મસંજોગે દરિયાસ્નાન કરતી વેળાએ એ માટલું મારા હાથમાં આવ્યું. મારે ત્યાં સંતાનમાં દીકરાનું સુખ નહોતું. દૈવસંજોગે મને દીકરો મળ્યો. મેં તને પેટના જણ્યાની જેમ ઉછેરીને મોટો કર્યો. મારું જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન અને વિદ્યા યથામતિ તને આપ્યાં છે. હવે તું આ વિદ્યામાં પારંગત થયો છે. તારા જ્ઞાનમાં કોઈ કચાશ કે ક્ષતિ રહી ગઈ હશે તો મારી પારંગત પુત્રી તેને દૂર કરશે, એ કારણે જ તમારાં બંનેનું પાણિગ્રહણ થાય તો જ્યોતિષ-જગત ઉપર બહુ મોટો ઉપકાર થશે. તમે બંને મળીને ભારતીય જ્યોતિષ વિદ્યાનો પુનરોદ્ધાર કરી શકશો. ઇતિહાસના

પાને અને લોકશાસ્ત્રમાં તમારાં નામ સુવર્ણ અક્ષરે લખાશે.'

પંડિતજીની ઇચ્છા અને આદેશ અનુસાર આજ્ઞાંકિત મિહિર તેમની પુત્રી સાથે લગ્નસંબંધે બંધાયો. બંને પતિપત્ની રજા લઈને વહાણમાં બેસી સ્વદેશ જવા નીકળ્યાં. લંકાથી વહેતું થયેલું વહાણ ઘોઘાબંદરે આવીને ઊભું રહ્યું. જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનથી મિહિરે પોતાનું ઘર શોધી કાઢ્યું. લક્ષ્મી સ્વરૂપ પત્ની સાથે આંગણે આવીને ઊભા રહેલા પુત્રને પિતાએ અણસાર ઉપરથી જ ઓળખી કાઢ્યો. વરાહના બત્રીસે કાંઠે આનંદના દીવડા પ્રગટ્યા. પિતાને શાસ્ત્ર સંબંધી પોતાની ભૂલ સમજાઈ. એમણે ભૂલ બદલ પુત્રની ક્ષમા માગી. પિતાપુત્ર પરસ્પર ભેટીને સાયાંમાયાં મળ્યા.

ઘોઘા આવ્યા પછી મિહિર અને એની ધર્મપત્નીએ સાથે મળીને વિચાર્યું કે જ્યોતિષશાસ્ત્રની નાનકડી ભૂલને કારણે પિતા પુત્રને કેટલું કષ્ટ વેઠવું પડ્યું? એવું કષ્ટ અન્ય કોઈએ ભોગવવું ન પડે એ માટે જ્યોતિષ સંબંધી ચોક્કસ આગાહી કરી શકાય એવા અમૂલ્ય ગ્રંથો લખવા, જેથી કોઈ જ્યોતિષાચાર્ય કે પંડિતની ખગોળ ગણિતમાં ભૂલચૂક ન થાય.

એ પછી પતિ, પત્ની અને સસરાએ સાથે મળીને નવો 'સંહિતા ગ્રંથ' રચ્યો. એમાં પ્રત્યેક પળની કુંડળી પરથી ફલાદેશ રચવામાં આવ્યું. સૌરાષ્ટ્ર અને ગુર્જર રાષ્ટ્ર 4 અક્ષાંશ 4 રેખાંશ એટલે કે 19 થી 23 અક્ષાંશ અને 70 રેખાંશ વચ્ચે હોવાથી એ અક્ષાંશ રેખાંશના આધારે વર્તતા પ્રત્યેક લગ્નની અંશવાર કુંડળીઓ તૈયાર કરી. આમ ફલાદેશનો સૌપ્રથમ સર્વાંગ સંપૂર્ણ ગ્રંથ રચાયો. આ ગ્રંથ આજે 'ભૃગુસંહિતા'ના નામે જાણીતો છે. આમ લંકાની લાડી અને ઘોઘાના વરે જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીઓ માટે નવી વસ્તુ ભેટ આપીને અમૂલ્ય ખજાનો ખુલ્લો મૂકી દીધો. ભારતભરમાં ગુજરાત અને સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું ત્યારથી લોકજીભે આ કહેવત રમતી આવે છે 'લંકાની લાડી ને ઘોઘાનો વર.'

❑❑❑

મેં એક કૃતિ લખી હતી એ જાણીતા સંગીતકાર લેઓપોલ્ડ સ્ટોકોસ્કીને બતાવીને સુધારી આપવાનું કહ્યું. ઉસ્તાદે જવાબ આપ્યો : "સુધારવી હોય તો સુધારી શકાય. વ્યાકરણમાં જેમ દીર્ઘ હ્રસ્વ સુધારી આપીએ છીએ તેમ સંગીતમાં નાનીમોટી ત્રુટિઓ બતાવી શકું. પણ એથી કશું ન વળે. મૂળ વાત એ છે કે તમે આ લખ્યું છે, એ સારું છે ને તમારું છે તો એ રીતે તમે જાતે લખતા જાઓ, નવી નવી કૃતિઓ લખો ને એમાં તમારો પોતાનો સુધારો હશે ને પ્રગતિ થશે અને સફળતા મળશે."

- સામ્યુએલ માર્ગેરે



સૂક્ષ્મજીવોના જીવંત સંગ્રહો

☐ દીપક જોશી

૧૩મી માર્ચ, ૧૯૧૫ના રોજ ૨૮ વર્ષનો પ્રાઈવેટ અર્નેસ્ટ કેબલ નામનો એક બ્રિટિશ સૈનિક ફ્રાંસમાં વિમેરેક્સની એક હોસ્પિટલમાં મૃત્યુ પામે છે. તે મરડાનો ભોગ બન્યો હતો. સમય પ્રથમ વિશ્વયુદ્ધનો હતો. માઈક્રોસ્કોપથી જ જોઈ શકાય તેવા સૂક્ષ્મજીવો દ્વારા કેટલાક રોગ ફેલાતા હોવાની 'Germ Theory' લૂઈ પાશ્ચરે પ્રાયોગિક રીતે પુરવાર કરી હતી. રોબર્ટ કોચ દ્વારા શોધવામાં આવેલ જીવાણુઓને શુદ્ધ સ્વરૂપમાં અલગ પાડી તેમનું સંવર્ધન કરવાની 'Pure Culture Technique' જાણીતી થઈ ગઈ હતી. જાપાની વૈજ્ઞાનિક કિયોશી શિગાની મરડા માટે કારણભૂત બેક્ટેરિયા શિગેલાની શોધ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. બેક્ટેરિયોલોજીની નવી વિદ્યાશાખા ઉદય પામી હતી.

પ્રાઈવેટ કેબલના મળનું સેમ્પલ મૃત્યુ પહેલાં તબીબો દ્વારા લેવામાં આવ્યું હતું. સેના સાથે જોડાયેલા બેક્ટેરિયોલોજિસ્ટ લેફ્ટેનન્ટ વિલિયમ બી. આલ્કોકને તે મોકલવામાં આવ્યું. તેમણે મળમાંથી મરડા માટે જવાબદાર બેક્ટેરિયાને

Pure Culture તરીકે અલગ કર્યા અને ગુણધર્મોને આધારે તે 'Shigella flexneri' નામના જીવાણુ હોવાનું જાહેર કર્યું. થોડા દિવસો બાદ આ કલ્ચર ડો. ફ્રેડરિક વિલિયમ એન્ડ્રયુઝને મળ્યું. ડો. એન્ડ્રયુઝે ૧૯૧૪થી ૧૯૧૫ દરમિયાન પોતાનો અભ્યાસ મરડાના જીવાણુઓ પર કેન્દ્રિત કર્યો હતો. તે માટે તેમણે શિગેલા જીવાણુની ૨૦૦ જેટલી જુદી જુદી જાતો એકઠી કરી જાળવી હતી.

તે અરસામાં લંડનની લિસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ખાતે સંશોધન માટે એક આધારભૂત સ્રોત તરીકે બેક્ટેરિયાની વિવિધ જાતોના સંગ્રહની શરૂઆત કરવાનું વિચારાયું. ૧૯૨૦માં ઇંગ્લેન્ડની તત્કાલીન મેડિકલ રિસર્ચ કમિટીના ડાયરેક્ટર ડો. જહોન લેડિંગહામના પ્રયત્નોથી નેશનલ કલેક્શન ઓફ ટાઇપ કલ્ચર (NCTC)ની શરૂઆત થઈ. સંગ્રહના પ્રથમ ક્યુરેટર તરીકે ડો. રાલ્ફ જહોન-બ્રુક્સે કામગીરી સંભાળી. NCTC દ્વારા ડો. એન્ડ્રયુઝ પાસેથી તેમણે જાળવેલ જીવાણુઓના ૨૦૦ નમૂના સંપાદિત કરવામાં આવ્યા અને ૧૯૧૫માં કેબલના મળમાંથી મેળવવામાં આવેલ શિગેલા ફ્લેક્સનેરી નામના જીવાણુના નમૂનાને NCTC-1 ક્રમ આપવામાં આવ્યો. પબ્લિક હેલ્થ ઇંગ્લેન્ડ નામની બિનનફાકારક સંસ્થા દ્વારા NCTCનું સંચાલન થાય છે. ૧૯૪૯થી તેને લંડનની પબ્લિક હેલ્થ લેબોરેટરી સર્વિસમાં લઈ જવાયેલ છે. NCTCની સ્થાપનાની શતાબ્દિનું આ વર્ષ છે. સાથે સાથે સૂક્ષ્મજીવાણુશાસ્ત્ર સહિતનાં ઘણાં ક્ષેત્રોના વિકાસમાં આવા સંગ્રહોના પ્રદાનને યાદ કરવાનો આ યોગ્ય પ્રસંગ છે.

NCTCની શરૂઆત પહેલાંના રસપ્રદ ઇતિહાસ પર પણ નજર કરીએ.

પ્રયોગશાળા માટેનાં કાચનાં સાધનો બનાવવાનો અનુભવ ધરાવતા ફ્રેન્ટિસેક ક્રાલ પ્રાગની જર્મન યુનિવર્સિટીમાં ટેક્નિશિયન તરીકે પસંદ થાય છે. તેમનો અનુભવ કાળક્રમે તેમને યુનિવર્સિટી સ્થિત જીવાણુઓના સંગ્રહના વડા બનાવે છે. ૧૮૯૦માં ક્રાલ સૂક્ષ્મજીવોનું વિશ્વનું પહેલું પદ્ધતિસરનું 'કલ્ચર કલેક્શન' સ્થાપે છે. ત્યાંથી જ સૂક્ષ્મજીવોની વિગતો દર્શાવતું પ્રથમ સૂચિપત્ર પણ પ્રસિદ્ધ કરે છે અને ચોક્કસ ફી લઈ જરૂરિયાત ધરાવતા સંશોધકોને કલ્ચર્સ પૂરાં પાડે છે. આ જ અરસામાં પેરિસની પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ ખાતે પણ એક સંગ્રહ સ્થપાય છે. ૧૯૧૧માં ક્રાલના મૃત્યુબાદ પ્રોફેસર અન્સ્ર્ટ પ્રીભમ તે સંગ્રહ પ્રાપ્ત કરે છે અને યુનિવર્સિટી ઓફ વિયેનાને સોંપે છે. વિયેના યુનિવર્સિટી સૂક્ષ્મજીવોનાં ઘણાં સૂચિપત્રો પ્રસિદ્ધ કરે છે. ૧૯૩૦માં પ્રોફેસર પ્રીભમ આ સંગ્રહનો કેટલોક હિસ્સો શિકાગોની લોયોલા યુનિવર્સિટીમાં તબદીલ કરે છે. પ્રોફેસર પ્રીભમના મૃત્યુ બાદ લોયોલા યુનિવર્સિટીમાંથી

કેટલોક હિસ્સો અમેરિકન ટાઈપ કલ્ચર કલેક્શનને તબદીલ થાય છે. પરંતુ બીજા વિશ્વયુદ્ધનાં વર્ષોમાં વિયેના યુનિવર્સિટી પાસેનો પ્રોફેસર પ્રીભમનો સંગ્રહ નાશ પામે છે. આમ, પ્રોફેસર ફ્રેન્ટિસેક ક્રાલે કરેલ શરૂઆત વિશ્વભરમાં અન્ય કલ્ચર કલેક્શન્સની સ્થાપના તરફ દોરી જાય છે. આજે પણ સક્રિય હોય તેવાં સૌથી જૂના સંગ્રહોમાં ૧૮૯૪માં શરૂ થયેલ બેલ્જિયમના લૌવિન-લા-નીવેનું કલેક્શન અને નેધરલેન્ડ્સના યુટ્રેક્ટમાં આવેલ ૧૯૦૬માં સ્થપાયેલ સંગ્રહો મુખ્ય છે.

NCTCનો રેકોર્ડ જોતાં જણાય છે કે ૧૯૨૦માં પેનિસિલિનના શોધક એલેક્ઝાન્ડર ફ્લેમિંગ દ્વારા પણ પોતાના સંશોધન અર્થે જીવાણુઓના અધિકૃત કલ્ચરની માંગણી કરવામાં આવી હતી. વળી, લંડનની સેન્ટ મેરી હોસ્પિટલથી ૯ ઓગસ્ટ, ૧૯૪૩ના દિવસે એલેક્ઝાન્ડર ફ્લેમિંગે લિસ્ટર ઇન્સ્ટિટ્યૂટના સરનામે ડો. રાલ્ફ જહોન બ્રુક્સને એક ટૂંકો પત્ર લખ્યો હતો. પત્રની સાથે એક જીવાણુનો નમૂનો પણ સામેલ હતો. ફ્લેમિંગ લખે છે કે, "આપને મોકલાવેલ 'Staphylococcus' નામના બેક્ટેરિયાનો ઉપયોગ મેં પેનિસિલિનની અસર ચકાસવા માટે કરેલ છે. મને તે ફ્લોરીએ આપ્યો છે અને અમે બધાએ પેનિસિલિન સંબંધિત પ્રયોગોમાં તેનો ઉપયોગ કર્યો છે." આ કલ્ચરને NCTC-6571 નંબર આપવામાં આવ્યો છે. આ જીવાણુ વૃદ્ધિ પામતાં પીળો રંગ ધારણ કરતો હોવાથી Staphylococcus aureus નામે ઓળખાય છે. આ ઐતિહાસિક કલ્ચર "Oxford Staph" ના નામે પણ જાણીતું છે. ત્યાર પછી NCTC-6571 વિશ્વભરમાં પેનિસિલિનની જીવાણુવિરોધી અસર ચકાસવા માટે Standardised Test Organism તરીકે વપરાયું છે. રોબર્ટ કોચ દ્વારા અલગ-કરાયેલ જીવાણુનાં કલ્ચર પણ NCTC એ સાચવ્યાં છે. જેમાં સમાવિષ્ટ સેરેશિયા માર્સેસેંસ નામનો લાલ રંગદ્રવ્ય ધરાવતો જીવાણુ સૌ પ્રથમ કોચ દ્વારા ૧૮૮૪માં વાંદરાનાં આંતરડાંમાંથી ભારતમાં isolate કરવામાં આવ્યો હતો. અત્રે એ નોંધવું જોઈએ કે કોલેરા માટે જવાબદાર જીવાણુ વિબ્રિયો કોલેરીના શોધક રોબર્ટ કોચે તે રોગના અભ્યાસ અર્થે ભારતનો પ્રવાસ પણ કર્યો હતો. હાલ NCTC પાસે વિવિધ જીવાણુઓની ૫૦૦૦ ઉપરાંત Strains-જાતોનાં કલ્ચર ઉપલબ્ધ છે.

શરૂઆતના તબક્કે જીવાણુઓ, ફૂગ અને યીસ્ટ સહિત તમામ પ્રકારના સૂક્ષ્મજીવોની જાતિ-પ્રજાતિઓનો સંગ્રહ કરનાર NCTC દ્વારા ૧૯૪૭થી માત્ર માણસો અને પશુઓના રોગો સંબંધિત જીવાણુઓનો સંગ્રહ કરવાની નીતિ અપનાવવામાં આવી છે. ઇંગ્લેન્ડમાં રોગકારક ફૂગ, રોગકારક જીવાણુઓ અને સંશોધન માટે વિવિધ કોષોની

Cell-linesના અલગ-અલગ સ્વતંત્ર સંગ્રહો ૧૯૪૭થી અસ્તિત્વમાં આવ્યા છે.

NCTCમાંથી પ્રેરણા મેળવી ૧૯૨૫માં અમેરિકન ટાઈપ કલ્ચર કલેક્શન (ATCC)ની સ્થાપના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી હતી. ATCC વર્જિનિયાના માનસસ શહેરમાં વડું મથક ધરાવે છે. અને તેનું કાર્યમથક મેરીલેન્ડ ખાતે આવેલું છે. વર્તમાન સમયમાં તે વિશ્વનું સૌથી મોટું જુદા જુદા પ્રકારની સેવાઓ આપતું કલ્ચર કલેક્શન છે. ATCCમાં જુદા જુદા સજીવ કોષો અને વિષાણુઓની કલ્ચર્સનું પણ સંવર્ધન, સાચવણી-માવજત કરવામાં આવે છે. ATCC પાસે જીવાણુઓ-બેક્ટેરિયાની ૧૮૦૦૦ જાતો, પશુઓના વિષાણુઓની ૩૦૦૦ જાતો, વનસ્પતિના વિષાણુઓની ૧૦૦૦ જાતો, યીસ્ટ અને પ્રોટોઝોઆની ૭૫૦૦ જાતો, પ્રોટિસ્ટની ૧૦૦૦ Strains ઉપરાંત મનુષ્ય અને પ્રાણીઓના ચોક્કસ અવયવોની ૩૦૦૦ સેલ લાઈન્સ તથા કેન્સરના કોષો (Hybridoma) ની ૧૨૦૦ સેલ-લાઈન્સ ઉપલબ્ધ છે.

આજે ૭૮ દેશોના ૭૯૩ જેટલા સંગ્રહોમાં ૩૨ લાખ જેટલા સૂક્ષ્મજીવો અને સેલ-લાઈન્સ સચવાયેલાં હોવાનો અંદાજ છે. દવાઓ અને જૈવિક પદાર્થોનાં ઉત્પાદનો, સંશોધનનાં વિવિધ ક્ષેત્રે કાર્યરત અગ્રણી પ્રયોગશાળાઓ તથા સંસ્થાઓ પણ આવા નાના-મોટા સંગ્રહો ધરાવે છે. ઓસ્ટ્રેલિયાના જીવાણુશાસ્ત્રના પ્રોફેસર વી.બી.ડી. સ્કર્મનના પ્રયત્નોથી અસ્તિત્વમાં આવેલ વર્લ્ડ ડેટા સેન્ટર અને આવા સંગ્રહોની ટોચની સંસ્થા World Federation For Culture Collections જરૂરી સંકલન અને માર્ગદર્શનનું કામ કરે છે. પૂનામાં આવેલ નેશનલ સેન્ટર ફોર માઈક્રોબિયલ રિસોર્સ (N.C.M.R.) દેશનો સૌથી મોટો સંગ્રહ છે. તેને World Intellectual Property Organization દ્વારા International Depository Authority તરીકે માન્ય કરવામાં આવેલ છે. ભારત સરકારે પણ N.C.M.R. ને Biological Diversity Act, 2002 અન્વયે National Repository for Microorganisms તરીકે જાહેર કરેલ છે. N.C.M.R.માં જીવાણુઓની દોઢલાખ જેટલી જાતો સચવાયેલી છે. તે ઉપરાંત ભારતમાં આવા પચીસ કરતાં વધારે સંગ્રહો નોંધાયેલા છે.

આમ તો જીવાણુશાસ્ત્રીઓ જ્યારથી જીવાણુઓને શુદ્ધ સ્વરૂપમાં અલગ કરતા-જુદા પાડતા થયા અને તેમનું સંવર્ધન (Cultivation) કરતા થયા ત્યારથી સૂક્ષ્મજીવોની જાતોના સંગ્રહો અસ્તિત્વમાં આવ્યા છે. આ સંગ્રહો સૂક્ષ્મજીવશાસ્ત્રના શિક્ષણ અને સંશોધનનો અવિભાજ્ય હિસ્સો બન્યા છે. એક યા બીજા હેતુ માટે દરેકને



કોઈ ચોક્કસ જીવાણુની સંદર્ભ જાત (Reference Strain) ની જરૂર પડે છે. જેના ગુણધર્મો અગાઉથી સુનિશ્ચિત થયા હોય અને અનેક વખત તેનું સંવર્ધન થવા છતાં તેમાં ફેરફાર થતો ન હોય તેવું કલ્ચર સંદર્ભ તરીકે વપરાય છે. આ સંગ્રહો સૂક્ષ્મજીવોનાં વર્ગીકરણના અભ્યાસમાં તો મદદરૂપ થાય જ છે પરંતુ કોઈ ચોક્કસ ગુણધર્મ ધરાવતી જાતો-Strainsનાં પેટન્ટ મેળવવાના પ્રસંગોએ પણ જરૂરી આધારો પૂરા પાડે છે. ૧૯૨૦-૨૧ના વર્ષમાં માત્ર NCTC દ્વારા જીવાણુઓના ૨૦૦૦ જેટલાં કલ્ચર્સ પૂરા પડાયાં હતાં, તે દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને જીવરસાયણોનાં ઉત્પાદનક્ષેત્રે આવા સંગ્રહોની ભૂમિકા ચાવીરૂપ છે. સૂક્ષ્મજીવશાસ્ત્રીઓ દ્વારા પ્રસિદ્ધ થતાં સંશોધન-પત્રોમાં પણ પોતાની શોધનાં પરિણામોની વિશ્વનીયતા પુરવાર કરવા ઉપયોગમાં લેવાયેલ સૂક્ષ્મજીવના સ્રોત તરીકે જે તે કલેક્શન સેન્ટર દ્વારા વર્ગીકૃત કરેલ જાતના નંબર (Identification no.)નો ઉલ્લેખ કરવાની પ્રણાલી છે. દા.ત. Staphylococcus aureus NCTC-6571 આ રીતે સંગ્રહો દ્વારા સચવાતાં કલ્ચર્સનું ઐતિહાસિક સંદર્ભ સાથે જૈવિક સાતત્ય જળવાતું રહે છે. સૂક્ષ્મજીવાણુશાસ્ત્રના વિકાસની સાથે સાથે બેક્ટેરિયા, ફૂગ, લીલ, યીસ્ટ, વિષાણુઓ વગેરેની નવી નવી જાતિ-પ્રજાતિઓ શોધાતી રહે છે અને તેમને ઓળખવા, જાળવવા તથા સંવર્ધન કરવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થાઓ-

પ્રયોગશાળાઓ, યંત્રો-ઉપકરણો અને તાલીમબદ્ધ નિષ્ણાતોની જરૂરત પડે છે.

સૂક્ષ્મજીવોની હાજરી અત્ર-તત્ર-સર્વત્ર છે. તેથી વિવિધ આબોહવાકીય પરિસ્થિતિઓમાં વિકસતા સૂક્ષ્મજીવો માટે કે વિવિધ ક્ષેત્રની જરૂરિયાતો પૂરા પાડતા સૂક્ષ્મજીવો માટેના જીવંત સંગ્રહો સ્વતંત્ર રીતે નિભાવાતા હોય છે. ઉ.ત. ગોવાની રાષ્ટ્રીય સમુદ્ર વિજ્ઞાન સંસ્થા (N.I.O.) સમુદ્રના પેટાળમાંથી મળતા સૂક્ષ્મજીવોનો સંગ્રહ ધરાવે છે. જ્યારે નાગપુરની પર્યાવરણકીય ઇજનેરી સંસ્થાન (NEERI) દેશના સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ્સમાંથી મેળવેલ સૂક્ષ્મજીવોનો સંગ્રહ ધરાવે છે. તો વળી દિલ્હી યુનિવર્સિટીમાં હિમાચલ પ્રદેશનાં ગરમ પાણીનાં ઝરણાંમાંથી જુદા પાડેલા જીવાણુઓની જાળવણી થાય છે. પિરામલ લાઈફ સાયન્સિઝ લિ.ના સંગ્રહમાં કેન્સર અને ડાયબિટિસ જેવા રોગના પ્રતિકારમાં ઉપયોગી તત્ત્વોનું ઉત્પાદન કરતા જીવાણુઓની જાળવણી થાય છે. પરભણીની મરાઠાવાડા કૃષિ યુનિવર્સિટી પાસે જીવડાંના રોગકારક સૂક્ષ્મજીવોનો સંગ્રહ છે.

મહત્ત્વના સંગ્રહોને વિશ્વભરમાંથી સૂક્ષ્મજીવોની નવી નવી જાતો જાળવણી અર્થે મળતી હોય છે. સાથે સાથે ઠેકઠેકાણેથી સંશોધન અને અભ્યાસ માટે સંગ્રહો પાસેથી અધિકૃત જાતો માંગવામાં પણ આવે છે. ગ્લાસની એમ્પ્યુલ્સમાં જીવંત પરંતુ સુષુપ્ત અવસ્થામાં સૂક્ષ્મજીવોનાં કલ્ચર્સ પૂરાં પાડવા મોટાભાગના સંગ્રહો ચોક્કસ સર્વિસ ચાર્જ વસૂલે છે. સરકારી ગ્રાંટ કે સખાવતની રકમોમાંથી સંગ્રહોની જાળવણીના ખર્ચને પહોંચી વળવાનું શક્ય બનતું નથી. સંગ્રહો દ્વારા પૂરી પડાતી કેટલીક મહત્ત્વની સેવાઓ નીચે મુજબ છે.

૧. સૂક્ષ્મજીવાણુઓની વિવિધ જાતો એકઠી કરવી, જાળવણી કરવી.

૨. જુદી જુદી જાતોનાં આકાર-પ્રકાર, જૈવરાસાયણિક અને અનુવાંશિક-બંધારણ સંબંધિત વિગતો (database) તૈયાર કરવી.

૩. જે તે સંગ્રહ-સંગ્રાહકોની વિશેષતા-જાણકારી પ્રમાણે સૂક્ષ્મજીવાણુઓની ચોક્કસ ઓળખ (identification) કરી આપવી.

૪. અલભ્ય અને જાળવવા-સાચવવા-સંવર્ધન કરવા મુશ્કેલ હોય તેવા સૂક્ષ્મજીવોના કલ્ચરને યોગ્ય રીતે જાળવવા.

૫. વર્ગીકરણ અને જાળવણીના ક્ષેત્રે જરૂરી વ્યવસાયિકોને તાલીમ આપવી અને પ્રકાશનો કરવાં.

૬. સૂક્ષ્મજીવાણુઓના રંગસૂત્રો - અનુવાંશિક તત્ત્વો - DNA અને RNAના ન્યુક્લિયોટાઈડ સિક્વન્સિસની જાળવણી કરવી.

એક સમયે આવા સંગ્રહોની ભૂમિકા

માત્ર સૂક્ષ્મજીવોની જાતોના શુદ્ધ નમૂનાઓના આદાન-પ્રદાન, જાળવણી અને સાતત્યપૂર્ણ સંવર્ધન સુધી મર્યાદિત હતી. જળવાયુ પરિવર્તન અંગેની જાગૃતિના કારણે જૈવવૈવિધ્યની જાળવણી તરફ વિશ્વનું ધ્યાન દોરાયું છે. તેથી પણ સૂક્ષ્મજીવાણુઓની વિવિધતાની જાળવણીમાં કલ્ચર કલેક્શન્સની ભૂમિકા ચાવીરૂપ રહેશે. બાયોકેમિસ્ટ્રી અને જિનેટિક્સ જેવાં ક્ષેત્રે થયેલાં સંશોધનોએ સૂક્ષ્મજીવોને માત્ર રોગકારક જીવ તરીકે જ નહીં પરંતુ માનવજાત માટે અગત્યનાં બાયોરિસોર્સિસ તરીકે સ્થાપિત કર્યા છે. ખાણોમાંથી કિંમતી ધાતુઓને શુદ્ધ અને સંકેન્દ્રિત સ્વરૂપમાં મેળવવાથી શરૂ કરીને કૃષિ ઉત્પાદન વધારવામાં સૂક્ષ્મજીવાણુઓની ક્ષમતા પુરવાર થઈ છે.

સમય જતાં સૂક્ષ્મજીવોની ક્ષમતાઓ અંગેની જાણકારીમાં થયેલ વધારા અને ટેક્નોલોજીના ઉપયોગથી આવા સંગ્રહો 'Biological Resource Centres' નું સ્વરૂપ પામ્યા છે. સૂક્ષ્મજીવો તથા અન્ય વનસ્પતિ-પ્રાણીઓના કોષોને ઉત્પ્રેરિત કરવાથી ચોક્કસ રસાયણોનું ઉત્પાદન શક્ય છે. આવા કોષો પોતે જ 'સૂક્ષ્મ કારખાનાં' તરીકે વર્તે છે. દવાઓ, બાયોફ્યુએલ્સ, પૌષ્ટિક - ઔષધીય પદાર્થો વગેરેના ઉત્પાદનમાં આવા 'સજીવ કોષો' પાયાની ભૂમિકા ભજવે છે. કુપોષણ અને ઊર્જાની અછત જેવી સમસ્યાઓ હલ કરવામાં સૂક્ષ્મ કોષોના વિરાટ યોગદાનની સંભાવના રહેલી છે. અને તેથી સૂક્ષ્મજીવાણુઓ (micro-organisms) ના સંગ્રહથી શરૂ થયેલ વ્યવસ્થાઓ પ્રાણીઓ, વનસ્પતિઓ, વિષાણુઓ અને માણસનાં અંગોમાંથી મેળવવામાં આવેલા કોષોના વિશિષ્ટ સંગ્રહો સુધી વિકસી છે. O.E.C.D. દેશોના Biological Resource Centre Task Initiative દ્વારા આવા સંગ્રહોને એક નેટવર્કમાં જોડી વિશ્વને ઉચ્ચ પ્રકારનાં જૈવિક સંસાધનો પૂરાં પાડવાનું કાર્ય થઈ રહ્યું છે.

❑❑❑

મંદિરના ઉતારામાં એક કામવાળી સફાઈનું કામ કરે છે. આખો દિવસ એ ઓરડે ઓરડે ફરીને સાફસૂફી કરે છે. ભારે કામ છે. એને આઠ કલાકની મર્યાદા નથી ને વચ્ચે વિરામનો લાભ નથી. કાળી મજૂરીનું કામ છે. અને એને મળે ફક્ત મહિને એકસો દસ રૂપિયા, બીજુ કંઈ નહિ. એનું નામ શોષણ. મંદિરને આરે, ભગવાનના ઘરમાં, ધર્મને નામે. હા, સંચાલકો એ ગરીબની મજૂરીમાંથી પૈસા બચાવીને એ મંદિરના જીર્ણોદ્ધારમાં વાપરી શકે ને! ભારે ધર્મનું કામ થયું! મોટું પુણ્ય મેળવ્યું! માણસનું શોષણ કરે અને એના પૈસા મંદિરના કામમાં વાપરે. શું ભગવાનને એવું ગમતું હશે? પૂછ્યું છે એને? પૂછ્યું છે પોતાના અંતરને? કેવી જડતા છે અને કેવો અન્યાય છે!

- ફાધર વાલેસ

ડૉ. હર્ષદ પંડિત M.V.Sc. (Medicine)
''ૐ'' 4-કરણપરા, રાજકોટ-360 001. મો. 94282 99637

વિશ્વમાં પ્રથમવાર રોગ પ્રતિકારશક્તિ ખોરાક દ્વારા માત્ર 15 દિવસમાં વધારતી કીટ

કીટ : દેશ-વિદેશ પહોંચેલ કાયાકલ્પ + તુંજ તારો તારણહાર - ભાગ-1, 2, 3 + 20 યુરિન ટેસ્ટ પટ્ટી + ટોનિક ભસ્મ એક માસ માટેની.

જે તમારા શરીરમાં રોગ આવવા દેશે નહીં અને આવ્યો હશે તો દૂર થશે.

શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા વધે નહીં ત્યાં સુધી રોગ મટે નહીં, શરીર જ રોગ મટાડે, દવા તો રોગ મટાડવામાં, આડાં આવતાં પરિબળો દૂર કરે

રોગ : (સંધિવા, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, બી.પી. હૃદયની નળીઓ બ્લોક થવી, પેશાબના રોગો, કેન્સર, એઈડસ વગેરેમાં ફાયદો થશે.)

રૂ. 300/- મોકલી તમારું સરનામું (પીનકોડ સાથે) S.M.S. કરો.

SARLA PANDIT, DENA BANK, CANAL ROAD, BRANCH, RAJKOT. A/C No - 019610002161, IFSC-BKDNO310196.

દેશ-વિદેશમાં નિઃશુલ્ક 300 પ્રવચનો કર્યાં છે તેનો લાભ લો. દરેક જિલ્લામાં તંદુરસ્તીના કાર્યકર્તાને આકર્ષક કિંમતે કીટ આપીશું. આવેલ રકમ રાષ્ટ્રીય કાર્યમાં વપરાશે.

તન, મન, ધનથી
રાષ્ટ્રીય આરોગ્યના ભેખધારી,

ડૉ. હર્ષદ પંડિત, મો. 9428299637

Email: drharshadpandit@gmail.com

અનિરુદ્ધભાઈ અને કલ્યાણજીભાઈ

કેમ સખી ચીંધવો પવનને-૪૧

☐ અનિલ રમાનાથ જોશી

હું મહાપાલિકામાં લેન્ગ્વેજ ઓફિસર હતો ત્યારે મારે રેડલાઈટ એરિયાની નિશાળોમાં જવું પડતું હતું. કમાટીપુરા અને ફોરાસ રોડની નિશાળોમાં વેશ્યાઓના છોકરાઓ ભણતા હતા, પણ મેં જોયું કે વેશ્યાઓની દીકરીઓ નિશાળે આવે નહિ. ડ્રોપ આઉટ થઈ જાય. નિશાળના રજિસ્ટરમાં બાપનું નામ હોય જ નહિ, માતાનું નામ હોય. એ માતાઓને સમજાવવા હું અડ્ડાઓ પર ગયો. સાંજનો સમય હતો. ચમેલીબાઈના અડ્ડા પર ગયો ત્યારે એ માતા કપાસના કાલામાંથી તાજું રૂ કાઢીને દીવાની વાટો વણતી હતી. મને જોઈને કહે: "દેખો સાહબ, યહ મેરી ગદ્દી ઔર તકિયામેં રૂઈ ભરા હૈ, ઇસકી કોઈ ઇજ્જત નહિ હૈ, બહોત લોગ સો ચૂકે હૈ, દેવ કે પાસ દિયા જલાના હૈ તો ખેતોંસે આયા કવારા ઇજ્જતદાર રૂ ચાહિયે બોલો, કહાં બૈઠના હૈ?" હું સાવ ચૂપ થઈ ગયો. મેં માત્ર એટલું જ પૂછ્યું: "આપ અપની બેટી કો સ્કૂલમેં ક્યોં નહિ ભેજતી?" ચમેલીબાઈએ તરત જવાબ

આપ્યો: "દેખો સાહબ, મેરી બેટીકો મૈં તબલાં સારંગી ઔર હાર્મોનિયમસે બચાના ચાહતી હૂં. આપ સ્કૂલોંમેં ગાના બજાના બંધ કરેંગે, તબ મેરી બેટી સ્કૂલ જાયેગી." અહીં મારી જીભ સિવાઈ ગઈ.

દૃશ્ય બદલાય છે. સવારનો સાડા દસ વાગ્યાનો સમય છે. હું મારી ઓફિસમાં શિક્ષકોનો તાલીમ વર્ગ લેવાનો હોઈ એની તૈયારી કરી રહ્યો છું. મારે કવિતા કેમ વાંચવી એ વિષે પાલિકાના શિક્ષકોને તાલીમ આપવાની છે. ઉપર પંખો ફરી રહ્યો છે. એટલામાં ઓફિસના પ્રવેશદ્વાર પાસે મરાઠી ભાષાના મોટા ગજાના સર્જક કવિ નારાયણ સૂર્વે મને પ્રવેશ પહેલાં પૂછે છે: "સાહેબ, અંદર આવું? નારાયણ સૂર્વેને જોતાંવેત જ હું ખુરશી ઉપરથી સટાક ઊભો થઈ ગયો: "અરે, સૂર્વેજી? તમે સવાર સવારમાં ક્યાંથી? તમારે પૂછવાનું હોય?" આટલું કહીને હું પ્રવેશદ્વાર સુધી જઈને નારાયણ સૂર્વેને આદર સાથે લઈ આવ્યો. મારે નારાયણ સૂર્વે સાથે હું ભાયખલામાં રહેતો હતો ત્યારની દોસ્તી હતી. સૂર્વે પરસેવો લૂછતાં સામેની ખુરશી પર બેઠા. ''બોલો, કેમ આવવું થયું?" સૂર્વે થોડાક ખચકાઈને કહે: "હું પાલિકાની નિશાળમાં શિક્ષક છું. ઉપરથી ઓર્ડર આવ્યો કે તમારે કવિતા કેમ વાંચવી એના તાલીમ વર્ગમાં જવાનું છે એટલે આવ્યો છું. મારી પત્ની પાલિકાની નિશાળમાં હમાલ છે. ઉપરથી ઓર્ડર આવે એટલે આવવું પડે, સાહેબ."

આ સાંભળીને મારા હોશકોશ ઊડી ગયા. તાલીમ વર્ગ મારે લેવાનો હતો એટલે મારી મૂંઝવણ બહુ વધી ગઈ. મેં તરત ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ પાસે જઈને કીધું: ''સાહેબ, હું તાલીમ વર્ગ નહીં લઈ શકું. નારાયણ સૂર્વે જેવા કવિ બેંચ ઉપર સામે બેઠા હોય અને હું એને કાવ્ય કેમ વાંચવું એ શિખવાડું? નારાયણ સૂર્વેનું કાવ્યપઠન સાંભળવા હજારોની મેદની ભેગી થાય છે. હું પીરિયડ નહિ લઉં."

આટલું કહીને હું બહાર નીકળી ગયો. મારા બોસ હતા તેણે જતાં જતાં મને એમ કહ્યું કે ''સૂર્વે ભલે બહુ મોટા કવિ હોય પણ એનો હોદ્દો શિક્ષકનો છે." મારા બોસની માનસિકતા મને ન ગમી. મારો પીરિયડ કોઈ બીજા ઓફિસરને આપી દીધો. બેલ પડ્યો ત્યારે નારાયણ સૂર્વે પીરિયડ ભરવા જતા રહ્યા. હું સૂનમૂન મારા ટેબલ પાસે બેસી ગયો. એ પછી ઓફિસમાં મારું મન લાગ્યું નહિ એટલે લંચ ટાઈમે અર્ધા દિવસની રજા મૂકીને હું સીધો ભવનમાં ઘનશ્યામ દેસાઈ પાસે પહોંચી ગયો. એ વખતે રસ્તે ચાલતાં મને એક ગીતનું મુખડું આવ્યું: "કાળો વરસાદ તારા દેશમાં નથી કે નથી પીળો વરસાદ તારા દેશમાં, આપણે તો નોધારા ભટકી રહ્યા છીએ ચામડીના ખોટા ગણવેશમાં" ઘનશ્યામને મળું એટલે મારે ગોળનાં ગાડાં. આખો કિસ્સો મેં ઘનશ્યામને કહ્યો, "યાર, મારે નારાયણ સૂર્વેને કવિતા કેમ વાંચવી એનો પીરિયડ લેવાનો?"

ઘનશ્યામ રાબેતા મુજબ એટલું જ બોલ્યા: "સાલ્લુ ખરું ચાલે છે." શિક્ષકોને તાલીમ આપવી, જેને સરકારી ભાષામાં ઇન સર્વિસ ટ્રેનિંગ કહે છે એના તરફ મારો રોષ વધી ગયો. મારો મુદ્દો એટલો જ હતો કે શિક્ષકો વર્ગ છોડીને ટ્રેનિંગ લેવા જાય અને વર્ગના ગરીબ છોકરાઓ રખડી ખાય? આખી સિસ્ટમ જ સડી ગઈ છે. એ પછી ઘનશ્યામ વિષય બદલીને એટલું જ કહે: ''ચાલો, બગસરા ફરસાણની દુકાને જઈને ગરમાગરમ પેટીસ ખાઈએ." ઘનશ્યામ મારો મિત્ર નહિ પણ આત્મસખા હતો.

દૃશ્ય બદલાય છે. અમારી ઉર્દૂ નિશાળોના શિક્ષકો બિરલા ક્રીડા કેન્દ્રના ઓડિટોરિયમમાં એકઠા થયા છે. સમય સવારનો છે. વ્યાખ્યાન આપવા વિખ્યાત સંગીતકાર નૌશાદ સાહેબ આવવાના છે. અમે વિષય રાખ્યો છે. "કવિતા અને સંગીત." અમારા ઉર્દૂ વિભાગના સલાહકાર શાયર તાજદાર "તાજ" નૌશાદ સાહેબને લેવા માટે ગયા છે. બધી તૈયારીઓ થઈ ગઈ છે. અમે દરવાજા પાસે નૌશાદ સાહેબના આગમનની રાહ જોઈ રહ્યા છીએ. બરાબર સાડાદસના ટકોરે ટેક્સીમાં નૌશાદ સાહેબ આવે છે. સાહેબને અમે સીધા ગ્રીન રૂમમાં લઈ જઈએ છીએ. એ પછી નૌશાદજી સાથે ચા-પાણી, બ્રેકફાસ્ટ કરતાં કરતાં મેં એમને પૂછ્યું:

"નૌશાદજી, પ્રાથમિક નિશાળોમાં ભણતાં બાળકોની કક્ષાનાં બાળગીતો સારી રીતે કમ્પોઝ થાય તો બાળકો હોંશે હોંશે ગાઈ શકે. ફિલ્મી ગીતો જેટલાં જ બાળગીતો બાળકો સુધી પહોંચી શકે." નૌશાદજી કહે: "જરૂર, પણ સારાં બાળગીતો મળવાં જોઈએ. અમારે તો ફિલ્મની સિચ્યુએશન મુજબ લખાયેલાં ગીતો કમ્પોઝ કરવાં પડે છે. આટલું કહીને નૌશાદ સાહેબે "ઇન્ચક દાનાં, બીન્ચક દાનાં, દાને ઉપર દાનાં ઇન્ચક દાના" ગીત યાદ કર્યું. આ ગીત નરગીસ એક શિક્ષિકાની ભૂમિકામાં બાળકોના વર્ગમાં ગાય છે.

એ પછી નૌશાદ સાહેબે એમના વ્યાખ્યાનમાં સંગીત શિક્ષક ઉપર બહુ ભાર મૂક્યો અને કવિતા અને સંગીત વચ્ચેના સંબંધ વિષે પ્રેરક વાતો કરી. કાર્યક્રમ પૂરો થયો. એ પછી મારા દિમાગમાં એ વાત ચંદન ઘોની જેમ ચોંટી ગઈ. એ દિવસોમાં હું ખાર રહેતો હતો. નૌશાદજી સાથે એકાદ બે મિટિંગ પણ કરી હતી, પણ સારાં બાળગીતો ક્યાં શોધવાં? નૌશાદ સાહેબ સાથે બાળગીતો વિષે વાતો થયા પછી અમે કલ્યાણજીભાઈ સાથે ગુજરાતી બાળગીતો કમ્પોઝ કરવાની વાત કરી. કલ્યાણજીભાઈ સહમત થયા. એ અમારી ઓફિસે મિટિંગ કરી ગયા. કલ્યાણજીભાઈએ કહ્યું: ''મને થોડાં ગાઈ શકાય એવાં બાળગીતો આપો." અમે ખૂબ પ્રયત્નો કર્યા પણ બહુ શક્ય બન્યું નહી. સંગીત શિક્ષકોનો

વિરોધ થયો એટલે એ આખી યોજના પડતી મૂકી. ગુજરાતી નિશાળોમાં સંગીત શિક્ષકોને મેં જોયા છે.

મોટાભાગે શિક્ષકોનો વાંક નથી હોતો, પરંતુ નિશાળોને અપાયેલાં વાજિંત્રો ખદ્દડ હોય છે. હાર્મોનિયમની ધમણ ફાટી ગઈ હોય, કાં પછી તબલાં દોઢે ચડી ગયાં હોય. સરકારી કે અર્ધ સરકારી નિશાળોની આ જ સમસ્યા છે.

દશ્ય બદલાય છે. બેટરહાફ ભારતી પિયર ગઈ છે. અમરેલીથી રમેશ પારેખ આવે છે. એટલે ઘરમાં ધમાલ ધમાલ હોય જ. હાથે રસોઈ બનાવીએ. મને શાક બનાવતાં આવડે અને રમેશને ગોળ ભાખરી બનાવતાં આવડે. એવામાં એક બપોરે રમેશને ઘૂરી ચડી કે તરત ટેલિફોન પાસે ગયો. મુંબઈના કવિ બનવા મથતા કેટલાક કવિઓને ડાયરીમાં જોઈને ફોન લગાડે છે અને અવાજ બદલીને કહે છે: "હું ચંપકલાલ બોલું છું, 'કુમાર' સામયિકમાં હું કવિઓની જીવનઝરમર લખું છું. હું મુંબઈ આવ્યો છું તો તમે કાલે સાંજે પાંચ વાગ્યે ચર્ચગેટ સામે આવેલા 'એશિયાટિક'માં મળો. તમારી સાથે તમારી જીવન ઝરમર અને પાસપોર્ટ સાઈઝનો ફોટો લેતા આવજો." આટલું કહી ફોન મૂકી દે છે. એ પછી મને કહે છે: "અનિલ, કાલે સાંજે બરાબર પાંચ વાગ્યે આપણે ચર્ચગેટ સ્ટેશનના દરવાજે જઈને ઊભા રહીશું. એશિયાટિક રેસ્ટોરન્ટમાં નહિ જઈએ." આટલું કહીને તે ખડખડાટ હસી પડ્યો. બીજે દિવસે અમે નક્કી કર્યા મુજબ પોણાપાંચ વાગ્યે ચર્ચગેટ સ્ટેશનના દરવાજે પહોંચી ગયા. થોડીવારમાં એક પછી એક કવિઓ પસાર થાય છે. અમે કવિઓને હાય હલ્લો કરીએ પણ આગંતુક કવિઓ "જરા અરજન્ટ કામ છે, પછી મળીએ." એટલું કહીને એશિયાટિક રેસ્ટોરન્ટમાં ઘૂસી જાય છે. એ પછી થોડી વારમાં રમેશ અને હું એશિયાટિક રેસ્ટોરન્ટમાં પ્રવેશીએ છીએ. જોયું તો એક ટેબલ પર રમેશ નિમંત્રિત કવિઓ બેઠા હતા. સહુ કોઈ રાહ જોતા હતા. કોની રાહ જોતા હતા એ રમેશ અને હું જાણતા હતા. "વેઇટિંગ ફોર ચંપકલાલ." યોગાનુયોગ એ વખતે રેસ્ટોરન્ટના ખૂણાના ટેબલ પર પહેલેથી જ રસિક શાહ, જયંત પારેખ અને સુનીલ કોઠારી બેઠેલા હતા. રમેશ અને હું રસિકભાઈ જે ટેબલ પર બેઠા હતા ત્યાં જઈને બેસી ગયા. હવે રમેશથી હસવું રોકાયું નહિ ખીખીખીખી હસતાં જયંત પારેખને કાનમાં કહે: "બીજા ટેબલ પર બેઠેલા કવિઓનાં ખિસ્સાં તપાસવામાં આવે તો એમાંથી જીવનઝરમર અને પાસપોર્ટ સાઈઝનો ફોટો નીકળે." ખીખીખી. રસિકભાઈ કહે: ''એ મિત્રોને બેકેટનું 'વેઈટિંગ ફોર ગોદો' પુસ્તક આપી દેવું જોઈએ." રમેશ નિમંત્રિત બધા કવિઓ પોતપોતાની જીવનઝરમર લઈને વિખેરાઈ ગયા.

[ક્રમશ:]

આયુર્વેદ ચિકિત્સાનું વિદ્યાધામ ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય

☐ નરેશ અંતાણી

22.27 ઉત્તર અક્ષાંશ અને 70.05 પૂર્વે રેખાંશ પર વસેલું, સૌરાષ્ટ્રનું કાશી અને બ્રાસ ઉદ્યોગનું હબ એવા જામનગર રાજ્યની સ્થાપના કચ્છના જાડેજા રાજવી વંશના જામ રાવળે ઈ. સ. 1540ના અરસામાં અહીંના જેઠવા, ચાવડા અને વાઢેલ શાખાના ક્ષત્રિયોને પરાસ્ત કરીને પોતાનું રાજ્ય

સ્થાપીને કરી હતી. પોતાની શાખાના પ્રતાપી પુરુષ હાલાજીના નામ પરથી સૌપ્રથમ આ પ્રદેશનું નામ હાલાર રાખ્યું, ત્યારથી સૌરાષ્ટ્રનો આ પ્રદેશ હાલાર તરીકે ઓળખાય છે. હાલારનું નવું વર્ષ પણ કચ્છની જેમ જ આષાઢી બીજથી જ આરંભાય છે. જામ રાવળે સૌપ્રથમ પોતાની રાજધાની ધ્રોળમાં સ્થાપી હતી પરંતુ પાછળથી વહીવટી સુગમતાઓ માટે વિક્રમ સંવત 1596 ઈ. સ. 1540ના શ્રાવણ વદ આઠમના રંગમતી અને નાગમતીના કિનારે પોતાની નવી રાજધાની સ્થાપી તે હાલનું જામનગર. આરંભમાં નવા નગર તરીકે ઓળખાતું અને પાછળથી તે જામનું વસાવેલું નગર એટલે જામનગર તરીકે વિખ્યાત થયું.

જામનગરની બીજી વિશ્વવિખ્યાત ઓળખ એટલે ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય. દેશના મહાન આયુર્વેદાચાર્ય ઝંડુ ભટ્ટ તથા રસવૈદ્ય બાવાજી અમલજીની ભૂમિ જામનગરમાં આવેલું આ મહાવિદ્યાલયની સ્થાપનાને 74 વર્ષ પૂર્ણ થયાં છે અને 75માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. 2020-21નું વર્ષ તેના અમૃત મહોત્સવ તરીકે ઉજવવામાં આવશે અને તેનો આરંભ સ્થાપના દિવસ 1લી જુલાઈથી કરાયો, ત્યારે આયુર્વેદ ચિકિત્સાના વિદ્યામંદિર એવા

સાભાર સ્વીકાર

* ગૂર્જર સાહિત્ય ભવન (રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : * સંતાનમાં સંસ્કાર સિંચન : ડો. ઊર્મિલા શાહ, પૃ. 196, કિં. રૂ. 170, પહેલી આવૃત્તિ - 2018. * વિભૂતિ ચરિત્રમાળા વિશ્વમાનવ ગાંધીજી : પ્રસાદ બ્રહ્મભટ્ટ, પૃ. 192, કિં. રૂ. 200, પહેલી આવૃત્તિ - 2018. * નરેન્દ્ર મોદી P.M. ફિર સે : નમન ર. મુનશી, પૃ. 144, કિં. રૂ. 250, પહેલી આવૃત્તિ - 2019. * આંખ છીપ, અંતર મોતીઃ આચાર્ય 'વાત્સલ્યદીપ' સૂરિજી, પૃ. 232, કિં. રૂ. 250, પહેલી આવૃત્તિ - 2017. * સફળતાની સૌરભઃ શિવદાન ગઢવી, પૃ. 120, કિં. રૂ. 110, પહેલી આવૃત્તિ - 2018. * શૂરાનો મારગઃ ડો. પ્રકાશ લોથે, અનુ.: અશોક ગોપાળરાવ વિદ્વાંસ, પૃ. 452, કિં. રૂ. 450, પહેલી આવૃત્તિ - 2018. * કંડિકાઓ : પૃ. 68, કિં. રૂ. 50, પ્રથમ આવૃત્તિ - 2019. * રેતીનું ઘરઃ પ્રીતિ હિતેશ ટેલર, પૃ. 120, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2019. * હું ને કથાઃ લતા હિરાણી, પૃ. 124, કિં. રૂ. 120, પહેલી આવૃત્તિ - 2018. * તણખલાંઃ અનુવાદકઃ જયંત મેઘાણી, પૃ. 132, કિં. રૂ. 80, પુનર્મુદ્રણ - 2018.

આ મહાવિદ્યાલયના ઇતિહાસ પર નજર કરવી રસપ્રદ બની રહેશે.

ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજના ભવન 'ધન્વંતરિ મંદિર'નું નિર્માણ કુશળ ઇટાલિયન ઇજનેર દ્વારા કરવામાં આવ્યું છે. આ ભવનની ડિઝાઈન ઊડતા બાજ પક્ષી જેવી દેખાય છે. તેનું વિશાળ પરિસર અને આકર્ષક પ્રવેશદ્વાર આજે જામનગરનાં દર્શનીય સ્થાનોમાં સ્થાન ધરાવે છે.

આ આકર્ષક ભવન જેટલો જ આ મહાવિદ્યાલયનો ભવ્ય ઇતિહાસ છે. આ મહાવિદ્યાલયની સ્થાપના પાછળ જામનગરના જામ દિગ્વિજયસિંહજી તથા રાજમાતા ગુલાબકુંવરબાનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. સાથોસાથ જામનગરના જૈન વણિક પ્રાણજીવન મહેતાનું યોગદાન પણ આજે યાદ કરવું જોઈએ.

પ્રાણજીવન મહેતાએ મેટ્રિક સુધીનો અભ્યાસ જામનગરમાં પૂર્ણ કરી વધુ અભ્યાસ માટે મુંબઈ ગયા ત્યાં તેમણે એમ.બી.બી.એસ. પ્રથમ વર્ગમાં પાસ કરી યરવડા જેલમાં મેડિકલ ઓફિસર તરીકે પોતાની કારકિર્દી આરંભી. એ પછી મુંબઈમાં જ ખાનગી પ્રેક્ટિસ પણ કરી અને લોકપ્રિય તબીબ બન્યા. પણ તેમને આગળ અભ્યાસની ધગશ હોઈ એમ.ડી.એમ.એસ. થયા. એ દરમિયાન જામનગરની ઇરવિન હોસ્પિટલમાં મુખ્ય તબીબી અધિકારીની જરૂર જણાતાં ડો. પ્રાણજીવનની ખ્યાતિથી પરિચિત જામ દિગ્વિજયસિંહજીએ તેમને જામનગર બોલાવ્યા અને ઇરવીનમાં તે જગ્યાએ નિમણૂક આપી.

પ્રાણજીવન મહેતા એલોપથી નિષ્ણાત હોવા છતાં આપણા દેશની આરોગ્ય પદ્ધતિ આયુર્વેદ પ્રત્યે પણ તેમને ભારે આકર્ષણ હતું તેની પાછળનું કારણ એ છે કે, ખુદ પ્રાણજીવનભાઈની તબિયત એકવાર અતિ બગડતાં અને એલોપથી ઉપચાર કારગત ન નીવડતાં ખંભાળિયાના વૈદ્યરાજ પુરુષોત્તમ ડુંગરજીએ આયુર્વેદ ઉપચારથી તેમને સાજા કર્યા આથી તેમને આયુર્વેદ પદ્ધતિ પર ભારે વિશ્વાસ બેસી ગયો અને આ પદ્ધતિનો વિકાસ કરી વધારે પ્રચાર અને પ્રસાર થાય માટે કંઈક કરવાનો મનસૂબો કર્યો. આ માટે જીવનના સાઠમાં વર્ષે સંસ્કૃતનો તથા આયુર્વેદનો અભ્યાસ કર્યો. આ પછી આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના ફાયદા અંગે રાજમાતાને જાણકારી આપી. આ ક્ષેત્રે વધુ સંશોધન તથા અભ્યાસ માટે પ્રસ્તાવ મૂકતાં રાજમાતાએ તે સ્વીકારી આ દિશામાં આગળ વધવા પરવાનગી આપી.

ડો. પ્રાણજીવન મહેતાએ રાજમાતાની પરવાનગી મળ્યા પછી સૌરાષ્ટ્ર સહિત ભારત ભ્રમણ કરી સૌરાષ્ટ્રમાં જામનગર ખાતે જ વૈદક ચિકિત્સાનું મથક સ્થાપવાની રજૂઆત ગુલાબકુંવરબા સમક્ષ કરી અને જો રાજ્યાશ્રય આપવામાં આવે તો પોતે

આ કામગીરી સંભાળવા તૈયાર હોવાની પણ દરખાસ્ત કરી.

આ પછી ગુલાબકુંવરબાની પરવાનગી મેળવ્યા પછી આરંભમાં ઈ. સ. 1932માં જામનગર ખાતે જ ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીની સ્થાપના કરવામાં આવી અને જેનું સંચાલન પણ ડો. પ્રાણજીવન મહેતાને સોંપવામાં આવ્યું. આ સોસાયટીએ આયુર્વેદના મહાન ગ્રંથ 'ચરક સંહિતા'નું ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દીમાં ભાષાંતર કરી તેને છ ભાગમાં પ્રકાશિત કરવાનું મોટું કામ એ સમયે કર્યું હતું.

આયુર્વેદ સોસાયટીની સ્થાપના પછી લાખોટા તળાવ સામે આવેલા જુવાનસિંહ સંગ્રહાલય (હાલના જિલ્લા પુસ્તકાલય)ના ભવનમાં સોસાયટીનું કાર્ય આરંભાયું. આ પછી એક નવા ભવનની આવશ્યકતા જણાતાં એક વિશાળ ભવનની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ ભવનની રચના માટે એક કુશળ ઇટાલિયન ઇજનેરને તેની ડિઝાઈન તૈયાર કરવાનું કામ સોંપાયું અને ડિઝાઈન તૈયાર થયા પછી દરિયાઈ નવલકથાઓના જાણીતા લેખક ગુણવંતરાય આચાર્યની દેખરેખ હેઠળ હાલનું વિશાળ અને સુંદર સ્થાપત્ય ધરાવતું ભવન બાર વર્ષને અંતે તૈયાર થયું. જેનું નામકરણ આયુર્વેદના આદ્ય ભગવાન ધન્વંતરિના નામ સાથે જોડી 'ધન્વંતરિ મંદિર' રાખવામાં આવ્યું.

ગુલાબકુંવરબા સોસાયટી દ્વારા આ ભવનના નિર્માણ પછી આ ભવનમાં 1લી જુલાઈ 1946ના દિવસે 'ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી જેને આજે 74 વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. આ પછી પાંચમી જાન્યુઆરી 1967ના ગુજરાત વિદ્યાનસભાએ એક ખરડો પસાર કરી સ્નાતક ઉપરાંત અનુસ્નાતક શિક્ષણ માટે 'ગુલાબકુંવરબા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન સંસ્થાન'ની રચના કરી. આ પછી અહીં દેશ-વિદેશના અનેક વિદ્યાર્થીઓ સ્નાતક તથા અનુસ્નાતકનો અભ્યાસ કરી આયુર્વેદ ચિકિત્સક બની આ પદ્ધતિનો બહોળો પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે. અહીં ગુજરાતી ઉપરાંત સ્નાતક કક્ષાનો (બી.એ.એમ.એસ.)નો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસક્રમ વિદેશી વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવે છે.

અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બોટોનિકલ ગાર્ડન, ભાઈઓ-બહેનો માટે જુદી જુદી હોસ્ટેલ વગેરેની સુંદર વ્યવસ્થા છે.

મહાવિદ્યાલયના પરિસરમાં જ મહાવિદ્યાલય સંચાલિત 150 પથારીઓની ક્ષમતા ધરાવતું ગુલાબકુંવરબા આયુર્વેદ ચિકિત્સાલય આવેલું છે. જેમાં આઈપીડી ઉપરાંત ઓપીડી વિભાગ પણ આવેલો છે જેનો લાભ મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે. ❑❑❑



ચલો એક બાર ફિરસે

☐ નયના પટેલ

કોરોનાના દિવસો...

દૂધ લઈને રત્ના ઘરમાં આવી. મોઢે લગાવેલું માસ્ક કાઢી ખીંટીએ ભેરવ્યું, હાથ ધોયા અને દૂધ ગરમ કરવા મૂક્યું,

'ભગવાન, બસ કર, થાકી ગઈ છું હવે તો.'

'એમ કેમ ચાલશે રીતુ, હજુ તો બીજા છ જન્મ...' રૂમમાં પ્રવેશતો

અવિનાશ વાક્ય પૂરું કરે તે પહેલાં જ રત્નાએ બે હાથ જોડી માથે લગાડી કહ્યું, 'મે'રબાની કર ભાઈસાબ, એ તારી ચવાયેલી જોક સાંભળીને રડવુંય નથી આવતું.'

ચાની સોડમથી ઘર મઘમઘી ઊઠ્યું.

ચા સાથે છાપું વાંચવાની અવિનાશની ટેવ પણ હવે સમજી ગઈ છે કે કોરોના જશે નહીં ત્યાં સુધી એને પ્રવેશ નથી મળવાનો છતાંય અવિનાશથી બારણા તરફ જોવાઈ ગયું. પછી એક ફળફળતો નિસાસો મૂકી મોબાઈલ જોતાં જોતાં ખાખરામાં મન પરોવ્યું.

ડાયાબીટિસની દવા લેતાં લેતાં મોં બગાડી રત્ના બબડી, 'મને 'ક' અક્ષર જ ગમતો નથી.'

અવિનાશે સાંભળ્યું ન સાંભળ્યું કરી વાતને વાળી લીધી, 'કોરોના છે એ છે, હવે એને ગમે એટલો શ્રાપ આપીશ તોય હાલ પૂરતો તો જવાનો નથી, તો હવે એનું શું રડ્યા કરે છે!' કહી રત્ના તરફ એક અછડતી નજર નાખી. એ દર વખતની જેમ રત્નાની ઉદાસીને કળી ગયો પણ આવા વખતે હંમેશની જેમ એણે વિષય બદલવા ટી.વી. ચાલુ કર્યું.

રત્નાની ચાનો સ્વાદ ઊડી ગયો. માંડ માંડ ચા પૂરી કરી, પથારી વ્યવસ્થિત કરવા બેડરૂમમાં ગઈ. પણ ત્યાં તો એની નજર રાત્રે ઇસ્ત્રી કરેલાં કપડાં પર પડી. એ રાખતાં રાખતાં એને થયું, ચાલ પહેલાં કબાટ વ્યવસ્થિત કરી લઉં.

પલાંઠી વાળીને કબાટ પાસે એ બેઠી જ અને સીટિંગરૂમમાં કોઈ હિલચાલ સંભળાઈ નહીં એટલે બૂમ મારી કહ્યું, 'અવિ, એ અવિ તું નહાવા જા તો, પાછો નહાતાં કલાક થશે.'

'યસ મેડમ, જેવી આજ્ઞા' કહી એ કપડાં લેવા બેડરૂમમાં ગયો.

કપડાં વ્યવસ્થિત કરતાં કરતાં રત્નાની નજર સાવ નીચેના ખાનામાં રાખેલા તેમના ફોટાના આલ્બમ ઉપર પડી અને તે જ વખતે અવિનાશની નજર પણ ત્યાં જ ગઈ.

'હું વિચારું છું એ જ તું વિચારે છે ને?' ઉત્સાહમાં આવી ને અવિનાશે પૂછ્યું.

'અરે હજુ તો કંઈ વિચારું તે પહેલાં તો તારા મનમાં પ્રોજેક્ટ પણ તૈયાર થઈ ગયો, ખરો છે!' રત્નાને આલ્બમ જોવાની જરાય ઇચ્છા નહોતી પણ ના કઈ રીતે પાડે?

અવિનાશને આ ક્ષણ જતી નહોતી કરવી, એ રત્ના પાસે જ નીચે બેસી ગયો અને રત્ના કંઈ વિચારે તે પહેલાં જ એના ખોળામાં માથું મૂકીને ગાવા માંડ્યું, 'ચલો ઈકબાર ફીરસે અજનબી બન જાયે હમ દોનો...'

એણે એટલા તો પ્રેમથી રત્ના સામે જોયું કે રત્નાને સાચે જ એના પર વહાલ ઊમટ્યું.

'ચલ, હટ, આમ જ મને ફસાવી હતીને!' કહેતાં કહેતાં આવવા મથતા

પેલા વિચારને એણે આલ્બમ ભેગો ફરી પાછો કબાટમાં મૂકી દીધો.

'એય, આલ્બમ પાછું કેમ મૂકે છે?'

'બપોરના ઊઠ્યા પછી જોવું છે ને? અત્યારથી શું છે એનું?'

કહી અવિનાશને હળવો ધક્કો માર્યો અને ઊઠવા ગઈ પણ આજે અવિનાશ માને એમ ક્યાં હતો?

અવિનાશની આંખોમાં ભારોભાર લાગણી છલકાતી જોયા પછી રત્નાએ બળપૂર્વક પેલા અશુભ વિચારને ધક્કો મારી જ દીધો, 'ભલે બાબા ભલે, ચાના ઘૂંટડે ઘૂંટડે આલ્બમનો નાસ્તો કરીશું, બસ, ચલ ઊઠ, ઢગલો કામ પડ્યું છે, ઊ...ઠ કહું છું' કહી જોરથી ધક્કો માર્યો. જમીન પર પડ્યાં પડ્યાં રત્નાનો ગાઉન પકડી અવિનાશે ગાવા માંડ્યું, 'અભિ ના જાઓ છોડ કે કે દિલ અભી ભરા નહીં.'

સાચે જ રત્ના પીગળી ગઈ. પથ્થર થવાની અણી પર હંમેશાં અવિનાશ એને પિગળાવીને જ જંપે!

હાથ આપીને એને બેઠો કર્યો, હળવો ધક્કો માર્યો અને...

ઘણીવાર આ પળો ગયા પછી રત્નાએ અવિનાશને બાલ્કનીમાં જઈને ઊભેલો જોયો છે. એને ખૂબ નવાઈ લાગતી, આનંદ પછીની ક્ષણો માણવાની જગ્યાએ ક્યારેક એ ઉદાસ થઈ જતો હોય એવો એને આભાસ થતો. પણ અવિનાશ છે એ તો, ઘડીના છઠ્ઠા ભાગમાં ઉદાસીને મનનાં કયા ખૂણામાં સંતાડી દેતો તે પણ કોઈને ખબર ન પડતી. અવિને એમ જ હતું કે રત્નાને ખબર નથી પણ રત્ના જાણી જોઈને એ વાતને ખાસ છેડતી નહીં, પણ આજે એનાથી પુછાઈ જ ગયું, 'અવિ, કેમ આ રીતે ઘણીવાર તું મૂડલેસ થઈ જાય છે?'

જવાબ આપવાનું ટાળી એણે કહ્યું, 'હવે તારો વારો ગાવાનો, બોલ કયું ગીત ગાઈને મને બોલાવીશ?'

રત્ના કપડાં સરખાં કરતાં કરતાં ઊઠી, 'જાતા કહાં હૈ દીવાને સબ કુછ યહાં હૈ સનમ...' ગાતી ગાતી, બાલ્કનીના કઠેરા પર હાથ ટેકવી ઊભેલા અવિનાશના ભરાવદાર ખભા પર આછું ચુંબન કરી રસોડામાં જતી રહી.

અવિનાશે રત્નાની પીઠ તરફ જોઈ ચૂપચાપ એક નિશ્વાસ નાખ્યો અને બાથરૂમમાં ગયો.

રત્ના રસોડામાં આવી અને પરવળનું ભરેલું શાક બનાવવાનું શરૂ કર્યું. અચાનક એને યાદ આવ્યું કે કમલનેય ભરેલાં પરવળ ખૂબ જ ભાવતાં! દસ દસ વર્ષ થયાં પણ હજુ એ ભુલાતો નથી. અનહદ વાર નક્કી કર્યું છે કે એ બેવફાને યાદમાંથી પણ ભૂંસી નાખવો છે પણ અવળચંડું મન ટાણે કટાણે એને અંતરના તળિયેથી સપાટી પર ઘસડી લાવે છે. એની યાદ આવતાં જ વિવશ થઈ જાય છે.

અવિનાશ જો ન મળ્યો હોત તો

રત્ના આપઘાત કરવાની અણી પર હતી... ભગવાને જ એને રત્નાની બેંકમાં મેનેજર તરીકે મોકલ્યો ન હોય જાણે! એને તે દિવસ યાદ આવી ગયો જ્યારે પહેલી વખત એ અવિનાશને મળી હતી. ભયંકર ડિપ્રેશનમાંથી એ પસાર થતી હતી. મમ્મી-પપ્પાએ જેટલું આશ્વાસન અપાય એટલું આપ્યું હતું, મિત્રોથી માંડી બેંકના સ્ટાફે પણ એની ખૂબ કાળજી રાખી હતી પણ એને રોજ રોજ મરવાના વિચારો આવતા, પછી થતું, એક બેવફા માટે હું શા માટે મરી જાઉં? બસ આ બે વિચારોની વચ્ચે ઝોલાં ખાયા કરતું હતું એનું મન.

સાંજ પડે અને કમલને મળવા એ બહાવરી થઈ જતી. સાંજ એની ખૂટતી નહોતી. સૂર્યના ડૂબવા સાથે એનું મન પણ જાણે કાંકરિયાના તળિયે જવાનો નિર્ધાર કરતું. અવિએ એને સાચવી લીધી, એના આવ્યા પછી માંડ માંડ એણે મનને મનાવ્યું હતું કે 'મરવાથી કાંઈ થોડો જ કમલ પાછો મળવાનો હતો?'

રત્નાથી એટલા તો જોરથી તવેથો પેણી સાથે અફળાઈ ગયો કે એ પોતે એ અવાજથી ચોંકી ગઈ.

આટઆટલાં વર્ષોથી મનમાં ઘૂમરાતો રહેલો વિચાર ફરી મનની સપાટી પર ઊપસી આવ્યો - અવિએ કમલ કરતાંય ચઢી જાય એટલો પ્રેમ આપ્યો હતો અને હજુ પણ એ જ ઉત્કટતાથી ચાહે છે, છતાં શું ખૂટે છે? એકાંતની પળોમાં એને ક્યારેક થતું કે અવિએ કમલ સાથેના પ્રેમની ખબર હોવા છતાં મારી સાથે લગ્ન માત્ર સહાનુભૂતિથી તો... ના... ના... છટ્, એવું વિચારી અવિના પ્રેમને અન્યાય કરતી હોય એમ એને થતું.

હા, બાળકો નથી પણ એ માટે તો બન્ને જણે સમજણ કેળવી લીધી છે... તો શું ખૂટે છે... ના... ના... ખૂટવા કરતાંય કંઈક અસ્પષ્ટ છે... ઘણીવાર હેરાન કરતો પ્રશ્ન વળી પાછો આજે મનમાં ફૂટી નીકળ્યો. મન માન્યું ત્યારે જ અવિ સાથે લગ્ન કર્યાં અને તો પછી આ શું થયા કરે છે મને? એ આંગળી મૂકી શકે એવું કંઈ જ નથી અને છતાં કોઈ વિષાદ એને જ્યારે ઘેરી વળે ત્યારે 'કંઈક ખૂટે છે, કંઈક અસ્પષ્ટ છે... ધૂંધળું છે'ની લાગણી સળવળી ઊઠે છે.

એણે મનને ધમકાવીને દર વખતની જેમ કમલની યાદને દફનાવી દેવાની આખરી ચેતવણી આપી અને બાકીનું રસોડાનું કામ પતાવ્યું, કચરાં-પોતાં પણ કરી લીધાં તોય અવિ મહારાજ હજુ નહાયા જ કરે છે!

બાથરૂમનું બારણું રત્નાએ જોરજોરથી ખખડાવ્યું, 'અવિ, યાર, એક કલાક થયો, એટલું બધું તે શું નહાવાનું? રંધાઈ પણ ગયું અને મારા કચરા-પોતાં પણ થઈ ગયાં. ચલ, હવે બહાર નીકળ, મારે નહાવું છે.' એનું વાક્ય પૂરુંય નહોતું થયું અને બાથરૂમનું બારણું અડધું ખૂલ્યું, 'તો,

આવી જાને ડાર્લિંગ!' કહી અવિએ એને અંદર ખેંચવાનો પ્રયત્ન કર્યો.

'છોડ કહું છું, કામ ધંધો નથી તને તો!' કહી માંડ માંડ છોડાવી એ ખાટલા પાછળ આવી અને ગુસ્સામાં સાઈડ ટેબલ પર પડેલું એલાર્મ લઈને ઉગામ્યું.

'દયા કરો રણચંડી, કોરોનાએ સુવર્ણ તક આપી છે તેનો સદુપયોગ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.' કહી ટુવાલ વીંટાળી અવિ બહાર આવ્યો.

બન્નેથી હસી પડાયું.

જમી પરવારી બન્ને જણ બપોરનો આરામ કરવા ગયાં.

બંધ આંખે અવિ સૂવાનો ડોળ કરતો રહ્યો. જે વાત કરવા માટે દસ દસ વર્ષોમાં મળેલી કાંઈ કેટલીય તકો જતી રહી હતી, આજે તો કોરોનાએ સરસ મોકો આપ્યો છે, એને થયું, ડોન્ટ ડિસ્ટર્બનું બોર્ડ પણ મારવું ન પડે એવી પરિસ્થિતિ વારે વારે મળવાની નથી. બન્ને ફોન પણ ઑફ કરવાનું નક્કી કર્યું અને ઘડીક આંખ મળી.

રત્નાને આલ્બમ જાણે અંગારો હોય તેમ લાગ્યા કર્યું, કમલે લીધેલા કેટલાય ફોટા અંદર જીવતા સાપની જેમ પડ્યા છે! એને તો એ બધા ફોટા બાળી નાખવા હતા પણ અવિએ એને રોકી હતી, 'એક એકથી ચઢિયાતા ફોટા છે, એમ થોડા જ બાળી નખાય!' કહી ફાડવા નહોતા દીધા અને એટલે એ બધા ફોટાઓ પોતાની ક્ષણોને લઈને એમાં જીવતા હતા, પછી ઊંઘ ક્યાંથી આવે?

રત્ના તો સૂતી જ નહોતી એટલે ૩.૩૦ને ટકોરે આસ્તેથી ઊભી થઈ. બાજુમાં જોયું તો અવિનાશ નસકોરાં બોલાવતો હતો.

ચાની સુગંધે અવિનાશનું ઘેન ઉડાવી દીધું.

રોજની જેમ મસ્તી તોફાન કરતો અવિ શાંત હતો અને રત્ના પણ ખામોશ હતી.

બન્નેનું મૌન ઘરમાં તોફાન કરતું હતું.

હીંચકે બેસી રેડિયાને મચડતાં અવિએ ચા લઈને આવેલી રત્ના પાસેથી ચાનો કપ લીધો અને એને હીંચકા પર બેસવાની જગ્યા કરી આપી.

બન્નેને થયું આજે ચા પૂરી જ ન થાય તો સારું!

જે વાત માટે અવિ ઉત્સુક હતો અને રત્ના ડરતી હતી તે ક્ષણ આવી પહોંચી.

અવિ બેડરૂમમાં જઈને આલ્બમ લઈ આવ્યો.

એને ખબર હતી કે રત્ના અપસેટ થવાની છે, પણ મનના ખૂણે ભંડારી રાખેલું સત્ય બહાર ખેંચી લાવવા માટે આ સિવાય એને કોઈ રસ્તો દેખાતો નહોતો.

આ એનું પગલું એના સીધેસીધા ચાલતા જીવનને કદાચ બદલી પણ નાખે.... પણ...

આલ્બમ લાવી હીંચકે સ્વસ્થ

રહેવાનો પ્રયત્ન કરતી રત્ના પાસે બેઠો.

બન્ને જણ સાવ ખોખલું હસ્યાં. આવનારી ક્ષણોનો ખખડાટ સંભળાવા માંડ્યો હતો. અવિ આલ્બમ રત્નાના ખોળામાં મૂકી ઊઠ્યો અને બન્ને જણના મોબાઈલ ફોન બંધ કરી આવ્યો, 'ચાલો બન્ને ફોનને પણ ચૂપ કરી દીધા અને લોકડાઉનમાં કોઈ બારણાં પણ ખખડાવશે નહીં. આ...રા...મથી ભૂતકાળને વાગોળીશું, હે ને રીતુ?' કહી, 'હાશ' કહી રત્નાની એકદમ અડોઅડ બેઠો અને એના સૂરીલા અવાજે ગાવાનું શરૂ કર્યું, 'ચલો ઈકબાર ફીરસે અજનબી બનજાયે હમ દોનો' ગાતાં ગાતાં રત્નાના ખભે હાથ વીંટાળી દીધો.

'આલ્બમ જોવામાં અજનબી બનવાની શી જરૂર છે?' આલ્બમ જોવાની અનિચ્છાને ઢાંકવાનો પ્રયાસ કરતી હોય તેમ અવિને દૂર ખસેડતાં એ બોલી.

'યાર, એ જોવાની મઝા ત્યારે જ આવે જ્યારે આપણે એકબીજાંને ઓળખતાંય નહોતાં તે ક્ષણમાં જઈને ફરી એ ક્ષણને જીવી લઈએ. દરેક ફોટાએ, એ ક્ષણો યાદ આવવી જોઈએ એમ તને નથી લાગતું?'

પહેલું પાનું ખોલ્યું અને એમાં રત્નાનો કમલે લીધેલો અપ્રતિમ ફોટો હતો. સાચે જ એ ફોટો પહેલી વખત અવિએ જોયો ત્યારની એ ક્ષણ જીવતી થઈ ગઈ.

'ઓ માય ગોડ, રત્ના કયા સ્ટુડિયોવાળાએ પાડ્યો છે, સુપર્બ ફોટો છે. એ સ્ટુડિયોવાળો તને પ્રેમ તો નહોતો કરતોને?' એ ફોટો ફાડી નાખવા તૈયાર થયેલી રત્નાને અટકાવી અવિનાશે ત્યારે કહ્યું હતું. ત્યારે ઉદાસીભર્યા સ્વરે નિખાલસતાથી એ ફોટો કમલે પાડ્યો છે તે વાત એણે અવિનાશને કરી હતી.

અવિનાશે મન અને લાગણીઓ પર કાબૂ રાખ્યો અને રત્નાનો ચહેરો પોતાના તરફ ફેરવી કહ્યું, 'કમલે લીધેલા આ ફોટા કરતાં તો તું હવે વધુ સુંદર લાગે છે, સાચું કહું છું.' કહી એના ગાલે આછું ચુંબન કર્યું.

પોતાની લાગણીઓને માંડ માંડ કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરતી રત્ના રડવા જેવું હસી અને પાનું ફેરવવા ગઈ. એને અટકાવી અવિનાશ બોલ્યો, 'રીતુ, કમલ નામની વ્યક્તિએ તારા પહેલા પ્રેમને તરછોડ્યો હતો એ વાત આપણે મળ્યાં હતાં ત્યારે કરી હતી. અને એ વાતને ભૂતકાળના ખોળે છોડી, જીવનને એક નવી કેડીએ લઈ જવાની વાત પર આપણે સહમત થયાં હતાં કે નહીં, બોલ!'

ડૂબતા સૂરજના ધોધમાર પ્રકાશને લઈને આવતા બારી બહારના એ આકાશના ટુકડાને રત્ના તાકી રહી.

એક મોટો નિશ્વાસ નાખી બોલી, 'હા, અવિ. અને મેં ક્યારેય તને ફરિયાદ કરવાની તક આપી છે? સાચું કહેજે.'

'ના, પણ મેં તને ઘણીવાર ઉદાસ થઈ જતી જોઈ છે, ત્યારે ત્યારે મને થતું કે તું મને તારું અંતર ફાડીને જે કહેવું હોય તે કહી દેતી હોય તો! અને આપણાં લગ્નને દસ દસ વર્ષ થઈ ગયાં, હવે તો તને મારામાં... મારા પ્રેમમાં વિશ્વાસ છે કે નહીં?'

રત્ના અવિનાશ સામે જોઈ રહી, પછી પોતાની જાતને જ કહેતી હોય તેમ ગણગણી, 'અવિ, વિશ્વાસનો સવાલ નથી' એક લાં...બી ચુપકીદી પછી અતીતને છંછેડતી હોય તેમ બોલી, 'કમલને ભૂલવામાં તારી લાગણીએ, તારી મસ્તીએ, તારી સમજદારીએ ખૂબ મોટો ભાગ જરૂર ભજવ્યો છે. પણ છતાંય આજે તને સાચું કહું અવિ, એને ભૂલવાનો પ્રયત્ન મેં મૂકી દીધો છે અને જ્યારે જ્યારે નાની અમથી વાતમાંય એ યાદ આવી જાય ત્યારે ત્યારે ઉદાસ થઈ જવાય કે નહીં, તું જ મને કહે!'

'ઓ.કે. રીતુ, આજે આ આલ્બમની અંદર એકબીજાનો હાથ પકડી આપણે આપણી મેમરી લેઈન પર આંટો મારવા જઈએ. જઈએને?'

'આપણી કેમ બોલ્યો?'

'અરે, તારા જેટલા નહીં તોય મારા પણ અંદર થોડા ફોટા છે, સમજી? અને ભૂતકાળ તો બધાને જ હોયને? અને ભૂતકાળ હોય તો યાદો પણ હોય જ ને?' કહી અવિનાશ માર્મિક હસ્યો.

પરાણે લાગણીઓના પ્રવાહને ખાળતી હોય તેમ રત્ના બોલી, 'હં, તો સાંભળ મારી મેમેરી લેઈન પર તને લઈ જતાં મને મારી જ બીક લાગે છે, ક્યાંક હું તને, તારા પ્રેમને અજાણતાંય અન્યાય ન કરી બેસું!'

એનું વાક્ય અટકાવવા અવિનાશે રત્નાના મોઢે હાથ દઈ દીધો, 'રીતુ, આપણો પ્રેમ ન્યાય અને અન્યાયથી ક્યાંય આગળ નીકળી ગયો છે એમ હું અનુભવું છું. તને એવું નથી લાગતું?'

રત્નાએ અવિનાશનો હાથ પકડી લીધો અને વગર બોલ્યે જવાબ આપી દીધો.

'ચાલ, આજે તારા મનને ભીંસતી રહેતી બધી જ એટલે બધી જ વાત મને કહી દે, રીતુ.'

'ભલે, તને નહીં કહીશ તો કોને કહીશ, અવિ. પણ એક શરતે.' કહી અવિનાશ સામે જોયું

અવિનાશે મૂંગી સંમતિ આપી.

'હું તને આજે બધું જ કહીશ પણ, ઘણા સમયથી મને લાગે છે કે તું કંઈ મારાથી છુપાવે છે તે પણ તારે કહેવું પડશે, બોલ, કબૂલ છે?'

અવિનાશ તો આભો જ બની ગયો. એણે ક્યારેય કલ્પના સુધ્ધાં નહોતી કરી કે રત્ના આટલી સહેલાયથી એની મૂંઝવણને પામી ગઈ હતી. બને એટલો સજાગ રહેતો અવિનાશ સાચે જ અચરજથી થોડી ક્ષણો તો ચૂપ જ થઈ ગયો, 'ઓ.કે. બાબા, હું પણ બધું

કહી દઈશ, બસ!' કહી જાણે કોઈ નવી રત્નાને જોતો હોય તેમ બોલ્યો.

આલ્બમના એ ફોટાને તાકી રહેલી રત્નાની આંખો ચૂઈ પડી, અવિનાશે એના હાથને પંપાળ્યા કર્યો.

થોડી સ્વસ્થતા મેળવી એણે વાતને આગળ વધારી, 'કમલના એક ફોટોપ્રદર્શનમાં પહેલી વાર હું એને મળી હતી. એની ફોટાઓ લેવા પાછળની સંવેદનસભર દૃષ્ટિથી હું ખૂબ પ્રભાવિત થઈ હતી. મને ખબર પણ ન પડે એમ ફોટા જોવામાં તલ્લીન એવો મારો એક ફોટો એણે લીધો અને એ કયા ઈમેઈલ આઈડી પર મોકલું કહી મારો મોબાઈલ નંબર લઈ લીધો.'

'બસ, ત્યારથી શરૂ થઈ અમારી સહયાત્રા. એના પ્રેમમાં મને સચ્ચાઈ વર્તાઈ અને અમારી આત્મીયતા વધતી ગઈ.'

કહી રત્ના ચૂપ થઈ ગઈ.

અવિનાશ જાણે થ્રી ડી પિક્ચર જોતો હોય તેમ રત્ના સામે જોઈ રહ્યો. આ વાત એણે...

ત્યાં તો રત્ના થોડી સ્વસ્થ થઈ અને વાત આગળ વધારી, 'ત્યાં સુધી અમે બીજાં પ્રેમીઓ જેવાં જ હતાં. પરંતુ અમારા પ્રેમની કસોટી શરૂ થઈ જ્યારથી કમલને રૂપજીવિનીઓનો એક પ્રોજેક્ટ મળ્યો. એ લોકોની કથની અને એને અનુરૂપ ફોટા લેવાનો જોબ હતો. એ માટે એને ઘણાં બધાં જુદાં જુદાં શહેરોમાં જવાનું બનવા માંડ્યું હતું.'

વાત કહેતાં કહેતાં ઊપડતી વેદના એના મોઢા પર લીંપાઈ ગઈ.

'અમે એકેય સાંજ મળ્યા વગર નહોતાં રહ્યાં. મારાં મમ્મી-પપ્પાને પણ અમારો સંબંધ ગમતો હતો એટલે સરળતાથી જીવન વહેતું હતું. પગભર થયા પછી લગ્ન કરવાનાં સ્વપ્નો અમે જોતાં. ત્યાં આ પ્રોજેક્ટે મારા જીવનને પીંખી નાખ્યું.'

એની આંખમાંથી ચોધાર આંસુ પડતાં હતાં, એને રોકવાનો પ્રયત્ન સુધ્ધાં ન કરતાં અવિએ એને ટિસ્યુ પેપર્સ આપ્યાં.

અંતર વલોવી નાખતી વાત કહેવાનો સંજોગ ઊભો કરવા પાછળનું એક કારણ આ જ તો હતું કે એકવાર રત્ના એનું મન ઠાલવી નાખે. અને બીજું કારણ...

આગળની વાત કરવાની હિંમત મેળવવા રત્ના આલ્બમનાં પાનાં ફેરવતી ગઈ... દરેક પાને કાંઈ કેટલીય ક્ષણો જીવિત થવા માંડી હતી.

'એ પ્રોજેક્ટને લીધે એને કલકત્તા જવાનું થયું ત્યારે, જતાં પહેલાં આ ફોટો લીધો હતો, કહી આલ્બમનું એ પાનું બતાવ્યું. પછી કામ પૂરું ન થતાં ઘણીવાર કલકત્તા જવા માંડ્યું અને... મેં નોંધ્યું હતું કે એની કલકત્તાની ચોથી મુલાકાત પછી એ ઉદાસ અને ખોવાયેલો ખોવાયેલો રહેવા લાગ્યો હતો.'

રત્નાનાં આંસુ ફરીને ઊમટ્યાં. અવિ એનો હાથ લઈને પંપાળતો રહ્યો...

આસ્તેથી એનો હાથ ખસેડી અવિ ઊભો થયો અને રત્ના માટે પાણીનો ગ્લાસ લઈ આવ્યો.

ગ્લાસની ધાર પર આંગળી ફેરવતાં ફેરવતાં રત્નાએ આગળની વાત કરવા માટે હિંમત ભેગી કરી, 'મને અંદાજ આવી તો ગયો જ હતો કે કાંઈ ગંભીર વાત બની હોવી જોઈએ. પછી થોડાં અઠવાડિયાં સુધી અમદાવાદમાં જ હતો, તોય મને ન મળવાનાં બહાનાં આપતો હોય એમ મને લાગ્યું.'

'પછી જ્યારે મળ્યો ત્યારે જાણે એ મારો કમલ જ નહોતો.' ટ્રાંસમાં હોય તેમ રત્ના બોલી, 'સાવ જ સુકાઈ ગયો હતો, મારો જીવ તાળવે ચોંટી ગયો. મને ધ્રાસકો પડ્યો કે એ બીમાર તો નથી ને?'

રત્નાની આંખમાં વળી પાછાં આંસુ ઊમટ્યાં... ધીમે ધીમે એ ડૂસકે ચઢી ગઈ.

એક મિનિટ માટે તો અવિનાશને થયું, આ વાત કાઢવાની એણે ખોટી જ જીદ કરી હતી. પણ પછી થયું, જીવનમાં એકવાર તો આ ઑપરેશન કરવાનું જ હતું એટલે મન મક્કમ કરી, રત્નાને આશ્વસતો રહ્યો.

પાણી પીને રત્ના થોડી શાંત થઈ ત્યાં સુધી ધીરજથી રત્નાને પંપાળતો રહ્યો.

'આજે વાત કરવા જ બેઠી છું ને અવિ તે...' કહી રત્ના અટકી, 'એક સ્ત્રી તરીકે મને કહેતાં પણ શરમ આવે છે... પણ હવે તારાથી હું વધારે વખત છુપાવી રાખીશ નહીં અવિ. પહેલાં બે-ત્રણ વખત કમલે સહશયનની માગણી કરી હતી અને હું લગ્ન પછી જ શારીરિક સંબંધમાં માનનારી હતી એટલે દરેક વખતે મેં એને નકાર્યો હતો. તે દિવસે મને થયું કે... કદાચ એટલે તો એ મારાથી દૂર ન જતો રહેતો હોય! તે દિવસે બધી શરમ નેવે મૂકી મેં... મેં મારું શરીર એને ધરી દીધું હતું, અવિ.' એનાં ડૂસકાંથી આખું શરીર ધ્રૂજતું હતું. અવિનાશને એક સેકંડ માટે વચમાં જ કંઈ બોલવાનું મન થઈ આવ્યું પરંતુ એ વાત યોગ્ય સમયે જ કહેવાનું વિચાર્યું હતું અને હજુ એ સમય નથી આવ્યો એમ વિચારી એ ચૂપ રહ્યો.

'અવિ... અવિ એણે તે દિવસે મારા સ્ત્રીત્વને તરછોડ્યું... અને હું શરમની મારી, મારી પોતાની નજરમાંથી ઊતરી ગઈ.'

રત્નાનાં ડૂસકાંની માત્રા વધતી જતી હતી.

પણ આજે એને એના અંતરને ઉલેચી જ નાખવાનું છે!

થોડી શાંત થયા પછી જમીન તરફ જોઈ બોલી, 'અવિ, એણે મારી અવગણના કરી એના થયેલા અસહ્ય દુઃખ કરતાં તો પછી જે વાત કરી એ એટલી તો નિર્દયતાથી કરી કે એ

વેદનાથી મને થાય છે કે હું મરી કેમ ન ગઈ?'

'શું કહ્યું એણે, કહી દે રીતુ. હું તને સમજું છું, કદાચ એ વેદના અનુભવી તો ન જ શકું પણ, કહે જે કહેવું છે તે કહીને આજે તારા અંતરમાંથી બધો વિષાદ કાઢી નાખ.'

એણે ધ્રુસકાંને કાબૂમાં લેવાનો ફોગટ પ્રયાસ કર્યો, 'અવિ, એણે મને કહ્યું કે એ...એ કલકત્તાની કોઈ રૂપજીવિનીના પ્રેમમાં છે અને હવે એ હંમેશ માટે કલકત્તા જતો રહેવાનો છે!' હું મારા કાન પર વિશ્વાસ કરી ન શકી, 'શું કહ્યું તેં કમલ, રૂપજીવિનીના પ્રેમમાં? ફરી કહે તો, તું શું બોલે છે એનું તને ભાન...' મને વચ્ચેથી જ અટકવી એ બોલ્યો, 'કેમ એ લોકો માણસ નથી? એ લોકોને લાગણી ન હોય?' હું તો અવાચક બની ગઈ આ... આ મારો કમલ... એ...એ શું બોલે છે? મારી સમજમાં કંઈ ઊતરે તે પહેલાં તો મને રડતી મૂકીને સાવ નિર્દયની જેમ મેં કરેલા અમાપ પ્રેમને ઠોકર મારી જતો રહ્યો! અવિ, એ ક્ષણ મારા મનમાં હજુ પણ એમની એમ જ પડી છે. કેમેય કરી એની ચૂડમાંથી હું મુક્ત થઈ નથી શકતી અવિ... મને બહાર કાઢ... અવિ, એ વાત યાદ આવતાં જ મારો જીવ રૂંધાય છે, અવિ'

રત્નાએ જોયું હોત તો એને ખબર પડતે કે અવિ પણ ચોધાર આંસુએ રડતો હતો.

આખું ઘર - ઘરની ભીંતો, ફર્નિચર, ફોટાઓ બધું જ વિલાપતું હોય એમ લાગતું હતું.

કાંઈ કેટલાય સમય પછી રત્ના શાંત થઈ, જોયું તો અવિનાશની આંખો પણ અવિરત વહેતી હતી, 'સોરી, અવિ...'

'રીતુ, તારે એ ચૂડમાંથી સાચે જ છૂટવું છે?'

રત્નાએ ચૂપચાપ માથું હલાવી સંમતિ દર્શાવી.

'તો સાંભળ રીતુ' બોલી અવિનાશ રત્નાને જોતો રહ્યો.

મનમાં કંઈક વિચારી બોલ્યો, 'રીતુ, તને તરછોડવાનું નાટક કરીને એ ગયો પછી એણે પોતાની જાતને કેટલી તરછોડી છે, ધિક્કારી છે, એ શબ્દોમાં કહી શકવા માટે હું અસમર્થ છું.'

'શું?... તું કમલને ઓળખતો હતો?' જાણે રત્નાને ધરતીકંપનો આંચકો લાગ્યો હોય એમ ચમકીને બોલી.

અવિનાશે રત્નાનો હાથ પોતાના હાથમાં લઈ ધીમે ધીમે પંપાળતાં માત્ર માથું હલાવી 'હા' કહી અને રત્નાને આગળ મળવાના એક વધુ આઘાત માટે તૈયાર કરતો હોય તેમ પૂર્વભૂમિકા બાંધતાં બોલ્યો, 'રીતુ હું અને કમલ જીગરજાન દોસ્ત હતા!'

આઘાત પર મળતા આઘાતને જીરવવા મથતી રત્ના માટે અવિનાશનું દરેક વાક્ય સુનામી બનતું જતું હતું, 'તેં

પહેલાં... આટલાં વર્ષો... ક્યારથી...?'

એના વાક્યો પ્રશ્ન બની ગયા અને પ્રશ્નો વાક્ય!

અવિનાશ આ પરિસ્થિતિ માટે તૈયાર હતો, 'રીતુ, કમલે મારી પાસે વચન લીધું હતું કે મારે એના સ્ખલનની વાત તને ન કહેવી.'

વાક્યો ગોઠવતો અવિનાશ કાંઈ બોલે તે પહેલાં ફરીથી રત્નાના પ્રશ્નોની ઝડી વરસી પડી, 'મને એ કહે કે તું એને ક્યારથી ઓળખે છે? મને એ વાત કરવાની કેમ ના પાડી અને તું એના સંદર્ભમાં વાત કરતાં 'હતો' કેમ...'

એને અધવચ્ચે જ અટકાવી અવિનાશે કહ્યું, 'કહું છું, ધીરજથી સાંભળ. અમે બાળપણથી એક જ મહોલ્લામાં ઊછર્યા. નર્સરીથી શરૂ કરી કોલેજનાં બીજા વર્ષ સુધી અમારો એક દિવસ એવો નહોતો ગયો કે અમે ન મળ્યા હોઈએ. પછી એ ફોટોગ્રાફીનો અભ્યાસ કરવા મુંબઈ ગયો અને મેં કોમર્સ અમદાવાદમાં જ રહી પૂરું કર્યું.

તને યાદ છે રીતુ, તારી બેંકમાં મારી બદલી થઈ ત્યારે છેલ્લે હું ક્યાં હતો?'

'હા, કલકત્તા... ઓહ એટલે એ તારે ત્યાં આવતો હતો?'

'પ્રોજેક્ટ માટે આવ્યો તે પહેલાં પણ બે-ત્રણ વાર મળવા આવ્યો હતો.'

રત્નાની ધીરજ ખૂટવા માંડી, 'અવિ, આ રૂપજીવિનીના પ્રોજેક્ટની વાત સાચી હતી કે ઉપજાવી કાઢેલી? સાચું કહેજે મને.'

'એકદમ સાચી.'

પછી રત્ના સામે જોઈ રહ્યો, 'રીતુ, કલકત્તામાં એ પ્રોજેક્ટ કરતો હતો ત્યારે... ત્યારે તારા પ્રેમે એને ઘણીવાર અણીની પળે બચાવ્યો હતો. રાત્રે મારે ત્યાં આવી આખા દિવસની વાત વિના આવરણ એ મને કહેતો. અને એક દિવસ... એક દિવસ થોડી પળો માટે કમલની સંયમની પાળ તૂટી ગઈ... એ વાત પણ મને એણે કરી હતી.'

જોયું તો રત્ના સાવ જાણે પથ્થર બની ગઈ હતી. કંઈ જ બોલવાના હોશકોશ એ ગુમાવી બેઠી હતી! અરે, 'પછી શું?' પૂછવાના હોશ પણ એનામાં રહ્યા નહોતા.

પડવાની અણી પર હોય તેમ વાસ્તવિકતાની દીવાલ રત્નાના માથે ઝળૂંબી રહી હતી.

ગભરાઈ ગયેલા અવિનાશે એને હલબલાવી નાખી, 'રીતુ, રીતુ.'

'હવે શું બાકી રહ્યું છે, કહી દે અવિ!' દરેક અક્ષરે વણવરસ્યાં આંસુ ટપકતાં હતાં, 'બન્ને કલકત્તા જ રહે છે?'

'રીતુ, હજી મારી વાત પૂરી નથી થઈ. એણે ક્યારેય... મૃદંગીને ચાહી નથી. માત્ર એક વખત સંયમ તૂટ્યાની વેળા સિવાય ક્યારેય એણે એની સાથે સહશયન નથી કર્યું, સમજે છેને તું, રીતુ?'

સાવ ઊર્મિહીન અવાજે રત્ના બોલી,

'તો મને એણે કેમ કહ્યું કે એ કોઈ (રૂપજીવિની શબ્દ ગળી જઈ બોલી) ના પ્રેમમાં છે?

અસહ્ય સત્યને અનાવરણ કરવાની પળ આવી પહોંચી, 'રીતુ, તેં કહ્યું ને કે, તમે જ્યારે છેલ્લે મળ્યા ત્યારે એણે તારા સ્ત્રીત્વને ઉવેખ્યું હતું, કારણ એ નહોતો ઇચ્છતો કે એણે કરેલી ભૂલનું પરિણામ તું પણ ભોગવે.' હજુ પણ સ્પષ્ટ કહેવાની હિંમત અવિનાશમાં નહોતી.

'અવિ, એમ ગોળ ગોળ ન બોલ, મને સમજાય એમ કહે, મેં મારા મનને પાષાણનું બનાવી લીધું છે. કહે જે સત્ય હોય તે કહી દે, પ્લીઝ.'

અવિનાશ કાંઈ કહે તે પહેલાં અંતરને વર્ષોથી અકળાવતો એક પ્રશ્ન રત્નાએ પૂછી જ લીધો, 'એ જીવે છે?'

'કમલને... એની પહેલી અને છેલ્લી ભૂલની સજા મળી હતી રીતુ, આપણાં લગ્નના બરાબર એક મહિનો રહીને એચ.આઈ.વી પોઝિટિવે એનો પ્રાણ લીધો.'

પાષાણ બનવા મથતી રત્નાના અસ્તિત્વમાં યાદોના અંકુર ફૂટી નીકળ્યા અને સ્નેહનાં, ક્રોધનાં, કમલ પર અજાણતામાં મૂકેલા આરોપોને માટે ફૂટી નીકળેલા પશ્ચાત્તાપનાં આંસુ, ઝરણાં બની વહી નીકળ્યાં!

રત્નાને બાથમાં સમાવી અવિનાશે અત્યાર સુધી સંચકી રાખેલા પોતાના અશ્રુપ્રવાહને વહેવા દીધો.

બન્ને જણની મેમરી લેઈન એક બની ગઈ હતી!

એ બબ્બે અશ્રુપ્રવાહમાં તણાતો કમલનો આત્મા સાંજના ધૂંધળા પ્રકાશમાં વિલીન થઈ ગયો હતો!

❑❑❑

ઘેરબેઠાં 'નવનીત સમર્પણ'
મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિક:
http://www.bhavans.info/periodical/pay_online.asp
http://www.navneetsamarpan.com
રવાનગી વિભાગ : 23530916-23514466

શકુનિનું એન્કાઉન્ટર

☐ અરુણા જાડેજા

અમ આંગણે પધારો તો જાણો કે કેવી ઋષિપરંપરા અહીં વસી રહી છે, કેવું રામરાજ્ય અહીં શ્વસી રહ્યું છે, કેવું ઇન્દ્રપ્રસ્થ અહીં વિલસી રહ્યું છે! સતયુગ જ!

આંગણામાં પેસતાં જ સામે 'તથાસ્તુ' કહેનારા પ્રથમ સમરું ગણપતિ બાપ્પા, એ તો પાછા કલાપીની યાદી જેવા ઠેરઠેર, ઘરમાં પેસતાં જ સામે તુલસીક્યારે બિરાજતાં સાક્ષાત્ લક્ષ્મીજી, શુભશ્વેત આરસ મંદિરે સ્થાપન કરેલાં યા શ્વેત પદ્માસના મા શારદા, પારિજાત તળે માતૃપક્ષના કુળદેવતા મારુતિ ('...पारिजाततरुमूलेवासिनं' - હનુમત્ સ્તવન) કે પછી ત્રણેક સદી પહેલાં (1761 થી 1779) શ્વસુરપક્ષ કચ્છમાં ખેલાયેલા 'ઝારાના યુદ્ધ'માં શહીદ થયેલા ખેડોઈ ગામના વીર જાડેજાઓના પાળિયાઓ પણ અહીં હાજરાહજૂર.

અમને મરાઠીઓને વહાલું દેવવૃક્ષ પ્રાજક્ત (પારિજાત), અમ સોહાગણોની 'હળદી-કુમકુમ' વિધિની સાખ પૂરતાં ગરમાળો ને ગુલમહોર. ભારતીઓના મોભી લીમડો, પક્ષીઓનું અન્નસત્ર

બકુલ (બોરસલ્લી)! ભગવાન શ્રીકૃષ્ણની આહ્લાદિની શક્તિ રાધા સમી પ્રસન્ન મધુમાલતી, ઉનાળાના બાલસૂર્ય સમા રતુમડાં 'મેં ફ્લાવર', આગોતરા ચોમાસાની સુગંધ વેરતા, પાછોતરા ઉનાળાના છડીદાર '...कुन्देन्दुतुषारहारधवला') મોગરા, બટ્ટમોગરા જેવા બટ્ટજાસૂદ, ધીરુબહેન પટેલની નિબંધવાળા કાંગરિયાળાં જાસૂદ, ગણેશજીને વહાલાં જાસૂદ, ખીસકોલીની પૂંછડી જેવાં રૂંવાડેદાર લીલાંછમ *એસ્પરેગસનો કોઝી કોર્નર*, રિટાયર્ડ થયા પછી પણ રાત નહીં એટલા દિવસે ફાલ્યે જનારા *મની પ્લાન્ટ્સ*, સફેદ કલગી હાથમાં લઈને બધાને આવકારતું *એક્ઝોરા*, ઘોડિયામાં રમતાં કે ભાંખોડિયાં ભરતાં ભીરું-ગભરું મેથીભાજી, કોથમીર, મરચાં-ટામેટાં-રીંગણાંનાં ધરુ-છોડવા અને બીજા અનેક દેશીવિદેશી નિર્દોષ છોડવાઓ. સાત્ત્વિક વાતાવરણ! હોય જ ને! ભૂમિ કેવી મૃદુ મૃદુ: ''भूमिचे मार्दव सांगे कोंभाची लवलव.'' (13:180, જ્ઞાનેશ્વરી) ભૂમિની માર્દવતા જ કહી જાય ફણગાની કુમાશ.

તપોવનમાં મારીચ-સુબાહુ ચડી જ આવે. વિધ્વંસક *મેલીબગ્સ* જેવાં કીટકો આ સત્યુગને નષ્ટ કરવા મથે, આ *મેલીબગ્સ* સખત જિદ્દી, જવાનું નામ જ ન લે. મહાભારતમાં ચંડાળચોકડીની મૂળ જડ તે શકુનિમામો અને એ જ આ કળિયુગમાં સાજાનરવા છોડવાને હેરાન કરવા આમ અવતર્યો. આમ તો આ *મેલીબગ્સ* એટલે એક જાતની કાળી કીડીની જ બહેન પણ આપણી રોજ જોવા મળતી કાળી કીડી તો દેવકીડી, લક્ષ્મીજી જેવી સૌમ્ય પણ આ *મેલીબગ્સ* વાળી કીડી તે લક્ષ્મીજીનાં મોટી બહેન 'શ્રીસૂક્તમ્'વાળાં અલક્ષ્મીજી જેવી. આવતાંની વારમાં જ બધું ખેદાનમેદાન કરી મૂકે. આ હિંસક કાળી કીડી અનેક છોડવા પર સફેદ ચૂનાનાં છાંટણાં જેવાં ઘર બનાવે અને તેમાં રહ્યેરહ્યે આખા છોડને ખાતીફોલતી રહે.

એણે મને હંફાવી મૂકી. આમ તો વર્ષોથી અમારા જાસૂદના કેટલાયે છોડવાને ખાતી રહે. હું નર્સરીમાંથી દવા લાવીને છાંટું-છંટાવું પણ ફરી પાછી મારી નજર ચૂકવીને આવી જાય. મને સતત એક જ બીક કે એ મારા આખા આંગણાંને ચઢાવીને મારી સામે લડવા ન આવી જાય. જોકે એમની સામે લડવા બેસવાનો સમય મારી પાસે હોય ક્યાંથી? પણ આ લોકડાઉને એની સામે બાંયો ચડાવવાનો પૂરો મોકો આપ્યો.

અમે બંને મોકળા મેદાનમાં સામસામે આવી ગયાં. નર્સરી તો બંધ! દવા ક્યાંથી? જાસૂદને હિંદીમાં શું કહેવાય એ ખબર નહીં પણ યુ-ટ્યુબ પર લખ્યું: जासुद का पौधा અને ત્યાં આવી ગયું: 'गुडहल के पौधे से सफेद चिपचिपा कीडों को हटाओ।' *યુ-ટ્યુબ* કહેતું ગયું તેમ હું કરતી ગઈ:

''લીમડાનાં પાનનો ભૂકો કરીને મૂળમાં

ખાડો કરીને ભરો.'' ભર્યો. હું હારી.

''લીમડાનાં પાનનો ઉકાળો ઠંડો કરીને છાંટો.'' કર્યો ને છાંટ્યો. ફરી હારી.

''લીમડાનાં પાનનું તેલ કરીને એ છાંટો.'' તેલ બનાવ્યું ને છાંટ્યું. ફરી ફરીને હારી. પણ અમારા પૂર્વજ યોદ્ધાઓનું સ્મરણ કરીને હિમ્મત ન હારી.

''એ તેલનું ભીનું પોતું એના થડિયામાં બાંધો જેથી ચીકણા તેલ પરથી કીડી જઈ ન શકે.'' કચકચાવીને બાંધ્યું. દાવ પર દાવ.

''કોઈ પણ ચીકણી પટ્ટી થડિયા ફરતે જોરથી વીંટો.'' કસીને વીંટી. ગરાસણી કોનું નામ?

''શેમ્પુવાળું પાણી છાંટો.'' છાંટ્યું. એણે ડિંગો બતાવ્યો.

''શેમ્પુનું કામ નહીં, ડિટર્જન્ટનું પાણી છાંટો.'' છાંટ્યું. હતી એટલી દાઝ કાઢી.

''કપૂરનો ભૂકો મૂળિયામાં નાખો. कर्पूरगौरम्, करुणावतारम्...

''કપૂરવાળું પાણી છાંટો.'' છાંટ્યું. संसारसारम् भुजगेन्द्रहारम् ।

સંત તુકારામે કહ્યું છેઃ रात्रदिवस आम्हां युद्धाचा प्रसंग । રાતદહાડો અમારે યુદ્ધનું ટાણું. રાતદિવસ મારેય આ કાળી ઘોર કીડી સાથે યુદ્ધ ચાલે. સપનામાંયે મારો સ્થાયી ભાવ વીરરસ જાગૃત જઃ मेरा जासुद नहीं दूंगी।

સવારે ઊઠીને જુઓ તો જાસૂદે પાછા એ જ કોઢિયા ડાઘ.

દર વખતે પાસાં અવળાં પડે ને શકુનિ ભયંકર અટ્ટહાસ્ય કરતો બોલ્યે જાયઃ जितम् इति एव। હું જીતી ગયો.

એક પોલીસાણીનો તેજોભંગ થઈ રહ્યો હતો.

આંગણામાંનાં મોભી ઝાડવાં વસ્ત્રાહરણ વખતના પાંડવોની જેમ નતમસ્તક હતાં. પણ શ્રીકૃષ્ણ મચક આપવામાં દોડી તો આવશે જ.

જાણું કે ગીતાજી કહે કેઃ न द्वेष्यति, न शोच्यति।... स च भक्त मे प्रिय। પણ હું તો ઘરમાં પડેલી એમની *'ટ્વેલ્વ બોર'* લઈને મેદાનમાં કૂદી પડી હતી. વિફરેલી વાઘણ સામે વકરેલી *મેલીબગ્સ.*

*યુ-ટ્યુબ*ને ઘડીક બાજુએ મૂકીને ડોશીમાનું વૈદક સંભાર્યું. સુવાવડીના કાથીના ખાટલા નીચે ધુમાડો કરતાં તેમ વધારાની નંદવાયેલી કલેડી (તાવડી)માં છાણાં-લીમડાનો આછો ધુમાડો (આકરો નહીં) કરીને દરેકની નીચે રોજ મૂકતી રહી.

લોકડાઉનના ત્રણ મહિના ને ઉપરથી અર્ધો મહિનો એમ સાડાત્રણ મહિને આટલા બધા પ્રયોગોના જોરે हा हन्त शकुनि। સાડાત્રણ માત્રા જ આત્મશુદ્ધિ કરાવે!

ફરી પાછું અંતઃકરણ હતું એવું शुद्धः योगयुक्त, विशुद्धात्मा, विजितात्मा, जितेन्द्रिय। આવો કર્મયોગી કર્મો કરે છે પણ એ તેને અડતાંનડતાં નથી! (5:7).

❑❑❑

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

સ્ટેફાન ત્સ્વાઈક

28 નવેમ્બર 1981ના રોજ વિએના (ઓસ્ટ્રિયા)માં જન્મેલા સ્ટેફાન ત્સ્વાઈક એમના સમયના સૌથી વધુ વંચાતા લેખક હતા. સાહિત્યની દુનિયામાં એમને મળી એટલી લોકપ્રિયતા ભાગ્યે જ બીજા કોઈ સર્જકને મળી હશે. વાર્તાકાર, નવલકથાકાર, ચરિત્રલેખક, નાટ્યકાર અને કવિ ત્સ્વાઈક એક ઉત્તમ વક્તા

પણ હતા. 1920થી 1930ના દાયકામાં ત્સ્વાઈક યુરોપના સૌથી વધુ અનુવાદિત લેખક હતા. 55થી વધુ ભાષાઓમાં એમનાં પુસ્તકો અનુવાદિત થયાં, એમનાં નાટકો સફળતાપૂર્વક ભજવાયાં અને એમની લગભગ તમામ વાર્તાઓ પરથી ફિલ્મો બની. મોંમાં ચાંદીનો ચમચો લઈને જન્મેલા ત્સ્વાઈકનું બાળપણ અતિશય સુખમાં વિતેલું. લેખનક્ષેત્રે એમની દેખીતી સફળતાને કારણે માતાપિતાએ એમને કુટુંબના પારંપારિક વ્યવસાયમાંથી મુક્ત રાખેલા. સતત પ્રવાસો કરતા ત્સ્વાઈક એમના સમયના કેટલા બધા સર્જકો, કલાકારોને મળતા રહેતા. એમના પ્રશંસકો તથા મિત્રોમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈન, સિગ્મંડ ફ્રોઈડ, થોમસ માન વગેરેનો સમાવેશ થાય છે.

જિંદગીનાં આરંભનાં વર્ષો અતિશય સુખમાં કાઢનાર ત્સ્વાઈકે જિંદગીનાં છેલ્લાં વર્ષો ક્રોસ પર કાઢેલાં. ત્સ્વાઈકની જિંદગીને જેવું ગ્રહણ લાગેલું એવું આ સદીના કોઈ જાણીતા લેખક સાથે ભાગ્યે જ થયું હશે. 1933માં હિટલર અને નાઝીવાદના ઉદય સાથે ત્સ્વાઈકના પ્રશ્નો વિકટ બન્યા. એમની મુખ્ય બે ભૂલ હતી. એક તો એ જન્મે યહૂદી હતા અને બીજી ભૂલ એ કે યહૂદી હોવા છતાં એમણે જર્મન ભાષામાં લખીને જર્મન સંસ્કૃતિને પ્રદૂષિત કરી. પહેલાં એમનાં પુસ્તકો પર પ્રતિબંધ મુકાયો, પછી એને બાળવામાં આવ્યાં. 1934માં એમના ઘરમાં શસ્ત્રો છુપાવ્યાં હોવાની આશંકાથી પોલીસ છાપો મારે છે અને ઘરને તળે ઉપર કરી દે છે. ત્સ્વાઈક તરત જ લંડન જતી ટ્રેન પકડે છે અને પછી કદી વિયેના પાછા નથી આવતા. એમનાં પુસ્તકો પર મુકાયેલા પ્રતિબંધને કારણે તેઓ જ્યારે સફળતાના શિખરે હતા ત્યારે જ એમના ચાહકો સાથેનો તેમનો નાતો કપાઈ ગયો. આ સેતુભંગનો આઘાત એમના માટે અસહ્ય હતો.

લંડનથી ન્યુ યોર્ક ને ત્યાંથી બ્રાઝિલના પેટ્રોપોલીસમાં રહેવા ગયેલા ત્સ્વાઈક બધી રીતે સુખી હતા પરંતુ જેના થકી એમના જીવનને અર્થ મળતો હતો એ તમામ વસ્તુઓ અને સંબંધોથી એ વિખૂટા પડી ગયા હતા. ન પુસ્તકો હતાં, ન ચાહકો હતા, ન બૌદ્ધિક મિત્રો હતા. નાઝીવાદે મૂકેલી માઝા, જર્મન ભાષા સાથે કપાઈ ગયેલો નાતો, સતત એક સ્થળેથી બીજા સ્થળે ભટકવાનું, માન્યતાઓ ખોટી પડવાની હતાશા... આ બધાં પરિબળોએ ભેગાં થઈને ત્સ્વાઈકને માનસિક રીતે ખતમ કરી નાખેલા. હિટલરના વધતા જુલમો વિશે સાંભળી ત્સ્વાઈક હતાશાનો ભોગ બને છે. આત્મહત્યાથી વધારે સારો વિકલ્પ એમને નહીં દેખાયો હોય એટલે સાઠમા જન્મદિવસે એ બીજાં પત્ની લોટે સાથે આત્મહત્યા કરે છે. એમની આત્મહત્યાથી અકળાઈને Andre Maurois‌એ લખ્યું હતું, '...the shame of civilization that can create a

world in which stefan zweig can not live.' (આપણી સભ્યતાની એ શરમ છે કે એ સ્ટેફાન ત્સ્વાઈક જેમાં જીવી શકે એવું જગત ન સર્જી શકી.)

આમ તો ત્સ્વાઈકે પુષ્કળ લખ્યું છે પરંતુ જે કૃતિઓ માટે દુનિયાભરના લોકોએ એમને અતિશય ચાહ્યા તે આ પ્રમાણે છેઃ 'Letter from an unknown woman', 'Fear', 'Amok', 'The Royal Game', 'Twenty four hours in life of a woman' એ એમની લાંબી વાર્તાઓ છે. 'Beware of Pity' એમની બહુ જાણીતી નવલકથા છે અને 'The world of yesterday' એમની બહુ વંચાયેલી આત્મકથા છે. એમનો સર્જકયશ એમની લાંબી વાર્તાઓ તથા એમણે લખેલાં જીવનચરિત્રો પર અવલંબે છે. આપણે ક્રમશઃ એમની 'Fear', 'Letter...' અને 'Amok' વિશે વાત કરીશું. આ ત્રણેય વાર્તાઓમાં ત્સ્વાઈકની મનોવિશ્લેષણ પ્રત્યેની નિસ્બત એમના પરનો ફ્રોઈડનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાશે. ત્સ્વાઈકે ફ્રોઈડને લખેલા પત્રોમાં મનોવિજ્ઞાન પ્રત્યેનો લગાવ, ફ્રોઈડનો એના પરનો પ્રભાવ વગેરેની વાતો થયેલી છે.

ભય : સ્ટેફાન ત્સ્વાઈક

ત્સ્વાઈકે 1920માં 'Fear' વાર્તા લખેલી. આમ પણ ત્સ્વાઈકને મનોવિજ્ઞાનમાં વિશેષ રસ હતો. સિગમંડ ફ્રોઈડ એમના મિત્ર પણ હતા અને એમના કથાસાહિત્યના ચાહક પણ હતા. સૂક્ષ્મ નિરીક્ષણ અને બારીક વિગતો આવતા ત્સવાઈક પાત્રમાનસનાં સૂક્ષ્મ સંચાલનોને કેવા આબાદ પકડી શકે છે એ જોવા માંગનારે એમની અન્ય વાર્તાઓની સાથે 'Fear' અને 'The Royal Game' અચૂક વાંચવી જોઈએ. સાવ આછી-પાતળી ઘટનાનો આધાર લઈ પાત્રનાં ચૈતસિક મનોમંથનો આલેખવાં એમને વધુ ફાવે છે.

'Fear' (ભય) વાર્તામાં સંપૂર્ણ સુખી, સંતોષી જીવન, પ્રેમાળ પતિ અને બબ્બે બાળકો હોવા છતાંય લફરાં તરફ ધકેલાતી આઈરિનનું બ્લેકમેલરનો ભેટો થયા પછીનું મનોમંથન અદ્‌ભુત રીતે આલેખાયું છે. આ વાર્તાને 'ખાધું પીધું ને રાજ કર્યું' જેવી સીધીસાદી માની લેનાર વાર્તાની ઊપલી સપાટીએ રહી ગયા છે એમ માનવું પડે. આઈરિન જાણી જોઈને પ્રેમમાં નથી પડી. એનો પ્રેમી ધંધાદારી પિયાનોવાદક હતો. ન તો આઈરિનને પતિથી કોઈ અસંતોષ હતો, ન પેલા યુવાનમાં એવું કોઈ શારીરિક કે બૌદ્ધિક ખેંચાણ હતું. ન એના પર ઓળઘોળ થઈ જવાની કોઈ ઝંખના જાગી હતી. બે બાળક, નોકરચાકર, વકીલ પતિ સાથેના ઘરમાં એની કોઈ જરૂરિયાત વણસંતોષાયેલી ન હતી. ન તો એ પોતે એવી બૌદ્ધિક હતી કે એને વિશેષ પ્રકારની હતાશા સતાવે. એ

પોતાના સુખી સંસારમાં એટલી સરસ રીતે ગોઠવાયેલી હતી કે પ્રેમીની કોઈ જરૂર જ ન હતી. પણ કદાચ અતિશય સુખ, ખુશીની સમતોલ અવસ્થાએ જ એને આવા સાહસ બાજુ વાળી હશે? પોતાની ચંચલ કુતૂહલવૃત્તિએ જાણે કે એને આવા લફરા માટે ઉશ્કેરી. ઘરમાં કોઈ રોકેટોકે તેમ હતું નહીં. બોલતા પહેલાં એની જરૂરિયાતો પૂરી થાય એવા પરિવેશમાં એ રહેતી હતી. લગ્ન પછી કદી કોઈ પ્રકારના સંઘર્ષનો એને અનુભવ જ ન હતો. સાવ નાની વયે માતૃત્વ પ્રાપ્ત કરેલું. એટલે હવે ત્રીસીમાં પ્રવેશતી વેળાએ એને લાગતું હતું કે ભવ્ય ને ઉત્કટ પ્રેમનાં એનાં સપનાં તો અધૂરાં જ રહી ગયેલાં છે. આવા બધા વિચારે એ પેલા યુવાનના પ્રેમમાં પડી. જોકે આવાં પ્રેમપ્રકરણ માટે કેવી કિંમત ચૂકવવી પડે કે કેવાં જોખમોનો સામનો કરવો પડે એ બાબતે એણે એક ક્ષણ માટે પણ વિચારેલું નહીં. પણ એકવાર એણે બેવફા બનવાનું સાહસ કરી નાખ્યું પછી એ વારેવારે એના પ્રેમી પાસે જવા લાગી. આ રમતમાં એને મજા પડતી હતી. ડર લાગતો પણ એની માત્રા ઓછી હતી. જે રીતે એણે એનાં સાસરિયાં માટે અઠવાડિયે એક દિવસ ફાળવ્યો હતો એ જ રીતે એણે એના પ્રેમી માટે પણ એક દિવસ ફાળવી આપેલો. આ લફરાંથી જાણે કે એના સુખી લગ્નજીવનમાં કશો ફરક નો'તો પડ્યો. આ લફરાનાં જોખમનો ખ્યાલ તો એને બ્લેકમેલરના મળ્યા પછી, દરેક મુલાકાતે એની વધતી જતી માગથી આવે છે. પૈસેટકે સુખી આ સ્ત્રી પોતાના મનની શાંતિ માટે પોતાની પાસે હોય એટલા પૈસા આપી શકતી હતી. એ પોતાના પ્રેમીનું બલિદાન આપવા પણ તૈયાર હતી. બ્લેકમેલરના ભયથી થરથરતા જે દિવસો એણે પસાર કર્યા એમાં એકેયવાર એને એનો પ્રેમી યાદ નો'તો આવ્યો. હવે એને સમજાય છે કે એની જિંદગીમાં એ માણસનું કશું મહત્ત્વ જ ન હતું. જે ક્ષણે આઈરિનને પોતાની ભૂલ સમજાઈ, પ્રેમીને છોડીને આખો દિવસ એ ઘરમાં રહેવા માંડી, એને ઘરનું, બાળકો તથા પતિનું મહત્ત્વ સમજાયું પછી એને ઘરમાં ગમવા માંડ્યું. ઘરની, બાળકોની તમામ ગતિવિધિમાં એને રસ પડવા માંડ્યો. પણ એણે જોયું કે એનાં બાળકો પિતા સાથે વધારે જોડાયેલાં હતાં. નાની મોટી ફરિયાદો કે મુશ્કેલીઓમાં બાળકો મા પાસે જવાને બદલે પિતા પાસે જવાનું પસંદ કરતાં હતાં. એને આઘાત લાગે છે પણ આવું થવાનું કારણ પોતે જ છે એ પણ એને સમજાય છે.

બ્લેકમેલરની વધતી જતી માગ સાથે આઈરિનના ભયની માત્રા પણ વધતી જાય છે. બ્લેકમેલરથી છુટકારો શક્ય નથી એની ખાતરી પછી એને સતત એક પ્રશ્ન થાય છે. જાણ થયા પછી એનો

પતિ શું કરશે? એને આઘાત લાગ્યો કે આઠ વર્ષનાં લગ્નજીવન પછી પણ અમુક સંજોગોમાં એનો પતિ કઈ રીતે વર્તશે એ વિશે પોતે નથી જાણતી. એને નથી ખબર કે એનો પતિ શિસ્તપ્રિય છે કે જતું કરે એવો છે? કઠોર છે કે ઋજુ છે? અપરાધભાવ સાથે એ જાત પાસે કબૂલે છે કે એ પોતાના પતિને માત્ર ઉપરછલ્લી રીતે, તેના વ્યક્તિત્વનાં સામાજિક પાસાંથી જ ઓળખે છે. એના હૈયાના અંતરંગ ભાગને તે જાણતી જ ન હતી. આઈરિનનાં આ ભયાનક મનોમંથન દરમિયાન ભાવક સતત એના પતિના માયાળુ વર્તનની નોંધ લેતો રહે છે. છુટકારો શક્ય જ નથી એની ખાતરી થતાં આઈરિન આત્મહત્યા કરવાનું નક્કી કરી લે છે. કેમિસ્ટને ત્યાંથી ઝેર ખરીદતી વખતે એનું માનસિક સંતુલન ડામાડોળ છે. ઝેરની બોટલ લેવા હાથ લંબાવતી આઈરિન અચાનક બાજુમાં ઊભેલા પતિને જોઈને હેબતાઈ જાય છે. પારાવાર પશ્ચાતાપ એના બેકાબૂ રુદન વાટે ઠલવાઈ રહ્યો છે. અતિશય પ્રેમથી એને છાની રાખવા મથતો પતિ માયાળુ અવાજે તેને કહી રહ્યો હતોઃ 'હવે એ બાઈ તારી પાસે નહીં આવે, ફરી કદી નહીં આવે... મને જરાય ખ્યાલ ન હતો કે તું આટલી બધી ડરી જઈશ... હું તો માત્ર તને યાદ કરાવવા માગતો હતો. તને તારી જવાબદારીઓ પાસે પાછી લઈ જવા માગતો હતો. તું પેલાને સદાને માટે છોડી દે... અમારી પાસે પાછી આવતી રહે એટલું જ ઇચ્છતો હતો. તને પાછી લાવવા માટે મારી પાસે બીજો કઈ રસ્તો ન હતો. એ ગરીબ બાઈ તો બિચારી એક બેકાર અભિનેત્રી છે. મેં જ એને આ કામ સોંપેલું...'

આઈરિનને જે ક્ષણે ભૂલ સમજાઈ, જિંદગી નવા અર્થ સાથે જીવવા જેવી, માણવા જેવી લાગી ત્યારે બધું-બધું જ હાથમાંથી સરી જતું દેખાયું. એ ઓથારમાંથી બહાર આવવા મથતી આઈરિનના આંતરમનને વાર્તાકાર આપણી સમક્ષ ઉઘાડી આપે છે. આઠ-આઠ વર્ષનાં લગ્નજીવન પછી પણ પતિના આંતરમનને નહીં ઉકેલી શકતી આઈરિનના આઘાતમાં કદાચ અનેક સ્ત્રીઓ પોતાનું પ્રતિબિંબ જોઈ શકશે. ભયના ઓથાર તળે આઈરિન સંપૂર્ણપણે બદલાતી જાય છે. આઈરિનમાં આવતું આ પરિવર્તન અને ચૈતસિક ઇંગિતો દ્વારા મદદ કરવાની પતિની તૈયારી આ વાર્તાનો વિશેષ છે. 1954માં આ વાર્તા પરથી પરદેશમાં ફિલ્મ બની હતી. આપણે ત્યાં આ વાર્તા પરથી સફળ હિંદી ફિલ્મ 'ગુમરાહ' બની ચૂકી છે. અશોકકુમાર, સુનિલ દત્ત અને માલાસિંહાને ચમકાવતી આ ફિલ્મમાં બ્લેકમેલરની અદાકારી નિભાવનારી શશિકલાએ એની જિંદગીનો શ્રેષ્ઠ અભિનય કર્યો હતો.

❑❑❑

આભાર સ્વીકાર

* આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. (૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ફોન : ૨૨૦૧૩૪૪૧)નાં પ્રકાશનો : * Leadership મંત્ર : ભાવેશ ઉપાધ્યાય, પૃ. ૧૫૦, કિં. રૂ. ૧૫૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭. *શુદ્રાવતાર : કેશુભાઈ દેસાઈ, પૃ. ૨૬૪, કિં. રૂ. ૨૨૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. * Success મંત્ર : ભાવેશ ઉપાધ્યાય, પૃ. ૧૨૬, કિં. રૂ. ૧૨૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭. *શબ્દના સગપણનું શ્રીફળ : હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત', પૃ. ૧૨૦, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. * જે Healthy તેજ Happy : વસંત મિસ્ત્રી, પૃ. ૧૫૨, કિં. રૂ. ૧૩૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭. *ગણિતની રસપ્રદ રમતો : ડો. ભગવાન સ્વરૂપ ગુપ્ત શૈલેંદ્ર ભૂષણ, પૃ. ૧૨૮, કિં. રૂ. ૯૯, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. *સ્વાતંત્રયદેવી સૂ ક્યી : ડો. નવીન વિભાકર, પૃ. ૨૨૫, કિં. રૂ. ૨૨૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *સુખની યાત્રા : હરેશ ધોળકિયા, પૃ. ૧૮૩, કિં. રૂ. ૧૭૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. *જીવો મોજથી : ડો. હર્ષદ વી. કામદાર, પૃ. ૧૨૭, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. * some one લાઈફ you : નિકિતા સઘ, દુર્જોય દત્તા, પૃ. ૨૦૦, કિં. રૂ. ૧૭૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. *સ્વભાવનું મેનેજમેન્ટ : સૌરભ શાહ, પૃ. ૧૪૪, કિં. રૂ. ૧૨૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *ગોલ્ડન બોક્સ : ભાસ્કર વ્યાસ, પૃ. ૧૩૫, કિં. રૂ. ૧૨૫, પહેલી આવૃત્તિ - ૨૦૧૬. *ઘડતર કથાઓ : કલ્પના પાલખીવાલા, પૃ. ૧૩૬, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *પ્રસન્નતાનાં શિખર પર : ધૂની માંડલિયા, પૃ. ૧૦૩, કિં. રૂ. ૧૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭. *બે કાંઠાની અધવચ : પ્રીતિ સેનગુપ્તા, પૃ. 215, કિં. રૂ. 200, પહેલી આવૃત્તિ - ૨૦૧૭.

* શુભમ્ પ્રકાશન (303-એ, કૃષ્ણા વિહાર, એસ.વી.રોડ., ટાટા કમ્પાઉન્ડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-400058)નાં પ્રકાશનો: * 61 કાવ્યો... : સતીશ વ્યાસ, પૃ. 105, કિં. રૂ. 125, પ્રથમ આવૃત્તિ - 2017.

* અક્ષરા પ્રકાશન (11, ગ્રેન માર્કેટ, અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ-380 008.)નાં પ્રકાશનો : * કાયાની કરામત (કુલ 4 ભાગ) : રજની વ્યાસ, પૃ. 32, (દરેક ભાગની કિં. રૂ. 80), પ્રથમ આવૃત્તિ - 2016.

* ગુરૂ ડિઝાઈન શોપ (બાકરોલ સ્કેવર, 33-બીજોમાળ, બોકરોલ-388315)નાં પ્રકાશનો: * મારાં અળવીતરાં : ચતુર પટેલ, પૃ. 166, કિં. રૂ. 275, પ્રથમ આવૃત્તિ - 2019.

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।

અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિતર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઓને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિતર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન સાદું (સમારાધન)	૩ ૭૦૦/-	૩. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	૩. ૨,૫૦૦/-	૩. ૩૦,૦૦૦/-
દૂધ-ભાત : (૭૫ કિલો)	૩. ૧,૬૦૦/-	૩. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	૩. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

ભવન્સ, યુ.એસ.એ. કેન્દ્રના નિદેશક શ્રી દીપક દવેને શ્રદ્ધાંજલિ

ભારે દુઃખ સાથે જણાવવાનું કે ભવન્સ, યુ.એસ.એ. કેન્દ્રના નિદેશક શ્રી દીપક દવેનું 29 જૂન 2020 ના રોજ સવારે અચાનક નિધન થયું છે. આ દુર્ઘટનાથી અમે આઘાત, દુઃખ, પીડા અને તીવ્ર વેદનાથી ઘેરાઈ ગયા છીએ. દુર્ઘટના સમયે દીપક ભવનની ઓફિસમાં હતા અને અચાનક હૃદયના તીવ્ર હુમલાને લીધે તેઓ ત્યાં જ તેમની ખુરશી ઉપર ફસડાઈ પડ્યા. તેઓ સાઈઠના હોવા છતાં એમની ક્ષમતા અને કાર્યશક્તિ એક યુવાન જેવી હતી. લગભગ બે દાયકા સુધી તેમણે યુ.એસ.એ ભવનની ખૂબ નિષ્ઠાપૂર્વક સેવા કરી. ભવન પરિવાર માટે આ એક ખૂબ મોટી ખોટ ઊભી થઈ છે. એમના કુટુંબમાં એમનાં પત્ની રૂપલ અને દીકરી મીતાલી છે. યુવાવસ્થામાં દીપક હિન્દી તેમજ ખાસ કરીને ગુજરાતી રંગભૂમિના ખ્યાત અભિનેતા હતા. એમનો ઊંડો અને ઘેરો અવાજ ઈશ્વરદત્ત ભેટરૂપ હતો. એક ટીવી નાટકમાં તેમણે હેમા માલિની સાથે પણ અભિનય કર્યો છે. દીપક આપણા ગુજરાતી ભાષાના જાણીતા કવિ, લેખક અને સંપાદક શ્રી હરીન્દ્ર દવેના સુપુત્ર હતા. તેઓ ગુજરાતી સાહિત્યક્ષેત્રે દિગ્ગજ હોવા ઉપરાંત ભવનના પાક્ષિક સમર્પણના સંપાદક હતા. મુનશીની નવલકથા 'કૃષ્ણાવતાર'નો એમણે ગુજરાતી અનુવાદ કર્યો હતો. ખુદ મુનશીજી કહેતા કે, ''હરીન્દ્રનો ગુજરાતી અનુવાદ મારા મૂળ અંગ્રેજી લખાણ કરતાં વધુ સારો છે.''

આવા કપરા કાળમાં દીપકનાં પત્ની અને દીકરી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે એમને અચાનક આવી પડેલી આ આપત્તિમાં સમતા જાળવવાની ક્ષમતા અને સાંત્વના આપે. દીપકના આત્માની શાંતિ અને મુક્તિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

- હોમી દસ્તુર

એક્ઝિક્યુટિવ સેક્રેટરી, ભારતીય વિદ્યા ભવન

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

વિનોદ જોશી: 'પ્રયાગ', 32, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-364 001. મો. 9825989337

મણિલાલ હ. પટેલ: 'સહજ', શાસ્ત્રી માર્ગ, શાન્તાબા બગીચા પાસે, વલ્લભ વિદ્યાનગર (જિ. આણંદ), 388 120. મો. 94268 61757.

ઉદયન ઠક્કર: લક્ષ્મી નિવાસ, ત્રીજે માળ, 22, કાશીબાઈ નવરંગે રોડ, ગામદેવી, મુંબઈ-400 007.

મહેન્દ્ર જોશી: કે-404, સફલ પરિસર-2, 'સોબો' સેન્ટર નજીક, સાઉથ બોપલ, એસ.પી.રિંગ રોડ, અમદાવાદ-58. મો. 9825629985

ભરત મહેતા: બી/97, યોગીનગર ડુપ્લેક્સ ટાઉનશીપ, રામાકાકા મંદિર પાસે, છાણી, વડોદરા-391740.

ભાવેશ ભટ્ટ: H-503 સ્વામિનારાયણ કેસલ-1, અર્જુન-આશ્રમની પાછળ, ગ્રીન સીટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-382481. ગુજરાત. 9825150244

ભરત વિંઝુડા: 'રામકૃપા', ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા જિ-અમરેલી મો. ૯૪૨૬૪૫૬૯૩૫

વીનેશ અંતાણી: વિલા નં. 2-25, રિચમંડ વિલાસ, સેકન્ડ ફેસ, સન સિટી, બાંદલાગુડા જાગીર, હૈદરાબાદ. 500 086. (મો.) 98255 20660

દીપક સોલિયા: dipaksoliya@gmail.com. મો. 9324759052

અધીર અમદાવાદી: adhir.amdavadi@gmail.com

ડંકેશ ઓઝા: 6, સ્વાગતસિટિ, મુ. પો. અડાલજ-382 421, મો. 97250 28274.

અમૃત કે. બારોટ: ફ્લેટ 6, બીજે માળે, શાર્દૂલ બિલ્ડિંગ, અશોક નગર, ક્રોસ રોડ નં. 1, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-400 101. મો. 9920653526

સુનીલ કોઠારી: 94/એશિયાડ વિલેજ, ન્યુ દિલ્હી-110049. email: sunilkothari1933@gmail.com

નીલેશ રાણા: ncrana@hotmail.com

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

અજય સોની: પ્લોટ નંબર-૯૯/એ, રામનગર-૧, અંજાર-કચ્છ, પીનકોડ-૩૭૦૧૧૦.

ડો. સેજલ સંઘવી: 4-એ, મકરંદ, સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42.

જોરાવરસિંહ જાદવ: 2, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-9.

દીપક જોશી: એ/6, પ્રમુખ જિયોન બંગ્લોઝ, પ્રમુખનગર રોડ, સરગાસણ, ગાંધીનગર-382 421.

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

નરેશ પ્રદ્યુમનરાય અંતાણી: 'ભૂમાનિકેતન' 22-બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે, ભુજ-માધાપર રીંગરોડ, ભુજ-કચ્છ. 370 220. મો. 99982 20478.

નયના પટેલ: 1201/2, સુંદરમ્ લિંડિસ્ફર્ને રોડ, રંગરાગ રેસિડન્સી, લેઈસેસ્ટર, જહાંગીરપુરા, સુરત-05

અરુણા જાડેજા: એ-1, સરગમ ફ્લેટ્સ, ઈશ્વર ભુવન રોડ, નવરંગપુરા, અમદાવાદ-380 014.

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

હોમી દસ્તુર: bhavan@bhavans.info, ફોન: 23631261, 23634462

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

પડોશણે આવીને પૂછ્યું : જરાક ધાણાજીરું છે રાધાબહેન?

ત્યારે રમેશભાઈએ રસોડામાંથી ડોકું કાઢીને કહ્યું : નથી, અમારેય ચોથા લોકડાઉન પહેલાં ફાંફાં પડવાના છે.

પડોશણ : પણ જરાક ભાભીને પૂછી જુઓને? એમને ખબર હોય તો...

અકળાયેલા રમેશભાઈ : હવે એમાં એને શું પૂછે? ત્રણ લોકડાઉનથી રસોડું તો હું સંભાળું છું ને. મને ખબર હોય કે એને?

☺ ☺ ☺

રામજીઅધા ગાડીમાં ચડ્યા ત્યારથી સામેની સીટમાં બેઠેલો જુવાનિયો ફોનમાં ડાચું નાખીને ફોન મચડતો હતો. એકાદ-બે વાર વાત કરી એમાં એણે કહેલું કેશોદ જવું છે... ત્રણ-ચાર કલાકે રામજીઅધા કંટાળ્યા. એણે ઓલ્યા હારે વાત કરવા માટે થઈને કહ્યું: ગગા આ તમારો ફોન, ને એફબી ને વોટ્સએપને એવું બધું તું જે કયુંનો ટીચે છે ઈ દુનિયાને બઉ આગળ લઈ જાસે એવું લાગે છે.

યુવાન કહે : એમ? આગળ કેવી રીતે લઈ જાશે વડીલ? સમજાવશો જરા?

રામજી : પણ તે કેશોદની ટિકિટ લીધી'તીતે? તે કેશોદ ગયું, માળિયા ગયું ને હવે વેરાવળ આવશે હમણાં... લઈ ગયો બો...વ આગળ!

☺ ☺ ☺

કોરોના એક જ એવો રોગ છે જેના દર્દીને, ડોક્ટરને, સરકારને, ચીન, અમેરિકા, ઇટલીને, મને તેમને સઉંને સરખું જ જ્ઞાન છે.

☺ ☺ ☺

સ્મિત સમાપયેત્

ઇન્દ્ર : ''સ્વર્ગમાં તમારું સ્વાગત છે. તમે પૃથ્વી ઉપર પરોપકારી જીવન જીવ્યા હશો એમ માનું છું.''

આત્મા : ''એ તો બધું ઠીક છે પણ જોડીઓ સ્વર્ગમાં બનતી હોય છે એવું સાંભળ્યું છે, તો તમારો એ વિભાગ ક્યાં છે મારે જોવો છે!''

☺ ☺ ☺

કનુ : ''અરે આ તું શું રેકોર્ડ કરે છે?

મનુ : ''આ નાના બાળકનો ગણગણાટ રેકોર્ડ કરું છું.''

કનુ : ''એનું તું શું કરીશ?''

મનુ : ''કંઈ નહીં, આ મોટો થશે ત્યારે પૂછીશ કે આ તું શું બોલતો હતો?''

☺ ☺ ☺

વિદ્યાર્થી : ''મેડમ મેં જે કામ નથી કર્યું એની સજા મને નહીં આપોને?''

મેડમ : ''ના.''

વિદ્યાર્થી : ''તો મેડમ, આજે મેં ઘરકામ નથી કર્યું.''

☺ ☺ ☺

ચીંકી : ''મમ્મી, બીટ્ટુએ મારું મોંઘામાંનું નવું રમકડું તોડી કાઢ્યું!

મમ્મી : ''કઈ રીતે?''

ચીંકી : ''બીટ્ટુને મેં એ એના માથા પર માર્યું એટલે તૂટી ગયું.''

☺ ☺ ☺

દીકરો : ''પપ્પા, હું બહાર જાઉં છું.''

પપ્પા : ''તું મને જણાવે છે કે પરવાનગી માંગે છે?''

દીકરો : ''બહાર જવા પૈસા માંગું છું.''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

તમારા પરિવારને આપો અસલી સ્વાદનો અનુભવ.



અમૂલ

શુદ્ધ ઘી

11188820

Total Pages 140
Date of Publication - 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

www.dostirealty.com

Versatile Living... Varied Lifestyle...

DOSTI VIHAR

Pokhran Road No. 1,
THANE (W)
1½, 2, 2½ & 3 BHK Apartments

DOSTI IMPERIA

Ghodbunder Road,
THANE (W)
2 & 3 BHK Apartments

DOSTI CENTERIO

Old Mumbai-Pune Road (NH-4),
SHIL-JUNCTION THANE
1, 1½, 2 & 2½ BHK Apartments

DOSTI AMBROSIA

Dosti Acres, New Uphill Link Road,
off S. M. Road, **New Wadala.**
Lavish 2 & 3 BHK Apartments

FRIENDS FOR LIFE DOSTI

DOSTI REALTY LTD., Established in 1980 | 5 million+ sq. ft. Developed | 27,500+ residents across Mumbai
3.3 million+ sq. ft. under development in Townships, Retails, Commercial & IT Park

DOSTI REALTY LTD., Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001.
Contact: 022-2219 8500